
॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

આચાર્યેન્દ્ર શ્રી વિહારીલાલજી મહારાજ વિરચિત

# શ્રીકીર્તનકૌસ્તુભમાળા



-: પ્રસિદ્ધ કર્તા :-

શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ



**શ્રી હરિકૃષ્ણ મહારાજ**
**વડતાલધામ**

ચિન્તામણિ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

આચાર્યેન્દ્ર શ્રી વિહારીલાલજી મહારાજ વિરચિત

# શ્રીકીર્તનકૌસ્તુભમાળા


**-: સંપાદન :-**

શાસ્ત્રી સંતવલ્લભદાસ (Ph.D, D.Litt)

સાધુ પૂર્ણવલ્લભદાસ


દક્ષિણ વિભાગ વડતાલ શ્રીલક્ષ્મીનારાયણ દેવ

ગાદીના સનાતન ધર્મમાર્તણ્ડ

**પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની**

આજ્ઞાથી


**:: પ્રસિદ્ધકર્તા ::**

**વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી**

મુખ્ય કોઠારી પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

ગુરુ : પ.પૂ. સદ્. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી

વડતાલ–સંસ્થાન

**શ્રીકીર્તનકૌસ્તુભમાળા**

**પ્રકાશક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ

મુ. વડતાલ, તા. નડિયાદ, જી. ખેડા.

ફોન : (0268) 2589728, 2589776.

**E-mail :** vadtaldhamvikas@gmail.com

**Web :** www.vadtalmandir.org

**પ્રકાશન તિથિ :** વિ.સં. ૨૦૭૫, કાર્તિકી સમૈયો
તા. ૧૭ થી ૨૩ નવેમ્બર, ૨૦૧૮

શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ સં. ૨૦૭૬ ઉપક્રમે

**સંશોધિત આવૃત્તિ :** દ્વિતીય

**પ્રત :** ૩૦૦૦

**કિંમત :** રૂા. ૬૦/-

**ISBN :** 978-81-939354-2-2

**મુદ્રક :**

શ્રીજી આર્ટ, અમદાવાદ
ફોન નં. (079) 40086686, (મો.) 9879606686.
**E-mail :** shreejiart@gmail.com
**Web :** www.shreejiarts.org

# પ્રકાશકીયમ્

**વડતાલમાં દક્ષિણાદા દ્વારમાં, તમારી મૂર્તિ અનુપ;**
**તેમાં રહો મુજ મનવૃત્તિ, માગું એ વૃષકુળ ભૂપ રે. આવોજી અવતારી૦**

વડતાલ ગાદીના તૃતીય ગાદીપતિ આચાર્યેન્દ્ર શ્રી વિહારીલાલજી મહારાજ પ્રાચ્યવિદ્યા એવં સામ્પ્રદાયિક સાહિત્યના પ્રખર સંરક્ષક હતા એ સર્વ વિદિત છે. સચ્છાસ્ત્ર અને સત્સાહિત્યના પઠન, પાઠન અને પ્રકાશન દ્વારા સત્સંગનો વ્યાપ સુદઢ રીતે વૃદ્ધિ પામે છે, તેવો તેમનો અભિગમ હતો. વિદ્વાન સંતો અને બ્રાહ્મણોને તેઓએ સદાય બહુમાનિત રાખ્યા છે. તત્કાલીન સમયમાં તેઓશ્રીએ ઘણાંક ગ્રંથો સંસ્કૃત તથા પ્રાકૃતમાં રચાવ્યા ને ઘણાંક પ્રાચીન ગ્રંથોને મુદ્રિત કરીને સત્સંગ સમાજને સુલભ કરાવ્યા હતા. શ્રીહરિલીલામૃત જેવો વિશાળ ગ્રંથ રચીને શ્રીહરિની વણલેખી લીલાઓને-ઉપદેશોને અમરદેહ આપ્યો જેનો આ સંપ્રદાય સદાય ઋણી રહેશે. સત્સંગનો સર્વાંગ વિકાસ, સદ્ધર્મનું દઢ સ્થાપન, અને અવતારી સ્વરૂપની સુદઢ નિષ્ઠા-ઉપાસના એ શ્રી વિહારીલાલજી મહારાજનો પર્યાય હતા. તેઓ દ્વારા વિરચિત સાહિત્ય સુગમ, સરળ એવં સુબોધક હોય ખૂબજ લોકભોગ્ય બન્યુ છે. પ્રસ્તુત કીર્તનકૌસ્તુભમાળામાં આલેખિત કાવ્યો-પદો તત્કાલીન લોકગીતોના આધુનિક ઢાળોને ધ્યાનમાં રાખી ઢાળવામાં આવ્યા છે.

તે સમયની અભિનવ કાવ્યકૃતિ વિધવિધ વિષયોથી ભરપૂર છે. આજે પણ તે માંહેલી કેટલીક કૃતિઓ સત્સંગમાં ગવાય છે. કેટલીક કાવ્ય કૃતિઓમાં મહારાજશ્રીએ ભવ્ય વિભાવનાઓનો વૈભવ ભરપૂર ભર્યો છે. ભગવાન શ્રી હરિની અવતારીપણાની સ્તુતિ, મહાકષ્ટમાં શ્રીજી મહારાજને સંભારવાની પ્રાર્થના તો મુમુક્ષુઓના હૃદયને દ્રવીભૂત કરી દે તેવી છે. શ્રી હરિના વિયોગના બારમાસી પદોના વર્ણનમાં અદ્ભૂત પ્રેમરસ ભર્યો છે. શ્રીકૃષ્ણની માખણલીલાના વર્ણનમાં તો ઉપનિષદોની ચાતુરી વણી લીધી છે. આપત્કાળમાં ધીરજ ધરવા વિષેનો ઉપદેશ કોને કામ ન લાગે? સચ્ચિદાનંદ સ્વામીને થયેલ શ્રીહરિના વિયોગનું વર્ણન તો જાણે મૂર્તિમાન પ્રેમ આવીને બેઠો હોય શું ? તેવું કાબિલે દાદ છે. લોજની વાવે પધારેલા

વર્ણીનું વર્ણન કોણ વક્તા નહી ગાતા હોય ? ઉપદેશના પદો, વરતાલ, અમદાવાદ, ગઢપુર વગેરે ધામોના પદો, પંચાળાનો રાસ, હનુમાનજી-ગણપતિજીની સ્તુતિ વગેરે ૨૫૦ જેટલા પદો, દોહા, છંદો, ચિત્રકાવ્ય પ્રબંધ વગેરેથી સુસજ્જ આ કૌસ્તુભમાળાની સુવાસ ભારતવર્ષમાં પ્રસરાશે. ઉત્તર હિન્દુસ્તાની ભાષાના પદો, મારવાડી ભાષાના પદો અને આપણને સમજવામાં તકલીફ કરે તેવા દક્ષિણી ભાષાના પદોમાં અધ્યાત્મનું ઉંડાણ ભર્યું છે. સદ્. ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર એવા વિદ્વાન સદ્. બ્રહ્મચારી અનંતાનંદજીના સહકારથી આ કાવ્યસંગ્રહ રચાયો છે.

પ્રસ્તુત કૌસ્તુભમાળાને મહારાજશ્રીના કૃપાપાત્ર અને વરતાલ મંદિરના કોઠારી પરમ ભગવદીય શ્રી ગોવર્ધનભાઈએ એકસો છ વર્ષ પૂર્વે સંવત્ ૧૯૬૮ માં ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ-મુંબઈથી પ્રથમવાર છપાવી પ્રસિદ્ધ કરી હતી. વર્તમાન સમયમાં આ અણમોલ સાહિત્ય ખજાનાને સત્સંગ સમક્ષ મુકવામાં આવે તો કેટલાય મુમુક્ષુ આત્માઓ આનાથી લાભાન્વિત થાય એવા હેતુથી આ કૌસ્તુભમાળાની દ્વિતીય આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે.

આ સાહિત્ય સેવાયજ્ઞમાં વરતાલ પીઠાધિપતિ **આચાર્યપ્રવર શ્રી રાકેશપ્રસાદજી મહારાજે** આજ્ઞા સહ અંતરનો રાજીપો વ્યક્ત કર્યો છે. સત્સંગ મહાસભાના પ્રમુખશ્રી **પ.પૂ.સ.ગુ. શા. શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામી**ની શુભ પ્રેરણા મળી છે. આ કાર્યમાં વડતાલ મંદિરના મુખ્ય કોઠારીશ્રી **પ.પૂ. સદ્. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી** તથા ચેરમેનશ્રી **પ.પૂ. સ.ગુ. કો. શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી**નું માર્ગદર્શન મળ્યુ છે. આ કાવ્યગ્રંથના અથેતિ સંપાદનમાં મારા ગુરુબંધુ પૂ. પૂર્ણવલ્લભસ્વામીનો નોંધપાત્ર સહયોગ મળ્યો છે તેથી તેઓ શ્રીહરિ અને ગ્રંથ રચયિતાના કૃપાના અધિકારી છે. પૂ. અમૃતવલ્લભ સ્વામી તથા વડોદરાના પ.ભ. શ્રી ડૉ. ચંદ્રશેખરભાઈ એમ. કરંદીકર જેમણે શબ્દ શોધનમાં સહયોગ આપેલ છે.

આ ગ્રંથ દ્વારા સહુ ભક્તિ માર્ગે પ્રગતિ કરે એવી વૃત્તાલય વિહારીના ચરણોમાં પ્રાર્થના.

**લી. ભવદીય સત્સંગ સેવક**

**શાસ્ત્રી સંતવલ્લભદાસ** (Ph.D., D.Litt)

## હાર્દિક અભિનંદન

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના તૃતીય આચાર્યપ્રવર સનાતન ધર્મમાર્તણ્ડ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ વિરચિત

**'શ્રીકીર્તનકૌસ્તુભમાળા'**

ભગવાન શ્રીહરિના કંઠમાં અર્પણ કરેલી કીર્તનરૂપ કૌસ્તુભ મણીઓની આ અનુપમ માળાને શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ દ્વારા ૧૦૬ વર્ષ બાદ પુનઃ પ્રકાશન કરવામાં આવેલ છે.

આ સેવાકાર્યમાં વડતાલ મંદિરના મુખ્ય કોઠારી **પ.પૂ.સ.ગુ. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી**ના સેવક આ.કો. ડૉ. શા. **શ્રી સંતવલ્લભદાસજી સ્વામી**ની શુભ પ્રેરણાથી શ્રી હરિકૃષ્ણ મહારાજના **એક સન્નિષ્ઠ સત્સંગી હરિભક્તશ્રી**એ વરતાલવાસી **શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ** વગેરેની પ્રસન્નતાર્થે ઉદાર હાથે આર્થિક સહયોગ આપ્યો છે.

આ શુભ અવસરે શ્રી હરિકૃષ્ણ મહારાજ આ સમસ્ત પરિવારનું મંગલ વિસ્તારો એ જ હાર્દિક પ્રાર્થના.

**– સત્સંગ કૃપાભિલાષી સા.પૂર્ણવલ્લભદાસના**

**જય શ્રી સ્વામિનારાયણ.**

# શ્રીવરતાલવાસી શ્રીલક્ષ્મીનારાયણદેવની ગાદીના ધર્મધુરંધર આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજનું જીવનચરિત્ર

શ્રી પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રી સહજાનંદસ્વામી સ્થાપિત પરિપૂર્ણમર્યાદા પાલક સત્સંગીઓ પ્રત્યે શ્રી હરિલીલામૃત ગ્રંથ તથા આ કીર્તન કૌસ્તુભમાલાના કર્ત્તા ધર્મધુરંધર આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજના જન્મચરિત્રનું સંક્ષિપ્ત વર્ણન કરું છું.

આ આચાર્ય સંવત્ ૧૯૦૮ ના ચૈત્ર વદ ૩૦ અમાસના દિવસે પોતાના મોસાળ દુબોલી ગામમાં જન્મ પામ્યા હતા, પિતાનું નામ કૃષ્ણપ્રસાદજી હતું ને માતાનું નામ ચતુરાસી હતું; એમનો જન્મ સાંભળીને ધર્મધુરંધર આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ તથા સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી તથા શુકમુનિ આદિક સદગુરુઓ ઘણા પ્રસન્ન થયા ને તે દિવસે અતિ આનંદોત્સવ થયો હતો. અને જાતક કર્માદિ સંસ્કારને પામ્યા પછી વરતાલમાં આવ્યા ને સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામી પાસે ઉદ્ધવ સંપ્રદાય સંબંધી વર્તમાન ગ્રહણ કર્યાં ને આઠ મે વર્ષે સંવત્ ૧૯૧૬ ના મહા સુદ ૫ ના રોજ યજ્ઞોપવિત પામ્યા, ને ધર્મધુરંધર આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ પાસે શ્રી વૈષ્ણવી દિક્ષા અંગીકાર કરી; ઉમરેઠના વેદવિત્ત વિષ્ણુરામ પાસે કેટલોક વેદાભ્યાસ કર્યો ને પ્રસિદ્ધ પંડિત ભોળાનાથજી તથા શાસ્ત્રી સાધુ માધવદાસજી પાસે વ્યાકરણ, કાવ્ય, પુરાણ, વેદાંત, ધર્મશાસ્ત્રાદિકનો અભ્યાસ કર્યો ને સેવાએ કરીને ધર્મધુરંધર આચાર્યજી શ્રીરઘુવીરજી મહારાજને પ્રસન્ન કર્યા અને વિદ્યાભ્યાસ આદિક વડે કરીને સમગ્ર સદ્‌ગુરુઓ તથા સત્સંગીઓની પ્રસન્નતા મેળવી.

સંવત્ ૧૯૨૨ ની સાલમાં પોતાના પિતા પંડિતવર્ય પાંડે શ્રીકૃષ્ણપ્રસાદજી મહારાજ અક્ષર નિવાસી થયા પછી પોતાના

પિતામહ પાંડે શ્રીગોપાલજી મહારાજે લગ્ન કરાવ્યું ને ધર્મધુરંધર આચાર્ય શ્રીભગવત્પ્રસાદજી મહારાજ પાસે અખંડ રહ્યા, સેવાએ કરીને તેમને પરિપૂર્ણ પ્રસન્ન કર્યા, ને સંવત્ ૧૯૩૫ ના શ્રાવણ વદ ૮ ના દિવસે શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે તેમને ગાદીએ બેસારીને પોતે શ્રાવણ વદ ૧૦ ના રોજ અક્ષરનિવાસી થયા ત્યાર પછી ધર્મધુરંધર આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ તેમની ઉત્તર ક્રિયા પરિપૂર્ણ કરી ને જેવા શ્રીરઘુવીરજી મહારાજ તથા શ્રીભગવત્પ્રસાદજી મહારાજ વર્તતા તેવી રીતે પોતે વર્તવા લાગ્યા ને પોતાના વડીલોએ સ્થાપન કરેલી જે પાઠશાળા તેમાં પોતે સુધારો વધારો કરવા લાગ્યા.

વડોદરાના પ્રસિદ્ધ શાસ્ત્રી ત્રંબકનાથભાઈ તથા તેમના ચીરંજીવી શાસ્ત્રી બદ્રીનાથભાઈ પાસે બ્રહ્મચારી શાસ્ત્રી મુનીશ્વરાનંદજી તથા બ્રહ્મચારી શાસ્ત્રી ત્યાગાનંદજી તથા શાસ્ત્રી કુંજવિહારીદાસજી તથા શાસ્ત્રી ધર્મતનયદાસજી તથા શાસ્ત્રી નિરન્નમુક્તદાસજી આદિક બ્રહ્મચારી સાધુઓને રાખી તેઓ જે પ્રથમથી ભણતા તેમને ઉત્તેજન આપી વિદ્યાભ્યાસ કરાવ્યો, ને દુર્ગપુરને વિષે વેદશાળા સ્થાપન કરીને કેટલાક બ્રહ્મચારીઓ તથા બ્રાહ્મણોને વેદાભ્યાસ તથા નિત્યકર્મોનું પરિપૂર્ણ શિક્ષણ આપ્યું ને જુનાગઢના પ્રસિદ્ધ પંડિત મટુશાસ્ત્રીને રાખીને સાધુ બ્રહ્મચારીઓ તથા બ્રાહ્મણો ને વ્યાકરણ કાવ્ય વગેરે વિદ્યામા બહુ ઉત્તેજન આપ્યું. મટુશાસ્ત્રીની હયાતી બાદ ઈંદોરના પ્રસિદ્ધ પંડિત ગોપાલ શાસ્ત્રીને તેડાવીને તે શાળાના અધ્યક્ષ તરીકે રાખ્યા, ને દ્રાવિડ દેશના રામાનુજાચાર્ય સંપ્રદાયસ્થ પંડિત કૃષ્ણાચાર્યને રાખીને સાધુ બ્રહ્મચારી બ્રાહ્મણોને શ્રીભાષ્યાદિક વેદાંતનું શિક્ષણ આપ્યું. ગોપાલ શાસ્ત્રીની હયાતી બાદ કર્ણાટક દેશના મધ્વસંપ્રદાયસ્થ પંડિત રંગાચાર્યને તે પાઠશાળાના અધ્યક્ષ કરીને રાખ્યા, આવી રીતે વિદ્યાને ઉત્તેજન આપી સદ્વિદ્યા પ્રવર્તાવી; ને હરિવાક્ય સુધાસિંધુ જેને ભાષામાં

વચનામૃત કહેવાય છે તેનો અભ્યાસ સદ્‌ગુરુ શ્રી બાલમુકુંદદાસજી સ્વામી તથા પરમ ભગવદી રાવસાહેબ ત્રંબકલાલભાઈને પાસે રાખીને કર્યો ને તેના રહસ્યો ઘણા સાધુ બ્રહ્મચારી સત્સંગિઓને સમજાવ્યા. હવે તેમણે સંપ્રદાયની પુષ્ટીના ગ્રંથો રચ્યા તે વિષે લખું છું.

૧. સંપ્રદાય શુદ્ધિ ૨. દિક્ષા પધ્ધતિ ૩. ઉન્મત્ત ગંગા મહાત્મ્ય.

એ આદિક સંસ્કૃત ગ્રંથો કર્યા તથા આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે રચેલ શ્રીહરિલીલા પ્રદિપ નામે ગ્રંથની સંસ્કૃતમાં ટીકા કરીને શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની ગુર્જરી ભાષામાં ટીકા કરી એ સર્વે ગ્રંથોમાં શોધન કરવું, લેખન વિચાર કરવો, વગેરેમાં પંડિતવર્ય ભોળાનાથજી તથા શાસ્ત્રી મુનીશ્વરાનંદજી તથા પુરાણી શાન્તાનંદજી તથા પુરાણી અનંતાનંદજી તથા બ્રહ્મચારી પુરાણી બાલકૃષ્ણાનંદજીને પાસે રાખ્યા હતા ને શ્રી હરિલીલામૃત નામનો શ્રીજી મહારાજની અદ્‌ભુત લીલાચરિત્રના વર્ણનનો ગ્રંથ તથા શ્રી આચાર્યોદય નામનો ગ્રંથ જેમાં-ધર્મધુરંધર શ્રીરઘુવીરજી મહારાજ તથા શ્રી ભગવત્પ્રસાદજી મહારાજના જન્મચરિત્ર તથા તેમણે કરેલ ધર્મોપદેશ સંબંધી વાર્ત્તાઓ તથા ઉપદેશનું વર્ણન તથા પોતાનું જન્મચરિત્રને પોતે કરેલ ઉપદેશ, સંપ્રદાયની રૂઢીઓ, ઈત્યાદિ વર્ણનનો ગ્રંથ, આ બે ભાષા ગ્રંથો પોતે કર્યા તેનું શોધન કરવું, લખવું, વિચારવું તેમાં શાસ્ત્રી મુનીશ્વરાનંદજી તથા પુરાણી અનંતાનંદજી તથા બ્રહ્મચારી જગદીશાનંદજી સહાયભૂત હતા.

એક વખત પેટલાદમાં ગુજરાતી નિશાળમાં વિદ્યાર્થીઓની પરીક્ષામાં પધાર્યા તેમાં કેટલાક છોકરાઓએ નાટકી રાગમા ગાયનો કર્યાં તે સાંભળી પોતાને એમ થયું જે આવા રાગમાં ધર્મ, જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકનાં કીર્તનો હોય તો હાલના જમાનાના માણસોને ઠીક પડે એમ ધારી પોતે આ કીર્તન કૌસ્તુભમાલાની ચોપડી પુરાણી અનંતાનંદજીને પાસે રાખીને બનાવી.

ચિન્તામણિ 

એ આચાર્ય સત્સંગની વૃદ્ધિ કરવી, વિદ્વાનોને ઉત્તેજન આપવું, તથા પ્રાચીન ગ્રંથોનું રક્ષણ કરવું અને પોતાના શિષ્યોની પ્રસન્નતા મેળવવી તેમાં પોતે ઘણા લક્ષવાન હતા.

પોતે ગાદીએ બેઠા ત્યારે નીચે લખેલા મહાન સદ્‌ગુરુઓ હયાત હતા.

સદ્‌ગુરુ શ્રી અદ્‌ભૂતાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ શ્રી ભોમાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ શ્રી વિજ્ઞાનાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ બ્રહ્મચારીશ્રી અનંતાનંદ સ્વામી ગઢડાના તથા સદ્‌ગુરુ શ્રી શ્વેતવૈકુંઠાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ શ્રી અનોપમાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ બ્રહ્મચારીજી અચિંત્યાનંદજી તથા સદ્‌ગુરુ બ્રહ્મચારીજી અનંતાનંદજી.

એ સિવાય નીચે જણાવેલા પોતે સ્થાપિત પણ વિદ્યમાન હતા.

વડતાલમાં બ્રહ્મચારી નિષ્કામાનંદજી તથા સ્વામી બાળમુકુંદદાસજી તથા બ્રહ્મચારી જગન્નાથાનંદજી તથા પુરાણી કૃષ્ણજીવનદાસજી તથા બ્રહ્મચારી હરિપ્રસાદાનંદજી તથા બ્રહ્મચારી ધર્મવલ્લભાનંદજી તથા સ્વામી શ્રીકૃષ્ણદાસજી તથા ધોલેરામાં સ્વામી સંતદાસજી તથા જુનાગઢમાં સ્વામી યોગેશ્વરદાસજી તથા સ્વામી બાલમુકુંદદાસજી તથા ગઢડામાં કોઠારી ભક્તિવલ્લભદાસજી આટલા તો ધર્મોપદેશ સંબંધમાં મોટા સદ્‌ગુરુઓ હતા.

પોતાને સંપ્રદાયમાં વ્યવહાર સંબંધી કાર્યો કરવાં પડે તેમાં પ્રમુખ  કોઠારી ગોવર્ધનભાઈ હતા, સિવાય કોઠારી ભીમજી ભાઈ, કોઠારી અમ્બાઈદાસ, કોઠારી જગજીવનભાઈ, કોઠારી લક્ષ્મીદાસ, કોઠારી જીવા ભગત હિંદુસ્થાન વાળા, કોઠારી બેચર ભગત મોટા તથા કોઠારી રણછોડ ભગત મોટા તથા નથુ ભગત તથા હકોભાઈ તથા સવાજી વગેરે પણ સહાયતામાં હતા.

હવે પોતે સત્સંગમાં વિચર્યા તથા કાર્યો કર્યાં તે સંક્ષિપ્તથી લખુ છું. ગાદીએ બેઠા પછી કાઠીઆવાડમાં ભાવનગર, ગઢડા, જુનાગઢ,

ગોંડલ વગેરે ઠેકાણે પ્રસિદ્ધ પંડિતવર્ય વડોદરાના શાસ્ત્રી બદ્રિનાથભાઈ તથા પોતાના બ્રહ્મચારી સાધુ પંડિતોને સાથે રાખીને કેટલોક વખત ફર્યા, તે તે રાજ્યો તરફથી સન્માન પામ્યા ને સભાઓ કરી.

લીંબડાવાળા વંડામાં વાસણ સુતારનું ઘણુંજ પ્રસાદીનું ઘર તે ઠેકાણે સાંખ્ય યોગી બાઈઓ માટે રહેવાને એક સારી મોટી હવેલી સગવડતા સાથે બનાવરાવી અને માંદા ત્યાગીઓને માટે પુરતી સગવડતા સાથે એક ઈસ્પિતાલ બંધાવ્યું, અને અક્ષરનિવાસી પોતાના પિતા આચાર્ય શ્રીભગવત્પ્રસાદજી મહારાજે રચેલ શ્રીમદ્‌ભાગવતની અન્વય દીપિકા નામે ટીકા ભક્તરંજની તેને છપાવી પ્રસિદ્ધ કરી.

સંવત્ ૧૯૩૬ માં શ્રીગઢપુરમાં સત્સંગિજીવનનું પારાયણ કરાવી ભાવનગર પધાર્યા. સંવત્ ૧૯૩૭ માં નડીઆદ વગેરે ઠેકાણે પધાર્યા ને સાધીવાળા શિવલાલ ભાઈએ પધરાવી તુલસી વિવાહ કરાવી ને ઘણી સેવા કરી. સંવત્ ૧૯૩૮ માં વડોદરે પધાર્યા તથા કાઠીયાવાડમાં રાજકોટ આવી ત્યાંથી લોધીકા, મેંગણીં, ગોંડલ થઈ જુનાગઢ પધાર્યા ત્યાં મંદિરો પર કળશ ચઢાવ્યા, પછી જડાવ કુંવરબાના લગ્ન માટે હિન્દુસ્થાન દેશમાં પધાર્યા ત્યાંથી પાછા આવી શરદ પૂનમ ધોલેરામાં કરી, બેઠકમાં ચરણારવિંદ પધરાવ્યા. સંવત્ ૧૯૩૯ માં સુરતના એક દેવળમાં શ્રી ધર્મ ભક્તિ, ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરીને વડતાલમાં પોતાના પિતામહ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા પિતા આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજના દેહોત્સર્ગ સ્થાન પર દેવળ બંધાવ્યું. સંવત્ ૧૯૪૦ માં બન્ને સમૈયા વડતાલમાં કર્યા ને વસો વિગેરે ગામોમાં વિચર્યા તથા જુનાગઢ પધાર્યા ત્યાંના મંદિરના મહંત સ્વામી મુકુંદચરણદાસજીની સહાયતામાં સ્વામી નારાયણદાસજીને કોઠારી નિમ્યા. સંવત્ ૧૯૪૧ માં દાદાખાચરના પુત્ર અમરાખાચર માંદા હોવાથી તેમને દર્શન દેવા

ગઢડે પધાર્યા હતા. સંવત્ ૧૯૪૨ માં માણજના પટેલ મુળજીભાઈએ વડતાલમાં મોટો વિષ્ણુયાગ કરાવ્યો ને આચાર્યજી મહારાજની ઘણી સેવા કરી. પછી ખંભાત, ધોલેરા, સારંગપુર, ગઢડે થઈ પીઠવડી પધાર્યા. સંવત્ ૧૯૪૩ માં કારતકી સમૈયો વડતાલ કરીને નગર દેશમાં ફરવા પધાર્યા ત્યાંથી જુનાગઢ પધારી ફુલદોલનો ઉત્સવ કર્યો. સંવત્ ૧૯૪૪ માં લોર્ડ રે મુંબઈના ગવર્નર સાહેબ વડતાલ દર્શને આવેલ ત્યારે ઘણું સન્માન કર્યું. પછી જુનાગઢ થઈ પંચતિથિમાં માણાવદર પધાર્યા ને લોજ, માંગરોળ વિચર્યા. સંવત્ ૧૯૪૫ માં રાજકોટના મિસ્ત્રી શેઠ લખમણદાસ માવજીએ રાજકોટમાં પધરાવી મોટો યજ્ઞ કર્યો. પછી વડતાલ પધારી હિંદુસ્થાન પધાર્યા ને ફરીથી લગ્ન કર્યું. ત્યાંથી પાછા આવી સુરત, મુંબઈ પધાર્યા. સંવત્ ૧૯૪૬ માં કાનમ દેશમાં વિચર્યા ને અમદાવાદ આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ માંદા હોવાથી તેમને જોવા પધાર્યા. સંવત્ ૧૯૪૭ માં બંને સમૈયા વડતાલ કર્યા તથા સાધીએ શિવલાલભાઈએ પધરાવ્યા. સંવત્ ૧૯૪૮ માં સુરત પધાર્યા ને પોતના શરીરે સખત મંદવાડ થયો પણ શ્રીજી મહારાજે રક્ષા કરી. સંવત્ ૧૯૪૯ માં કારતકીનો સમૈયો વડતાલ કરી વળા વગેરે ઠેકાણે થઈ ઉના, બાબરિયાવાડ દેશમાં વિચર્યા, ત્યાંથી વળતાં ગઢડે પધારીને ફાગણ માસમાં મોટો યજ્ઞ કરીને ત્યાં શ્રીલક્ષ્મીબાગમાં શ્રીજીમહારાજના દેહોત્સર્ગના સ્થાનના મંદિરમાં શ્રીજીમહારાજ તથા ઈચ્છારામ ભાઈ તથા રઘુવીરજી મહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી, ને શાસ્ત્રી ધર્મતનયદાસજીને પોતાના ગોંડલના મંદિરના માહંત કર્યા. ત્યાંથી ધોલેરા થઈ વડતાલ પધાર્યા. ચૈત્રી સમૈયા પછી રાજકોટના શેઠ લખમણદાસે પોતાને ત્યાં પધરાવી સત્સંગિજીવનનું પારાયણ કરાવીને ઘણી સેવા કરી. ત્યાંથી વળતાં શ્રી મુળી યે ઠાકોરજીનાં દર્શન કરી વડતાલ પધાર્યા, ત્યાં

પુરાણી બાલકૃષ્ણાનંદજી પાસે સત્સંગિજીવનનું પારાયણ કરાવ્યું. સંવત્ ૧૯૫૦ માં સુરત તથા વડોદરે પધાર્યા, ચરોતરમાં ફર્યા ને ગઢડા, જુનાગઢ પધાર્યા. સંવત્ ૧૯૫૧માં કારતકી સમૈયા પછી હિંદુસ્થાન પધાર્યા ત્યાંથી પાછા આવી ખેડાસા પીંપળીમાં પટેલ હરિભાઈએ પધરાવી ને તુલસી વિવાહ કર્યો તથા ઠાસરાના હરિભક્તોએ પધરાવી ઘણી સેવા કરી, પછી આણંદ, સુરત, ગઢડે પધાર્યા. સંવત્ ૧૯૫૨ માં ભરુચમાં એક ઉગમણા દેવળમાં શ્રી ભક્તિધર્મ વાસુદેવની પ્રતિષ્ઠા કરી જંબુસર વગેરે ઠેકાણે વિચર્યા ને સુરત પધાર્યા. સંવત્ ૧૯૫૩ માં સલાડ, રુવાદ વગેરે કાનમ દેશમાં ફર્યા ત્યાંથી વડતાલ પધારી ધોલેરા પધાર્યા ને ત્યાંના મંદિરમાં કોઠારી નરસીદાસને કોઠારી કરીને રાજકોટ પધાર્યા ત્યાં હરિભક્તોએ ઘણી સેવા કરી ને જુનાગઢના બ્રહ્મચારી શાંતાનંદજી પાસે સભામાં વાતો કરાવી તે સાંભળી પોતે ઘણા ખુશી થયા ત્યાંથી લોધીકા મેંગણી ગોંડલ થઈ જુનાગઢ પધાર્યા. સંવત્ ૧૯૫૪ માં કારતકી સમૈયા પછી ખંભાત, પેટલાદ, સોજીત્રા થઈ ઉમરેઠ પધાર્યા ને હરિભક્તોએ ઘણી સેવા કરી, એ સિવાય દરેક સાલમાં કારતકી તથા ચૈત્રી પૂર્ણિમાના સમૈયા વડતાલમાં કરી જન્માષ્ટમી તથા જલજીલણી એકાદશીના સમૈયા ગઢડામાં કરી ગુજરાત કાઠીયાવાડ સોરઠ તથા કાનમ દેશના પોતાના સેવકોને દર્શન દેવા પધારતાં છેવટે સંવત્ ૧૯૫૫ માં કારતકી સમૈયો વડતાલ કરી પીજ, મહેમદાબાદ, મહુધા, ખેડા પધાર્યા, ત્યાંથી વડતાલ પાછા પધારી પોતાના પંડિત શાસ્ત્રી મુનીશ્વરાનંદજી, તથા શાસ્ત્રી કુંજવિહારીદાસજી તથા પુરાણી બાલકૃષ્ણાનંદજી વગેરેને સાથે લઈને ધોલેરા, ભીમનાથ, સારંગપુર થઈને વળે પધાર્યા, ત્યાંના રાજા વખતસંગજીએ ઘણું સન્માન કર્યું, વસંતપંચમીનો ઉત્સવ ત્યાં કરાવ્યો ને રાજાને ઘણો સ્નેહ થયો. ત્યાંથી

ઉમરાળા, ગોપનાથ થઈ ભાવનગર સ્ટેટના ગામ મહુવા બંદર પધાર્યા ત્યાંના ન્યાયાધીશ કવિ મગનલાલભાઈ તથા વૈષ્ણવાગ્રગણ્ય શેઠ મોહનદાસભાઈ અને ત્રવાડી વિઠલભાઈ તથા હરખાભાઈ તથા મેતા ખીમજીભાઈ આદિક સર્વ હરિભક્તોએ ઘણી સેવા કરી તથા શેઠ મોનદાસભાઈએ પોતાના બાગમાં પધરામણી કરી ત્યારે આચાર્યજી મહારાજની આજ્ઞાથી શાસ્ત્રી મુનીશ્વરાનંદજીએ ધર્મ સંબંધમાં ભાષણ કર્યું ને તે જ વખતે તે જ સંબંધમાં પોતે સારી રીતે વિવેચન કર્યું તે સાંભળી સૌ વૈષ્ણવો તથા હરિભક્તો ઘણા રાજી થયા ને આચાર્યજી મહારાજની પ્રશંસા કરવા લાગ્યા ત્યાંથી વળતાં રામનવમીનો સમૈયો ગઢડે કર્યો ને ત્યાં સૌ સંતની વિનંતી સાંભળીને ત્યાંના પોતાના મંદિરના મહંત શ્યામસુંદરદાસજીની સહાયતામાં સાધુ વિષ્ણુપ્રિયદાસજીને ઠરાવ્યા. ત્યાંથી સારંગપુર ધોલેરા થઈ ચૈત્રી પૂર્ણિમાનો સમૈયો વરતાલ કર્યો.

હવે તેમના દેહોત્સર્ગ વિષે લખું છું.

ઉપર જણાવ્યા પ્રમાણે પોતે સત્સંગની ઉત્કૃષ્ટતા વધારી પોતાના આચાર્યપદને ઉત્તેજન આપતાં સંવત્ ૧૯૫૫ ની સાલમાં વરસાદે ખેંચવાથી પોતે ઘણા દિલગીર થવા લાગ્યા, ગરીબો ને અન્નાદિક આપવા લાગ્યા. આમ કરતાં શ્રાવણ સુદ ૧૫ ના રોજ મંદવાડ થયો ને દિન પ્રતિદિન મંદવાડ વૃદ્ધિ પામવા લાગ્યો. મુંબઈના ડૉક્ટર મોરેશ્વરરાવ એમ.ડી. તથા રાંદેરના ડાક્ટર ઉત્તમરામભાઈ આદિક ઔષધ કરવા લાગ્યા પરંતુ પોતાને આરામ જણાયો નહીં તેથી આરામ નહીં જ થાય એમ ધારીને સમગ્ર સદ્ગુરુઓ તથા કોઠારી ગોવર્ધનભાઈ તથા કેટલાક પ્રતિષ્ઠિત સદ્ગૃહસ્થ હરિભક્તોને પોતાની પાસે બોલાવીને સત્સંગની ભલામણ કરી અને કોઠારી ગોવર્ધનભાઈને કહ્યું જે અમે તમને શ્રીલક્ષ્મીનારાયણ દેવની ગાદીના

હિતચિંતક અમારા ત્રણ પેઢીના કોઠારી જાણીને ગાદીના હિત માટે વીલ કરી આપ્યાં છે માટે સંપ્રદાયનો વ્યવહાર આગલા વીલમાં જણાવેલા ટ્રસ્ટીઓની સંમત્તિ ને સહાયતાથી સંભાળજ્યો. ને અમારો રચેલ શ્રી હરિલીલામૃત ગ્રંથ છપાવી પ્રસિદ્ધ કરવો તથા શ્રી આચાર્યોદય ગ્રંથ અમે રચતાં અધુરો છે તે સંપૂર્ણ કરાવવો તથા ગોમતી સરોવરનો ઉગમણો ઘાટ અધુરો છે તે પુરો બંધાવવો, ને શ્રીજી મહારાજની અંગભૂત પ્રસાદીનો જે મે બહુ સંગ્રહ કર્યો છે તેનું ઘણા કાળ સુધી રક્ષણ થાય તેવું સ્થાન બંધાવી તે પ્રસાદીની વસ્તુના સૌને દર્શન થાય તેવી રીતે સ્થાપન કરવી, એ રીતે પોતાના શુભ સંકલ્પો પૂર્ણ કરવાની ભલામણો તેમને કરી; ને તે જ પ્રમાણે પોતાનાં બે પત્નીઓને પણ ઉપરના પોતાના સંકલ્પ પૂર્ણ કરવામાં સહાયકારક થવાનું કહ્યું ને શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું, એ વગેરે કેટલીક સંપ્રદાય સંબંધી સારી વ્યવસ્થા ચાલે ને ગાદી સચવાય તેવી ભલામણ કરી. દિન પ્રતિદિન મંદવાડ વૃદ્ધિ પામવા લાગ્યો ને સંવત્ ૧૯૫૫ ના ભાદરવા સુદ ૮ ના દિવસે રાતના સાડા આઠ વાગે પોતે આ ક્ષણિક દેહનો ત્યાગ કરી અક્ષરનિવાસી થયા.

એ આચાર્યશ્રી વિદ્યામાં કુશળ, ધર્મ જ્ઞાનાદિકમા નિપુણ હતા તથા પોતાની જ્ઞાન શક્તિથી તથા લાવણ્યતાથી પોતાના સેવકોને તથા અન્ય મનુષ્યોને પ્રહર્ષિત કરી તેમનો પોતાના વિષે સ્નેહ કાયમ રહે એવા ઘણા સદ્‌ગુણે સંપન્ન હતા તેમનો વિયોગ થતાં સૌ ત્યાગી હરિભક્તો પારાવાર ઉદાસ થઈ ગયા. શુભં ભવતુ. શ્રીરસ્તુ. તથાસ્તુ.

શ્રી સ્વામિનારાયણો જયતુ.

**લી :** આજ્ઞાથી સેવક. રુગનાથ ભગતના દંડવત્ સહિત
જયશ્રી સ્વામિનારાયણ સ્વીકારશો.
(સંવત્ ૧૯૬૮)

# અનુક્રમણિકા


| ક્રમ | કીર્તન | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | મંગલાચરણમ્ | ૦૧ |
| ૨. | પ્રાર્થનાષ્ટક | ૦૨ |
| ૩. | ષોડશદલ કમલ પ્રબંધ | ૦૪ |
| ૪. | બહિર્લાપિકા | ૦૫ |
| ૫. | ગ્રંથપ્રયોજન | ૦૬ |
| ૬. | કાવ્યકર્ત્તાની રુચિ | ૦૬ |
| ૭. | ગાયન વિષે | ૦૭ |
| ૮. | રાગોત્પત્તિ | ૦૮ |
| ૯. | જય હરિ (૩) સકલ જગ સ્વામી | ૦૯ |
| ૧૦. | સખી જુઓ (૩) શ્રીકુંજવિહારી | ૧૦ |
| ૧૧. | આવોજી અવતારી, આનંદકારી | ૧૨ |
| ૧૨. | આવો વિશ્વવિલાસી, શ્રીસુખરાશિ | ૧૬ |
| ૧૩. | આવો છેલ છોગાલા, કા'ન ગોવાલા | ૧૮ |
| ૧૪. | સુણો વિવેકી જન મુજ વાત | ૧૯ |
| ૧૫. | ધરો ઉર શ્રીધર્મકુમાર | ૨૧ |
| ૧૬. | આવો પ્રાણથી પ્યારા, ધર્મદુલારા | ૨૨ |
| ૧૭. | સખી જોને હસી હળવે હરિવર | ૨૪ |
| ૧૮. | સખી રાધા માધવ બેઉ બિરાજે | ૨૫ |
| ૧૯. | જોયા શ્રીધર્મકુમાર ચતુરવર | ૨૬ |
| ૨૦. | જુઓ સખી વૃષરાજ, રસિકવર | ૨૭ |
| ૨૧. | આજ સખી ઉન્મત્ત ગંગાતટ | ૨૮ |
| ૨૨. | સખી વૃંદાવનમાં વા'લો નિરખ્યા | ૨૯ |
| ૨૩. | નમુ પ્રેમવતીના પ્યારા | ૩૦ |
| ૨૪. | સખી વાત વીતી કહું મારી | ૩૧ |
| ૨૫. | આજ અલબેલોજી મંદિર મારે આવિયારે | ૩૨ |

| | | |
|---|---|---|
| ૨૬. | ધન્ય ધન્ય છે દુરગપુર ધામનેરે | ૩૪ |
| ૨૭. | ચાલો વૃંદાવનમાં સાહેલી સર્વે મળી રે | ૩૬ |
| ૨૮. | સજની મહાવગડામાં મોહનજી મેલી ગયારે | ૩૮ |
| ૨૯. | માણકીના ઉપર આજ નિરખ્યા હરિ | ૪૦ |
| ૩૦. | આજ તણી રજનીમાં મને સ્વપ્ન આવિયું | ૪૨ |
| ૩૧. | મુખ નિરખી સુખ થાય, મોહનજીનું | ૪૩ |
| ૩૨. | મોહનને ભાળી મોહ્યું મન મોહનને ભાળી | ૪૪ |
| ૩૩. | લોજની વાવ ઉપર અવતારી | ૪૫ |
| ૩૪. | આજ જ્ઞાનબાગમાંહિ (ધ્રુપદ) | ૪૭ |
| ૩૫. | આજ જ્ઞાનબાગમાં (ધ્રુપદ) | ૪૮ |
| ૩૬. | જુઓ જુઓને હાં હાંરે ! (પંચાળાના રાસનો ગરબો) | ૪૮ |
| ૩૭. | મથુરાંમાંરે બોલ્યા વિહારીજી વાણ | ૫૦ |
| ૩૮. | વળી બોલ્યારે, કરી વિહારી વિચાર | ૫૨ |
| ૩૯. | બાંધી વસંતી પાઘ | ૫૫ |
| ૪૦. | નવલવિહારીનાથની છબિ | ૫૬ |
| ૪૧. | જશોદાજી જીવનને પોતે | ૫૬ |
| ૪૨. | ઉભા શ્રીગોમતી તીરે | ૫૯ |
| ૪૩. | આવે છે સખી જોને આ પ્રાણઆધાર | ૬૦ |
| ૪૪. | બંધાણો બેની પ્રેમવતી સુતથી પ્રેમ | ૬૧ |
| ૪૫. | વૃંદાવનમાં પ્રેમથી પ્યારી | ૬૨ |
| ૪૬. | તીરથરાજ આજ ગુણવંત ગોમતીજો | ૬૩ |
| ૪૭. | મુખ બતિયાં કેસી કહિ જાય રે | ૬૫ |
| ૪૮. | સખી નટવર નાનકડાની | ૬૬ |
| ૪૯. | મથુરામાં વસ્યા જઈને મોરારી | ૬૭ |
| ૫૦. | પ્યારો હમારી પીર ન જાને | ૬૯ |
| ૫૧. | જોને વંશીધર વંશી વગાડે | ૭૦ |
| ૫૨. | નિરખ્યા નંદકિશોર | ૭૧ |

| | | |
|---|---|---|
| ૫૩. | નિરખ્યા નંદલાલ મધુવનમાં (તોટક છંદ) | ૭૧ |
| ૫૪. | લક્ષ્મી બાગમાંહિ સભા ભરી શામ | ૭૩ |
| ૫૫. | કષ્ટહરણ સૃષ્ટિકરણ જય જગત્પત્તિ | ૭૪ |
| ૫૬. | સખી મેં જોયા આજતો શ્રીઘનશામ | ૭૫ |
| ૫૭. | અણીઆળી છે અલબેલા તારી આંખડીરે | ૭૬ |
| ૫૮. | પ્રિતમ જોઈને આનંદ થયો આજ સખી | ૭૬ |
| ૫૯. | સખી મોહનજી મહેર કરી આજ મળ્યા | ૭૭ |
| ૬૦. | સત્પુરુષની સાથ | ૭૮ |
| ૬૧. | સુણ સજની આજ જોયા | ૭૯ |
| ૬૨. | આજે નટવરજીને નિરખી | ૮૦ |
| ૬૩. | જાય જાયરે શી રીતે દિવસ અમારા | ૮૨ |
| ૬૪. | શ્રીખંભાત નિવાસી | ૮૩ |
| ૬૫. | ધિક્ ધિક્ રે પ્રભુ ભજ્યો નહીં આ ટાણે | ૮૩ |
| ૬૬. | લલિત શ્રીહરિ | ૮૪ |
| ૬૭. | દુઃખી દિવસને રાત શ્રીજી વિના | ૮૫ |
| ૬૮. | આજ સખી ઉન્મત્તગંગા તટે | ૮૬ |
| ૬૯. | અહો સખી શું કહું આજે | ૮૭ |
| ૭૦. | વિવેકી પ્રાણી કર વિચાર | ૮૮ |
| ૭૧. | પ્રિય હરિજનો | ૮૯ |
| ૭૨. | જગતમાં રુડો જન્મ જરુર પામીરે | ૯૦ |
| ૭૩. | કદી હાથી ઘોડા (શિખરીણી છંદ) | ૯૧ |
| ૭૪. | સત્સંગથી શાસ્ત્ર રુડા સુણાય | ૯૨ |
| ૭૫. | કોઈ શ્રીજી સમીપે જાઓ રે | ૯૪ |
| ૭૬. | મર્યાદ બાંધેલ સ્વધર્મકેરી | ૯૫ |
| ૭૭. | સત્શાસ્ત્રની વિગતી કહું | ૯૬ |
| ૭૮. | સર્વોપરી મુક્તિ : ત્યાગી ભૌતિક દેહ | ૯૭ |
| ૭૯. | સખી નટવર ધર્મકુમાર (રાગ : સ્વેચ્છ) | ૯૮ |
| ૮૦. | વૃજવાસીનો પ્રેમ અપારરે | ૯૯ |

| | | |
|---|---|---|
| ૮૧. | બોલ્યા ગોપ મળીને ગુણવંત | ૧૦૨ |
| ૮૨. | વરતાલવાસીને વિનવું | ૧૦૩ |
| ૮૩. | નિત્ય નિરખું નેણા ભરી | ૧૦૪ |
| ૮૪. | ભૃગુપુરવાસી શ્રીહરિજી છે | ૧૦૪ |
| ૮૫. | પ્રગટ પ્રભુજી મળ્યા જેને | ૧૦૫ |
| ૮૬. | માણકીએ ચઢી વનમાળી રે | ૧૦૬ |
| ૮૭. | મરમાળા મૂર્તિ તમારી રે | ૧૦૬ |
| ૮૮. | મોહનમન તમસંગ વળગ્યું રે | ૧૦૭ |
| ૮૯. | જોઈ ગુણસાગર ગિરધારી રે | ૧૦૭ |
| ૯૦. | ભરુચમાં જોયા મેં ભવભયહારી રે | ૧૦૮ |
| ૯૧. | મધ્ય તણું મંદિર જે કહેવાયરે | ૧૦૯ |
| ૯૨. | પશ્ચિમનુ’ જે મનોહર મંદિરરે | ૧૦૯ |
| ૯૩. | પશ્ચિમની જે રુપચોકી રુપાળીરે | ૧૧૦ |
| ૯૪. | ભૃગુપુરનું શિખરબંધ મંદિરરે | ૧૧૦ |
| ૯૫. | આનંદાનંદ જેહ (છપય છંદ) | ૧૧૧ |
| ૯૬. | સખી અંતરની કહુ વાત | ૧૧૧ |
| ૯૭. | છું પૂરવ જનમની નાથ | ૧૧૨ |
| ૯૮. | લટકાળા દિવસ રાત છે રઢ લાગી રે | ૧૧૨ |
| ૯૯. | મારું કહેવાનું કમળ ાનાથ | ૧૧૩ |
| ૧૦૦. | અવતારી શ્રીહરિ અલબેલો | ૧૧૩ |
| ૧૦૧. | ધર્મતણે ઘેર સજની | ૧૧૫ |
| ૧૦૨. | ધન્ય ધામ શુભગામ વરતાલનેજો | ૧૧૫ |
| ૧૦૩. | રે ઘનસમ તન ઘનશામ તણું | ૧૧૬ |
| ૧૦૪. | તમે ઢાલ ધીરજની ધીંગી ધરો રે | ૧૧૭ |
| ૧૦૫. | ગુણસાગર તીરથ તું ગુણવંત ગોમતી | ૧૧૯ |
| ૧૦૬. | ઉન્મત્ત ગંગા ઉત્તમ અતિ | ૧૨૨ |
| ૧૦૭. | ઉન્મત્ત ગંગા આ લોકમાં | ૧૨૩ |
| ૧૦૮. | ઘડી ધન્ય આજની સુખકારી | ૧૨૪ |

| | | |
|---|---|---|
| ૧૦૯. | અરર ઓ પ્રભુ કાજ આ કરો | ૧૨૬ |
| ૧૧૦. | હે હરિ હરિ | ૧૨૬ |
| ૧૧૧. | સુણો સખી દિલ્લમાં ધારી | ૧૨૭ |
| ૧૧૨. | ઉદ્ધવ કૃષ્ણ ધૂતારે અમને | ૧૨૯ |
| ૧૧૩. | હાંરે જાણ્યા જાણ્યારે | ૧૨૯ |
| ૧૧૪. | વાલા અબલા ઉપર અલબેલ | ૧૩૦ |
| ૧૧૫. | સજની શ્રીજી તજી અમને ગયા રે | ૧૩૨ |
| ૧૧૬. | પ્રેમે પૂજું પ્રભુ પ્યારા | ૧૩૩ |
| ૧૧૭. | પ્રભુજી સાંભળો | ૧૩૩ |
| ૧૧૮. | હરિ ભજો ભાવથી ભાઈ | ૧૩૫ |
| ૧૧૯. | મનુષ્ય દેહ પામી | ૧૩૬ |
| ૧૨૦. | મનમોહનરે સુંદર મૂરતિ તમારી | ૧૩૬ |
| ૧૨૧. | બાગે બાગે બાગેરે હરિ બેઠા છે લક્ષ્મી બાગે | ૧૩૮ |
| ૧૨૨. | ધારી ધારી ધારી રે હરિ મૂરતિ | ૧૩૮ |
| ૧૨૩. | કારજ શુભ કરવારે | ૧૩૯ |
| ૧૨૪. | ગરવ નથી ગમતોરે હરિને | ૧૪૦ |
| ૧૨૫. | મોહન મારે મંદિર આવોરે | ૧૪૧ |
| ૧૨૬. | સુધ લેજો શામ અમારી | ૧૪૨ |
| ૧૨૭. | નેણાંમાં નિત્ય રાખું નંદદુલારારે | ૧૪૩ |
| ૧૨૮. | જોઈને નિત્ય જીવું | ૧૪૩ |
| ૧૨૯. | મારા પ્રાણ જીવન ઘનશ્યામરે | ૧૪૪ |
| ૧૩૦. | ઉદ્ધવજી માધવને કહે જો | ૧૪૫ |
| ૧૩૧. | વા'લા વિનતી વાંચીને વહેલા આવો | ૧૪૬ |
| ૧૩૨. | પ્રિતમ પ્યારા આજ પધારો | ૧૪૭ |
| ૧૩૩. | કૃપાળુ તમે છો કૃપા ધારનારા (ભુજંગી) | ૧૪૮ |
| ૧૩૪. | વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા (વસંતતિલકા) | ૧૪૯ |
| ૧૩૫. | જેણે રચી ચિત્ર વિચિત્ર સૃષ્ટિ (ઉપજાતિ) | ૧૪૯ |

| | | |
|---|---|---|
| ૧૩૬. | ઉભા ઉભા ધરમકુળચંદરે | ૧૪૯ |
| ૧૩૭. | જોયા જોયા રસિક નંદલાલરે | ૧૫૦ |
| ૧૩૮. | ઉભા સખી શ્રીજી સુખકારી | ૧૫૧ |
| ૧૩૯. | હનુમંત મહા બળવંત | ૧૫૧ |
| ૧૪૦. | જયદેવ જયદેવ જયકપિ સુખકારી | ૧૫૨ |
| ૧૪૧. | કૃપા કરો ભગવાન | ૧૫૩ |
| ૧૪૨. | શ્રીબ્રહ્મપુર પર નાથ (વસંત તિલકા) | ૧૫૪ |
| ૧૪૩. | જય જય ધરમકુલચંદ | ૧૫૫ |
| ૧૪૪. | ભક્તિસુત છે ભયહારી | ૧૫૬ |
| ૧૪૫. | સત્સંગે સદ્બુદ્ધિ થાય (શાર્દૂલવિક્રીડિત) | ૧૫૭ |
| ૧૪૬. | મેં નિરખ્યા શ્રીગઢપુરમાં | ૧૫૮ |
| ૧૪૭. | ગુણસાગર તીરથ અતિ ઉત્તમ | ૧૫૯ |


## હિંદુસ્થાની ભાષામાં


| | | |
|---|---|---|
| ૧૪૮. | ભયો હૈ પ્રભાત પ્યારે (ધ્રુપદ) | ૧૫૯ |
| ૧૪૯. | આજ ગઢપુરમેં (ધ્રુપદ) | ૧૬૦ |
| ૧૫૦. | યાના બજાવો શામ | ૧૬૦ |
| ૧૫૧. | નિરખી નેણાં ઠરે હરિમુખ | ૧૬૧ |
| ૧૫૨. | હેરી હરિ વૃષકાલ | ૧૬૧ |
| ૧૫૩. | હરિવર ધરમકિશોર | ૧૬૨ |
| ૧૫૪. | દેખો જન ઘનશ્યામ | ૧૬૨ |
| ૧૫૫. | ચપળ ચલત ગતિયાં | ૧૬૩ |
| ૧૫૬. | ઉર મોરે અટકી | ૧૬૩ |
| ૧૫૭. | આજતો શિંગારકી છટા (ધ્રુપદ) | ૧૬૪ |
| ૧૫૮. | આજ રાધા બાગમેં (ધ્રુપદ) | ૧૬૪ |
| ૧૫૯. | સંધ્યાસમે મહારાજ (ધ્રુપદ) | ૧૬૪ |
| ૧૬૦. | સજીકે સીંગાર પ્યાર (ધ્રુપદ) | ૧૬૫ |
| ૧૬૧. | ઘનકે સમાન ઘનશામ (ધ્રુપદ) | ૧૬૫ |

૧૬૨. રે તું બરસે જા બરસે જા (મલ્હાર) ૧૬૬
૧૬૩. રસિક છેલ ઝૂલત (હિંડોર) ૧૬૭
૧૬૪. ધ્રૂમી કટ તક મૃદંગ (તિલાના) ૧૬૭

**દક્ષિણી ભાષામાં**

૧૬૫. કૃષ્ણારે મુખચંદ્ર ૧૬૮
૧૬૬. વંદુની મીં ત્યા કૃષ્ણાલા ૧૬૮
૧૬૭. અહો પ્રાણી મતિહીન (અભંગ) ૧૬૯
૧૬૮. આતાં વંદુ ઘનશામા (ઓવ્યા) ૧૬૯
૧૬૯. દૈત્ય ખલાંતક દેવા (આર્યા) ૧૬૯
૧૭૦. હાં ભલો ભગતપતિ ભગવાન (ગુજરાતી ગામડીઆ ભાષામાં) ૧૭૦

**મારવાડી ભાષામાં**

૧૭૧. ચતર મારુ રંગ બરસાવો ૧૭૧
૧૭૨. રસિક રાજ માનત નાહીં માકો ૧૭૨

---

૧૭૩. જય બુરાનપુરવાસી શ્રીપતિ ૧૭૩
૧૭૪. વંદુ સ્નેહ ધરી (શાર્દૂલવિક્રીડિત) ૧૭૪
૧૭૫. બુરાનપુરવાસી (ઉપજાતિ) ૧૭૪
૧૭૬. જેને વસ્ત્ર ધરાવતો (દોહા) ૧૭૪
૧૭૭. વિશ્વના પતિને નિત્ય ૧૭૫
૧૭૮. આ અક્ષરના મુક્તના (દોહરો) ૧૭૫
૧૭૯. મુક્તાનંદ મુનીન્દ્રને નિત્યનમુ (શાર્દૂલ૦) ૧૭૫
૧૮૦. મુનિ મુક્ત વર્ણી મુકુંદા અનૂપ (ભુજંગી) ૧૭૬
૧૮૧. અમે કહિયે ઉદ્ધવજીરે ૧૭૬
૧૮૨. થાય થાયરે કોણ સહાય ૧૭૭
૧૮૩. અમર રહો મહારાજ ૧૭૮
૧૮૪. છપૈયા પુરની સુંદરી ૧૭૯

| | | |
|---|---|---|
| ૧૮૫. | સરવે સાધુજી સાંભળો | ૧૮૨ |
| ૧૮૬. | સખી ચૈતરે ચતુરસુજાણ | ૧૮૩ |
| ૧૮૭. | સ્નેહે વંદીને શ્રીઘનશામ | ૧૮૫ |
| ૧૮૮. | સ્વામી સિદ્ધાનંદ સુખધામ | ૧૮૫ |
| ૧૮૯. | ઓ પ્રિતમ પ્રાણ આધાર | ૧૮૬ |
| ૧૯૦. | કોઈ અરજી મારી આજ | ૧૮૬ |
| ૧૯૧. | સ્વામી સચ્ચિદાનંદજી | ૧૮૭ |
| ૧૯૨. | સંત સચ્ચિદાનંદજી | ૧૮૮ |
| ૧૯૩. | ડડા ડહાપણ ધર દિલમાં | ૧૮૯ |
| ૧૯૪. | જાણજે જગત જુઠું રે | ૧૯૦ |
| ૧૯૫. | વચન વડે આ વિશ્વમાં (દોહરો) | ૧૯૨ |
| ૧૯૬. | સખી રે આજ આનંદ વધામણાં | ૧૯૪ |
| ૧૯૭. | હરખ્યાં માતપિતા જોઈ પુત્રને | ૧૯૫ |
| ૧૯૮. | શ્રીપુર સ્વામી શ્રીહરિરે | ૧૯૬ |
| ૧૯૯. | સુખકર શ્રીપુરમાં વસો (દોહરો) | ૧૯૮ |
| ૨૦૦. | વંદુ પ્રકટ પ્રભુ પુરુષોત્તમ | ૧૯૮ |
| ૨૦૧. | શ્રીરઘુવીરજી આચારજનો | ૧૯૯ |
| ૨૦૨. | પાંડે ઈચ્છારામજીને ઘેર | ૨૦૦ |
| ૨૦૩. | ભક્તિ ધરમસુત શ્રી પુરુષોત્તમ | ૨૦૧ |
| ૨૦૪. | શ્રીરઘુવીર મહા ગુણગંભીર | ૨૦૧ |
| ૨૦૫. | આજ મહોત્સવ ગણપતીજીનો | ૨૦૨ |
| ૨૦૬. | જયદેવ જયદેવ જય ગણપતિ પ્યારા | ૨૦૪ |
| ૨૦૭. | વંદુ ઉદ્ધવ પંથ ધામ | ૨૦૫ |
| ૨૦૮. | શ્રીનગર રાજે સદા શ્રીનરવીર | ૨૦૬ |
| ૨૦૯. | વારે વારે વંદુ હુતો પ્રગટનાં ધામ | ૨૦૭ |
| ૨૧૦. | આરતિ ધરમકિશોરકી કીજે | ૨૦૮ |
| ૨૧૧. | ગુણવંત શુભ ગુજરાતમાં (હરિગીત) | ૨૦૯ |
| ૨૧૨. | કુસંગથી કષ્ટ અનેક થાય (ઉપજાતિ) | ૨૧૧ |

| | | |
|---|---|---|
| ૨૧૩. | સુણતાં હરિ ગુણગાન (છપ્પયછંદ) | ૨૧૨ |
| ૨૧૪. | આવાહન આસન અને (વિષ્ણુ ષોડશોપચાર દોહા) | ૨૧૩ |
| ૨૧૫. | નમી નમી પ્રભુને બહુવારરે | ૨૧૩ |
| ૨૧૬. | બોલ્યા બોલ્યા શ્રીજી મહારાજરે | ૨૧૪ |
| ૨૧૭. | મોટો મોટો ઘણો મહિમાયરે | ૨૧૫ |
| ૨૧૮. | ધન્ય ધન્ય શ્રીવરતાલને (દોહરો) | ૨૧૬ |
| ૨૧૯. | પ્રગટ હરિસદા છે (માલિની) | ૨૧૬ |
| ૨૨૦. | ધરમકુંવર ઘનશ્યામ બહુનામી | ૨૧૭ |
| ૨૨૧. | કરવા શુભ કામ સુહામ ધરો (સિંહાવલોકન સવૈયા) | ૨૧૯ |

## ચિત્રકાવ્ય

| | | |
|---|---|---|
| ૨૨૨. | જરાહામ મહારાજ (સર્વતોભદ્ર-અનુષ્ટુપ) | ૨૨૧ |
| ૨૨૩. | સાર સાર શિરદાર સ્મર (ગોમૂત્રિકા-દોહરો) | ૨૨૨ |
| ૨૨૪. | જે વૃક્ષવેલી (ઉપજાતિ) | ૨૨૩ |
| ૨૨૫. | રે આમ્ર તારી (વૃક્ષપ્રબંધ-ઉપજાતિ) | ૨૨૩ |
| ૨૨૬. | ગુણગાન નિત્યે કરુ (કપાટપ્રબંધ-દોહરો) | ૨૨૪ |
| ૨૨૭. | ગુણગાન નિત્યે કરુ (અશ્વગતિ-દોહરો) | ૨૨૫ |
| ૨૨૮. | જન્મ્યા કૌશલ દેશમાં (દ્વિઅર્થી દોહરો) | ૨૨૫ |
| ૨૨૯. | ચાતુરી પરમારથ થણી (ધનુષપ્રબંધ દોહરો) | ૨૨૬ |
| ૨૩૦. | સરવે અસલકૃત (શિખરપ્રબંધ-હરિગીત) | ૨૨૬ |
| ૨૩૧. | સુણજો વિનતી દયા કરી (વૈતાલિય) | ૨૨૭ |
| ૨૩૨. | સજ્જન સાંભળો સ્નેહથી | ૨૨૮ |
| ૨૩૩. | જુઓ શરદ પૂનમ શશી | ૨૨૯ |
| ૨૩૪. | તનનન લે છે ત્રિકમજી તાન | ૨૩૦ |
| ૨૩૫. | અંતકાળ વેળા કઠણ (દોહરો) | ૨૩૧ |

૨૩૬. આ સમય ઉત્તમ જાણીને (હરિગીત) ૨૩૧
૨૩૭. ક્રૂર કષ્ટ પડતાં કદી (દોહરો) ૨૩૨
૨૩૮. વા'લા ભક્તિ ધરમસુતશામ ૨૩૨
૨૩૯. સુંદર સુરત શહેરમાં (પૂર્વછાયો) ૨૩૫
૨૪૦. વામ ભાગે છે રાધાવિહારી (ચોપાઈ) ૨૩૫
૨૪૧. નારાયણ બાગ ભલો શોભે ૨૩૭
૨૪૨. જેના નિરમલ નીરમાં (શાર્દૂલવિક્રીડિત) ૨૩૮
૨૪૩. ત્રિવેણી તાપી નર્મદા (નારાચ) ૨૩૮
૨૪૪. ઘન ઘન તેરો સુત (છપય છંદ) ૨૩૯
૨૪૫. મુંબઈમાં મહારાજ નિરખ્યા ૨૩૯
૨૪૬. નિરખ્યા શ્રીનંદલાલ ૨૪૦
૨૪૭. રજકણ ઉડગણગણી શકે (દોહરો) ૨૪૧
૨૪૮. જ્યાં સુધી શેષ ધરે (ગ્રંથને આશિષ) સવૈયો ૨૪૧
૨૪૯. તજી મોહ માયા (ગ્રંથાધિકારી) હિરગીત ૨૪૧
૨૫૦. રાગ રાગણીનું જેના અંતરમાં (ગ્રંથાધિકારી) મનહર ૨૪૨
૨૫૧. હરિને હરિના જન સદા (દોહરો) ૨૪૨
૨૫૨. પ્રગટ ચરિત્ર પવિત્ર (ગ્રંથશ્રુતિફલ) છપયછંદ ૨૪૨
૨૫૩. જે નર સ્નેહ વડે કરી (સદર) દોહરો ૨૪૩
૨૫૪. આનંદકંદ મૂરતિ (ગ્રન્થાન્તે હરિસ્મરણ) વસંતતિલકા ૨૪૩
૨૫૫. જય મંગલકારી હરિ જય મંગલકારી (પ્રાર્થનાની આરતિ) ૨૪૩
૨૫૬. આપ પધાર્યા આ સમે ૨૪૫
૨૫૭. અતિ આનંદનો દિન આજ ૨૪૬
૨૫૮. જય ધર્મધુરંધર ગાદી ધણી ૨૪૭
૨૫૯. ક્રિયા સારી કારી (શીખરિણી છંદ) ૨૪૮

**શ્રીઃ ।**

# કીર્તનકૌસ્તુભમાળા

॥ શ્રીસ્વામિનારાયણાય નમોનમઃ ॥

## ॥ મંગલાચરણમ્ ॥

### (શાર્દૂલ વિક્રીડિત છંદ)

જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે, વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણું સમ, બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશી સુરગણો, આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ, શ્રીસ્વામિનારાયણ. (૧)
આવી અક્ષરધામથી અવનિમાં, જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને, દિલે ધરીને દયા;
કીધાં ચારુ[૧] ચરિત્ર ગાન કરવા, જેણે કરુણા કરી,
વંદુ મંગલ મૂરતિ ઉરધરી, સર્વોપરિ શ્રીહરિ. (૨)

### (વસંતતિલકા વૃત)

મારા પિતામહજી[૨] ને વરદાન આપી,
જેણે કહ્યું તવ સુપૌત્ર[૩] થશે પ્રતાપી;
તે ધર્મના તનુજ[૪] શ્રેષ્ઠ કરો સહાય,
જેથી બધાં વિઘન દુર જરુર જાય. (૩)

---

**૧. ચારુ=સુંદર**

**૨. શ્રીગોપાલજી મહારાજને શ્રીજી મહારાજે વરદાન આપ્યું હતું કે, તમારા પુત્રનો પુત્ર (શ્રીવિહારીલાલજી મહારાજ) મહાપ્રતાપી થશે.**

**૩. સુપૌત્ર=પુત્રનો પુત્ર ૪. ધર્મના તનુજ=ધર્મદેવના કુમાર**

જેના પ્રતાપ થકી આ પદવી હું પામ્યો,
જેના પ્રતાપ થકી શોક સહુ વિરામ્યો;
જેનો પ્રતાપ જગ મંગલ રુપ જાણું,
એવા શ્રી ભક્તિસુતને ઉર નિત્ય આણું. (૪)

## પ્રાર્થનાષ્ટક

### (ઉપજાતિ છંદ)

શ્રીજી તણો પ્રૌઢ ઘણો પ્રતાપ,
કરે સદા થાપ ઉથાપ[૧] આપ;
અતિ દયાળુ પ્રભુ અક્ષરેશ,
વંદુ હરિ સ્નેહ ધરી હમેશ. ૫
જેની કૃપાથી જન સુખી થાય,
જેની કૃપાથી દુઃખ દુર જાય;
જેની કૃપાથી ઉધરે અશેષ[૨],
વંદુ હરિ સ્નેહ ધરી હમેશ. ૬
જેણે કળિમાં નરદેહ ધારી,
સ્વધર્મ સ્થાપ્યો જન હિતકારી;
કાઢ્યો કળિને ગ્રહી શિરકેશ,
વંદુ હરિ સ્નેહ ધરી હમેશ. ૭
જો શર્ણ આવે જન દીન કોય,
ભલી રીતે નિર્ભય તેહ હોય;


**૧. થાપ ઉથાપ=સ્વતંત્ર, (કર્ત્તુમકર્ત્તું ને અન્યથાકર્ત્તું ॥ સ્થાપન ઉત્થાપન)**
**૨. અશેષ=સમગ્ર**

પામે નહીં કષ્ટ કદાપિ લેશ,
વંદુ હરિ સ્નેહ ધરી હમેશ. ૮
નથી નથી મોક્ષ સમાન દાન,
નથી નથી આત્મ સમાન જ્ઞાન;
તે દીધું સૌને દઈ ઉપદેશ,
વંદુ હરિ સ્નેહ ધરી હમેશ. ૯
જે છે કૃપાની કરનાર વૃષ્ટિ,
સુખી કરે દૃષ્ટિ થકી જ સૃષ્ટિ;
છે મિષ્ટ વાણી બહુ જેની બેશ,
વંદુ હરિ સ્નેહ ધરી હમેશ. ૧૦
સર્વોપરિ આ સતસંગ થાપી,
આચારજોને નિજ ગાદી આપી;
જેના ગુણો ગાય સદા ગણેશ,
વંદુ હરિ સ્નેહ ધરી હમેશ. ૧૧
જે કાવ્ય કર્તા નિજ સંત પાસે,
પદ્યો કરાવી સુણતા હુલાસે;
રાજી થતા તે સુણીને રમેશ,
વંદુ હરિ સ્નેહ ધરી હમેશ. ૧૨
જેણે મને સુખ અપાર આપ્યું,
સમે સમે કષ્ટ સમગ્ર કાપ્યું;
તે શ્રીહરિની સ્મૃતિ ઉર થાવા,
કરું રૂડા કીર્તન ગુણ ગાવા. ૧૩

## ॥ ષોડશદળ કમળ પ્રબન્ધ ॥

### (સવૈયો)

નમું મહારાજ, ગરીબ નિવાજ,
સદા શિરતાજ, જગત જહાજ,
સુસંત સમાજ, તણાં મુનિરાજ,
કર્યાં શુભકાજ, અવિચલ આજ;
તમે વ્રજરાજ, થઈ મહારાજ,
દઈત[1] હણ્યાજ, ઘણાજ ઘણાજ,
લીધી અરિ લાજ, ત્રિભુવન તાજ,
ધુરંધર આજ, દીધો સુખસાજ. (૧૪)




૧. દઈત=દૈત્ય-અસુર

## ॥ બહિર્લાપિકા ॥

### (શાર્દૂલવિક્રીડિત છંદ)

જે આવે શરણે શું ? નામ વદી એ, શું ? હોય સુકામમાં[૧],
સારું[૨] અંગ કિયું ? શું નામ શિશુઓ, શિખેજ જે ધામમાં;
પામે મોહ મનુષ્ય નામ સમજો, કો ? રાય પાસે વસે,
આ પ્રશ્નોત્તર મધ્યવર્ણ મુજને આનંદ દાતા થશે. (૧૫)




૧. સુકામ=સારું કામ ૨. સારું અંગ કિયું ?=આનન=મુખ

(માલિની છંદ)

અખિલપતિ અમારી વિનતી ઉરધારો,
વિઘન સઘન[1] આવે વેગથી તે વિદારો[2];
નિરમળ મતિ આપો કાવ્ય સારી કરાય,
સદ્‌ગુણિજન શાણા સાંભળી રાજી થાય. (૧૬)

॥ ગ્રંથપ્રયોજન ॥

(મનહર છંદ)

ભક્તિ ભગવાનની છે નવધા પ્રકારવાળી,
જેને જેવી રુચે તેવી તે કરે વખાણીને;
કીર્ત્તનભક્તિનું જેનું અંગ હોય તેહ તેમાં,
તદાકાર થૈ સંભારે હરિ ઉર આણીને;
એવા ભક્ત ગાય હરિ ગુણને રંજન થાય,
વાંચીને વિચારે વળી સુબોધની વાણીને;
પુસ્તક આ એજ પ્રયોજન ઉર આણી રચ્યું,
સતસંગી જનને જીવન રૂપ જાણીને. (૧૭)

॥ કાવ્યકર્ત્તાની રુચિ ॥

(ઉપજાતિ છંદ)

જેને રુચિ અંતર હોય જેવી,
તેને કવિતા ગમશે જ તેવી;
સુબોધને શ્રીહરિ ગુણસાર,
મુને રુચે એહ સદા અપાર. (૧૮)

૧. સાધન=ઘણાં ૨. વિદારો=નાશ કરો

જે સાંભળીને મતિ મેલી થાય,
સારા જનો તો શરમાઈ જાય;
તેવી કવિતા દુરથી જ ટાળો,
ઉનામણામાં ધરીને ઉકાળો. (૧૯)

**॥ ગાયન વિષે ॥**

**(મનહર છંદ)**

ગાનવિદ્યા તણા ગુણ ગણતાં ગણાય નહીં,
એતો એક ઉપવેદ સામ નો ગણાય છે;
રોતું હોય બાળક તે રાગ સુણી છાનું રહે,
નારીઓને નર ગુલતાન થઈ જાય છે; (૨૦)
રંક તથા રાય જન રાગથી રંજન થાય,
મૃગલાને મણીધર રાગથી રીઝાય છે;
શ્રીજીમહારાજ પણ ગવૈયાનાં ગાન સુણી,
રાજી થતા બહુ હજી સુણવા ચહાય છે. (૨૧)

**(શ્લોક)**

यथा नयेच्छतं श्रृंगं, नगं गानसरस्वती ॥
तथा नयेच्छतं श्रृंगं, न गंगा न सरस्वती ॥ (२२)

**અર્થ :-** ઘણા શૃંગવાળો જે ગોલોકનો શતશૃંગ પર્વત છે, ત્યાં માણસને જેવી રીતે ગાનની વાણી પહોંચાડી શકે છે, તેવી રીતે તે પર્વતની પાસે માણસને ગંગાજીકે સરસ્વતી પહોંચાડી શકતી નથી; એવો ગાન વાણીનો મહિમા છે.

**(મનહર છંદ)**

મેઘ ગાજે ત્યારે ગાય મયૂર મલ્હારરાગ,
કોકિલા મધુર ગાય વસંતને સમેછે;
કૂકડા પ્રભાતી રાગ ગાય છે પ્રભાત સમે,
ભ્રમર આનંદભર ગાતા ગાતા ભમે છે;
સુણીને સિંધુડા રાગ શૂરાઓને શૌર્ય ચડે,
હરિ ગુણ ગાન હરિના જનોંને ગમે છે;
પ્રેમીઓને પ્રેમ જામે વૈરાગી વૈરાગ પામે,
ગાન તણા શબ્દ સૌને રગે રગે રમે છે. (૨૩)
રાગ સુણી સુણનાર હૃદયે રંગાઈ જાય,
ભલે હોય ભાઈ તેહ સધનીકે[૧] અધની;
વિષયી જનો રંગાય વિષયના રાગ માંહિ,
મૃગ જેમ ચિંતા તજે નિજ વપુ વધની[૨];
શેરડીની શી ? મીઠાશ શી ? મીઠાશ સાકરની,
દૂધ દહિં માખણકે શી ? મીઠાશ મધની;
અમૃતથી અધિકતો ભલો રસ ત્યાં જ ભાસે,
જ્યાં ગવાય સાત સ્વર, સ,રે,ગ,મ,પ,ધ,ની. (૨૪)

**રાગોત્પત્તિ[૩] ॥ દોહા ॥**

સા, રી, ગ, મ, પ, ધ, ની, સપ્ત સ્વર, તેમજ છે ત્રણગ્રામ;
મુરછના એકવીશથી, ઉપજ્યા રાગ તમામ. (૬)

---

**૧. સધનીક અધની=ધનવંત અને નિર્ધન ૨. નિજવપુ વધની=પોતાના શરીરના નાશની**

**૩. ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ એ સાતના અંક અક્ષરથી સા, રી, ગ, મ, પ, ધ ની. એ સાત સ્વર છે, સા, રી, ગ, મ, પ,**

રાગને રાગણીઓ મળી, છત્રીશ ભેદ શ્રીકાર;
પણ વ્યાપ્યો આ વિશ્વમાં, એનો બહુ પરિવાર. (૭)

## ॥ પુરૂષોત્તમ નારાયણનું માહાત્મ્યપૂર્વક ધ્યાન ॥

### (રાગ : અંગ્રેજી ઢબનો બનઝારો)

જય હરિ, (૩) સકલ જગ સ્વામી, અખિલેશ્વર અક્ષરધામી; ટેક.
છો અકલિત અંતરજામી,
બળવંત પ્રભુ બહુ નામી,
રસરૂપ રમા વિશ્રામી[1];
ધરૂં ઉર ધ્યાન, કરૂં ગુણ ગાન, તજી અભિમાન;
ગરૂડના ગામી. અખિલેશ્વર૦ ૧
છો સદા, (૩) સરવ સુખદાતા, ત્રિભુવન પતિ જન ત્રાતા;
તવ ચરણ ઠરણ ઠેકાણું,
એમ હું મુજ ઉરમાં જાણું,

---

ધ, ની નો આરોહ અને અવરોહ એટલે ચડતા સ્વર અને ઉતરતા સ્વર, તેમજ તે સ્વરનાં જુથ છૂટાં પાડવાંને કોમળ સ્વરમાં મેળાવવાં તેને મૂર્ધનાઓ કહે છે; તેના એકવીશ ભેદ છે.

મૂળરાગ છે તેનાં નામ.—ભૈરવ, માલકોશ, હિંડોર, દીપક, શ્રીરાગ, ને મલ્હાર એ છ છે. તે દરેકને પાંચ પાંચ રાગણીઓ (સ્ત્રી) છે. તે મળીને રાગ રાગણીઓના છત્રીશ ભેદ છે.

તેમજ પ્રત્યેક રાગણીને પાંચ પાંચ પુત્ર અને પાંચ પાંચ પુત્રીઓ છે. તેઓના પરસ્પરના સંબંધને લીધે તેનો એટલો વિસ્તાર વધી ગયેલો છે કે; તે ત્રણે લોકમાં ફેલાઈ ગયો છે.

એવી રીતે આ ગ્રંથના રાગો પણ, સંગીત વેત્તાઓએ પરસ્પરના સંબંધાનુસારે શોધી કાઢેલા છે.

૧. રમા વિશ્રામી=લક્ષ્મીજીને ઠરવાનું ઠેકાણું

વા'લા રસનાથી શું વખાણું ?
કરો મુજ ક્ષેમ, પૂરો ધરૂં પ્રેમ, રીઝો તમે જેમ;
અચળ પદ પામી, અખિલેશ્વર૦ ૨
છો હરિ, (૩) અખિલ જગભૂપ,
સુખદાયક દિવ્ય સ્વરૂપ;
તવ રોમ[૧] કૂપ પ્રત્યેક,
આવાં વિશ્વ વસે છે અનેક,
સંભાળ કરો સવિવેક;
એવા જે અમાપ, પ્રગટ થઈ આપ, જણાવ્યો પ્રતાપ;
ન રાખી ખામી. અખિલેશ્વર૦ ૩
શિર ધરૂં (૩) ચરણરજ પ્યારા, દીનબંધુ ધર્મદુલારા[૨];
જય વિશ્વવિહારી અમારી,
કરો રક્ષા દીનદુઃખહારી,
તવ મૂર્તિ મંગલકારી;
કરૂંછું પ્રણામ, ગાઉ ગુણગ્રામ, પામી સુખધામ;
વેદના વામી. અખિલેશ્વર૦ ૪

**॥ શ્રીકૃષ્ણ નારાયણની લીલાનું સ્મરણ ॥**

**(રાગ : અંગ્રેજી ઢબનો બનઝારો)**

સખી જુઓ, (૩) શ્રીકુંજ બિહારી,
રમે ગેડી લઈ ગિરધારી; (ટેક.)
સરખા લેઈ બાળક સંગે,

**૧. રોમકૂપ=રુંવાડા રુપી છિદ્ર ૨. દુલારા=પુત્ર**

જુઓ રમે અધિક ઉછરંગે,
શોભે છે શામળ રંગે;
કરી ખૂબ ખેલ, રમે રંગરેલ, છબિલો છેલ;
જુએ નરનારી. રમે ગેડી લઈ. (૧)
જુઓ દડા, (૩) સંઘાતે દોટ, દઈને ન ચૂકે હરિ ચોટ;
દૈતોનાં માથાં આમ,
રખડાવીશ ઠામો ઠામ,
એમ સુચવે શ્રી ઘનશામ;
રુડું જુઓ રૂપ, બન્યું છે અનુપ, લાજે રતિભૂપ[૧];
જોઈ મોરારી. રમે ગેડી લઈ. (૨)
શિર ધર્યો (૩) મુગટ જદુનાથે, ગેડીને ગ્રહી છે હાથે;
કુંડળ બેઉ કાને શોભે,
ખરે રવિ શશી મન ક્ષોભે,
જોઈ જોઈને મનડુ લોભે;
ગળે મણીમાળ, ધરી છે રસાળ, જુઓ પ્રતિપાલ;
ઉભા અવતારી. રમે ગેડી લઈ. (૩)
મુખ હસે (૩) જુઓ મંદમંદ, શોભે છે શરદનો ચંદ;
શ્રમજલના બિંદુ કપોળે[૨],
જાણે મોતી થયાં ત્યાં ટોળે,
મહા મોટા મુનિવર ખોળે,
અહો ! સખી આજ, એવા વૃષરાજ, મળ્યા મહારાજ;
સદા સુખકારી. રમે ગેડી લઈ. (૪)

---

**૧. રતિભૂપ=કામદેવ ૨. શ્રમજળનાં બિંદુ કપોળે=પરસેવાથી કપોળમાં મોતીના જેવાં ટીપાં બંધાય છે તે.**

નિજ સખા (૩) ને લાડ લડાવે, આનંદ આનંદ ઉપજાવે;
જુઓ વિશ્વવિહારી લાલ,
કરે ખૂબ નિજ જનમાં ખ્યાલ,
બહુ વહાલા લાગે આ બાલ;
પૂરી કરી પ્રીત, ખાંતિલે ખચિત, ચોર્યું મુજ ચિત્ત;
રીઝું ઉર ધારી. રમે ગેડી લઈ. (૫)

**॥ શ્રીજી મહારાજને મહાકષ્ટમાં સંભારવા વિશે ॥**
**(રાગ, મહાડ, તાલ દાદરા)**

**આવો અક્ષરધામી, અંતરજામી, પ્રિતમ મારા પ્રાણ. એ રાગ.**

આવોજી અવતારી, આનંદકારી, પ્રિતમ જીવન પ્રાણ;
હરિવર હિતકારી, લેજો ઉગારી, હે ! દુઃખહારી, પ્રી૦ (ટેક)
ભક્તિ ધર્મના પુત્ર તમારી, વિનતિ કરૂ આ વાર;
નેણાં થકી ક્ષણું દુર ન મેલું, પધારો પ્રાણ આધાર રે.
આવોજી અવતારી૦ (૧)
દીન બંધુ મુને દર્શન આપો, કાપો કષ્ટ આ ક્રૂર;
હેતથી મુજ શિર હાથને થાપો, જીવન આવી જરૂરરે.
આવોજી અવતારી૦ (૨)
સમે સમે કોટી કષ્ટમાં કીધી, કરૂણા નિધિ સહાય;
એવી જ રીતે આજ પધારો, જેથી બધાં દુઃખ જાયરે.
આવોજી અવતારી૦ (૩)

સૃષ્ટિ[૧] સમે માયામાંથી કાઢ્યો, ગુણિયલ ગરીબ નિવાજ;
જ્ઞાન દઈ આચારજ પદ આપ્યું, મહેર કરી મહારાજરે.
આવોજી અવતારી૦ (૪)

તપ તીરથથી આ પદ પામ્યો, એમ ન જાણું લગાર;
કેવળ આપની અનુકંપાથી[૨], આવો પામ્યો અધિકારરે.
આવોજી અવતારી૦ (૫)

અક્ષરમૂર્તિ[૩] ગુણાતીત સ્વામી, તેણે આપ્યાં વર્તમાન;
પોતે પાળીને પછી પળાવું, જનને દઈ ઘણું જ્ઞાન રે.
આવોજી અવતારી૦ (૬)

મુજ દાદાને આપ્યું હતું તમે, વાલા રૂડું વરદાન;
પુત્રનો પુત્ર તમારો થાશે, આ જગમાં વડો જશવાન રે.
આવોજી અવતારી૦ (૭)

મોટ મોટા સદગુરુએ મારે, માથે મૂક્યા છે હાથ;
બેઉ આચારજ તો રૂડી રીતે, રાખતા સદા સંગાથરે.
આવોજી અવતારી૦ (૮)

પ્રભુ તમારી બાંધેલ પ્રથામાં, રહું છું આઠે જામ;
માયાનું બંધન કાપીને મોહન, ભક્તિ આપો નિષ્કામરે.
આવોજી અવતારી૦ (૯)

---

**૧. સ ઈક્ષત્ ॥ ઈતિ શ્રુતિઃ ॥ એ શ્રુતિ આધારે પરમેશ્વર માયા સામું જુએ છે, તે માયાના ઉદરમાં પ્રલયને અંતે જે જીવ રહેલા છે, તે સૃષ્ટિ સમે કર્મફળના દેનારા પુરુષોત્તમ ભગવાનની ઈચ્છાએ કરીને પોત પોતાની ક્રિયાને વિષે જોડાય છે.**

**૨. અનુકંપા=દયા ૩. આદિ અક્ષરસ્વ્રપ સદ્ગુરુસ્વામી શ્રીગુણાતીતાનંદજી**

આટલું સાધનનું બળ મારે, બીજું નથીરે લગાર;
અનંત કોટી બ્રહ્માંડમાં મારે, એક તમારો આધારરે.
આવોજી અવતારી૦ (૧૦)
અક્ષરધામ વિષે દિવ્ય દેહે, કરવા તમારી સેવ;
શાસ્ત્ર પ્રમાણે સાધન કરું છું, ત્રિકમજી તતખેવ રે.
આવોજી અવતારી૦ (૧૧)
અક્ષરના સુખના બદલામાં, સાધન કરું અનેક;
પણ તેના કોટીમા ભાગે ન આવે, અહીંનાં સાધન એકરે.
આવોજી અવતારી૦ (૧૨)
તે માટે એવા અનુગ્રહથી પ્રભુ, આ પદ[૧] આપ્યું અનુપ;
તેમજ અક્ષરમાં તવ સેવા, કરું ધરી દિવ્ય રૂપરે.
આવોજી અવતારી૦ (૧૩)
એવી કરો કરૂણા મુજ ઉપર, દીન બંધુ દીનાનાથ;
સ્નેહથી રાખો ચરણ સમીપે, આશ્રિત જાણી અનાથરે.
આવોજી અવતારી૦ (૧૪)
જીવની કરણી સામું ન જોશો, કમળાનાથ કૃપાળ;
બિરદ તમારું શામ સંભારી, સ્નેહથી લેજો સંભાળરે.
આવોજી અવતારી૦ (૧૫)
છોરુ કછોરુ થાય કદાપિ, બાળક બુદ્ધિ બાળ;
પણ જનુની તેનું જતન કરીને, પ્રેમે કરે પ્રતિપાળરે.
આવોજી અવતારી૦ (૧૬)

**૧. આ પદ=આચાર્યની પદવી**

મોટા તણાં દિલ હોય છે મોટાં, ગુણીયલ બહુ ગંભીર;
ગુન્હા કરો બક્ષીસ અમારા, હો ઈચ્છારામના વીરરે.
આવોજી અવતારી૦ (૧૭)
પ્રેમના પાશમાં નાખીને પહેલાં, પછી તજો તતખેવ,
કઠણ થયા શું ? છેક કૃપાળું, ટાળો હવે એ ટેવરે.
આવોજી અવતારી૦ (૧૮)
સ્થાવર જંગમ પ્રાણી તમારાં, તેમાંહિ હું પણ એક;
વા'લાજી મુને વિસારી ન દેશો, છતમાં જાણીને છેકરે.
આવોજી અવતારી૦ (૧૯)
મહીનદીમાં[૧] બૂડતાં તાર્યા, તમે જઈ રઘુવીર,
તેમ પધારી કાજ સુધારો, સુંદર શામ શરીરરે.
આવોજી અવતારી૦ (૨૦)
નાજા[૨] ભક્તની ઊપર કોપ્યો, ભોંયરાનો ભૂપાલ;
તેનું જેવી રીતે કાજ કર્યું, કરો એવી રીતે રખવાળરે.
આવોજી અવતારી૦ (૨૧)

---

૧. એકવાર સરવાર દેશથી આચાર્યવર્ય શ્રીરઘુવીરજી મહારાજ શ્રીજી મહારાજના દર્શનાર્થે વરતાલ આવતા હતા, ત્યાં રસ્તામાં મહીસાગર નદીમાં ઉતરતાં સમુદ્રનો ઝાર આવી પહોંચ્યો તેથી પોતે તથા તેમના મામા બેઉ બૂડવા લાગ્યા. તે સમયે શ્રીહરિએ અકસ્માત્ નાવ લાવીને બેઉને બેસારીને સામે કાંઠે મૂક્યા ને શ્રીહરિ પોતે તરત અંતર્ધ્યાન થઈ ગયા, એવી મહા રક્ષા કરેલી છે.

૨. નાજા જોગિયા જે મહા ભક્તરાજ સત્સંગમાં વિખ્યાત હતા; તેમને કાઠીયાવાડમાં આવેલા જસદણ ભોંયરાના રાજાએ એક સમયે એમ કહ્યું કે—"જો તમારા સ્વામિનારાયણ ભગવાન હોય તો કાલે ગમે ત્યાં હોય ત્યાંથી મને દર્શન આપે, નહીં તો કાલે તમારા ઢીંચણ લોઢાના મુદગળથી ભાંગી નાંખીશ." ત્યારે ભક્તરાજે કહ્યું કે :—પરમેશ્વર તો સ્વતંત્ર છે, તે

મહાસાગરમાં બૂડતા ભકતનાં, નાથજી તાર્યાં નાવ;
તેમ આવે સમે મુને ઉગારો, ભૂધર જાણીને ભાવરે.
આવોજી અવતારી૦ (૨૨)

વડતાલમાં દક્ષિણાદા મંદિરમાં, મૂર્તિ તમારી અનૂપ;
તેમાં રહો મુજ મનની વૃત્તિ, માગું એ વૃષકુળ[1] ભૂપરે.
આવોજી અવતારી૦ (૨૩)

આરતવાણી સુણી અલબેલા, શરણાગત પ્રતિપાળ;
કર જોડીને વિનતી કરું, આવો વિશ્વવિહારિલાલરે.
આવોજી અવતારી૦ (૨૪)

**રાગ : મહાડ તાલ દાદરા**

આવો વિશ્વવિલાસી, શ્રીસુખરાશિ, સુંદર શ્રીઘનશ્યામ;
સ્મરે સિદ્ધ ચોરાસી, યોગ અભ્યાસી, હે અવિનાશી,
સુંદર શ્રીઘનશ્યામ. (ટેક.)

---

કોઈના ડરાવ્યા કે તેડ્યા આવતા નથી; પણ પોતે કરુણા કરે તો જ આવે? રાજાધિરાજ મારા ભગવાન તો હાલ વડનગર વીશનગરમાં છે, અને તારકે ટપાલ નથી કે જેથી તેમને સમાચાર પહોંચે કે, તુરત અહીંયાં આપને દર્શન આપવાને આવે.'' ત્યારે રાજાએ કહ્યું કે :- ''પરમેશ્વર તો અંતર્યામી છે, અને પોતે ભક્તવત્સલ છે માટે પધારશે. જુઓ, પ્રલ્હાદને જ્યારે મહાકષ્ટ પડ્યું ત્યારે સ્તંભમાંથી પ્રગટ થઈને રક્ષા કરી તેમ જો તમારા ભગવાન હશે તો કાલે મને દર્શન દેશે.''

રાજાનાં આવાં હઠીલાં વચન સાંભળીને નાજે ભક્તે શ્રીહરિની પ્રાર્થના કરવા માંડી, તેથી દયા કરી બીજે દિવસે સવારમાં અકસ્માત્ શ્રીહરિ પધારીને રાજાને દર્શન દીધાં, અને ભક્તરાજને મહાકષ્ટથી ઉગાર્યા.

આ વાત સત્સંગ પ્રસિદ્ધ અનેક ગ્રંથોમાં લખાણી છે, માટે અહીં વિસ્તાર નથી કર્યો.

૧. વૃષકુળ=ધર્મકુળના રાજાધિરાજ

અક્ષરધામના ધામી અકામી, સ્વામી શ્રીજી મહારાજ;
ગરૂડ ગામી હે ? બહુનામી, આવો તમે હરિ આજરે,
આવો વિશ્વ૦ (૧)

દાસ તણા છો ત્રાસ નિવારણ, પૂરણ ગુણપ્રકાશ;
આપતણી ઈચ્છાએ રહ્યાં છે, અવનિ-વાયુ આકાશરે.
આવો વિશ્વ૦ (૨)

વિશ્વમાં વ્યાપક વિશ્વથી ન્યારા, વિશ્વતણા આધાર,
એક ભ્રકુટી વિલાસે કરો છો, સૃષ્ટિ પાલન સંહારરે.
આવો વિશ્વ૦ (૩)

સુખ દેવા હોય સંતને જ્યારે, ત્યારે ધરો અવતાર;
આ સમે ધર્મથી પ્રગટ થઈને, ભારે હર્યો ભૂમિભારરે.
આવો વિશ્વ૦ (૪)

કાળના કાળ કૃપાળ તમે છો, પ્રેમીતણા પ્રતિપાળ;
સ્નેહ આણી સેવકને સંભાળો, બળવંત ભક્તિના બાળરે.
આવો વિશ્વ૦ (૫)

પ્રાણના પ્રાણ સુજાણ તમે છો, સુંદર સુખની ખાણ;
અશરણ શરણ છે ચરણ તમારાં, માયાથી કરણ મૂકાણરે.
આવો વિશ્વ૦ (૬)

દીન દયાળ જન પ્રતિપાળક, ટાળક કષ્ટ અનેક;
પાપ પ્રજાળક ભક્તિના બાળક, નેહ નિહાળક ટેકરે.
આવો વિશ્વ૦ (૭)

પાંડવ દ્રૌપદી આદિક ને વળી, સીતાની લીધી સંભાલ;
એવી વાલાજી મહેર આણી, આવો વિશ્વવિહારીજીલાલરે.
આવો વિશ્વ૦ (૮)

## ॥ શ્રીકૃષ્ણ વિષે ॥

### રાગ : મહાડ તાલ દાદરા

આવો છેલ છોગાળા, કાન ગોવાળા, કામણગારા કંથ;
વા'લા વૃષરાજ રુપાળા, છો મરમાળા, મોરલીવાળા,
કામણગારા કંથરે. ટેક૦
ગોકુલ મેલી મથુરાં ગયા છો, જ્યારથી શામ સુજાણ;
ત્યારથી રાત દિવસ તલફે છે, ગોપીજનના પ્રાણ રે.
આવો છેલ૦ (૧)
દીનબંધુ તવ દર્શન વિના, સુનો લાગે આ સંસાર;
બાગ હવેલીને બંગલા સરવે, ભાસે મહા ભયંકર રે.
આવો છેલ૦ (૨)
સુખ દેનાર પદારથ સરવે, થયાં છે દુઃખ દેનાર;
વેગે આવો વૃષરાજ લાડિલા, આપવા સુખ અપારરે.
આવો છેલ૦ (૩)
ઇંદ્ર કોપ્યો અમ ઉપર જ્યારે, ત્યારે ધરી ગિરિરાજ;
વૃષ્ટિ તણું મહા કષ્ટ નિવાર્યું, ગોવિંદ ગરીબ નિવાજ રે.
આવો છેલ૦ (૪)
બાળકને હણનારી આવી, માસી પૂતના ઘોર;
પ્રાણસહિત પય પાન કરી, તમે મારી નંદ કિશોરરે.
આવો છેલ૦ (૫)
જાદવકુળને દુઃખ દેનારો, માર્યો મામો કંસ;
શરણાગતના સુખને માટે, ઉખાડ્યો એનો વંશ રે.
આવો છેલ૦ (૬)

જ્યાં જ્યાં ભીડ પડે નિજજનને, ત્યાં જઈને તતકાળ;
અંતરમાં જનનું દુઃખ આણી, શામળા લ્યો છો સંભાળ રે.
આવો છેલ૦ (૭)
તે માટે પ્યારા વેહેલા પધારો, પ્રજળે અમારાં પિંડ[1];
દુઃખ વિયોગ તણું દુર કરીને, આપો સુખ અખંડ રે.
આવો છેલ૦ (૮)
બિલાડીના બચ્ચાં નિમામાં[2], જેમ રાખ્યાં જદુરાય;
પાંડવને લાખાગ્રહથી ઉગાર્યા, શામળા થઈને સહાય રે.
આવો છેલ૦ (૯)
નાવના કાગ સમાન થઈ છે, ગતિ અમારી ગોવિંદ,
આ દુઃખ દરિયાનો પાર ન આવે, આપ વિના વ્રજચંદ રે.
આવો છેલ૦ (૧૦)
ખાનને પાનનું ભાન તજીને, કરીએ તવ ગુણગાન,
વિશ્વવિહારીલાલ પધારો, ભેટવા શ્રીભગવાન રે.
આવો છેલ૦ (૧૧)

## ॥ ઉપદેશ વિષે ॥

### રાગ : ક્ષત્રી કલંકનો

સુણો વિવેકી જન મુજ વાત, અંતર શત્રુને મારી કાઢો રે.
કહું આજ હું થઈ રળીઆત, અંતર શત્રુને મારી. કાઢોરે.
ધરી હિંમતનાં હથિયાર, અંતરશ૦
મારો મારો પરા પાપીઓને માર; અંતરશ૦ (૧)
ધરી ધીરજની કર ઢાલ, અંતરશ૦
બાધી રુંધી કરો શત્રુને બે હાલ; અંતરશ૦ (૨)

---

૧. પિંડ=શરીર. ૨. નીમામા=નીભાડો

ઝાલો જ્ઞાનની તીખી તરવાર, અંતરશ૦
ઝાલો વૈરાગ્યનો ભાલો ભયંકર; અંતરશ૦ (૩)
કામ ક્રોધ લોભ મોહ જેહ ચોર, અંતરશ૦
બની શૂરા પૂરા હરો એનું જોર; અંતરશ૦ (૪)
જેણે મોટા મોટાની લીધી લાજ, અંતરશ૦
તોડી ફોડી મૂળ કાઢો એનું આજ; અંતરશ૦ (૫)
જેણે ભ્રષ્ટ કીધાં સહુ નરનાર, અંતરશ૦
જેથી જગતમાં વધ્યો અનાચાર; અંતરશ૦ (૬)
તેવા શત્રુ સમા ધરી એક ટેક; અંતરશ૦
મારો બોધ રૂપી બાણ અનેક, અંતરશ૦ (૭)
પહેરી ધર્મનું બખ્તર ધીર; અંતરશ૦
કરો રાજી રાજી શ્રીજી શૂરવીર, અંતરશ૦ (૮)
સેવો સત્સંગ રૂપી રુડો કોટ; અંતરશ૦
જેથી શત્રુ તણી ખાલી જાય ચોટ, અંતરશ૦ (૯)
દશ ઇંદ્રિયોને વશ રાખો એમ, અંતરશ૦
રાજા કેદીઓને રાખે છે જેમ; અંતરશ૦ (૧૦)
રાખો નિર્મળ મન નિરધાર, અંતરશ૦
કરવા રાજી શ્રીધરમકુમાર; અંતરશ૦ (૧૧)
શ્રદ્ધા વડે ભક્તિ જો કરાય, અંતરશ૦
તરત અંતર શત્રુતો જીતાય; અંતરશ૦ (૧૨)
બનીબેશ તમે બ્રહ્મરૂપ[૧], અંતરશ૦
સેવો શ્રીજીનું દિવ્ય સ્વરૂપ; અંતરશ૦ (૧૩)

૧. બ્રહ્મસ્વ્પ=ત્રણ દેહથી જુદા પડીને આત્માસ્વ્પે થવું તે

અંતે પામશો અક્ષરધામ, અંતરશ૦
જેમાં વસે સદા ઘનશ્યામ; અંતરશ૦ (૧૪)
માટે હિંમત ધરી કરો કાજ, અંતરશ૦
જીતો અનાદિના વેરીને આજ; અંતરશ૦ (૧૫)
રાખો શ્રીજી વચનની સંભાળ, અંતરશ૦
કહે વિશ્વવિહારીજી લાલ; અંતરશ૦ (૧૬)

## ॥ મહારાજની મૂર્તિના વર્ણન વિષે ॥

### રાગ : ક્ષત્રી કલંકનો

ધરો ઉર શ્રી ધરમકુમાર, છબિલાજીની છબિ જુઓરે.
અંગો અંગમાં શોભા અપાર, છબિલાજીની છબિ જુઓરે.
ચિન્હ સહિત ચરણ અનુપ, છબિલાજીની૦
સદા ભક્તને છે સુખરૂપ, છબિલાજીની૦ (૧)
પિંડી જાનું જંઘા બે અમૂલ્ય, છબિલાજીની૦
શોભે કદળીના સ્થંભ તુલ્ય, છબિલાજીની૦ (૨)
કટી પીતાંબર ધર્યુ સાર, છબિલાજીની૦
પેખી ઉપજેછે પૂરણપ્યાર, છબિલાજીની૦ (૩)
રાજે ત્રિવળી ઉદર માંય, છબિલાજીની૦
ગોળ ગંભીર નાભી ગણાય, છબિલાજીની૦ (૪)
જુઓ હૃદય દયાનુ ધામ, છબિલાજીની૦
ઘણા વાલા લાગે ઘનશામ, છબિલાજીની૦ (૫)
છાતી ઉપડતી છટાદાર, છબિલાજીની૦
તેમાં શ્રીવચ્છ શોભે છે સાર, છબિલાજીની૦ (૬)
શોભે ઉન્નત ઉત્તમ સ્કંધ, છબિલાજીની૦
જોતાં ટળે માયા કેરા બંધ, છબિલાજીની૦ (૭)

ભુજદંડ અભય દેનાર, છબિલાજીની૦
કરું ઉરથી ન અળગા લગાર, છબિલાજીની૦ (૮)
કર આંગળી શોભે અપાર, છબિલાજીની૦
જેમાં કાંચન મુદ્રિકા સાર, છબિલાજીની૦ (૯)
અંગે ઓઢી છે કાશ્મીરી શાલ, છબિલાજીની૦
જેમાં જરી બુટ્ટાનો ઘણો તાલ, છબિલાજીની૦ (૧૦)
કંઠે કૌસ્તુભ મણીની માળ, છબિલાજીની૦
શોભે ચિબુક અધર પ્રવાલ, છબિલાજીની૦ (૧૧)
ગાલ જાણે ગુલાબનું ફૂલ, છબિલાજીની૦
નાસા નેણની છબિ અમૂલ્ય, છબિલાજીની૦ (૧૨)
ભાલે કેશર અરચા સાર, છબિલાજીની૦
ભાળી ભ્રુકુટિ ધનુષ્યાકાર, છબિલાજીની૦ (૧૩)
જોતાં જુગલ શ્રવણની જોડ, છબિલાજીની૦
પૂરે કૃપાલુ જનના કોડ, છબિલાજીની૦ (૧૪)
છોગાં સહિત શોભે શિરપાઘ, છબિલાજીની૦
શિરપેચ તોરા જોયા લાગ, છબિલાજીની૦ (૧૫)
જોઈ વિશ્વવિહારીનું રૂપ, છબિલાજીની૦
વંદે બ્રહ્માદિ ભુવનના ભૂપ, છબિલાજીની૦ (૧૬)

**રાગ : મહાડ, તાલ દાદરા**

આવો પ્રાણથી પ્યારા, ધર્મદુલારા, મેહેર કરી મહારાજ.
સેવું ચરણ તમારા, સુખ દેનારા, સ્વામી અમારા,
મેહેર કરી મહારાજ૦ (ટેક)

જોઈ તમારી મૂરતિ જીવન, અંતર ટાઢું થાય;
અંગોઅંગ જોઈ શોભા અલૌકિક, કેમ કરી વર્ણવાયરે
આવો પ્રાણથી૦ (૧)
પાઘ પેચાળી શિરપર શોભે, સુંદર છોગાં સહિત;
ફુલના તોરાની ફોરમાં વાલા, ભ્રમર ભમે અગણિતરે.
આવો પ્રાણથી૦ (૨)
વદન તમારું જોઈ રવિશશી, આપે ગયા આકાશ;
પ્યારા તમારા પાસથી પોતે, પામ્યા જાણીને પ્રકાશરે.
આવો પ્રાણથી૦ (૩)
ગંભીર રાગ તમારો સુણીને, મધુરા બોલે મોર;
મનમાં જાણે મેઘ ગાજે છે, તેથી નાચે હારા નોરરે.
આવો પ્રાણથી૦ (૪)
ભુજ તમારા અભય દેનારા, જોઈને તેને જરૂર;
હસ્તી પોતાની સુંઢ સંતાડે, ચિત્તમાં ચેતી ચતુરરે.
આવો પ્રાણથી૦ (૫)
ઉદરમાં જે ત્રિવળી પડે છે, ત્રિવેણીને તુલ્ય;
ધ્યાન રહે એનું અંતરે તો, મળે અક્ષરધામ અમૂલ્ય રે.
આવો પ્રાણથી૦ (૬)
જોઈ કટીલંકને જગજીવન, કેસરી પામ્યો લાજ;
પોતે ફરે નિજ કેડ સંતાડી, ઝાડી વિષે વનરાજરે.
આવો પ્રાણથી૦ (૭)
કોમળ ચરણ તમારાં નિરખી, કમળ જુઓ કરમાય;
તપ કરે છે જળમાં જઈને, પૂરી રીતે પસ્તાયરે.
આવો પ્રાણથી૦ (૮)

ગતિ તમારી નિરખી ગોવિંદ, હંસ અને ગજરાજ;
જન્મ ધરે જઈને મહાવનમાં, પૂરણ પામીને લાજ.
આવો પ્રાણથી૦ (૯)

વસ્ત્ર અને આભૂષણ શોભે, અંગો અંગ અનૂપ;
તે જોઈ સોનું વિજળી લાજે, સંતાડે નિજ સ્વરૂપરે.
આવો પ્રાણથી૦ (૧૦)

માયિક ઉપમા હું કેમ આપું, આપને પ્રાણ આધાર;
આપ અમાયિક છો અવિનાશી, ધારું શ્રીધર્મકુમારરે.
આવો પ્રાણથી૦ (૧૧)

ચાખડીઓ ચારુ પહેરી ચરણમાં, ચટકતી ચાલતા ચાલ,
દાસના દિલમાં સુખદેવા, આવો વિશ્વવિહારીજીલાલરે.
આવો પ્રાણથી૦ (૧૨)

**રાગ : ચંદ્રહાસનો**

**''થયાં છોરે પતિ તે જ પ્યારી તનના'' એ રાગ પ્રમાણે.**

સખી જોને, હસી હળવે હરિવર ખાંત ધરી ખેલે, (ટેક)
પ્રેમવતીનો કર પકડીને, નાચે શ્રીઘનશ્યામ;
પગ ઠમકે, ઘણી ઘમકે, ધરા ધમકે, જોઈ ચમકે,
સખી રુમઝુમ રુમઝુમ નેપૂર વાગે, રસિયો રંગરેલે.
સખી૦ (૧)

થન થન થન થન નાચ કરીને, ચિત્ત હરે ચિત્તચોર;
બોલે કાલૂં, લાગે વા'લું, તે નિહાળું, દુ:ખ ટાળું,
સખી ધર્મકુંવરને નિરખી, રતિપતિ માન સરવે મેલે.
સખી૦ (૨)

ઝબલુંને ટોપી શિર શોભે, કંઠે મોતી માળ;
ખભે પટકો, મુખ મટકો, કર લટકો, ઉર અટકો,
સખી મુજ સામું મરમાળે નિરખી, છળ કીધું છેલે.
સખી૦ (૩)
સુંથણલી પહેરી સોનેરી, ભારે ભભકાદાર;
રૂડીનાડી, ન છુપાડી, છે અગાડી, જોઉં દા'ડી,
સખી ફર ફર ફર ફર ફર ફૂદડી ફરતાં, તનનાં પટ ફેલે.
સખી૦ (૪)
બાળલીલા કરીને બહુનામી, હૈડામાં હરખાય;
સુખદાતા, જુએ માતા, જગત્રાતા, મુખ ગાતા,
સખી પ્રાણ હરિ પરવશ કીધાં છે, અમને અલબેલે.
સખી૦ (૫)
વિશ્વવિહારીલાલજી અમને, આપો સુખ અખંડ;
બહુકાળ, એ દયાળ, જીવો બાળ, પ્રતિપાળ,
સખી શિશ નમાવી આશિષ દઈયે ભામનિ થઈ ભેળે.
સખી૦ (૬)

**॥ શ્રીકૃષ્ણ નારાયણ વિષે ॥**

**રાગ : ચંદ્રહાસનો**

સખી રાધા માધવ બેઉ બિરાજે, બહુ શોભિત બાગે. ટેક.
રાધાને શિર સુમન કલંગી, પાઘ પ્રિતમને શિશ;
હસી તાળી, દે રૂપાળી, વનમાલી, રીઝું ભાળી,
સખી છોગાં ખોશ્યાં છે છેલાએ, પેચાળી પાઘે.
સખી રાધા૦ (૧)

બાગ વિષે બેઠક બહુ સારી, ફૂલ્યાં જયાં ફૂલઝાડ;
વડી વેલી, ઘણી ફેલી, જોઈ ઘેલી, થઈ હેલી,
સખી ભ્રમર ભમે સઘળાં ફૂલ ઉપર, જોઈ ચિત્ત અનુરાગે.
સખી રાધા૦ (૨)

રાધાને કર કંકણ ખળકે, પોં'ચી પ્રભુને હાથ;
કંઠે હાર, છે અપાર, દેખી પ્યાર, વધે સાર,
સખી બંસીધરની મધુરી વાણી, સુણીને ભય ભાગે.
સખી રાધા૦ (૩)

પ્રભુ પ્યારિના સામું નિહાળે, કરુણા ભરી કટાક્ષ;
પ્રિય તનમાં, નિજ મનમાં, થઈ મગનમાં, રમે વનમાં,
સખી તનનન તનનન તાન સુનાવે, અલબેલા આગે.
સખી રાધા૦ (૪)

વિશ્વવિહારીલાલ રીઝાવા, વિકસ્યો ઋતુ વસંત;
શું વખાણું ? ઉર જાણું, સુખ માણું, ભલું ટાણું,
સખી કોકિલ મધુરા રાગ કરીને, મનવાંછિત માગે.
સખી રાધા૦ (૫)

**॥ શ્રીજી મહારાજ વિષે ॥**
**''ક્યાંથી આ સંભળાય મધુરસ્વર ક્યાંથી આ સંભળાય.''**
**એ રાગ**

જોયા શ્રીધર્મકુમાર ચતુરવર, જોયા શ્રીધર્મકુમાર,
પ્રિતમ પ્રાણ આધાર ચતુરવર, જોયા શ્રીધર્મકુમાર. (ટેક)
લક્ષ્મીબાગમાં વા'લો વિરાજે,
સાથે મુક્ત અપાર. ચતુરવર૦ (૧)

પાઘ ઝૂકી વામભાગ પેચાળી,
છોગુ મુગટ અનુસાર. ચતુરવર૦ (૨)
આંબાના વૃક્ષ નીચે હરિ બેઠા,
મુક્ત સભા મોઝાર. ચતુરવર૦ (૩)
જરકસી જામો સુંદર શોભે,
શેલામાં સોનેરી તાર. ચતુરવર૦ (૪)
પેહર્યો સુંદર સુરવાલ સોનેરી,
રૂપેરી બુટ્ટાદાર. ચતુરવર૦ (૫)
રેશમી કરમાં રૂમાલ વિરાજે,
કંઠે હજારી હાર. ચતુરવર૦ (૬)
અંગો અંગ આભૂષણ ઓપે,
ભારે ભપકાદાર. ચતુરવર૦ (૭)
વિશ્વવિહારીની છબિ નિરખી,
પૂરણ ઉપજે પ્યાર. ચતુરવર૦ (૮)

**॥ શ્રીકૃષ્ણ નારાયણ વિષે ॥**

**રાગ : ચંદ્રહાસનો ઉપર પ્રમાણે**

જુઓ સખી વૃષરાજ રસિકવર, જુઓ સખી વૃષરાજ,
હરખ વધારે આજ રસિકવર, જુઓ સખી વૃષરાજ. (ટેક)
બંશી વગાડી મન લલચાવે,
મધુર સુણાવી અવાજ. રસિકવર૦ (૧)
શિશ કલંગી છે નવરંગી,
કુંડળ ઝળકે ઘણાંજ. રસિકવર૦ (૨)
જોને સખી મુજ સામું નિહાળે,
સ્નેહ સહિત શિરતાજ. રસિકવર૦ (૩)

બંશી વગાડી કામણ કીધું,
મન મોહન મહારાજ. રસિકવર૦ (૪)
જીવડલા સાથે મેં જડિયા,
ગિરધર ગરીબ નિવાજ. રસિકવર૦ (૫)
જગજીવન મારું જીવન છે,
ગોવિંદ ગુણ જહાજ. રસિકવર૦ (૬)
દા'ડી હું દરશન કરું હરિનાં,
ટાળીને લોકની લાજ. રસિકવર૦ (૭)
વિશ્વવિહારીની મૂરતિમાં,
છે સહુ સુખનો સમાજ. રસિકવર૦ (૮)

**॥ ઉન્મત્ત ગંગાના મહાત્મ વિષે ॥**

**"સોન સમોવડ નથી નૃપ જગમાં," એ રાગ પ્રમાણે.**

આજ સખી ઉન્મત્તગંગા તટ, ઉભા અવતારી. (ટેક)
અતિ નિરમલ જળ નિહાળે, તાપ તનના મનના ટાળે;
રીઝે વા'લો જોઈને વારી. આજ સખી૦ (૧)
લાલનું મુખ જોઈ મન લોભે, સખા સાથે હરિવર શોભે;
ગાય છે ગુણવંત ગિરધારી. આજ સખી૦ (૨)
કલંગી ફૂલની શિર કાજુ, બાંધિયા ફૂલના કર બાજુ;
સુમન છડી હસ્તવિષે ધારી. આજ સખી૦ (૩)
કેશર અરચા કીધી ભાલે, ધરી ફૂલમાળા મરમાળે;
ફૂલની સુંથણલી સારી. આજ સખી૦ (૪)
ચારુ ફૂલ ઝાંઝર છે ચરણે, શોભે શ્રીજી શામળ વરણે;
છબિ બની વિશ્વથકી ન્યારી. આજ સખી૦ (૫)

પ્રગટ મૂરતિ ધરી ગંગાજી, કરે સ્તુતિ ઉરમાં થઈ રાજી;
હસી બોલ્યા ત્યાં સુખકારી. આજ સખી૦ (૬)
અહો ! ગંગા તુજમાં નહાશે, પ્રાણી તે અક્ષરમાં જાશે;
થઈશ કલિ મળ બળ હરનારી. આજ સખી૦ (૭)
તીરથ જગમાં સઘળાં જે છે, કોઈ તુજ તુલ્ય નહીં તે છે;
સદા તું તીર્થરાજ પ્યારી. આજ સખી૦ (૮)
શ્રીમુખ કહ્યો મહિમા બહુ એવો, કોણ છે ? સમરથ હરિ જેવો;
રઘુવીર સુત સુત બલિહારી. આજ સખી૦ (૯)

## ॥ શ્રીકૃષ્ણનારાયણ વિષે ॥

### રાગ : (ઉપર પ્રમાણે)

સખી વૃંદાવનમાં વા'લો નિરખ્યા, વાંસલડી વા'તા. (ટેક)
મધુરસ્વર મોરલીમાં આણી, લીધાં મન ગોપીનાં તાણી;
રીઝાવે વાલો જનને રસરાતા, સખી વૃંદાવમાં૦ (૧)
બ્રહ્માજી મોરલીને સુણતાં, ભૂલ્યા મુખ વેદ રુડા ભણતાં;
સાંભળ્યા સ્થિર મને થાતા, સખી વૃંદાવનમાં૦ (૨)
સુણી ધૂન્ય ધ્યાન છૂટ્યું શિવનું, રહ્યું ઠેકાણું નહીં જીવનું[૧];
પ્રભુને મળવા અકળાતા, સખી વૃંદાવનમાં૦ (૩)
રવિ શશી સ્થિર થઈ આકાશે, ઉભા સાંભળવાની આશે;
હરિ દરશનથી હરખાતા, સખી વૃંદાવનમાં૦ (૪)
ભૂલી ગાયો ચારો સઘળી, જુએ મોહનને ટોળે મળી;
મોરલા સુણીને મલકાતા, સખી વૃંદાવનમાં૦ (૫)

---

**૧. રહ્યું ઠેકાણું નહીં જીવનું=હરિની મોરલીના તાનમાં શિવ ગાંડા ઘેલા થઈ ગયા**

ગાન સુણી મધુરું ગિરધરનું, રહ્યું નહીં સ્થિર મન મણીધરનું;
ડોલવા લાગ્યા મુદમાતા, સખી વૃંદાવનમાં૦ (૬)
મોહની મંત્ર ભણી માવે, જાણી એ સ્નેહે સંભળાવે;
પ્રેમરસ પ્રેમીને પાતા, સખી વૃંદાવનમાં૦ (૭)
થયું સ્થિર જમુનાનું વારી, ગગનમાં નિરખે સુરનારી;
શોભે સખી જોને સુખદાતા, સખી વૃંદાવનમાં૦ (૮)
અલૌકિક છબિ નિરખી આજે, કોટી કંદર્પ જોઈને લાજે;
રઘુવીર સુત સુત ગુણ ગાતા, સખી વૃંદાવનમાં૦ (૯)

## ॥ શ્રીજીની સ્તુતિ ॥

**રાગ : બનઝારો. “પ્યારા મિત્ર વિના હો ભાઈએ.” એ રાગ**

નમું પ્રેમવતીના પ્યારા, જય જીવન જગદધારા. (ટેક)
અતિ અકળ ગતિ છે તમારી,
ત્યાં મતિ નહીં પહોંચે અમારીરે;
અમે સેવીએ ચરણ તમારા. જય જીવન૦ (૧)
પ્રભુ પ્રૌઢ તમારો પ્રતાપ, છો આપ અપાર અમાપરે;
સઘળી સૃષ્ટિ સૃજનારા. જય જીવન૦ (૨)
માયા આદિક શક્તિ તમારી, જે છે જીવને બંધનકારીરે;
તેના પ્રેરક તે થકી ન્યારા. જય જીવન૦ (૩)
છો કાળના કાળ કૃપાળ, શરણાગત જન પ્રતિપાળરે;
કોટી કારજના કરનારા. જય જીવન૦ (૪)
થાકે વેદ વર્ણવી અનુપ, એવું દિવ્ય તમારું સ્વરૂપરે;
તેને જાણે શું ? જીવ બિચારા. જય જીવન૦ (૫)

તમે ભૂપર ધરી અવતાર, કર્યો વેદ ધરમ વિસ્તારરે;
માર્યા અસુર દુઃખ દેનારા. જય જીવન૦ (૬)
કાઠી કોળી જે ક્રૂર અપાર, કર્યો ઉદ્ધાર એનો આ વારરે;
એવા છો તમે અધમોદ્ધારા. જય જીવન૦ (૭)
આણી અંતર કરુણા આજ, મળ્યા અમને શ્રીમહારાજરે;
દીનબંધુ ધર્મદુલારા. જય જીવન૦ (૮)
જય જય જય વિશ્વવિહારી, અવતાર તણા અવતારીરે;
છો ઈષ્ટ અભીષ્ટ અમારા. જય જીવન૦ (૯)

**॥ શ્રીકૃષ્ણ નારાયણ વિષે ॥**

**રાગ : બનઝારો. "પ્યારા મિત્ર વિના હો ભાઈએ." એ પ્રમાણે**

સખી વાત વિતી કહું મારી,
મળ્યા વાટમાં કુંજવિહારી (ટેક.)
દશ વીશ સખા લેઈ સંગે, પીળી પામરી ઓઢી અંગેરે;
રોક્યો મારગ આવી મોરારી, મળ્યા વાટમાં. (૧)
મારે માથે હતી મહિગોળી[૧], નાખી નાનકડે તે ઢોળીરે;
મને મુખથી બોલ્યા ધૂતારી, મળ્યા વાટમાં. (૨)
મારો હાથ ઝાલ્યો જદુનાથે, કર્યો ઝગડો મુજ સંગાથેરે;
લીધી કંઠથી હાર ઉતારી, મળ્યા વાટમાં. (૩)
હતી છબિ એની મરમાળી, જાણે મન પકડ્યાની જાળીરે;
લીધી મૂરતિ મનમાં મેં ઉતારી, મળ્યા વાટમાં. (૪)
છે એ જાદુગર જગદીશ, કર્યું જાદુ એણે ધરી રીસરે;
મારી સુધ બુધ સઘળી વિસારી, મળ્યા વાટમાં. (૫)

**૧.** મહિ=દહિં

હવે રોગ થયો ઉર એવો, દા'ડી દા'ડી જદુપતિ જોવોરે;
વધે છે ઉર પ્રેમ ખુમારી, મળ્યા વાટમાં. (૬)
કાં તો બુટ્ટી કશીક સુંઘાડી, મને પ્રેમના પાસમાં પાડીરે;
બહુનામી ઉપર બલિહારી, મળ્યા વાટમાં. (૭)
રઘુવીર સુત સુતના સ્વામી, વસ્યા ઉરમાં અંતરજામીરે;
અમે જીવીએ એને સંભારી, મળ્યા વાટમાં. (૮)

**॥ શ્રીજી મહારાજની મૂર્તિ વિષે વર્ણન ॥**

**રાગ : ગરબો**

**"પૂનમ ચાંદની ખીલી પૂરી અહીં રે" એ રાગ પ્રમાણે.**

આજ અલબેલોજી મંદિર મારે આવિયારે,
સુખકંદ સહજાનંદજી સુજાણ;
આવો ધર્મકુંવરને નિરખીએ ધીમે રહીરે;
જુઓ સાથે જેને અક્ષર મુક્ત અપાર છેરે,
દિસે અંગો અંગમાં ઉગ્યા અગણિત ભાણ[1];
આવો ધર્મકુંવરને નિરખીએ ધીમે રહીરે. (ટેક)
શ્રુતિયો જેના તત્વને, ખોળે કરી વિચાર;
એ અલબેલો આવિયા, થઈને મનુષ્યાકાર.
અક્ષરધામી બહુનામી આજ પધારિયારે,
જે છે પ્રભુજી પૂરા પ્રેમી જનના પ્રાણ. આવો ધર્મ૦ (૧)
વા'લાજી ના વદનને, નિરખું વારંવાર;
વારુ લઈને વારણે, શારદ[2] ચંદ્ર હજાર.
અણીઆળી છે મરમાળી એની આંખડીરે,
મારા જીવડલાની જુક્તિના છે જાણ. આવો ધર્મ૦ (૨)

**૧.** ભાણ=(સં.) ભાનુ-સૂર્ય **૨.** શારદા=શરદઋતુનો ચંદ્ર

શિશ મુગટ સોહામણો, નૌતમ નંગ જડાવ;
કુંડળ ઝળકે કાનમાં, ભાળી ઉપજે ભાવ.
અમૃતવાણી સુણી શું ? વખાણીને કહુંરે,
સુખડાં આપેછે પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ. અવો ધર્મ૦ (૩)
કંઠે હાર હીરા તણા, દિવ્ય રૂડા દેખાય;
કડાં સાંકળાં કર વિષે, હેરી મન હરખાય.
જુઓ બાંહ્યે[૧] કાજુ[૨] બાંધ્યા બાજુ બેરખારે,
શોભે કરમાં છડી રૂડી સુખની ખાણ. આવો ધર્મ૦ (૪)
જામો છે કીનખાબનો, જેની ઉમદા જાત;
શેલું બુરાનપુરનું, ભારે જેમાં ભાત.
ઘમકે ઘુઘરીઆળી કેડે તે કટી મેખલારે,
મારા મન ઠરાવની જાણે એ રે'ઠાણ. આવો ધર્મ૦ (૫)
પીતાંબર પીળું ધર્યું, જોવા જોગ જરૂર;
હરિના પગમાં હેમનાં, નૌતમ છે નેપૂર.
ચરણે ચાખડલી જોઈ આંખડલી મારી ઠરેરે,
ભારે ભવદરિયાનું નક્કી વહુ એ વા'ણ. આવો ધર્મ૦ (૬)
જોઈ મૂરતિ મહારાજની, કંદર્પ કોટી લજાય;
અદ્‌ભૂત છબિ બની આજની, આપુ શી ? ઉપમાય.
જે છે સર્વેશ્વર પરમેશ્વર તે અહીં આવિયારે,
કરવા કોટીક જનનું માયાથી મૂકાણ. આવો ધર્મ૦ (૭)
મનવાણી પહોંચે નહીં, એવું જેનું સ્વરૂપ;
એ અવિનાશી આવિયા, કોટી ભુવનના ભૂપ.

---

**૧. બાંહ્યે=હાથે ૨. કાજુ=હાથે પહેરવાનું ઘરેણું**

શેષ સુરેશ મહેશ અને શારદા રે,
વડાં કરે જેના ગુણનાં વખાણ. આવો ધર્મ૦ (૮)
સો કરોડ દીવાળીને, દશરા ક્રોડ હજાર;
એક થકી પણ આ સમે, આનંદ અપરંપાર.
અમૃતવૃષ્ટિ આ સૃષ્ટિમાં મેઘે કરીરે,
વા'લે કીધાં આજે કોટીધા કલ્યાણ. આવો ધર્મ૦ (૯)
વિશ્વવિહારીલાલજી, વસો સદા મુજ ઉર;
જાણી દાસ હજુરનો, આપો સુખ ભરપૂર.
આણી આનંદ મનમાં મન કર્મ વચને આપણેરે,
થઈને રહિયે સદા વા'લાના વેચાણ. આવો ધર્મ૦ (૧૦)

## ॥ ગઢપુરના માહાત્મ્ય વિષે વર્ણન ॥

### રાગ : ગરબો

ધન્ય ધન્ય છે દુરગપુર ધામનેરે,
સ્નેહે વસિયા જ્યાં શ્રીઘનશ્યામ;
અક્ષરવાસી અવિનાશી અલબેલડોરે.
ધન્ય ધન્ય છે ઉત્તમનૃપ[૧] ધીરનેરે,
જેણે પ્રેમ વડે રાખ્યા પૂરણકામ;
અક્ષરવાસી અવિનાશી અલબેલડોરે. (ટેક)
પ્રગટ્યા પૂરવ દેશમાં, ફરિયા ચારે ધામ;
પણ ગઢપુરમાં શ્રીહરિ, વસિયા કરી મુકામ.
અક્ષર તુલ્ય એ અમૂલ્ય સ્થાન અનૂપ છેરે,
કરે નરનારી નિરમલ લેતાં નામ. અક્ષરવાસી૦ (૧)

**૧. ઉત્તમનૃપ=ગઢપુરના રાજા-દાદાખાચર**

ઉત્તમના દરબારમાં, સકળ સંત સંગાથ;
રાસ રમ્યા બહુ રંગથી, મગન થઈ મુનિનાથ.
લિંબવૃક્ષની સમક્ષ સ્નેહ આણીનેરે,
શુભ લીલા એમ કરી સુખધામ. અક્ષરવાસી૦ (૨)
માણકી એ ચઢી માવજી, હૈડામાં હરખાય;
ફર ફર ફેરવે ફૂદડી, ધમ ધમ ધરણી થાય.
રુમક ઝુમક ઠમકો કરી ઠેકતીરે,
જોઈ રહે જન જેહને તમામ. અક્ષરવાસી૦ (૩)
ઉન્મત્તગંગામાં જઈ, સ્નાન કરે બળવીર;
જળમાં જળક્રીડા કરે, ઉછાળે લઈ નીર.
ઈન્દ્ર ચંદ્ર ફણીંદ્ર આવે દેખવારે,
ધારે હરિ છબિ ઉર આઠે જામ. અક્ષરવાસી૦ (૪)
લક્ષ્મીબાગમાં લાડિલો, સભા કરે સુખકંદ;
મુનિજન તારાગણ વિષે, શોભે વૃષકુલચંદ.
અવતારી અવિકારી સુખકારી છેરે,
ધારે કંઠે ઘણી ફુલતણી દામ[૧]. અક્ષરવાસી૦ (૫)
ઘેલા[૨] સમ તીરથ નહીં, ગઢપુર સમ નહીં ધામ;
ગોપીનાથસમ દેવ નહીં, શ્રીહરિ[૩] સમ નહીં નામ.
ગંગા કાશીને ગયા વળી ગોદાવરીરે,
એથી અધિક છે મહિમા આ ઠામ. અક્ષરવાસી૦ (૬)

**૧. દામ=માળા-ફૂલના હાર**
**૨. ઘેલો=ગઢપુરની દક્ષિણ દિશામાં નદી છે. જેનું નામ ઉન્મત્ત ગંગા કહે છે તે.**
**૩. શ્રીહરિ=પ્રગટ પુરુષોત્તમ-સ્વામિનારાયણ**

તીરથ સર્વનું તત્ત્વ છે, ગુણિયલ શ્રીગઢપુર;
ત્રીશ વરસ પર્યંત જ્યાં, જીવન વસ્યા જરૂર.
કહે વિશ્વવિહારી જે જન ત્યાં જાત્રા કરેરે,
એ તો અક્ષર વિષે કરશે આરામ. અક્ષરવાસી૦ (૭)

**॥ શ્રીકૃષ્ણ નારાયણ વિષે ॥**
**રાગ : ગરબો**

ચાલો વૃંદાવનમાં સાહેલી સરવે મળી રે,
રસિયા સાથે રમીએ રાસ આવો આજ;
સજની રજની[૧] આજની છે રળિયામણીરે.
જુઓ શરદ પૂનમનો ચંદ્રમા સોહમાણોરે,
ફૂલ્યાં વનવેલી વનમાં ઘણાંજ;
સજની રજની આજની છે રળિયામણીરે. (ટેક)
જમુનાજીના જળ તણા, તાજા જુઓ તરંગ[૨];
કમળ પોરણાં ઉપરે, ભલા ભમે છે ભૃંગ[૩].
બંશી વાગે મીઠી લાગે મનમાં ઘણીરે,
હસી બોલાવે છે વા'લો વૃષરાજ. સજની૦ (૧)
મોર મુગટ શિરપર ધર્યો, મુખ મોરલી અભિરામ;
મન વેંધે બંશી વડે, જુઓ શ્રીઘનશામ.
પ્રભુ સાથે રમીએ પ્રેમ આણી પ્રેમદારે,
કરીએ રાજી રાજી શ્રીજી શિરતાજ. સજની૦ (૨)
મોહનજીનાં મીઠડાં[૪], લઈએ વારંવાર;
જેણે આપણ કારણે, ધર્યો મનુષ્ય અવતાર.

**૧. રજની=રાત્રી ૨. તરંગ=પાણીનાં મોજાં ૩. ભૃંગ=ભમરા**
**૪. મીઠડાં=ઓવારણાં**

ફરીએ ફૂદડીએ પરમેશ્વર સાથે સહુ મળીરે,
જોઈ રાજી મનમાં થાય મહારાજ. સજની૦ (૩)
તીખા સ્વરમાં તાન લઈ, ગાય ગોપીનો સાથ;
કરે વખાણ કૃપાનિધિ, ગ્રહી ગોપીના હાથ.
તાથેઈ તાથેઈ તાથેઈ નાચે જનમાં નાથજી રે,
ગુણિયલ ગાય કરીને મધુર અવાજ. સજની૦ (૪)
ઝણણણણ વાગે ઝાલરો, ભણણણણ ભેરી થાય;
ગણણણણ નોબત ગરગડે, સ્વર્ગવિષે સંભળાય.
ઈંદ્ર ચંદ્ર આવી ફૂલતણી વૃષ્ટિ કરેરે,
નિજ સાથે લઈને સુરનો સમાજ. સજની૦ (૫)
નિર્મળ નભમાં ચંદ્રમા, નિરમલ વન નિરધાર;
નિરમળ નટવર નંદના, નિરમળ સહુ વ્રજનાર.
હરખી હરખી નિરખે મોહનજીના મુખનેરે,
ટાળે શામળિયો સહુના દીલડાની દાઝ. સજની૦ (૬)
વ્રજવાસી સાથે રમી, કપરો જીત્યો કામ;
વિશ્વવિહારીલાલજી, સાર્થક[૧] ઠરિયું નામ.
વ્રજચંદ એ આનંદકંદ મૂરતિરે,
કીધાં કરુણા કરીને કોટીક જનનાં કાજ. સજની૦ (૭)

---

**૧. વિશ્વમાં અંતર્યામી શક્તિવડે વિહાર કરનાર શ્રીહરિએ કામદેવને રાસમાં જીત્યો; તેથી વિશ્વવિહારીલાલજી નામ સફળ થયું.**

## ॥ શ્રીજી મહારાજના વિરહના બારમાસ ॥

### રાગ : ગરબાનો

સજની મહાવગડામાં મોહનજી મેલી ગયારે,
દીનબંધુ સુખસિંધુ ધર્મકુમાર;
સખી શામળિયાનાં સુખડાં સરવે સાંભરેરે
સખી પ્રાણ હરિને પ્રાણજીવનજી પધારિયારે,
એથી ઉપજે ઉરમાં વિરહ અપાર. સજની૦ (ટેક)
કારતક માસ કોડામણો, અન્નકુટ ઉત્સવ થાય;
શ્રીજી મુજને સાંભરે, અંતર દુઃખ ઉભરાય.
હરતાં ફરતાં કરતાં કારજ હરિસંગ હોંસથીરે,
પ્રીતે પીરસતા પ્રભુજીને આણી પ્યાર. સજની૦ (૧)
માગશર માસે મન વિષે, પ્રભુને મળવા પ્રીત;
ઘર ધંધો ગોઠે નહીં, ચોટ્યું હરિમાં ચિત્ત.
કરતા લાખેણી લીલા તે જ્યારે સાંભરેરે,
છૂટે આંખડલીથી આંસુડાંની ધાર. સજની૦ (૨)
પોષે ઠંડી પડે ઘણી, થરથર કાયા થાય;
મળવા શ્રીમહારાજને, મન મારું મુંઝાય.
અતિશે ટાઢ વડે કરી જનનાં તન ટાઢાં પડેરે,
મારું કાળજડું તપે છે વારંવાર. સજની૦ (૩)
માઘે બેસી મહેલમાં, ધરું હરિનું ધ્યાન;
ખાન પાનને ગાનનું, ભૂલી સઘળું ભાન.
લૌકિક શબ્દ હવે મને મનમાં નથી રુચતારે,
અંતરમાં એક ભાવે અક્ષરના આધાર. સજની૦ (૪)

ફાગણ કેસુ ફૂલિયા, કેશર રંગ છંટાય;
વા'લાના વિજોગની, હોળી હૈયા માંહ્ય.
સહિયર હળી મળીને રંગ રમે હરખે ભરીરે,
કોણ રંગીલા વિના મુજને રંગણહાર[૧]. સજની૦ (૫)
ચૈતરે ચંપો મોરિયો, ફૂલ્યાં ગુલાબે ફૂલ;
રામનવમીના દિવસમાં, ઉચ્છવ થાય અમૂલ.
વા'લાના વિજોગે આઠે પહોર અંતરેરે,
લાગે ઝેર જેવો સઘળો આ સંસાર. સજની૦ (૬)
વૈશાખે વન વેડિયાં, આંબે સાખ જણાય;
કોયલડી ટહુકા કરે, ચહુ દિશથી લૂ વાય.
ઉપર તાપ તપેને અંતર પણ મારું તપેરે,
શ્રીજી વિના કોણ શાન્તિના દેનાર. સજની૦ (૭)
જેઠ માસમાં જગ વિષે, ઘણોજ ઉપજે ઘામ;
ફૂવારે જળ ઉછળે, ઠંડાં ઠામોઠામ.
પાણી વિના જેમ પાણીનાં[૨] પ્રાણી મરેરે,
તેમજ જીવન[૩] વિના જીવ હવે જાનાર. સજની૦ (૮)
અષાડે ઘન ચઢી આવિયો, મધુરા બોલે મોર;
વિજલડી ચમકા કરે, ક્યાં હશે ? ધર્મકિશોર.
મનમાં ગમતાં નથી મંદિર જરુખા માળિયાંરે,
રટના લાગી છે અલબેલાની એકતાર. સજની૦ (૯)

---

**૧.** રંગણહાર=રંગનાર-રસથી રંગનાર, પરમેશ્વર
**૨.** પાણીનાં પ્રાણી=જળનાં માછલાં વગેરે
**૩.** જીવન=જળ એટલે જળની પેઠે જીવાડનાર માટે જીવન

શ્રાવણ માસે શ્રીહરિ, હીંચે હીંડોળા માંહ્ય;
કૃષ્ણજન્મના દિવસમાં, આનંદ ઉચ્છવ થાય.
શિવનું પૂજન કરવા સખિયો મળીને સંચરેરે,
તે જોઈ સાંભરી આવે શ્રીજી શિરદાર. સજની૦ (૧૦)
ભાદરવો ગાજે ભલો, દિલ દાઝે આ ઠામ;
દશદિશ બોલે દેડકાં, એ તો દાઝ્યા ઉપર ડામ.
સજની સુણતાં રૂડા રાગ મધુર મલ્હારનારે,
લાગે ભાલા જેવા દિલને દુઃખ દેનાર. સજની૦ (૧૧)
આસોમાં અવલોકતાં, નિરમળ નભ દેખાય;
નિરમળ જળ સરિતા તણાં, નિરમળ વાયુ વાય.
ભરદરિયામાં પાકે છીપ વિષે મોતી ભલાંરે,
આવી દીવાળી પણ નાવ્યા સુખ દેનાર. સજની૦ (૧૨)
અધિક માસે આવિયા, સજની શ્રીઘનશામ;
સુખ આપી સર્વોપરી, કીધાં પૂરણ કામ.
મારા ઉરમાં વસિયા વિશ્વવિહારીલાલજીરે,
પામી પામી હુંતો ભવદરિયાનો પાર. સજની૦ (૧૩)

## ॥ માણકી[૧] ઘોડી વિષે ॥

**"જમુના કિનારે કૃષ્ણ ખડો બંસી વજાવે," એ રાગ પ્રમાણે.**

માણકીના ઉપર આજ, નિરખ્યા હરિ;
અલબેલાને જોઈને, મારી આંખડી ઠરી. માણકી૦ (ટેક)

---

**૧. માણકી=ઘોડીઓની જાતમાં એક અતિ ઉત્તમ કાઠિયાવાડી ઘોડી, જે ઘણી જાતવાન હોય છે.**

માણકીની ચાલ જોઈ, લાજ પામિયો;
ઈન્દ્રતણો ઉચ્ચૈઃશ્રવા[૧], સ્વર્ગમાં ગયો. માણકી૦ (૧)
સૂરજ સાથ સપ્તમુખી, નિત્ય સંચરે;
માણકીને જોઈને નક્કી, નાસતો ફરે. માણકી૦ (૨)
વાયુ વેગ મનનો વેગ, જે પ્રમાણીએ;
પણ માણકીનો વેગ, એથી અધિક જાણીએ. માણકી૦ (૩)
આકાશમાંથી અકસ્માત, તારો જેમ ખરે;
અશ્વિની[૨] આ હરિને લઈને, એમ સંચરે. માણકી૦ (૪)
ચપળ છે હરિણ જેવી, ફાળ તો ભરે;
ધરણીધર[૩] ધરણી શિર, ધારતાં ડરે. માણકી૦ (૫)
અક્ષરપતિ અવનિ ઉપર, આવ્યા જાણીને;
ગરૂડ બન્યા ઘોડી રૂપે, પ્રેમ આણીને. માણકી૦ (૬)
જડીત્રછે પલાણ પાયે, ઝાંઝર ઝણઝણે;
હરિવર જ્યારે હાથ ફેરવે, ત્યારે હણહણે. માણકી૦ (૭)
લિંબ વૃક્ષ સમીપ, હરિ ઘોડી ફેરવે;
જનનાં જુથ જીવન તણી, મૂરતિ જુએ. માણકી૦ (૮)
હાથમાં ગ્રહી લગામ, હરિએ હીરની;
મરમાળી કાંઈ દીસે મૂરતિ, શામશરીરની. માણકી૦ (૯)
ચતુર ચલવે ચાલ ચપળ, રૂડી ખેલમાં;
કેશરની અરચા શોભે, ભાલ વિશાળમાં. માણકી૦ (૧૦)

---

૧. ઉચ્ચૈઃશ્રવા=ઈંદ્રના ઘોડાનું નામ
૨. અશ્વિની=માણકી ઘોડી, શ્રીજી મહારાજને ચઢવાની કાઠિયાવાડી જાતવાન ઘોડિયોમાંની ઉત્તમમાં ઉત્તમ જાત
૩. ધરણીધર=ધરણી-પૃથ્વી-ધર-ધરનાર-પૃથ્વીને ધરનાર; શેષ.

શેષને સુરેશદેવ[૧], મહેશ આવિયા;
રસિયાને રીઝાવવા, ભલી ભેટ લાવિયા. માણકી૦ (૧૧)
વિશ્વવિહારીલાલજીનું, નિરખીને સ્વરૂપ;
આરતિ ઉતારે આવી, દેવતા અનુપ. માણકી૦ (૧૨)

## ॥ સ્વપ્નમાં શ્રીકૃષ્ણ નારાયણના દર્શન વિષે ॥

**રાગ : ગરબાનો**

આજ તણી રજનીમાં મને, સ્વપ્ન આવિયું;
દર્શન દીનબંધુનું, રુડી રીતે થયું. આજતણી૦ (ટેક)
જો કોટી સૂરજ શશી, ઉગ્યા અંગમાં;
ગોવાળ તણા બાળ સખા, શોભે સંગમાં. આજ૦ ૧
બંસીધરે બંસી હાથમા, ધરી હતી;
મૂરતિ જોઈ મોહ પામી ગઈ, મારી મતિ. આજ૦ ૨
મોર તણો મુગટ શિશ, કુંડળ કાનમાં;
તનન તનન તાલ વિષે, ગાય તાનમાં. આજ૦ ૩
કમળ તણી માળા, કાજુ કંઠમાં ધરી;
મુખ તણે મરકલડે[૨] મારું, મન લીધું હરિ. આજ૦ ૪
હીરાગળ પીળું વસ્ત્ર, ધર્યું કટી વિષે;
પાદુકા પાદાર્વિંદમાં, ? રુડી દીસે. આજ૦ ૫
કમળ નેણ કૃષ્ણ, વિમળ વેણ ઉચર્યા;
બહુ નામીના બોલ મારા, મનવિષે ઠર્યા. આજ૦ ૬
કમળાવર રાધાવર, જે જદુપતિ;
તે તણી કરી મેં પ્રીતે, વિમળ વિનતિ. આજ૦ ૭

---

**૧. સુરેશ=દેવનો રાજા-ઈંદ્ર ૨.મરકલડે=મુખ માલકાવવું તે.**

હૃદય રુપી મંદિરમાં, પધરાવિયા હરિ;
સેવા મારી અંગિકાર, શ્રીહરિએ કરી. આજ૦ ૮
વા'લ આણી વા'લે મને, વરદાન આપિયું;
કષ્ટ મારું કોટી જન્મ, તણું કાપિયું. આજ૦ ૯
વિશ્વવિહારીલાલજીનાં, લીધાં મીઠડાં;
સ્વપ્નવિષે સદૈવ એવાં, આપો સુખડાં. આજ૦ ૧૦

**॥ શ્રીજી મહારાજની મૂર્તિ વિષે ॥**

**રાગ : મારુ**

**"કુમકુમને પગલે, પધાર્યા હરિ કુમકુમને પગલે;" એ રાગ.**

મુખ નિરખી સુખ થાય, મોહનજીનું મુખ નિરખી. (ટેક)
કમળ સરીખું કોમળ મુખડું,
શારદ ચંદ્ર લજાય; મોહનજી૦ (૧)
પરમ પ્રસન્ન પ્રફુલ્લિત મુખને,
લોચન જોઈને લોભાય. મોહનજી૦ (૨)
ભાલ વિશાળમાં કેશર અરચ્યા,
પેખીને પ્રેમ પમાય. મોહનજી૦ (૩)
કાન કમાન સમાન ભ્રૂકુટી,
ભાળીને ભવદુઃખ જાય. મોહનજી૦ (૪)
અણિયાળી આંખડલી રૂપાળી,
ચોંટીછે ચિત્તડા માંહ્ય. મોહનજી૦ (૫)
શુકના સરખી નાસિકા નમણી,
દીપક શિખા ઓલાય. મોહનજી૦ (૬)

મલક મલક હસી જન સામું હેરે,
ગીત ક્યારે રૂડાં ગાય. મોહનજી૦ (૭)
દંત તણી છબિ જોઈને દાડમ,
ઉંધે માથે ઝોલાં ખાય. મોહનજી૦ (૮)
વા'લાનું વદન વિલોકીએ જ્યારે,
હૈયું ત્યારે હરખાય. મોહનજી૦ (૯)
અખિલ ભુવનની શોભા જે સર્વે,
મુખ પર વારી નંખાય. મોહનજી૦ (૧૦)
વિશ્વવિહારીલાલના મુખને,
જોવા આવે સુરરાય. મોહનજી૦ (૧૧)

**રાગ : (ઉપર પ્રમાણે)**

મોહનને ભાળી, મોહ્યું મન મોહનને ભાળી૦ (ટેક)
ફૂલની સુંદર પાઘ ધરીછે,
શિરપર પેચાળી. મોહ્યું મન૦ (૧)
ગજરાને હાર ગુલાબના પહેરી,
આવેછે વનમાળી. મોહ્યું મન૦ (૨)
ફૂલતણી છડી સુંદર શોભે,
કરમાં રૂપાળી. મોહ્યું મન૦ (૩)
ફૂલતણો સુરવાલને જામો,
હરખું નિહાળી. મોહ્યું મન૦ (૪)
ફૂલનાં ઝાંઝર ચારુ ચરણમાં,
જોઈ ભ્રમણા ટાળી. મોહ્યું મન૦ (૫)

ચાલ ચટકતી ચંચળ ચાલે,
મનહર મરમાળી. મોહ્યું મન૦ (૬)
નેણને વેણથી મનડું વિંધ્યું છે,
હાસ્યથી હદવાળી. મોહ્યું મન૦ (૭)
વા'લો સખા સંગે વાતોરે કરતાં,
દે છે કરતાળી. મોહ્યું મન૦ (૮)
નૌતમ દરશન આપી અમારી,
મન વૃત્તિ વાળી. મોહ્યું મન૦ (૯)
જીવનને અમે જીવમાં ધરિયે,
અંતર ઉજાળી. મોહ્યું મન૦ (૧૦)
મૂરતિ માવની જાણિયે મનને,
પકડ્યાની જાળી. મોહ્યું મન૦ (૧૧)
વિશ્વવિહારીલાલજી સારુ,
આ આવરદા ગાળી. મોહ્યું મન૦ (૧૨)

**(રાગ : પીલુ તાલ દીપચંદી.)**

**"કહું શું નસીબે દુઃખિયો કીધો છે, ભેખ પ્રિયાને વિજોગે લીધો છે" એ રાગ પ્રમાણે.**

લોજની વાવ ઉપર અવતારી,
બેઠા આવી બટુક બ્રહ્મચારી. લોજની૦ (ટેક)
નારી નગરની આવી જળ ભરવા,
તેણે નિરખ્યા ત્યાં નવલવિહારી. લોજની૦ (૧)
દુર્બળ દેહ દેખી દયા ઉપજી,
નાથજી પ્રત્યે બોલી સહુ નારી. લોજની૦ (૨)

બટુક તમે કિયે દેશ વસોછો,
કોણ પિતા કોણ માત તમારી. લોજની૦ (૩)
કેમ તજ્યું ઘરબાર કહોજી ?
રીસથી વૈરાગ વિચારી. લોજની૦ (૪)
કોમળ કમળ સમાન તનુ છે,
દેખી દયા ઉપજે ઉર ભારી. લોજની૦ (૫)
વિચર્યા હશો કેમ કરી મહાવનમાં,
જેમાં વાઘ વરૂ ભયકારી. લોજની૦ (૬)
ભૂખડીમાં કોણ સુખડી દેતું,
વિમળ કોણ પાતું હશે વારી. લોજની૦ (૭)
ઝડિયો પડે વરસાદની જ્યારે,
કોણ ધરતું હશે છત્ર સંભારી. લોજની૦ (૮)
આ તનને ઘટે શાલદુશાલા,
તે તમે વનકળ લીધાં છે ધારી. લોજની૦ (૯)
કાંચન ઝારી ઘટે જળ પીવા,
તે તમે કરમાં ધરી છે કઠારી. લોજની૦ (૧૦)
જે શિર ઉપર મુગટ શોભે,
તે શિર પર જટા આપે વધારી. લોજની૦ (૧૧)
વાહન હાથી ઘોડા ઘટે છે,
મોજડી પણ તમે મેલી વિસારી. લોજની૦ (૧૨)
વર્ણીજી વા'લા વિશેષ લાગોછો,
જોઈ મૂરતિ ઠરે વૃત્તિ અમારી. લોજની૦ (૧૩)
બોલો બોલો બાળા બ્રહ્મચારી,
આપતણી છબિ વિશ્વથી ન્યારી. લોજની૦ (૧૪)

સૂરજ છો કે સદાશિવ છો જી,
કે અક્ષરપતિ આવ્યા મોરારી. લોજની૦ (૧૫)
જે પિતુમાત થકી તમે પ્રગટ્યા,
ધન્ય ધન્ય તે જગમાં જયકારી. લોજની૦ (૧૬)
ચાલો બટુક તમે ભુવન અમારે,
જુગતે રસોઈ જમાડીશું સારી. લોજની૦ (૧૭)
શોભા જોઈ તમારા શરીરની,
કોટીક કામ તણી છબિ હારી. લોજની૦ (૧૮)
શાલિગરામનો બટવો ગળામાં,
કર જપમાળ ધરી અઘહારી. લોજની૦ (૧૯)
વિશ્વવિહારીલાલ અમારું,
રક્ષણ કરજો સદા સુખકારી. લોજની૦ (૨૦)

**રાગ : ભૈરવી ધ્રુપદ, ચૌતાલ**

આજ જ્ઞાનબાગમાહિ[૧], શ્રીહરિ વિરાજમાન;
આસપાસ શોભતાં, અનંત સંતવૃંદ છે. આજ૦ (ટેક)
વસ્ત્ર અને અલંકાર, અંગમાં શોભે અપાર;
નિહાળી નિહાળી નાથ, ઉપજે આનંદ છે. આજ૦ (૧)
કરૂણાએ ભર્યાં નેણ, સામું જુએ સુખદેણ;
મન હરનાર મૂરતિ વિષે, મુકુંદ છે.
વિશ્વમાં વિહારીલાલ, ખાંતેથી કરે છે ખ્યાલ;
મુખ હસે મંદમંદ, એવા સુખકંદ છે. આજ૦ (૨)

**૧. જ્ઞાનબાગ=શ્રી વરતાલપુરથી પૂર્વમાં જે બાગ છે તે, જેમાં રંગના હોજ છે તે બાગ**

### રાગ : ભૈરવી ધ્રૂપદ, ચૌતાલ

આજ જ્ઞાનબાગમાં, વિરાજમાન બહુનામી;
અક્ષરના ધામી જેહ, સ્વામી સંત તણા છે. આજ૦ (ટેક)
ચંપાને ચંબેલી જાઈ જુઈ, દ્રાક્ષ મોગરાઓ;
ગુલદાવદી અને ગુલાબ, ફૂલ્યા ઘણા છે. આજ૦ (૧)
કોકિલાઓ કરે ગાન, સુણી રીઝે ગુણવાન;
વિકશ્યો વસંતઋતુ, શોભાની શી ? મણા છે.
વિશ્વમાં વિહારીલાલ, વધે છે વાણી રસાલ;
ગુણ જેના ગાય છે, હજાર જેને ફણા[૧] છે. આજ૦ (૨)

### ॥ પંચાળાના રાસનો ગરબો ॥
### "શિવપૂજન જઈએ," (એ રાગ પ્રમાણે)

જુઓ જુઓને હાંહાંરે, જુઓ જુઓને સાહેલિયો આજ;
રસીઓ રાસ રમે.
પંચાળામાં હાંહાંરે, પંચાળામાં શ્રીજીમહારાજ;
રસીઓ રાસ રમે૦ (ટેક)
નિરમળ રજની છે અજવાળી, નિરમળ વેલી વનરે;
નિરમળ મનના નિજ સખામાં, નિરમળ પ્રાણજીવન.
રસીઓ રાસ રમે૦ (૧)
દીવાની માંડવડી વચ્ચે, જાણે દીપક ઝાડરે;
ફરફર જનમાં ફેર ફરતા, કરતા રસની રાડ.
રસીઓ રાસ રમે૦ (૨)

---

**૧.** હજાર જેને ફણા છે=શેષજી

તાલી પડે શ્રીવનમાળી, મુનિ સાથે મુનિનાથરે;
ઈંદ્રાદિક જોવાને આવ્યા, શિવ બ્રહ્મા સંગાથ.
રસીઓ રાસ રમે૦ (૩)
શામ વરણને નિજ શરીરે, સોનેરી શણગારરે;
ગગનવિષે જેમ વિજળી ઝબકે, શોભે એમ અપાર.
રસીઓ રાસ રમે૦ (૪)
પાઘ વિષે છોગાં છેલાને, કમર કસી કરી જોરરે;
ઉલટ પુલટ નટવર નાચે છે, શ્રીધર ધર્મકિશોર.
રસીઓ રાસ રમે૦ (૫)
ઉંચા સ્વરથી તાન ઉપાડે, જન સંગ જીવનપ્રાણરે;
સારો સ્વર કોઈ સુણી સખાનો, વા'લો કરે વખાણ.
રસીઓ રાસ રમે૦ (૬)
ધીમ ધીમ ધીમ ધીમ દુક્કડ વાગે, તનનન તનન સતારરે;
ઝાંઝ વગાડે ઝણણણ ઝણણણ, ભેરીના ભણકાર.
રસીઓ રાસ રમે૦ (૭)
ધન્ય ધન્ય પંચાળાની ધરણી, ધન્ય ધન્ય જીણાભાઈરે;
ધન્ય ધન્ય ધન્ય છે ધર્મકુંવરને, રાસ રમ્યા સુખદાઈ.
રસીઓ રાસ રમે૦ (૮)
પંચાળામાં એવા જનને, આપ્યાં સુખ અપારરે;
વિશ્વવિહારીલાલજી કેરો, ધન્ય ધન્ય આ અવતાર.
રસીઓ રાસ રમે૦ (૯)

## ॥ શ્રીકૃષ્ણનારાયણ, ભક્તરાજ ઉદ્ધવજીને વ્રજવાસિયો પ્રત્યે પ્રેમવિરહનો સંદેશો મોકલે છે તે વિષે ॥

(દ્વિઅર્થી[૧] ગિરધારીની ગરબી)

મથુરામાંરે, બોલ્યા વિહારીજી વાણ,
સુણો ઉદ્ધવ પરમ સુજાણ; (ટેક)
તમે જઈનેરે, વૃજવાસીને રીઝાવો; મારો સંદેશો સંભળાવો.
વ્રજવાસીનો જે સ્નેહ, ઉર સાલે મુજને એહ;
વિરહે વ્યાકુળ મુજ દેહ, મારા મનમાંરે, મળવાની ઘણી તાણ.
સુણો ઉદ્ધવ૦ (૧)
ગોકુળમાંરે, ઘણો કરીને વાસ, સુખ લીધામાં ન રહી કચાસ;
ગોકુળનાંરે, ઘણાંક દાસીદાસ, મને પમાડતાં ઉલ્હાસ.
પ્રેમી બેસતા મારી પાસ, કરતા વિનોદમાં ઉપહાસ;
તે સંભારી થાઉં ઉદાસ, શું ? કીજેરે, વ્રજના વિશેષ વખાણ.
સુણો ઉદ્ધવ૦ (૨)
વહાલી વસ્તુરે, આણી મુજને દેતા, વળી કોમળ વચનો કહેતા;
મુજ આજ્ઞારે, સ્નેહે શિર ધરી લેતા, હું રાખું તેમજ રહેતા.

---

૧. શ્રી વિહારીલાલજી મહારાજ, ભક્તરાજ (વિઠ્ઠલ) ને ખંભાતવાસી હરિજનો પ્રત્યે વાત્સલ્યતા દર્શાવે છે તે વિષે; અને ગરબીમાં જ્યાં જમુનાજીનું વર્ણન છે ત્યાં સમુદ્ર કિનારો સમજવો, તથા જ્યાં મહારાજશ્રીનો મુકામ હતો તેને વૃંદાવન સમજવું, વળી બગીચામાં જે પીપર વૃક્ષ છે તેને કદંબનું વૃક્ષ જાણવું, ત્યાનાં વાસી હરિજનોને ગોકુળનાં ગોપ ગોપી સમજવાં, અને ત્યાંના મંદિરના અધિકારી મહાંત બ્રહ્મચારી હરિસેવાનંદજીને ગોકુલના બ્રહ્મચારી સમજવા, એ વગેરે પ્રસંગોપાત વર્ણન છે તે સમજી લેવું.

ફૂલહાર મુને પહેરાવી, ફળ દેતા વિધવિધ લાવી;
રાજી રહેતા મુજને રીઝાવી, કેમ વિસરેરે, પડી જે પ્રેમ પીછાણ.
સુણો ઉદ્ધવ૦ (૩)
ગોકુળમાંરે, એક રુડા બ્રહ્મચારી, હરિ મંદિરના અધિકારી;
તેણે સહુનેરે, સેવાની રીતિ સારી, શિખવાડી સ્નેહ વધારી.
સાચવવા મરજી મારી, શિખવી જુક્તિ સુખકારી;
એની સમજણની બલિહારી, કરી લીધોરે, સેવાથી મુજને વેચાણ.
સુણો ઉદ્ધવ૦ (૪)
ક્યારે જઈનેરે, ફરતા જમુના કિનારે, જોતા નિરમળ જળ મળી ભારે;
એ સુખડાંરે, સાંભરી આવે અત્યારે, વધે વ્યાધિ વિરહનો વધારે.
લઈ સંગ ગોપ ગુણવાન, વૃંદાવનમાં નિરખતા સ્થાન;
જ્યાં કરતા અમે ખાનપાન, સાંભરે છેરે, એ જગ્યાનાં એધાણ.
સુણો ઉદ્ધવ૦ (૫)
વૃંદાવનમાંરે, એક બગીચો એવો, નક્કી નંદન[1] વનના જેવો;
કહી કહીને રે, કહી એ એને કેવો, આ ભૂતળમાં નથી એવો.
જેમાં ફૂલનાં ઝાડ અપાર, કંઈક લચી પડ્યાં ફળભાર;
બને સ્થિર જરુર જોનાર, છે એમાંરે, એક કદંબ સુખ ખાણ.
સુણો ઉદ્ધવ૦ (૬)
કદંબનીરે, શિતળ છાયા કેવી, જાણે ઘાટી પિપરના જેવી;
ઉર ઉપમારે, બદરીતરુની[2] લેવી, સુખ પામ્યો એ સ્થળ સેવી.
જાણે તાપ નિવારણ માટે, ઘડ્યું બ્રહ્માએ છત્ર આ ઘાટે;

**૧. નંદન=ઈંદ્રનો બગીચો**
**૨. બદરીતરુ=બદરીકાશ્રમનું બોરડીનું વૃક્ષ**

ધર્યું બાગ વિષે સુરરાટે[1], નહીં વિસરે રે, એહ રસિક રહેઠાણ.
સુણો ઉદ્ધવ૦ (૭)
ત્યાં બેસીરે, સાંભળતો કવિતાય, રચી જેહ વડા કવિરાય;
ક્યારે ધરતોરે, મૂળસ્વરૂપનુ[2] ધ્યાન, ગાતા ગોપ હરિ ગુણવાન.
શિતળ ત્યાં વાયુ વાય, ઉઠવાનો ભાવ ન થાય;
મન શોભાથી મલકાય, બોલે પંખીરે, અહીં વાસો કરે એમ જાણ.
સુણો ઉદ્ધવ૦ (૮)
વૃજવાસીરે, નિજ મંદિર પધરાવે, પોશાક રુડા પહેરાવે;
કર જોડીરે, આરતિ મારી ઉતારે, આનંદથી સ્તુતિ ઉચ્ચારે.
આપે ક્યારેક માખણ મેવા, જેમાં સ્વાદ અમૃતના જેવા;
કરે મારી શુભ એમ સેવા, કેમ વિસરેરે, અહો નીશની ઓળખાણ.
સુણો ઉદ્ધવ૦ (૯)
એવું સુણીનેરે, બોલ્યા ઉદ્ધવ તતકાલ, સુણો વિશ્વવિહારીજી લાલ;
આપે જણાવ્યુંરે, જે જણ ઉપર વહાલ, છે એવાએ પુરા પ્રેમાળ.
ધન્ય ધન્યએ ગોકુળવાસી, જેની કીર્ત્તિ આ જગમાં પ્રકાશી;
સેવ્યા તમને જન સુખરાસી, હું જાઈશરે, કાલે ઉગતે ભાણ.
સુણો ઉદ્ધવ૦ (૧૦)

**(દ્વિઅર્થી ગિરધારીની ગરબી)**

**રાગ : ઉપર પ્રમાણે**

વળી બોલ્યારે, કરી વિહારી વિચાર,
સુણો ઉદ્ધવજી ધરી પ્યાર; (ટેક)
વસી વ્રજમાંરે, લીધાં સુખ અપાર, ઉર સાંભરે સાંજ સવાર.

---

**૧. સુરરાટ્=બ્રહ્મા**

**૨. મૂળસ્વરુપ=શ્રીકૃષ્ણનું પોતાનું, અને આચાર્યશ્રીનું, અક્ષરધામનું, મૂળ સ્વરુપ**

અહીનાં બે સુખ અનેક, અંતર નથી ગમતાં એક;
જ્યારે સાંભરે વ્રજનો વિવેક, ત્યાંની પ્રીતિરે, મુજ ઉપર બેસુમાર.
સુણો ઉદ્ધવજી૦ (૧)

રાત્રિમાંરે, મળીને સર્વ ગોવાલ, આવી બેસતા વૃદ્ધને બાળ;
મુજ સામુંરે, રહેતા સ્નેહે નિહાળી, ભ્રમણાઓ સરવે ટાળી.
સભા મોટી સરસ ભરાતી, કથા વાર્તા ઉત્તમ થાતી;
ગરબીઓ રુડી ગવાતી, સહુ ઉરમાંરે, રાજી થતા સુણનાર.
સુણો ઉદ્ધવ૦ (૨)

રજનીમાંરે, ગોપ મળીને મિત્ર, મુજપાસે બેસી પવિત્ર,
નિત્ય લખતારે, મારું ચારુ ચરિત્ર, જેમાં રચના વિમળ વિચિત્ર.
ક્યારે રાત્રિ મધ્ય વહી જાય, પણ કાયર કદી નવ થાય;
એવો ઉત્સાહ સદાય, કેમ વિસરેરે, એ જનના ઉપકાર.
સુણો ઉદ્ધવ૦ (૩)

ક્યારે કરતોરે, હસ્તી ઉપર અસવારી, ઘોડા પાલખી પેદલ ભારી;
વાજિંત્રરે, વિવિધ પ્રકારથી વાજે, જાણે મેઘ ગગનમાં ગાજે.
શિર છત્રને ચામર છાજે, છડીદાર અગાડી બિરાજે;
બની શોભા ગોપ સમાજે, નિરખીનેરે, હરખે સહુ નરનાર.
સુણો ઉદ્ધવ૦ (૪)

મોટા નૃપતિરે, નિજ મંદિર પધરાવે, ભલા અંતર, કેરાં ભાવે;
રુડી રીતેરે, પૂજે પ્રેમ જણાવે, મળવા મોટા જન આવે.
અત્તર ગુલાબ જળ સારાં, છાંટે સુગંધ દેનારાં;
પ્રેમે વદે વચનો પ્યારાં, ધન્ય ગોકુળરે, ધન્ય ત્યાંના રહેનાર.
સુણો ઉદ્ધવ૦ (૫)

વ્રજમાંહિરે, વસી કર્યાં મેં કામ, જનના સુખ સારું તમામ;
કરી કરુણારે, ધર્મ રુડો દઢ સ્થાપ્યો, અધર્મીનો વંશ ઉથાપ્યો.
કેશી ધેનુક[1] કામને ક્રોધ, તેને માર્યા કરીને શોધ;
બહુ લાયક દેઈને બોધ, સુર સ્વર્ગેરે, હરખે ગુણ ગાનાર.
સુણો ઉદ્ધવ૦ (૬)

હરિ મંદિરરે, દર્શન કરવા જાતા, હરિને જોઈને હરખાતા;
બ્રહ્મચારીરે, પ્રવીણ જે પંકાતા, મળી રાજી હૃદયમાં થાતા.
બોલે મરમાળા બોલ, સ્વાદે સાકર સમતોલ;
મને આનંદ કરતા અતોલ, કેમ વિસરેરે, એવા જે બુદ્ધિ ઉદાર.
સુણો ઉદ્ધવ૦ (૭)

હું મથુરાં રે, જાવા થયો તૈયાર, ત્યારે વ્રજનાં સૌ નરનાર;
મુજ રથનીરે, પાછળ પાછળ દોડે, કોઈ કરગરીને કર જોડે.
કહે વિઠ્ઠલ વહેલા વળજો, મન મહેર કરી ફરી મળજો;
બોલ્યા પ્રમાણે પળજો, શી ? રીતેરે, દિવસ હવે જાનાર.
સુણો ઉદ્ધવ૦ (૮)

એમ પ્રેમેરે, વિનય વચન ઉચ્ચારે, મુને ઉપજી કરુણા ભારે;
મળવાનુંરે, વચન દીધું મેં જ્યારે, ધરી ધીરજ કાંઈક ત્યારે.
પડે દેહ થી જુદા પ્રાણ, થયાં એવાં અચેત પ્રમાણ;
ત્યાંની દીઠી અપૂર્વ મેં તાણ, વળ્યાં પાછાંરે, દીઠો ન જેવાર.
સુણો ઉદ્ધવ૦ (૯)

બહુ લાયકરે, વ્રજવાસીનો પ્રેમ, સોના રુપાનાં વાસણ જેમ;
પડે ગોબોરે, એતો ઉપાડી દેવાય, પણ નુકશાન ક્યારે ન થાય.

**૧. કેશી=ઘોડારુપ દૈત્ય ને ધેનુક-ગંધર્વરુપ દૈત્ય**

અન્ય સ્થળનો પ્રેમ છે કેવો, જાણો કાચના વાસણ જેવો;
અતિ સાચવવો પડે એવો, કદી ફૂટેરે, સંધાય નહીં કોઈ વાર.
સુણો ઉદ્ધવ૦ (૧૦)
ઘણા દિવસરે, વિત્યા મુજ વિયોગે, હશે દુઃખી સહુ એ રોગે;
મારું કહેજોરે, ભૂલા થઈ વૃત્તાંત, થશે સાંભળી કાંઈક શાન્ત.
માટે ઉદ્ધવ જાઓ જરુર, ઉર પ્રેમ ભરી ભરપૂર;
કરો રાજી દર્શનાતૂર, કહેજો મળશેરે, રઘુવીર સુત કુમાર.
સુણો ઉદ્ધવ૦ (૧૧)

## ॥ શ્રીજીમહારાજ વિષે ॥

### (રાગ : વસંત)

બાંધી વસંતી પાઘ પ્રિતમજીએ, બાંધી વસંતી પાઘ. (ટેક)
વાઘો વસંતી, શેલું વસંતી,
પાઘ ઝૂકી વામભાગ. પ્રિતમજી૦ (૧)
શોભે સુંદર સુરવાળ વસંતી,
લાયક જોવા લાગ. પ્રિતમજી૦ (૨)
આભૂષણ અંગોઅંગ વિરાજે,
જોઈ ઉપજે અનુરાગ. પ્રિતમજી૦ (૩)
મધુર મધુર મુખથી આલાપે,
રસિક વસંતી રાગ. પ્રિતમજી૦ (૪)
ફૂલના હાર તોરાને ગજરા,
ધરીયા શ્રીમહાભાગ. પ્રિતમજી૦ (૫)
વિશ્વવિહારીલાલ રીઝાવા,
ફૂલ્યો વસંત અથાગ. પ્રિતમજી૦ (૬)

**રાગ : ગઝલ ઈંદ્રસભાની**

**"રાજા હુંમેં કામકા, ઓર ઈંદ્ર મેરા નામ." એ રાગ પ્રમાણે.**

નવલવિહારીનાથની, છબિ, અજબ બની છે આજ;
નિરખી હરખે નેહથી કંઈ, સરવે સંત સમાજ.નવલવિહારીનાથની૦ (ટેક)
અંગોઅંગની ઉપમા કહેતાં, શારદ શેષ લજાય;
સ્વરૂપ તણી સુંદરતા કહેતાં, કોટી જન્મ વહી જાય. નવલ૦ (૧)
મસ્તકપર મોળીડું મનોહર, સુંદર છોગાંસહિત;
ફૂલતોરા શિરપેચ કલંગી, ચોરે સહુનાં ચિત્ત. નવલ૦ (૨)
કાને કુંડળ ઝળમળ ઝળકે, કાજુ મકરાકાર;
હીરા મોતી મણી માણેકના, હૈડા ઉપર હાર. નવલ૦ (૩)
વદન હરિનું સુખસદન છે, મદનનો મદ હરનાર;
મુખના ઉપર કોટીક શશિયર, વારુ વાર હજાર. નવલ૦ (૪)
ખભા ઉપર શેલું સોનેરી, ભારે બુટ્ટાદાર;
જરકશી જામો હરિએ પહેર્યો, પેખી ઉપજે પ્યાર. નવલ૦ (૫)
સોનેરી સુરવાળને નાડી, હીરની ફૂમતાદાર;
ઝણઝણ ઝણઝણ ઝણકે ચરણે, ઝાંઝરનો ઝણકાર. નવલ૦ (૬)
વિશ્વવિહારી જન સુખકારી, અવતારી અલબેલ;
અશરણ શરણ હરણ છે દુઃખના, છોગાળો રંગછેલ. નવલ૦ (૭)

**॥ શ્રીકૃષ્ણ નારાયણ વિષે ॥**

**રાગ : (ઉપર પ્રમાણે)**

જશોદાજી જીવનને પોતે, કરાવતાં સ્તનપાન;
ચૂલા ઉપર પય ઉભરાતું, જોયું થાતું જાન. જશોદાજી૦ (ટેક)

અલબેલને અધુરા મૂકી, ઉઠી ગયાં એ સ્થાન;
માતા ઉપર કોપ કરીને,
બોલ્યા શ્રીભગવાન. જશોદાજી૦ (૧)
મુજ કરતાં માતાએ જાણ્યો, દૂધ વિષે બહુ માલ;
અધુરો મૂકી મુજને ઉઠી,
ત્યાં ગઈ છે તતકાલ. જશોદાજી૦ (૨)
દૂધ કરતાં માખણ છે મોઘું, છે આ ગોળીમાંય;
એમ કહીને પત્થર ઝાલ્યો,
ત્રિકમજીએ ત્યાંય. જશોદાજી૦ (૩)
મહિની ગોળી ફોડી ઢોળી, બહુધા કરી બિગાડ;
સમીપના મંદિરનું જઈને,
કૃષ્ણે ઠેલ્યું કમાડ. જશોદાજી૦ (૪)
તરકટ કરીને મરકટ ભેળાં, બહુ કીધાં તતકાલ;
ઉંચે શીકે માખણ મટુકી,
દીઠી દીનદયાલ. જશોદાજી૦ (૫)
બાજટના ઉપર ખાંડણિયો, મૂકીને બળવંત;
તે ઉપર ત્રિકમજી ચઢિયા,
ધીરે રહી ધીમંત. જશોદાજી૦ (૬)
લાકડી લેઈને ઠોકર મારી, મટુકી ફોડી માવ;
માખણ લઈને જમવા લાગ્યા,
ભૂધર આણી ભાવ. જશોદાજી૦ (૭)
જમીને તૃપ્ત થયા છે જ્યારે, ત્યારે કીધી સાન;
દધિ માખણને દેવા લાગ્યા,
મરકટને દઈ માન. જશોદાજી૦ (૮)

કોઈના મુખમાં માખણ મૂકે, મૂકે કોઈને માથ;
કોઈને દહિંની છોળે છાંટે,
ઝાલે કોઈનો હાથ. જશોદાજી૦ (૯)
માતાજી દૂધ નીચું ઉતારી, જોયું મંદિરમાંહિ;
લીલા જોઈને લાડકડાની,
હસવા લાગ્યાં ત્યાંહિ. જશોદાજી૦ (૧૦)
ખાંતીલાની ખોળજ કરવા, ચાલ્યાં જ્યારે માત;
પાસેના મંદિરમાં દીઠા,
જમતાં મરકટ સાથ. જશોદાજી૦ (૧૧)
ધીરે ધીરે લાકડી લઈને, આવતાં દીઠાં માય;
ભય આણીને ભૂધર નાઠા,
થર થર કંપે કાય. જશોદાજી૦ (૧૨)
કાલતણા જે કાળ કૃપાળુ, સ્વતંત્ર સર્વાધાર;
તે નટવરજી નર તન ધરીને,
કરે લીલા વિસ્તાર. જશોદાજી૦ (૧૩)
કૃષ્ણ અગાડી પાછળ માતા, દોડે દઈને દોટ;
પ્રભુજી કેમ કરી પકડાએ,
ચંચળ જેની ચોટ. જશોદાજી૦ (૧૪)
મન વાણી જેને નહીં પહોંચે, એવું જેનું સ્વરૂપ;
એ માજી પર મહેર કરીને,
ઉભા રહ્યા જગભૂપ. જશોદાજી૦ (૧૫)
દીનપણું તો ઘણું દેખાડ્યું, રડવા લાગ્યા રાજ;
નિચું મુખ કરીને ઉભા,
મનમોહન મહારાજ. જશોદાજી૦ (૧૬)

માતાજીએ તેડી લીધા, વિશ્વવિહારીલાલ;
ખાંતેથી ખોળે બેસાડ્યા,
બહુ સુંદર નિજબાળ. જશોદાજી૦ (૧૭)

**॥ શ્રીજી મહારાજ વિષે ॥**

**રાગ : આશા ગોડી**

ઉભાશ્રી ગોમતી તીરે,
જુઓ પ્રભુ ઉભા શ્રીગોમતી તીરે. (ટેક)
શ્વેત વસન તન ઉપર રાચે,
નાહ્યા છે નિરમળ નીરે. જુઓ૦ (૧)
કેશર ચંદન અરચા કરી છે,
અલબેલે આખે શરીરે. જુઓ૦ (૨)
ફૂલના હારને ગજરા ધર્યા છે,
રસિયાને શ્રીરઘુવીરે. જુઓ૦ (૩)
શિતળ થાવા શ્રીજી સંબંધે,
સેવ્યા છે પોતે સમીરે[૧]. જુઓ૦ (૪)
મુનિજનનાં મન હરવા મોહન,
ચાલે જુઓ ધીરે ધીરે. જુઓ૦ (૫)
નિજ જનનાં મન મૂરતિથી અળગાં,
થાતાં નથી લગીરે. જુઓ૦ (૬)
મોહનનું મુખ જોઈ મરમાળું,
આશા અન્ય શમીરે[૨]. જુઓ૦ (૭)

---

**૧. સમીર=વાયુદેવ**

**૨. શમી=અન્ય આશાઓ શાન્ત થઈ ગઈ**

રઘુવીર સુત સુત હરિની મૂરતિ,
જીવે ઉર ધરીરે. જુઓ૦ (૮)

**રાગ : જંગલો**

**"બતાદે સખી કોન ગલી ગયો શામ." એ રાગ પ્રમાણે.**

આવે છે સખી જોને આ પ્રાણઆધાર,
આવે છે સખી જોને આ પ્રાણઆધાર૦ (ટેક)
ચાલ ચપલ કલહંસના જેવી,
સાથે સખા દશબાર. આવે છે૦ (૧)
મરમાળી છબિ આજ નિહાળી,
રૂપાળી રસદાર. આવે છે૦ (૨)
વસ્ત્ર ઘરેણાં અંગે ઘણેરાં,
ધાર્યાં શ્રીધર્મકુમાર. આવે છે૦ (૩)
પ્રેમવતીસુત શ્રીપુરુષોત્તમ,
પેખીને ઉપજે છે પ્યાર. આવે છે૦ (૪)
આપણને સુખ આપવા સારું,
ધાર્યો છે આ અવતાર. આવે છે૦ (૫)
ભવ બ્રહ્મા જેનાં દર્શન ઈચ્છે,
આવે તે ચાલી મમ દ્વાર. આવે છે૦ (૬)
અક્ષરધામી અંતરજામી,
થયા મનુષ્યાકાર. આવે છે૦ (૭)
નેતિ નેતિ જેને નિગમ પોકારે,
ઉપનિષદનો સાર. આવે છે૦ (૮)
સર્વમાં વ્યાપક સર્વથી ન્યારા,
અખિલ ભુવન આધાર. આવે છે૦ (૯)

જેના સારું જોગી જોગને સાધે,
કરી કેવલ ફળાહાર. આવે છે૦ (૧૦)
કાળ માયા જેના પ્રેર્યા,
કરે છે સૃષ્ટિ પાલન સંહાર. આવે છે૦ (૧૧)
ધન્ય ધન્ય ભાગ્ય આપણાં સજની,
મળીયા સકળ શિરદાર. આવે છે૦ (૧૨)
તપ તીરથ વ્રત કોટી જગનથી,
દુર્લભ જેનાં દેદાર. આવે છે૦ (૧૩)
સર્વોપરી શુભ સ્વામી પામી,
ખામી રહી ન લગાર. આવે છે૦ (૧૪)
વાસ કર્યો મમ મંદિર વા'લે,
આણીને પ્રેમ અપાર. આવે છે૦ (૧૫)
ભગવત સુતને ભાવ ધરીને,
વંદીએ વાર હજાર. આવે છે૦ (૧૬)

**રાગ : ઉપર પ્રમાણે**

બંધાણો બેની, પ્રેમવતી સુતથી પ્રેમ,
બંધાણો બેની, પ્રેમવતી સુતથી પ્રેમ. (ટેક)
એ રંગ રસીઓ, મુજ મનવસિયો,
કહો ભૂલું હવે કેમ. બંધાણો૦ (૧)
દરશન કરીએ, અંતર ધરીએ,
નિત નિતનું થયું નેમ. બંધાણો૦ (૨)
જીવનને, જીવ સાથે જડ્યા છે,
જડે સોનામાં મણી જેમ. બંધાણો૦ (૩)

જેવી પટોળે ભાત પડે છે,
મુજ ઉરમાં થયું એમ. બંધાણો૦ (૪)
ચકોર ચંદ્રને, જોઈ રહે જેમ,
ટેવ પડી મને તેમ. બંધાણો૦ (૫)
પ્રભુ પ્રસંગે, અંગે ઉમંગે,
અનેક ટળીઆ વ્હેમ. બંધાણો૦ (૬)
શ્રીભગવત, સુતનું ભલીભાતે,
ખુશી થઈ કરો ક્ષેમ. બંધાણો૦ (૭)

## ॥ શ્રીકૃષ્ણનારાયણ વિષે ॥

**(પદ : રાગ સિંહાનો કનરો)**

**"પ્રિતમ મારા, નાસી જાઓ શું ? પ્રીત કરી ક્યા મુજનેરે મૂકી, પ્રિતમ૦" એ રાગ પ્રમાણે**

વૃંદાવનમાં, પ્રેમથી પ્યારી,
નિરખ્યા આજ શ્રીનવલવિહારી. વૃંદાવનમાં૦ (ટેક)
કુંજલતામાં, કૃષ્ણ વિરાજે,
માધવી માલતીની છબિ સારી. વૃંદાવનમાં૦ (૧)
ફૂલ્યો બાગ, ફૂલી વન વેલી,
ફૂલ્યા લાલ ફૂલી વ્રજનારી. વૃંદાવનમાં૦ (૨)
ચંપાની કળિયો, ચિત્ત ચોરે,
ગુલદાવદીની છબિ ગુણકારી. વૃંદાવનમાં૦ (૩)
લિંબુડી, દાડમડી લચી છે,
સદળી[૧] કદળી ફળી સુખકારી. વૃંદાવનમાં૦ (૪)

---

**૧. સદળી કદલી=પાંદડાંવાળી કેળ**

અમલ કમળ, જમુનાજળ ઉપર,
ભ્રમર ભ્રમે પરિમલને વિચારી. વૃંદાવનમાં૦ (૫)
ત્રિવિધ[1] સમીર, વહે સુખદેવા,
સેવા વિશ્વપતિની ધારી. વૃંદાવનમાં૦ (૬)
રાધા સંગ, રમે રંગ રસીઓ,
અંગ ઉમંગ અભંગ વધારી. વૃંદાવનમાં૦ (૭)
વિશ્વવિહારી, લાલ નિરખતાં,
આજ ઠરી મન વૃત્તિ અમારી. વૃંદાવનમાં૦ (૮)

## ॥ ગોમતીજી વિષે ॥

**રાગ : ગરબી**

**"ઉદ્ધવ નંદનો છોરો તે નમેરો થયો જો."**

**એ રાગ પ્રમાણે.**

તીરથરાજ આજ ગુણવંત ગોમતી જો,
અક્ષરપતિ નાહ્યા મહિમા એથી અતિજો. તીરથરાજ૦ (ટેક)
લાવ્યા દ્વારિકા થકી સચ્ચિદાનંદજી જો,
સ્થાપ્યાં વૃત્તપુરે વૃષ[2] કુળચંદજી જો. તીરથરાજ૦ (૧)
ગુણવંતીને પ્રભુજીએ ગળાવિયાં જો,
તીરથ માત્ર ભેળાં એ વિષે મેળાવિયાં જો. તીરથરાજ૦ (૨)
કર્યું સ્થાપન હરિએ નિજ હાથથી જો,
થયાં વિશ્વમાં વિખ્યાત દીનાનાથજી જો. તીરથરાજ૦ (૩)
કહ્યો શ્રીમુખેથી મહિમા ઘણો ઘણો જો,
ગુણવંતે ગુણ જાણી ગોમતી તણોજો. તીરથરાજ૦ (૪)

---

**૧. ત્રિવિધ સમીર=શીત, મંદ અને સુગંધી વાયુ**
**૨. વૃષકુલ ચંદ=ધર્મકુળના ચંદ્રમા**

સંત પ્રગટના અનંત નાહ્યા એ વિષે જો,
એથી સર્વોપરી દિવ્ય તીર્થ તો દીસેજો. તીરથરાજ૦ (૫)
અક્ષરધામથી અનેક મુક્ત આવીને જો,
નાહ્યા છે ત્રિકાળ એમાં સ્નેહ લાવીને જો. તીરથરાજ૦ (૬)
ઈંદ્ર ચંદ્ર ને યોગીંદ્ર સ્નેહ આણીને જો,
એમાં સ્નાન કરે દિવ્ય તીર્થ જાણીને જો. તીરથરાજ૦ (૭)
શંભુ ગંગાને ઠેકાણે શિશમાં ધરેજો,
વિનય આણીને વિશેષ વંદના કરેજો. તીરથરાજ૦ (૮)
શેષ શારદ નારદ હારદ[1] જાણી ન્હાય છે જો,
ગણી ગણી ગુણ ગોમતીના ગાય છે જો. તીરથરાજ૦ (૯)
જન જાત્રાએ જરુર ત્યાં જે જાય છે જો,
અમાપ પાપનો ઉથાપતો ત્યાં થાય છે જો. તીરથરાજ૦ (૧૦)
જેનું નિરમળ જળતો અપાર છે જો,
દર્શનથી ખરા દોષને ખોનાર છે જો. તીરથરાજ૦ (૧૧)
વા'લાં છે ઘણાંક શ્રીવિહારીલાલને જો,
પ્રાણને સમાન પ્રણત પ્રતિપાળને જો. તીરથરાજ૦ (૧૨)

## ॥ શ્રીકૃષ્ણ નારાયણ વિષે ॥

**(પદ : રાગ કહેરવો. હિંદુસ્થાની ભાષા)**

''મોરા બલમા ગવન લહેં જાયરે,
કરવદાંકી છૈયાં છૈયાં. (ટેક)
કોઠે ઉપર કોઠડીરે, નિચે વહેં દરિયાવ,
યા દરિયાવકી માછલી કોઈ બનસી બજાય લહેં જાયરે, કરવદાંકી.''

**૧. હારદ=મર્મ, તત્ત્વ**

**(એ રાગ પ્રમાણે)**

મુખ[૧] બતિયાં કેસી કહી જાયરે,
સુનહો મોરી સૈયાં સૈયાં. (ટેક)
દધવા બેચન મૈં ચલીરે, ધરીકે ગગરિયાં શિશ;
બિંદ્રાબનકી કુંજમેં, મોહે આય મીલે જગદીશરે. સુનહો૦ (૧)
આય નિકટ મોસુ કપટ કરીકે, ફોર્યો મહિકો માટ;
શિરસેં પાવ લગ ભીંજ ગઈ, મોરા ચિત્તમેં લગાયો ઉચ્ચાટરે. સુનહો૦ (૨)
ગગરી ફોરી મોરી બૈયાં મરોરી, કસ કંચુકી તોરી;
લે ગયો દુલરી[૨] તિલરી ચોલરી, ચતુર કરીકેં ચોરીરે. સુનહો૦ (૩)
ખોલ ઘુંઘટ મેરો બદન બિલોક્યો, નેંનકી સેંન લગાઈ;
ચિત્તવા ચોરી સટક ગયો સોતો, ઠઠોલીમેં કરીકેં ઠગાઈ. સુનહો૦ (૪)
ઘટમેં ઘાયલ મૈં ભઈરે, અબ ન પરેં કછુ ચેંન;
અવિનાશીકી ઉરમેં, રટના લગી દિન રેંનરે. સુનહો૦ (૫)
સગરો સુખ સંસારકોરે, હીયતેં ભયોહે હરામ;
સ્મરણ રહે સુખકંદકો, અરુ રસના રટુ યાકો નામરે. સુનહો૦ (૬)
બન બન ઢુંઢત મૈં ફીરુંરે, ચિત્ત મિલવેકી ચાહ;
ચૂક ગઈ નગરકો ડગરવા[૩], અંતરમેં દુઃખ અથાહરે. સુનહો૦ (૭)
કોઈ મીલાવે શામકું તો, શિશ કરું મૈં બક્ષીસ;
પ્રાનકે જીવન પ્રાનહેં, ઓ અખિલ ભુવનકે ઈશરે. સુનહો૦ (૮)
દુઃખ[૪] દેસો સુખરુપહેરે, સુખકી બાત કછુ ઓર;
મેરે હૈયાકો હાર હેરે, નવલ નંદકિશોરરે. સુનહો૦ (૯)

---

**૧. મુખબતિયાં=મુખથી વાર્તા ૨. દુલરી, તિલરી, ચોલરી=એકજાતનું કંઠનું ઘરેણું. ૩. ડગર=માર્ગ ૪. દુઃખ દેસો સુખરુપ હે=ખરા હરિજન, શ્રીજીની ઈચ્છાથી દેહે સંકટ પડે તેને પણ સુખરુપ માની લે છે**

ગુનસાગર ગોવિંદસેરે, પૂરન ભઈહે પ્રીત;
વિશ્વવિહારીલાલજી, મેરી જાનત જીયરાકી રીતરે. સુનહો૦ (૧૦)

**રાગ : ઉપર પ્રમાણે કહેરવો. હિંદુસ્થાની ભાષા**

સખી નટવર નાનકડાની સાથેરે,
નેડો[1] મારે લાગ્યો લાગ્યો. (ટેક)
જળ જમુનાં ભરવા ગઈરે, સરખી સાહેલીની સાથ;
ઓચિંતે આવી અલબેલડે,
કંઈ હેતે ઝાલ્યો મારો હાથરે. નેડો મારે૦ (૧)
કેશર અરચા ભાલમાંરે, મધુરીશી મોરલી વા'ય;
અણીઆળી એની આંખડી,
મારે ચોંટીછે ચિત્તડામાંયે. નેડો મારે૦ (૨)
માથે મુગટ જડાવનોરે, કુંડલ મકારાકાર;
પીળી ઓઢી પામરી,
કંઠે હિરા મોતીના હારરે. નેડો મારે૦ (૩)
પાતળિયાસું પ્રીતડીરે, એવી લાગી મારે ઉર;
દૂધ માંહિ મળે મીસરીરે,
જેવી રીતે જરુરરે. નેડો મારે૦ (૪)
સામળિયાના સ્નેહથીરે, મન મારું મલકાય;
વા'લે વેંધ્યો મારા જીવને,
જેમ મણી તે મણીથી વેંધાયરે. નેડો મારે૦ (૫)
મીઠું બોલી મન હર્યું રે, કામણ કીધું કાંય;
પરવશ વર્ત્તે પ્રાણ આ,
હવે ગોઠે નહીં ઘરમાંયરે. નેડો મારે૦ (૬)

**૧. નેડો=નેહ, સ્નેહ**

ઘનશામે ઘાયલ કરીરે, શુદ્ધ ન રહી શરીર;
મૃગને પાડી પાસમાં,
જેમ શિકારી મારે તીરરે. નેડો મારે૦ (૭)
દરદ મટે આ દિલનુંરે, વૈદ્ય આવે વ્રજરાજ;
નાડી નિરખે નેહથી,
તો સાંપડે સુખ સમાજરે. નેડો મારે૦ (૮)
અમૃત કુંપી આણીનેરે, સુંઘાડે કરી સ્નેહ;
ગોળી આપે જ્ઞાનની,
તો દુઃખી રહે નહીં દેહરે. નેડો મારે૦ (૯)
નિત્ય નિયમ હવે એટલુંરે, નિરખવા નંદકુમાર,
વિશ્વવિહારીલાલજીથી,
પૂરણ બાંધ્યો પ્યારરે. નેડો મારે૦ (૧૦)

**રાગ : પીલુ**

**"કહુંશું નસીબે દુઃખીઓ કીધો છે,**
**ભેખ પ્રિયાને વિજોગે લીધો છે." એ રાગ.**

મથુરામાં વસ્યા જઈને મોરારી,
અરજી ઉર ધરે કોણ અમારી. મથુરામાં૦ (ટેક)
દીનબંધુના દરશન વિના,
વિરહ વ્યાકુળ સહુ વ્રજનારી. મથુરામાં૦ (૧)
પ્રથમ અલૌકિક સુખડાં આપ્યાં,
ગુણસાગર નટવર ગિરધારી. મથુરામાં૦ (૨)
કેશી[1] દ્વેષી અનળ એ જેવાં,
અગણિત દુઃખથી લીધાં ઉગારી. મથુરામાં૦ (૩)

**૧. કેશી, દ્વેષી, અનલ=ઘોડારુપ અસુર, સાંડરુપ અસુર, દાવાનલ**

વ્રજવાસીનું રક્ષણ કીધું,
વાયુ વૃષ્ટિનું કષ્ટ નિવારી. મથુરામાં૦ (૪)
હેતે બોલાવ્યાં હેતે રમાડ્યાં,
વળતી મૂક્યાં વા'લે વિસારી. મથુરામાં૦ (૫)
નંદકુંવર છે નિર્દય નક્કી,
કપટી નટખટની ગતિ ન્યારી. મથુરામાં૦ (૬)
હરિ સાથે કોઈ હેત ન કરશો,
વ્રજવાસીનું દુઃખ વિચારી. મથુરામાં૦ (૭)
જાનકીએ જો જીવન કીધા,
તો રણવગડામાં મૂકી મોરારી. મથુરામાં૦ (૮)
સુરપણખા આવી સ્નેહથી વરવા,
નાક છેદી તેને કીધી નકારી. મથુરામાં૦ (૯)
એ કપટીનો વિશ્વાસ કરીને,
કમળા ભોળી ઠગાણી બિચારી. મથુરામાં૦ (૧૦)
કુબજાને ઘેર કૃષ્ણ જઈને,
ભલા રહ્યા છે પોતે બ્રહ્મચારી. મથુરામાં૦ (૧૧)
મથુરાની રાજધાની રુડી પામી,
અંતરથી મૂક્યાં અમને ઉતારી. મથુરામાં૦ (૧૨)
મથુરા નગરની નારી ઠગારી,
વશ કરશે વ્રજરાજ વિહારી. મથુરામાં૦ (૧૩)
ઘટની ઘાત કરી ઘનશામે,
મોત વિનાની અમને મારી. મથુરામાં૦ (૧૪)
અંતર દુઃખ પણ અહોનિશ એને,
જીવીએ અમે સદૈવ સંભારી. મથુરામાં૦ (૧૫)

મોહનને કોઈ લાવી મેળાવે,
વારવાર તેના પર વારી. મથુરામાં૦ (૧૬)
વાસ કરે અમ પાસ પ્રભુતો,
પીડા કહીએ સર્વ પોકારી. મથુરામાં૦ (૧૭)
નિદ્રા ન આવે અન્ન ન ભાવે,
દિન દિન દુઃખથી વહે દ્રગવારી. મથુરામાં૦ (૧૮)
દુઃખ ટળશે આવી જો મળશે,
શામસુંદર હરિવર સુખકારી. મથુરામાં૦ (૧૯)
વિશ્વવિહારીલાલને કહેજો,
આપો સુખ પ્યારા વહેલા પધારી. મથુરામાં૦ (૨૦)

**રાગ : કલ્યાણનો દાદરો**

**"આલી સિયાવર કેસાં સલોના"**

**એ રાગ (હિંદુસ્થાની ભાષામાં)**

પ્યારો હમારી પીર ન જાને, પીર ન જાને પીર ન જાને૦ (ટેક)
કહા જાને હરિ કૌંનહી કારન,
રંકકો ઉપર રાજ રીસાને. પ્યારો હમારી૦ (૧)
હરિકે હિત હમ રહત ઉદાસી,
મનમોહન તદપિ નહીં માને. પ્યારો હમારી૦ (૨)
પલ પલ છીન છીન, બિરહા સતાવે,
આપ હમારી ઉરમેં નહીં જાને. પ્યારો હમારી૦ (૩)
જબતેં ત્યાગી ગયે જદુનંદન,
તબતેં ખાનપાન બિસરાને. પ્યારો હમારી૦ (૪)
કપટકી બતિયાં કપટકી ગતિયાં,
પ્રાણજીવનકી કૌંન પિછાને. પ્યારો હમારી૦ (૫)

કિસબિધ જીયરા ધીર ધરીહેં,
બાલમ નાહિં મિલત કહ્યું બા’ને. પ્યારે હમારી૦ (૬)
વિશ્વવિહારીલાલ મીલે તો,
હૃદયકી સાથ રાખી હું છાને. પ્યારો હમારી૦ (૭)

**રાગ : ઉપર પ્રમાણે**

જોને વંશીધર વંશી વગાડે,
વંશી વગાડે, વા’લો વંશી વગાડે. જોને૦ (ટેક)
કુંજ ભુવનમાં કામણગારો,
વંશી વડે આનંદ પમાડે. જોને વંશીધર૦ (૧)
વાંશની છે પણ વા’લે રાખી છે,
ગુણિયલ ગુણને શ્રેષ્ઠ દેખાડે. જોને વંશીધર૦ (૨)
જોને સખી આ વાંશની વંશી,
મોહની મંત્રની શીશી સુંઘાડે. જોને વંશીધર૦ (૪)
વંશી નથી પણ પ્રેમનો પાશ છે,
મનની વ્યાધી એ સર્વે મટાડે. જોને વંશીધર૦ (૫)
વેરી હશે કે વા’લી હશે શું ?
જામનીમાં જોર કરીને જગાડે. જોને વંશીધર૦ (૬)
પુરુષોત્તમની પાસે રહીને,
ડહાપણ આપણને કેવું દેખાડે. જોને વંશીધર૦ (૭)
કોકિલ પોપટ મોર મેનાને,
સ્વરની જાતિના ભેદ શીખાડે. જોને વંશીધર૦ (૮)
વા’લાનું મન વશ કરી લેવા,
કેવો ચાતુરીનો રસ ચખાડે. જોને વંશીધર૦ (૯)

વિશ્વવિહારીલાલજી એને,
દૂર નથી કરતા કોઈ દહાડે. જોને વંશીધર૦ (૧૦)

**રાગ : ભૈરવી**

નિરખ્યા નંદકિશોર નટવર, નિરખ્યા૦ (ટેક)
હંસને હસ્તીનું માન મૂકાવે,
ચાલે ચટક ચિત્તચોર. નટવર૦ (૧)
વસ્ત્ર આભૂષણ અંગ અનુપમ,
બાંધ્યાં બાજુડામાં બોર. નટવર૦ (૨)
પાઘ ઝૂકી વામભાગે પેચાળી,
ભાલમાં ચંદન ખોર. નટવર૦ (૩)
અલબેલાને સરવે અંગે,
ઉડે અત્તરની ફોર. નટવર૦ (૪)
ફૂલના તોરાની ફોર લેવાને,
ભ્રમર ભમે હારાનોર. નટવર૦ (૫)
વિશ્વવિહારીલાલજીને નિરખું,
જેમ સુચંદ્રચકોર. નટવર૦ (૬)

**રાગ : તોટક છંદની ચાલ**

નિરખ્યા નંદલાલ મધુવનમાં,
કરતા ખૂબ ખ્યાલ સખી જાનમાં;
નવરંગી કલંગી શિરે લળકે,
બેઉ કુંડળ કર્ણ વિષે ઝળકે. (૧)

મણીમાળ ગળે રહીછે લટકી,
અટકી ઉરલાગી ચિત્તે ચટકી;
ગજરા ફૂલના ગિરધારી ધર્યા,
ભ્રમરા બટકે બહુ મોદ ભર્યા. (૨)
ફૂલદામ કરે ધરી ફેરવતા,
નજરે ધરી નેહથી નિરખતા;
સુરવાળ ગુલાબથી ગુંથી ધર્યો,
પટકો ખંભે તે કુસુમોથી ભર્યો. (૩)
ચરણે ફૂલ ઝાંઝર ચિત્ત હરે,
નિરખી છબિ એ મુજ નેણ ઠરે;
મુખ વાત કરે મરમાળી હરિ,
વ્રજનારી સુણી હરખેજ ખરી. (૪)
કોઈ પંખો લઈને સમીર કરે,
કોઈ કંચન ઝારી કરે સુધરે;
કોઈ રીઝતી તાંબૂળને દઈને,
હરિથી રીઝે હાર કોઈ લઈને. (૫)
વિનતી કરે કોઈ ઉમંગ વડે,
કોઈ પાદ વિષે ધરી પ્રેમ વડે;
મળી વિશ્વવિહારીને આજ સખી,
નિરખી નિરખી હરખી હરખી. (૬)

## ॥ શ્રીજી મહારાજની મૂર્તિ વિષે ॥

**રાગ : દીંડી**

**"અતિ ગહન પ્રભુ છે ગતિ તમારી." એ રાગ.**

લક્ષ્મી બાગમાંહિ સભા ભરી શામ,
બેઠા આવી દાસ પાસમાં તમામ;
ધર્યા અંગમાં અલબેલે અલંકાર,
અજબ આજની છબી બની અપાર. (ટેક)
શ્વેત પાઘ વામ ભાગ ઝૂકી સારી,
જેમાં તોરાને કલંગી શોભે ભારી;
છબિ છોગાની અધિક છટાદાર, અજબ આજની૦ (૧)
શ્વેત જામો શ્વેત શેલું સુરવાલ,
શ્વેત હાથમાં રૂમાલ તણો તાળ;
શ્વેત કુંડળ હીરા જડિત તેજદાર, અજબ આજની૦ (૨)
ગળે શ્વેત સુમનમાળ છે વિશાળ,
ભલું શોભે શ્વેત ચંદનથી ભાલ;
હશે મંદ શ્વેતદંત છબિસાર, અજબ આજની૦ (૩)
શ્વેત સિંહાસન નંગથી જડેલ,
ઘણી ચાતુરીથી વિધિએ[૧] ઘડેલ;
બહુ શોભે તેના ઉપર શિરદાર, અજબ આજની૦ (૪)
શ્વેત કીર્તિ જેની વિશ્વ વિષે વ્યાપી,
એવા વિશ્વવિહારીજી છે પ્રતાપી;
શ્વેત શ્વેત ધર્યો સર્વ શણગાર. અજબ આજની૦ (૫)

---

**૧. વિધિએ=વિશ્વકર્માએ**

## ॥ શ્રીજી મહારાજની પ્રાર્થના વિષે ॥

### પદ રાગ : કલ્યાણ

### “મંગળકર, ભવભયહર, જય ઉમાપતિ,” (ત્રિવિક્રમ)

### એ રાગ પ્રમાણે.

કષ્ટ હરણ સૃષ્ટિ કરણ જય જગત્પતિ,
ગરુડના ધણી તમારી છે ગહન ગતિ. કષ્ટ હરણ૦ (ટેક)
શંખ ચક્ર ગદા પદ્મ હાથમાં ધર્યાં;
સિંધુતણાં[1] પુત્રી સ્નેહ આણીને વર્યાં;
કારજ નિજ ભક્તનાં કોટી તમે કર્યાં;
શ્રીજી,-રાજી,-છોજી-
ભક્ત ઉપર, શામસુંદર, કમળાવર; અદ્‌ભુતાકૃતિ.
કષ્ટ હરણ૦ (૧)

મંદ મંદ હાસ્યથી વિલાસને કરી;
દાસ તણા ત્રાસ ચહુપાસથી હરિ;
કાળ વિકરાળ રહે તમ થકી ડરી;
હેતે,-નિત્યે,-ચિત્તે,-
ધારી ઉર, પ્રેમપૂર, થી જરુર; કરું વિનતિ.
કષ્ટ હરણ૦ (૨)

વૃત્તાલયમાં તમે વિરાજમાન છો;
ગુણવાન જ્ઞાનના તમે નિધાન છો;
અભયદાન આપનારમાં મહાન છો;
ધાતા,-ત્રાતા,-જ્ઞાતા,-પરમેશ્વર, સરવેશ્વર, દુઃખ દુરકર, ઉમંગથી અતિ.
કષ્ટ હરણ૦ (૩)

**૧. સિંધુતણાં પુત્રી=શ્રીલક્ષ્મીજી**

રઘુવીર સુત સુત સદા સ્નેહ આણીને;
ગાય ગુણ આપના વિવિધ વખાણીને;
જીવનરૂપ આપને જરુર જાણીને;
રિદ્ધિ,-સિદ્ધિ,-બુદ્ધિ,-
અભરાભર, અજરામર, તુજ પદપર; રાખુ મુજમતિ.
કષ્ટ હરણ૦ (૪)

**॥ શ્રીકૃષ્ણનારાયણ વિષે ॥**
**રાગ : જંગલો**
**“બતાદે સખી કૌન ગલી ગયો શામ” એ રાગ.**

સખી મેં જોયા, આજ તો શ્રીઘનશામ. સખી૦ (ટેક)
જમુના કીનારે ગોરી ગાયો ચરાવે,
સાથે સખા અભિરામ. સખી૦ (૧)
શિશ મુકુટ કાને કુંડળ ઝળકે,
કંઠમાં મોતી દામ. સખી૦ (૨)
મધુરે મધુરે સ્વરે મોરલી આલાપે,
ગોઠવીને ત્રણ ગ્રામ. સખી૦ (૩)
મૂર્તિ જોઈ રહ્યું મન વળગી,
ભૂલી જળ ભરવાનું કામ. સખી૦ (૪)
ચંદ્રસમાન વદનને વિલોકી,
હૈડે જોવાની વધે હામ. સખી૦ (૫)
વિશ્વવિહારીલાલજી મુજને,
રટના લાગી છે આઠું જામ. સખી૦ (૬)

## ॥ શ્રીજી મહારાજ વિષે ॥

**રાગ : સોરઠ**

**“રુડા લાગો છો રાજેશ્વર મંદિર આવતારે” એ રાગ.**

અણીઆળી છે અલબેલા તારી આંખડીરે. (ટેક)
રસ ભરી રાતી રેખા નિરખી, કીકીને જોઈ હૈડે હરખી;
કોમળ દીસે જાણે કમળની પાંખડીરે. અણી૦ (૧)
કામ[૧] કમાન સમાન બણીછે, ભ્રૂકુટી કામણગારી ઘણીછે;
વદન શશિપર શોભે કાજુ વાંકડીરે. અણી૦ (૨)
હસતા હસતા જ્યારે આવો, લાડકડા મુજ મન લલચાવો;
રસિયાજી જોવાને થઈછું રાંકડીરે[૨]. અણી૦ (૩)
મનગમતા શણગાર ધરીને, મુજ સંગ રમજો મેહેર કરીને;
કર જોડીને હાજર રહેસું ઘડી ઘડીરે. અણી૦ (૪)
વા’લાજી વા’લા બહુલાગો, ત્રિકમ દાસી ગણી નહીં ત્યાગો;
તમ સારું તજી લોકડિયાંની લાજડીરે. અણી૦ (૫)
જીવનજી નિરખું છું જ્યારે, દુઃખ ટળી સુખ વધે છે ત્યારે;
નિત્ય નિત્ય નિરખું એવી ટેવ મુને પડીરે. અણી૦ (૬)
વિશ્વવિહારીલાલજી આવો, બહુ બહુ હેત કરીને બોલાવો;
ચટ ચટ ચાલો ચરણે પહેરી ચાખડીરે. અણી૦ (૭)

## ॥ શ્રીકૃષ્ણનારાયણ વિષે ॥

**રાગ : કહેરવો ત્રિવિક્રમમાં ગવાતી ઢબનો.**

**“તરુણ વયમાં, દિસેછે સુકોમળ કેવા” એ રાગ પ્રમાણે.**

પ્રિતમ જોઈને આનંદ થયો આજ સખી;
લાલજીનું મુખ લખી, રહી રતિએ ન દખી, નથી પ્રિય પ્યારા પખી;

**૧. કામ કમાન=કામદેવનું ધનુષ** **૨. રાંકડી=દીન**

જીવું નિશદિન જખી, રેહાં ! રેહાં ! રેહાં ! રેહાં !
પ્રિતમ જોઈને૦ (૧)

કામણગારાં લોચનીઆં તીખાં બાણ જેવાં;
મળે ઉપમાન એવાં, ટાળે દુઃખ માત્ર તેવાં,
ધરી ઉર એવાં લેવાં, રેહાં ! રેહાં ! રેહાં ! રેહાં !
પ્રિતમ જોઈને૦ (૨)

રંગ રસીઓ રસિક સખી કેવા દીસે;
જાણે રતિભૂપ હશે, મુખે મંદ મંદ હસે.
મોહનિ એની મૂર્તિવિષે, રેહાં ! રેહાં ! રેહાં ! રેહાં !
પ્રિતમ જોઈને૦ (૩)

ભગવત સુતને શ્રીજી અનેક સુખ આપો;
કઠણ મહા કષ્ટ કાપો, હેતે શિર હાથ થાપો,
છાતી વિષે ચરણ છાપો, રેહાં ! રેહાં ! રેહાં ! રેહાં !
પ્રિતમ જોઈને૦ (૪)

**॥ શ્રીજી મહારાજ વિષે ॥**

**રાગ : કહેરવો ઉપર પ્રમાણે**

સખી મોહનજી મહેર કરી આજ મળ્યા;
ત્રિવિધિના તાપ ટળ્યા, આનંદના ઓઘ વળ્યા,
બોલ્યા પરમાણે પળ્યા, રેહાં ! રેહાં ! રેહાં ! રેહાં !
સખી મોહનજી૦ (૧)

સખી રસીઆ સંગાથે રમી રુડી રીતે;
લગાડી ચટકી ચિત્તે, પ્યારે સુખ આપ્યું પ્રીતે,

નવો વધે સ્નેહ નિત્યે, રેહાં ! રેહાં ! રેહાં ! રેહાં ! સખી
મોહનજી૦ (૨)

કરી સૌમાં મોટેરી મુને આજ હરિ;
કરુણા ઉર ધરી, વા'લો વ્રજરાજ વરી,
રહ્યું નહીં દુઃખ જરી, રેહાં ! રેહાં ! રેહાં ! રેહાં ! સખી
મોહનજી૦ (૩)

ભગવત સુતના પ્રભુની સખી આશ મારે;
એથી નથી કાંઈ વધારે, ભલી મળી નિધિ[૧] ભારે,
રેહાં ! રેહાં ! રેહાં ! રેહાં ! સખી મોહનજી૦ (૪)

**॥ સત્સંગતિ વિષે ॥**

**(રાગ : ગઝલ ઇંદ્રસભામાં ગવાતી ઢબની)**

**"એ શું બોલો છો વિવેકી ભ્રાત ભર્થરી" એ રાગ પ્રમાણે.**

સત્ પુરુષની સાથ, જેને સ્નેહ થયો નથી;
ઉત્તમ ગુણ ક્યાંથી આવે, એ કહો કથી. (ટેક)
સંત હૃદયથી દયા, કદી જતી નથી;
દુષ્ટ હૃદયમાં, કદીએ આવતી નથી. (૧)
સંત હૃદયથી ક્ષમા, કદી જતી નથી;
દુષ્ટ હૃદયમાં, કદીએ આવતી નથી. (૨)
સંત હૃદયથી, સુશિલતા જતી નથી;
દુષ્ટ હૃદયમાં, કદીએ આવતી નથી. (૩)
સંત હૃદયથીજ, શાંતિ તો જતી નથી;
દુષ્ટ હૃદયમાં, કદીએ આવતી નથી. (૪)

૧. નિધી=દ્રવ્યનો ભંડાર

સંત હૃદયથીજ, સત્ય તો જતું નથી;
દુષ્ટ હૃદયમાં, કદીએ આવતું નથી. (૫)
સંત હૃદયથીજ, ધર્મ તો જતો નથી;
દુષ્ટ હૃદયમાં, કદીએ આવતો નથી. (૬)
સંત હૃદયથીજ, ભક્તિ તો જતી નથી;
દુષ્ટ હૃદયમાં, કદીએ આવતી નથી. (૭)
સંત હૃદયથીજ, જ્ઞાનતો જતું નથી;
દુષ્ટ હૃદયમાં, કદીએ આવતું નથી. (૮)
સંત હૃદયથી, વૈરાગતો જતો નથી;
દુષ્ટ હૃદયમાં, કદીએ આવતો નથી. (૯)
આ કહ્યો વિવેક છે, અનેક કામનો;
આદિ ભજો અંત તજો, સંગ તમામનો. (૧૦)
રઘુવીર સુત સુતનાં, આ વચન ધારજો;
દીનને દુઃખી દેખી, દુઃખથી ઉગારજો. (૧૧)

**॥ શ્રીરાધિકાજીને શ્રીકૃષ્ણનારાયણ વર્યા એ વિષે ॥**
**"રુચતી કાં તીર્થયાત્રા યા સમયીં ત્યાંસ તી"**
**એ દક્ષીણી રાગ પ્રમાણે**

સુણ સજની આજ જોયા,
રસીઓ રંગે ભર્યા. (૨) સુણ સજની૦ (ટેક)
સંગાથે ગોપ બાળા, ફૂલ વીણે પ્યારથી;
પહેરાવે ફૂલ ગુંથી, રીઝાવે હારથી;
સખી રાધાજીને આજે, વનમાળીજી વર્યા. સુણ સજની૦ (૧)

લલિતાનાં લાડ પાળ્યાં, કરુણા કોટી કરી;
જે સારુ ધામમાંથી, આવ્યા છે શ્રીહરિ;
કર ઝાલી કૃષ્ણ પોતે, મંગળ ચારે ફર્યા. સુણ સજની૦ (૨)
બહુ જીવો જુગ તોડી, જગનાં માતા પિતા;
નિજ જનને સુખ આપો, રાજી રાજી થતા;
એમ ઋષિયો ખુશી થઈને, આશિશો ઉચ્ચર્યા. સુણ સજની૦ (૩)
સુર સરવે મુદ પામ્યા, નિરખે નાકે રહી[1];
ફૂલવૃષ્ટિ એહ ટાણે, શુભ સ્વર્ગેથી થઈ;
વાજીંત્રોને વજાડી, જય જય શબ્દો કર્યા. સુણ સજની૦ (૪)
ઘણી શોભા નિજ અંગે, રસિયો ધારી રહ્યા;
છબિ નિરખી કામ કોટી, મનમાં ઝાંખા થયા;
શ્રીહરિના પુત્ર પૌત્રે, અલબેલો ઉર ધર્યા. સુણ સજની૦ (૫)

## અષ્ટ અક્ષરમુક્તની સભાસહિત શ્રી હરિનાં દર્શન

**પદ : રાગ સોરઠ**

**'પ્રિય પ્રતાપસિંહ પવિત્ર સદ્ય સાવધ થજોરે,'' એ રાગ પ્રમાણે.**

આજે નટવરજીને નિરખી, હરખ ઉરે અતિરે;
આજે નટવરજી૦ (ટેક)
શ્રી વૃત્તાલયમાં અલબેલો, જોવા લાયક છેલ છબીલો;
મૂરતિ જોઈ મુંઝાણી, મનમથથી[2] મતિરે,
આજે નટવરજી૦ (૧)
રવિ શશી કોટીક રોમ વિષે છે, શીતલ તેજ અપાર દિસે છે,
અલબેલાની શોભે, ઉત્તમ આકૃતિરે,
આજે નટવરજી૦ (૨)

૧. નાકે રહી=સ્વર્ગમાં રહીને ૨. મનમથ=કામદેવ

અક્ષર મુક્ત અપાર સમીપે, દિવ્ય અનોપમ દેહથી દીપે;
મુખ આંખ્યો નિરખતાં, તૃપ્ત નથી થતીરે.
આજે નટવરજી૦ (૩)
નિરમળ જળની કર ધરી ઝારી, મહા મોટા મૂળજીબ્રહ્મચારી;
ઉભા શ્રીહરિ આગે, ઉચરે વિનતિરે.
આજે નટવરજી૦ (૪)
સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ મહા નિષ્કામી;
હસ્તગ્રહી હરિજીના, ગુણવંત કરે ગતિરે.
આજે નટવરજી૦ (૫)
ગુણાતીતાનંદ મહામુનિ ધ્યાની, શ્રીહરિનું મન શુકમુનિ જ્ઞાની;
બેઉ મળી ઉતારે, હરિની આરતિરે,
આજે નટવરજી૦ (૬)
મુક્ત[1] મુનિ પ્રેમાનંદ સ્વામી, ગાય હરિના ગુણ મુદ પામી;
બ્રહ્મ મુનિ રીઝાવે, કરીને નવી કૃતિરે,
આજે નટવરજી૦ (૭)
વસ્ત્રાભૂષણ ઉત્તમ અંગે, ધાર્યાં શ્રીહરિએ ઉછરંગે;
મંદ મંદ મુખ હસતા, ઉપજાવે રતિરે.
આજે નટવરજી૦ (૮)
ભગવત સુતના ભય હરનારા, આચારજ પદના દેનારા;
કરૂણા કરીને પ્રગટ મળ્યા, કમળાપતિરે.
આજે નટવરજી૦ (૯)

**૧. મુક્તમુનિ=સદ્ગુરુ શ્રીમુક્તાનંદસ્વામી**

## ॥ શ્રીકૃષ્ણ નારાયણના વિરહ વર્ણન વિષે ॥

(રાગ : મરશિયાનો)

જાય જાયરે શી ? રીતે દિવસ અમારા;
થયા નંદકુંવર સખી ન્યારારે. જાય જાયરે૦ (ટેક)
સખી ઉમ્મર અમારી છોટી, કરી ઘાત મોહનજીએ મોટી;
હવે કરીએ ઉપાય કોટી કોટીરે. જાય૦ (૧)
મળી કુબજા મથુરામાં માઠી, ભુંડી ભણવે હિંદી મરાઠી;
એથી નાથજીની અક્કલ નાઠીરે. જાય૦ (૨)
એને તરછોડ્યાના પડ્યા હેવા, નહીં સ્વારથિયા કોઈ એહ જેવા;
પ્રભુને ઠપકા ઘણા શું ? હવે દેવારે. જાય૦ (૩)
જેમ પાસમાં પાડે શિકારી, પછી નાખે છે મૃગલાને મારી;
એવા બનિયા ગુણવંત ગિરધારીરે. જાય૦ (૪)
જેમ વાદી તે વંશી વગાડે, મહા નાગને તો ફાંસામાં પાડે;
એમ રસિયોજી અમને રંજાડેરે. જાય૦ (૫)
એણે સીતાને ઘણી સંતાપી, કૃષ્ણ કરુણા ન લાવ્યા કદાપિ;
સીતાજીએ તજ્યા નહીં તથાપિરે. જાય૦ (૬)
એણે વામન સ્વરૂપ જુઓ ધારી, બલી છલિયો શરીર તે વધારી;
એની અક્કલ ત્રિલોક થકી ન્યારીરે. જાય૦ (૭)
એણે વિદાર્યો કપટથી વાળી[૧], થઈ સુગ્રિવ મિત્ર વનમાળી;
એવી જાત એની અટકચાળીરે. જાય૦ (૮)
એણે કપટ કરીને માશી મારી, એણે દીધો મામાને સંહારી;
રહ્યા કુબજા સંગાથે બ્રહ્મચારીરે. જાય૦ (૯)

---

૧. વાળી=વાલી

ઘણું કપટ ભર્યું છે એને હૈયે, કહી કહીને કેટલુંક કહિયે;
તોય એને આધિન અમે રહિયેરે. જાય૦ (૧૦)
વિશ્વવિહારીલાલજી મળશે, પુણ્ય પ્રાચીન અમારાં ફળશે;
તાપ ત્રિવિધિના ત્યારે ટળશેરે. જાય૦ (૧૧)

**॥ સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદજી સ્વામીએ સ્તંભપુરમાં સ્થાપિત શ્રીહરિકૃષ્ણજી મહારાજ વિષે વર્ણન ॥**

**રાગ : આર્યા, ગીતિ**

શ્રી ખંભાત નિવાસી, સુખરાશી શ્રીહરિકૃષ્ણસ્વામી;
પૂરણ કીરતિ પ્રકાશી, કર જોડીને વિનવું શિરનામી. (૧)
ભક્તિ ધરમથી પ્રગટ્યા, નેતિ નેતિ નિગમ કહે જેને;
તે આ પુરમાં વસિયા, રમા રાધિકા નિત્ય પૂજે એને. (૨)
નિજ જનને સુખ કરવા, હરેક હરકત હરવાને ભારી;
નર વપુ નાથ ધર્યું છે, અક્ષરના પતિ નિરખો અવતારી. (૩)
મન મોહનની મૂરતિ, નવીન નવીન નિત્ય હરખ વધે જોઈ;
પ્રેમ ધરીને પ્રીતે, રસિયાજીમાં રહિયે ચિત્ત પ્રોઈ. (૪)
વિશ્વ સકળના સ્વામી; વિશ્વવિહારીલાલજી જય પામો;
આશિશ એક અમારી, જગત બધામાં જશ પૂરણ જામો. (૫)

**॥ ઉપદેશ વિષે ॥**

**રાગ : મરશિયાનો**

ધીક ધીક રે ! પ્રભુ ભજ્યો નહિ આ ટાણે.
તને ડાહ્યા જનો શું ? વખાણેરે. ધીક ધીકરે૦ (ટેક)
મળ્યો મનુષ્યનો દેહ નાવ જેવો,
ભવસિંધુ તરી શકાય તેવો;
રહ્યો આળસુ તું એવોને એવોરે. ધીક ધીકરે૦ (૧)

તેં મોહની મદિરા ઘણી પીધી,
તારી અક્કલ ઉડાવી જોને દીધી;
તેં તો સંગત કુકર્મીની કીધીરે. ધીક ધીકરે૦ (૨)
તુંતો ડોળમાં ડહાપણ દેખાડે,
નક્કી મારગ ચઢી ગયો આડે;
તને સાધુ શું ? કહીને દેખાડેરે. ધીક ધીકરે૦ (૩)
વિશ્વવિહારીલાલજી ભજીશ,
સહેજે સંસાર સિંધુ તરીશ;
ધામ અક્ષરમાં વાસ તું કરીશરે. ધીક ધીકરે૦ (૪)

**॥ જ્ઞાનબાગમાં શ્રીજીમહારાજના દર્શન વિષે ॥**

**લલિત છંદ**

લલિત[૧] શ્રીહરિ, આજ નિરખી,
અધિક ઉપજ્યો પ્રેમ હે સખી;
સરસ શોભિતા, ફૂલ બાગમાં,
ભૂમિ તણા રૂડા, ભાળી ભાગમાં. (૧)
કદળિના કર્યા, થાંભલા ખડા,
કમળ પુષ્પથી, શોભિતા રૂડા;
ફૂલ તણો હતો, મંચ તે કર્યો,
ફુલની ઉપરે, ચાકળો ધર્યો. (૨)
કમળનું દિસે, છત્ર શોભતું,
બડી દિસે ખૂબ હાલતું;
શ્રીજી વિરાજિયા, એહ ઉપરે,
મન જનો તણાં, હેરતાં હરે. (૩)

**૧. લલિત=સુંદર**

જળ તણા ભર્યા, હોજ હારમાં,
પાણી ઉછળે, શુભ ફુવારમાં;
શિતળ વાયરો, સરસ વાઈને,
હરિની સેવના, લે કમાઈને. (૪)
ભ્રમર રાગમાં, ગાઈને ઘણું,
મન ખુશી કરે, શ્રીહરિ તણું;
સકળ મુક્તની, ત્યાં સભા ભરી,
શ્રીજીયે ઘણી, વારતા કરી. (૫)
શ્રવણ માત્રથી, શોકતો ટળ્યો,
જન્મ માહ્યરો, આજતો ફળ્યો;
વિશ્વવિહારીની, બની છબિ રૂડી,
નિરખતા સખી, હું રહી ખડી. (૬)

**॥ શ્રીજી મહારાજ વિષે ॥**
**"રહી એકલી મેરી જાન કંથ બિન, રહી એકલી૦"**
**એ રાગ પ્રમાણે.**

દુઃખી દિવસને રાત શ્રીજી વિના, દુઃખી દિવસને રાત;
સાંભળ સખી મુજ વાત, શ્રીજી વિના દુઃખી૦ (ટેક)
ઘડિયો જુગ જેવી થઈ રે, દિવસ કલ્પ સમાન;
માસ પક્ષ જાતા નથી રે, મને ભાવે ન ભોજનપાન.
શ્રીજી વિના દુઃખી૦ (૧)
ચિત્ત મારું અતિ ચરચરે, આંખે આંસુડાંની ધાર;
પંથ નિહાળું પ્રેમથીરે, ક્યારે આવશે ધર્મકુમાર.
શ્રીજી વિના દુઃખી૦ (૨)

અવગુણ અબળા રાંકનોરે, શો ? સમજ્યા હશે શામ;
કાંતો કર્યા વશ કોઈએરે, કાંતો ભૂલી ગયા મુજનામ.
શ્રીજી વિના દુઃખી૦ (૩)

બાળાપણમાંથી તજ્યાંરે, નિર્દય થઈને નાથ;
મહા વગડામાં મેલિયાંરે, કોઈ નહીં સંગાત.
શ્રીજી વિના દુઃખી૦ (૪)

કોમળ કમળાનાથ છેરે, કઠણ કેમ થયા આજ;
શ્રીજી વિના સાહેલડીરે, આપે કોણ મુને સુખસાજ.
શ્રીજી વિના દુઃખી૦ (૫)

એક ભરોંસો એહનોરે, ચાત્રક[1], સરખી ટેક;
રાત દિવસ સંભારીએરે, એના અખંડ ગુણ અનેક.
શ્રીજી વિના દુઃખી૦ (૬)

મંગળ મૂરતિ વિશ્વમાંરે, વિશ્વવિહારીલાલ;
પ્રેમસહિત નિત્ય પાળશેરે, સમે તે લેશે સંભાળ.
શ્રીજી વિના દુઃખી૦ (૭)

## ॥ ઉન્મત્ત ગંગા વિષે ॥

**“નિર્બળ શત્રુ સબળ રાજપર, આજ ચઢીને આવે છે;”**
**એ રાગ પ્રમાણે**

આજ સખી ઉન્મત્ત ગંગા તટ, અવલોક્યા અક્ષરધામી,
શ્રી ઘનશ્યામ સકળ જગસ્વામી, બળવંતા જે બહુનામી.
આજ સખી૦ (ટેક)

---

**૧. ચાત્રક=બપૈયો**

સાથે સંત બ્રહ્મચારી, ઉભા રહ્યા અવતારી;
અતિ નેહને વધારી, જુએ નિરમળ વારી. આજ સખી૦ (૧)
શિશ સુમનની પાઘ, ઝૂકી રહી વામ ભાગ;
ધર્યાં છોગાં જોયા લાગ, વધે આનંદ અથાગ. આજ સખી૦ (૨)
કંઠે ફૂલતણી માળ, હાથે છડી છે રસાળ;
જામો જરીનો વિશાળ, જેની ચટકતી ચાલ. આજ સખી૦ (૩)
ચરણે ઝાંઝર નવીન, લાખો લોક મન લીન;
તેને જોવા થાઉં દીન, થઈ રાત દી આધિન. આજ સખી૦ (૪)
નાથ ગંગાને કિનારે, કરે લીલા ભારે ભારે;
તેને જોઈ જે સંભારે, ચઢે પ્રભુ એની વા'રે. આજ સખી૦ (૫)
વિશ્વવિહારીલાલ, જોયા દિલના દયાળ;
લે છે આપણી સંભાળ, એવા પૂરા પ્રતિપાળ. આજ સખી૦ (૬)

## ॥ શ્રીકૃષ્ણ નારાયણ વિષે ॥

**"મહા જુલમ જગત માંહે." એ રાગ પ્રમાણે.**

અહો ! સખી શું ? કહું આજે, નિત્ય તલપુ પ્રભુ કાજે;
અહો ! સખી શું ?૦ (ટેક)
મથુરામાં ગયા મોહન, તપે મુજ તન, ભાવે નહિ અન્ન;
મૂક્યાં મહારાજે. અહો ! સખી શું ?૦ (૧)
મળી વેરણ કુબજા છેક, મટાડ્યો વિવેક, તજાવી ટેક;
તોય નહિ લાજે. અહો ! સખી શું ?૦ (૨)
જુઓ ધૂતારાના ઢંગ, બન્યા અડબંગ, કુબજાસંગ;
આવું શું ? છાજે. અહો ! સખી શું ?૦ (૩)
ઘણો અગ્નિ હૃદયમાં થાય, જીવ ગભરાય, દિવસ કેમ જાય ?
વિના વ્રજરાજે. અહો ! સખી શું ?૦ (૪)

છે વિશ્વવિહારી સુજાણ, પ્રિતમ મુજ પ્રાણ, મળ્યાની તાણ;
દીલડું દાઝે. અહો ! સખી શું ?૦ (૫)

## ॥ એકાન્તિક ધર્મના ઉપદેશ વિષે ॥

### રાગ : કલ્યાણ, તાલ દાદરા

વિવેકી પ્રાણી કર વિચાર, મોક્ષ પામવા;
મોક્ષ પામવા, સુખેથી ધામમાં જવા. વિવેકી૦ (ટેક)
આત્મજ્ઞાની સંતનો, પ્રસંગ જો બને;
તો જરુર પ્રગટ હરિ, મેળવે તને. વિવેકી૦ (૧)
પ્રગટ અગ્નિથી બને, રસોઈ તો નવી;
અંધકાર જાય, પ્રગટ થાય જો રવિ. વિવેકી૦ (૨)
પ્રગટ અડદથી વડાં, બને મળે યદી[૧];
વાતથી વડાં બની, શકે નહીં કદી. વિવેકી૦ (૩)
તેમ પ્રગટ સંત, પ્રગટ શ્રીહરિ મળે;
જન્મ અને મરણ તણું, દુઃખ તો ટળે. વિવેકી૦ (૪)
ધર્મ જ્ઞાન ભક્તિ ને, વૈરાગ્ય જે વિષે;
એવા સંત સેવતાં જ, મોક્ષતો થશે. વિવેકી૦ (૫)
વારીને વલોવે માખણ, ક્યાં થકી મળે;
તેમ વેશધારી થકી, પાપ શું ? બળે. વિવેકી૦ (૬)
રેતીને પિલાવે ક્યાંથી, તેલ નીકળે;
ઢોંગી ધૂર્ત્ત ગુરુ સેવે તારું શું ? વળે. વિવેકી૦ (૭)
સદ્‌ગુરુ જરુર, ઓલખાય લક્ષણે;
બ્રહ્મનિષ્ઠ સેવતાં જ, કાર્ય તો બણે. વિવેકી૦ (૮)

---

૧. યદી=જો

વિષય તણો ત્યાગ થાય, હૃદય ઉઘડે;
જરુર એહને પ્રસંગે, મોક્ષતો જડે. વિવેકી૦ (૯)
વાંઝણી ધેનુથી દૂધ, ક્યાંથી પામશો;
ધર્મહીન સંત સેવી, ક્યાં ? પછી જશો. વિવેકી૦ (૧૦)
દેવતાને દુર્લભ, સત્સંગ પામીને;
ખચિત ટાળજો, વિવેકી સકલ સ્વામીને. વિવેકી૦ (૧૧)
શ્રીહરિના પુત્ર પૌત્ર, વચન જે વદે;
લક્ષ આણિ દક્ષ[1] સકલ, ધારજો હૃદે. વિવેકી૦ (૧૨)

## ॥ નીતિ વિષે ॥

**રાગ : દક્ષિણી લાવણી, તાલ દાદરા.**

**“નાથ નવ કરો, વાત ઘર જવાનીરે.’ એ રાગ પ્રમાણે.**

પ્રિય હરિજનો વાત કહું સારીરે,
નીતિ વિશેષ, ધરો હમેશ, ટળશે ક્લેશ, સુખ અશેષ,
આપશે મુરારીરે. પ્રિય હરિજનો૦ (ટેક)
ધરમથી રીઝે ધર્મના કુમારરે,
અખિલ ઈશ, શ્રીજગદીશ, તેને ભજીશ, તોજ તરીશ;
ભવસિંધુ[2] આ ભારીરે. પ્રિય હરિજનો૦ (૧)
સત્યને દયા જે ધરે નરનારીરે,
ઉપજે જ્ઞાન, ટળશે માન, હરિનું જ્ઞાન, સુણશે કાન;
ચિત્તવૃત્તિ સુધારીરે. પ્રિય હરિજનો૦ (૨)

**૧. દક્ષ=ડાહ્યા ૨. ભવસિંધુ=સંસારસમુદ્ર**

નીતિ ધરી હરિમાં કરે જ પ્રીતિરે,
દુઃખથી દૂર, થઈ જરુર, પામશે નૂર, એ ભરપૂર;
અતિ થઈ અવિકારીરે[1]. પ્રિય હરિજનો૦ (૩)
અમૃતપાનથી અમર શરીર થાયરે,
નીતિથી તેમ, પામશો ક્ષેમ, તજીને વ્હેમ, ધરજો પ્રેમ
વિનવી વિશ્વવિહારીરે. પ્રિય હરિજનો૦ (૪)

**॥ દુર્લભ મનુષ્ય દેહની પ્રાપ્તિ પછી પ્રાણીનું શું કર્ત્તવ્ય ? તે વિષે ॥**

**રાગ : દક્ષિણી લાવણી, તાલ દાદરા.**

જગતમાં રુડો, જન્મ જરુર પામીરે,
ધરી ઉમંગ, અધિક અંગ, સુસત્સંગ, ના પ્રસંગ;
થી રીઝે બહુ નામીરે. જગતમાં રુડો૦ (ટેક)
મનુષ્ય દેહથી રહી જશે જો ખામીરે,
વારમવાર, બહુ અવતાર, ધરીને માર, પડે અપાર;
રખડશે હરામીરે. જગતમાં રુડો૦ (૧)
હરિ ભજ્યા વિના આવરદા નકામીરે,
ધરમધાર, સત્ય ઉચ્ચાર, દયા વધાર, તજ અસાર;
સુખ દેશે જગ સ્વામીરે. જગતમાં રુડો૦ (૨)
ઘણી દયા કરી ઈશ્વરે દેહ દીધોરે,
શ્રીઘનશ્યામ, નહીં લે નામ, લુણ હરામ, એ નર વામ;
થશે જ નરકગામીરે[2]. જગતમાં રુડો૦ (૩)

---

**૧. અવિકારી=વિકાર રહિત**

**૨. નરકગામી=નરકમાં પડનાર**

વિશ્વવિહારીને ભજશે ભાવ લાવીરે,
થઈ નિષ્કામ, અક્ષર ધામ, માં વિશ્રામ, લેશે તમામ;
સંત કહે કર ભામીરે. જગતમાં રુડો૦ (૪)

### ॥ ત્યાગી પુરુષની સમાન દ્રષ્ટિ વિષે ॥

### રાગ : શિખરિણી છંદ

કદી હાથી ઘોડા કદીક પગ પાળા ગતિ કરે,
કદી સારાં વસ્ત્રો વનકળ કદી સંત તે ધરે;
કદી ભિક્ષા વૃત્તિ કદીક પક્વાન્નો પણ જમે,
હરિ ધારી ઉરે ધીરજ દૃઢ રાખી ભૂમિ ભમે. (૧)
કદી સારી શૈયા કદીક શુભ દર્ભાસન ગમે,
કદી લોકો માને અધિક અપમાને કંઈ સમે;
રહે રાજી રાજી પણ દુઃખથી દાઝી નહિ મરે;
અહો ! એવા સાધુ નિરખી નિરખી અંતર ઠરે. (૨)
ઘણા ઉરે જ્ઞાની અધિક નિરમાની પણ ખરા,
દયા શાન્તિ ક્ષાન્તિ ત્રિગુણપર[1] વૃત્તિ મતિવરા;
અતિશે નિષ્કામી સ્મરણ બહુ નામી તણું કરે,
સુલજ્જામાં સ્નેહી અધિક નિસ્પ્રેહી થઈ ફરે. (૩)
નહીં ઈચ્છે દારા[2] જગત થકી ન્યારા નિત્ય રહે,
નહીં ઈચ્છે સેવા મુદલ પણ મેવા નહીં લહે;
સદા ઈચ્છે શ્રીજી ચરણ રજનું ધ્યાન ધરવું,
સદા ઈચ્છે નીતિ ઉપર ધરી પ્રીતિથી ફરવું. (૪)

---

**૧. ત્રિગુણપર વૃત્તિ મતિવરા=માયાના ત્રણ ગુણ, સત્વ રજ ને તમ તેથી પરવૃત્તિવાળા ને બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ ૨. દારા=સ્ત્રી**

મુમુક્ષુને શોધે અધિક પરબોધે[1] ધરી ધરી,
હરીલે અજ્ઞાન હૃદય મહી વિજ્ઞાન જ કરી;
હરિજીના ગુણો ગણી ગણી મુખે નિત્ય ઉચરે,
અહો ! એવા સાધુ નિરખી નિરખી અંતર ઠરે. (૫)

## ॥ સત્સંગના મહાત્મ્ય વિષે ॥

### ઉપજાતિ છંદ

સત્સંગથી શાસ્ત્ર રૂડાં સુણાય,
સત્સંગથી શ્રીહરિ ઓળખાય;
સત્સંગથી ધર્મ પળાય ભાઈ,
ન્હૈ એહને તુલ્ય અમૂલ્ય કાંઈ. (૧)
સત્સંગથી મોક્ષ મહા મળે છે,
બહુ બહુ બંધન તો ટળે છે;
સત્સંગ તો સુરતરુ[2] સમાન,
ઈચ્છિત આપે ફળને નિદાન. (૨)
ગંગા વિષે સ્નાન કરે જઈને,
ગંગા કરે પાવન તો જ તેને;
સત્સંગનો તો ગુણ જેહ લે છે,
તેને મહા મોક્ષ અમૂલ્ય દે છે. (૩)
ત્રિવિધિના[3] તો ટળી જાય તાપ,
ત્રિવિધિનાં તો બળી જાય પાપ;

**૧. પરબોધે=જ્ઞાન આપે ૨. સુરતરુ=કલ્પવૃક્ષ**
**૩. ત્રિવિધિતાપ=અધ્યાત્મ અધિભૂત ને અધિદૈવ. (ત્રિવિધિનાં તો બળી જાય પાપ.) એટલે કાયિક, વાચિક ને માનસિક પાપ. ત્રિવિધ માયા ગુણનો ઉથાપ. કહેતાં. રજોગુણ, સત્વગુણ ને તમોગુણ એ ત્રણ પ્રકારની માયા.**

ત્રિવિધ માયા ગુણનો ઉથાપ,
સત્સંગનો છે મહિમા અમાપ. (૪)
સુધાતણું પાન સુખી કરે છે,
ચિંતામણી ઈચ્છિત તો પૂરે છે;
મણી અડે લોહ સુવર્ણ થાય,
સત્સંગમાં તે ગુણ સૌ સમાય. (૫)
પ્રલ્હાદને[૧] ધ્રુવ વિભીષણાદિ,
પામ્યા દિસે જેહ મહત્વ ગાદી;
શશી તથા સૂરજ સુખીઆછે,
સત્સંગથી તેહ સહુ થયાછે. (૬)
જરૂર જ્યાં લાભ જરી જણાય,
વેપારી તો તુરત ત્યાંજ જાય;
વણિક તુલ્યે સુવિવેકી જે છે,
સત્સંગનો લાભ અપૂર્વ લે છે. (૭)
ફણીંદ્રને[૨] તો મણી પ્રિય લાગે,
તજાવતાં તો કદિયે ન ત્યાગે;
તેવી રીતે સજ્જન પ્રાણી તેહ,
સત્સંગનો ત્યાગ કરે ન તેહ. (૮)
જો નાવનો આશ્રય તો કરે છે,
તો તુચ્છ ચિજો નિધિમાં તરે છે,
જો અલ્પ પ્રાણી સતસંગ ધારે,
સંસાર સિંધુ થકી તે ઉતારે. (૯)

**૧. પ્રલ્હાદજીને નારદમુનિ મળ્યા તથા ધ્રુવજીને પણ તે જ ઋષીજીએ ઉપદેશ દીધો હતો. ૨. ફણીંદ્ર=ફણાવાળામાં શ્રેષ્ઠ-મણિધર સર્પ**

## ॥ શ્રીજીમહારાજને અતિકષ્ટમાં વિજ્ઞપ્તિ ॥

**"મીઠડાં ગોરસ લ્યોરે ગોરસ લ્યો" એ રાગ પ્રમાણે.**

કોઈ શ્રીજી સમીપે જાઓરે, કહેજો વાતડીરે પ્રેમની;
કોઈ શ્રીજી૦ (ટેક)
પહેલી પ્રીત જણાવીને, બળવંતે ઝાલ્યાં બાંહ્ય;
તરછોડ્યાં પછી ત્રિકમા, નાખ્યાં દુઃખ દરિયાની માંહ્યરે.
કહેજો વાતડીરે૦ (૧)
પ્રેમી કેરા પ્રાણછો, પ્રેમીના આધાર;
પ્રેમી હોયતે ઓળખે, છો પ્રેમીતે ધર્મકુમારરે.
કહેજો વાતડીરે૦ (૨)
સદા સંગાથે રાખતા, દીનને દીનાનાથ;
રણવગડામાં આ સમે, મેલી ચાલ્યા અમારો સાથરે.
કહેજો વાતડીરે૦ (૩)
કુટિલ હૃદયની કંસની, દાસી કુબજા નામ;
તે વશ થઈ ત્રિભુવન ધણી, તમે ત્યાગ્યું આ ગોકુળ ગામરે.
કહેજો વાતડીરે૦ (૪)
કેશવ કુબજા વસ તમે, વરતો છો દિનરાત;
કોડિલા વર કહાનજી, તમે ના જોઈ જાત કુજાતરે.
કહેજો વાતડીરે૦ (૫)
જેમ જેમ તમ સાથે અમે, પ્રિતમ જોડી પ્રીત;
તેમ તેમ ત્રિકમજી તમે, થયા નાથ નમેરા ખચિતરે.
કહેજો વાતડીરે૦ (૬)

અમૃત રસને પાઈને, ઉછેર્યાં અલબેલ;
ઝાઝું જીવન ઝેરતે, છેક પાઓમાં હવે છેલરે.
કહેજો વાતડીરે૦ (૭)

ફાવે તેમ તમે કરો, મારો જીવાડો નાથ;
ઉરથી અળગા નહીં કરું, જેમ મચ્છને જળ સુખપાથરે.
કહેજો વાતડીરે૦ (૮)

ભગવત સુતને સાંભરે, શામળિયા તવ સ્નેહ;
દિનદિન પ્રત્યે દેહમાં, મુને ઉપજ્યો વ્યાધિ એહરે.
કહેજો વાતડીરે૦ (૯)

**॥ સાચા સંતના ગુણ વિષે ॥**
**(ઉપજાતિ છંદ)**

મર્યાદ બાંધેલ સ્વધર્મકેરી, પાળે સદા પ્રીત ધરી ઘણેરી;
લોપે જરાએ નહીં નિમ જેહ,
સાચ પ્રભુના શુભ સંત તેહ. (૧)
સૂજે નહીં ગ્રામ્ય[૧] કથા પ્રસંગ,
અખંડ ભક્તિ પથમાં[૨] ઉમંગ;
મિથ્યા ગણે દુઃખદ નિજદેહ,
સાચા પ્રભુના શુભ સંત તેહ. (૨)
આત્મા તણો નિત્ય કરે વિચાર,
અસાર સંસાર ગણે અપાર;
નારી થકી નિત્યજ નિસ્પ્રેહ,
સાચા પ્રભુના શુભ સંત તેહ. (૩)

---

**૧. ગ્રામ્યકથા=સાંસારિક વાર્તા**
**૨. પથમાં=માર્ગમાં**

મુમુક્ષુને બોધ અખંડ આપે,
કંકાસને ક્લેશ હમેશ કાપે;
પો'ચાડી દે અક્ષરધામ એહ,
સાચા પ્રભુના શુભ સંત તેહ. (૪)
દયાળુ ને દંભ રહિત ચિત્ત,
સુજ્ઞાન વિજ્ઞાન ક્ષમા સહિત;
સદૈવ નારાયણમાંજ નેહ,
સાચા પ્રભુના શુભ સંત તેહ. (૫)

**॥ સત્શાસ્ત્રના લક્ષણ વિષે ॥**

**(વૈતાલિય છંદ)**

સત્‌શાસ્ત્રની વિગતિ કહું,
સુણજો સ્નેહ ધરી તમે સહુ;
સુણીએ સદ્‌ગ્રંથ સાદરે,
ઉપજે જ્ઞાન અખંડ અંતરે. (૧)
પશુ ઘાત ન કહી જે વિષે,
સુસદાચાર લખેલ તો દિસે;
બહુ જ્ઞાન વિનોદ આણીએ,
શુભ તે તો સત્શાસ્ત્ર જાણીએ. (૨)
લખી મોક્ષ ગતિ પવિત્ર છે,
હિતકારી હરિનાં ચરિત્ર છે
શ્રુતિમાર્ગ[૧] વળી વખાણીએ,
શુભ તે તો સત્‌શાસ્ત્ર જાણીએ. (૩)

**૧. શ્રુતિમાગ=વેદમાં કહેલો સનાતનધર્મ, જેમાં વર્ણવેલો હોય તે.**

અગણિત સુબોધ ઉચર્યા,
વનિતાની[1] નહીં વારતા જરા;
હિતતે કરતા અનંતનું,
સુણી રાજી મન થાય સંતનું. (૪)
કદી પ્રાચીન[2] ગ્રંથ હોયતે,
કદી અર્વાચીન[3] હોય તોયતે;
સર્વોપરી સર્વ શાસ્ત્રથી,
ઉરશાંતિ ઉપજેજ એહથી. (૫)

## ॥ સર્વોપરી મુક્તિ વિષે ॥
### (શાર્દૂલવિક્રીડિતવૃત્ત)

ત્યાગી ભૌતિક[4] દેહ અક્ષરવિષે, સુખે કરીને જવું,
રાધા લક્ષ્મી સમાન પ્રેમ ધરીને, શ્રીજી સમીપે થવું;
સેવા શ્રીહરિની સદૈવ કરવી, ત્યાં દિવ્ય દેહે કરી,
માની ઉદ્ધવ પંથમાં સુખ થવા, તે મુક્તિ સર્વોપરી. (૧)
આત્યંતિક[5] સુમોક્ષની અતિ ઘણી, જો ઉર ઈચ્છા ધરો,
પ્રીત્યે શ્રીહરિને પ્રસન્ન કરવા, સત્સંગતો આશરો;
સત્સંગેથી અનેક ખામી ટળશે, સૌ સિદ્ધિને પામશો,
ક્યારે સંગ કુસંગનો સમજીને, શાણા નહિ સેવશો. (૨)

---

**૧. વનિતા=સ્ત્રી**
**૨. પ્રાચીન=મુનિકૃત**
**૩. અર્વાચીન=હાલના કવિનો કરેલો ગ્રંથ**
**૪. ભૌતિક દેહ=પંચભૂતથી થયેલું આ શરીર**
**૫. આત્યંતિક મોક્ષ=દિવ્યભાવગતિ શરીરથી અક્ષરધામમાં શ્રીસહજાનંદસ્વામીની સેવામાં રહેવું તે**

## ॥ શ્રીજી મહારાજના વિયોગ વિષે ॥

### સ્વેચ્છારાગ

સખી નટવર ધરમકુમાર,
મેલીને મને આજ ગયારે ત્યાગી દયા; સખી૦ (ટેક)
થરથર કાયા થાય છે, ખર ખર આંસુ ધાર;
ચરચર ઉરમાં હરઘડી, દુઃખનો વાર ન પાર.
દરદ દિલ થાય, દિવસ કેમ જાય ? કરું શું ઉપાય ?
હરિવર કઠણ થયારે ત્યાગી દયા. સખી૦ (૧)
જેના પુણ્ય પ્રતાપથી, અગણિત પામ્યાં સુખ,
તે આ વેળા કઠણ થઈ, દામોદર દે દુઃખ.
ઘટાડ્યું હેત, તજીને નિકેત[1], સુસ્નેહ સમેત,
રાખ્યા નહીં નાથ રહ્યારે ત્યાગી દયા. સખી નટવર૦ (૨)
અમૃત પાઈ ઉછેરિયાં, ઘણાં લડાવ્યાં લાડ;
શ્રીજી જતાં શિર ઉગિયાં, ઝાઝાં દુઃખનાં ઝાડ.
સખી ઘનશ્યામ, કરે શું ? આમ, તજી મુજ ધામ,
વેરણને સંગ વહ્યારે ત્યાગી દયા. સખી નટવર૦ (૩)
અશરણ શરણના ચરણની, અખંડ મારે આશ;
એહ વિના આ લોકથી, અંતર અધિક ઉદાસ.
મળે મહારાજ, સરે સૌ કાજ, હરે મુજ દાઝ,
જતાં જે બોલ કહ્યારે ત્યાગી દયા. સખી નટવર૦ (૪)
વિશ્વવિહારીલાલજી, સકળ કળા ગુણ જાણ;
એ મારા દુઃખથી જરા, કહી નહીં હોય અજાણ.

---

**૧. નિકેત=સ્થાન**

દિવસ અને રાત, વિનવિ નરભ્રાત[૧], સ્મરું હું સાક્ષાત્,
ગુણવંત જાણી ગ્રહ્યારે ત્યાગી દયા. સખી નટવર૦ (૫)

**॥ શ્રીકૃષ્ણ ભગવાન મથુરાં ગયા ત્યાર પછી ગોપના વિલાપ વિષે ॥**

**રાગ : કહેરવા**

**"મોરા બલમા ગવન લહે જાયરે, કરવદાંકી છૈયાં છૈયાં" એ રાગ પ્રમાણે.**

વ્રજવાસીનો પ્રેમ અપારરે, સુણો સ્નેહ ધારી ધારી;
અવિનાશી વિષે એક તારરે, સુણો સ્નેહ ધારી ધારી. (ટેક)
ક્રુર અક્રુર શ્રીકૃષ્ણનેરે, લઈ ચાલ્યા જે કાલ;
વા'લો વળાવીને સહુ વળ્યા,
જેને નથી શરીરની સંભાળરે. સુણો૦ (૧)
મુકે નિશાસા મુખથીરે, આંખે આંસુડાની ધાર;
પ્રેમ વડે પરવશ થયા,
જાતાં મથુરાં શ્રીજગદાધારરે. સુણો૦ (૨)
વૃદ્ધને બાળક સહુ મળીરે, બેઠા ગોકુલ મોઝાર;
વા'લો ગયા એ વારતાનો,
કરવા લાગ્યા વિચારરે. સુણો૦ (૩)
વૃદ્ધ ગોપ કહે આપણેરે, હતી શ્રીકૃષ્ણની સહાય;
ઓચિંતુ દુઃખ જ્યારે આવતું,
ત્યારે અલબેલો રચતા ઉપાયરે. સુણો૦ (૪)

---

૧. નરભ્રાત=નરવીર=નરનારાયણ દેવ

બહુ બહુ બાળક મારતીરે, પૂતના આવી પ્રચંડ;
પયસાથે[1] પ્રાણ કાઢીને,
દીધો દામોદરે ખૂબ દંડરે. સુણો૦ (૫)
વ્રજ ઘેર્યું વંટોળિયેરે, તેને હણ્યો મહારાજ;
પ્રૌઢ શિલામાં પછાડિયો,
જેમ તેતરને મારે બાજરે[2]. સુણો૦ (૬)
અજગરના ઉદર વિષેરે, બાળક વચ્છ બળી જાત;
ચીરી નાખ્યો તેને ચપટીમાં,
થઈ સહાય શ્રીબલભદ્ર ભ્રાતરે. સુણો૦ (૭)
ગોકુલ બોળી નાંખવારે, ઈંદ્રે કર્યો ઘણો કોપ;
કર પર ગિરિવરને ધર્યો, સાથે લઈ સખા ગોપરે. (૮)
જમુનાં જળનાં ઝેરથીરે, આપણ હતા સહુ અધીર;
કાલીનાગને કાઢીને, કર્યું નિરમલ જમુનાનું નીરરે. (૯)
વાર્ષિક કર લેતો ઘણોરે, કંસ અતિશે ક્રૂર;
વા'લે એ દુઃખ વિચારીને,
તેને મારી કર્યો ચકચૂરરે. સુણો૦ (૧૦)
એવાં અગણિત કષ્ટમાંરે, આંસું લે'તાં અલબેલ;
તે આપણને આ સમે,
છેક છોડી ગયા જુઓ છેલરે. સુણો૦ (૧૧)
વચન સુણી વૃદ્ધ ગોપનાંરે, બાળક ઉચર્યા બોલ;
કૃષ્ણ વિના આનંદમાં,
અમે ક્યાં જઈ કરશું ટોળ રે. સુણો૦ (૧૨)

---

**૧.** પય=દૂધ
**૨.** બાજ=સિંચાણો એક પક્ષી

ચકરડીને ભમરડી લઈરે, સઘળા રમતા સાથ;
બાપચી કુંડામાં અમે,
બળથી ભરતા બાથરે. સુણો૦ (૧૩)
વાઘ બકરીની રમતાંરે, મારતો હું કૃષ્ણને માર;
દાવ આવે મુજ ઉપરે,
એ પણ થતા અસવારરે. સુણો૦ (૧૪)
એક કહે હું કૃષ્ણનીરે, સાથે ચરાવતો ઢોર;
બીજો કહે હું બોરડીનાં,
વીણીને આપતો બોરરે. સુણો૦ (૧૫)
ગોવાળ મંડળીમાં અમેરે, જમાડતા રુડી પેર;
ખાતા પીતા ખૂબ ખેલતા,
હતી લાખેણી ઘણી લહેરરે. સુણો૦ (૧૬)
ગમતું નથી ઘરમાં હવેરે, રાત દિવસ કેમ જાય;
વહાલો ગયા એ વિરહનો,
અગ્નિ કેમ ઓલાયરે. સુણો૦ (૧૭)
હરિ ચરિત્ર સંભારતાંરે, કેટલોક ગયો એમ કાળ;
શામનો સંદેશો આવ્યો નહીં,
તેથી મનમાં મુંઝાણા ગોવાળરે. સુણો૦ (૧૮)
ગોપ મળી મથુરા ગયારે, શ્રીમહાપ્રભુજીની પાસ;
અરજી મન મરજી તણી,
કાંઈ કરવા પૂરણ પ્રકાશરે. સુણો૦ (૧૯)
જઈને નમ્યા જગદીશનેરે, કરીને દંડ પ્રણામ;
ઉરનો આશય ઉચર્યા,
પછી અલબેલો સુણતા આમરે. સુણો૦ (૨૦)

વિશ્વવિહારીલાલજીરે, છોજી ગરીબ નિવાજ;
સ્નેહ વચન સંભળાવવા,
અમે આવ્યા છિયે પ્રભુ આજરે. સુણો૦ (૨૧)

## ॥ ગોપની અરજી ॥

**રાગ : ઉપર પ્રમાણે**

બોલ્યા ગોપ મળીને ગુણવંતરે, સુણો સ્નેહ આણી આણી;
થઈ દિલગીર દિલમાં અત્યંતરે, સુણો સ્નેહ આણી આણી.
પ્રેમ સહિત પ્રભુ સાંભળોરે, મિત્ર વચન મહારાજ;
અરજી કરવા આપને, એક આવ્યા છિયે અમે આજરે. સુણો૦ (૧)
હે ! શ્રીકૃષ્ણ તમે ઘણારે, છોજી ચતુર સુજાણ;
આપ અમારા છો સદા, પ્રિતમ જીવન પ્રાણરે. સુણો૦ (૨)
બાલાપણમાંથી અમેરે, સ્નેહ કીધો તમ સાથ;
અંતર અરપ્યું આપને, નવલવિહારીનાથરે. સુણો૦ (૩)
નિશદિન તમ સાથે ફર્યારે, કરવુ મુકી ઘરકામ,
જેમ કહો તેમ કરતા અમે, કામ તમારાં તમામરે. સુણો૦ (૪)
રમતા જમતા સાથમાંરે, ક્ષણ નહીં રહેતા દૂર;
ઘણા દિવસનો સ્નેહ તે, તમે જીવન તોડ્યો જરુરરે. સુણો૦ (૫)
મથુરા નગરમાં નાથજીરે, પામ્યા રુડું રાજ પાટ;
એ કારણ અમને તજ્યા, એથી થાય ઘણા ઉચાટરે. સુણો૦ (૬)
આવું કરવું હતું તો હરિરે, પહેલાં બાંધી કેમ ? પ્રીત;
મરજી અમારી સાચવીને, ચોરી લીધું તમે ચિત્તરે. સુણો૦ (૭)
મન અમારું આપમાંરે, જ્યારે થયું એકતાર;
હવે ગરજ નથી રાખતા, ભલો ભજાવ્યો મિત્રાચારરે. સુણો૦ (૮)

કપટ વચન કહેતા હતારે, સ્નેહથી રાખીશ સંગ;
મથુરા નગરમાં પેસતાં, તમે જુદો ધરી લીધો રંગરે. સુણો૦ (૯)
અરજી કરી એ માગીએરે, સ્નેહ રાખો ભરપૂર;
રાજપાટ સુખ સાજની, અવર ન ઈચ્છા ઉરરે. સુણો૦ (૧૦)
હસી બોલાવો હેતમાંરે, વહાલપથી કરો વાત;
મુખ નિરખીને આપનું, અમે રાજી રહેશું દિન રાતરે. સુણો૦ (૧૧)
અમ ઉપર કદી આપનોરે, સ્નેહ ગયો હોય શામ;
પણ સ્નેહે બોલાવતાં, કાંઈ દેવા પડે નહીં દામરે. સુણો૦ (૧૨)
નેહ વડે નથી નિરખતારે જ્યારે નંદકુમાર;
ત્યારે અમારા ઉરમાં, ઉપજે અનેક વિચારરે. સુણો૦ (૧૩)
ચરચર દાઝે ચિત્તડુંરે, ખરખર આંસુ ધાર;
પ્યારા પ્રીતિ સંભારતા, દુઃખનો વાર ન પારરે. સુણો૦ (૧૪)
ગુણવંત ગોપના ઉપરેરે, દિન દિન રહેજો દયાળ;
વિશ્વવિહારીલાલજી, સમે સમે તે લેજો સંભાળરે. સુણો૦ (૧૫)

## ॥ વરતાલપુરવાસી શ્રીહરિકૃષ્ણમહારાજ અક્ષરપતિને વિનતિ વિષે ॥

### રાગ : સોરઠી ગઝલ પદ

વરતાલવાસીને વિનવું, હરિકૃષ્ણજી મહારાજને; (ટેક)
અક્ષરપતિ લક્ષ્મીપતિ, સાધુપતિ સેવું અતિ;
ગોવિંદ ગુણ જહાજને, હરિકૃષ્ણજી૦ (૧)
પ્રગટ્યા શ્રીભક્તિધર્મથી, ઉગારિયા તો અધર્મથી;
સુખી કીધો સંત સમાજને, હરિકૃષ્ણજી૦ (૨)
અમાપ પ્રૌઢ પ્રતાપ છે, અવતારી આપો આપ છે;
કરે કોટી જનના કાજને. હરિકૃષ્ણજી૦ (૩)

વૃષકુળ ભાણ સુજાણ છે, જન પ્રાણ સુખની ખાણ છે;
શ્રીભગવત સુત શિરતાજને. હરિકૃષ્ણજી૦ (૪)

### રાગ : સોરઠી ગઝલ પદ

નિત્ય નિરખું નેણાં ભરી, છબિ સ્નેહે શ્રીઘનશ્યામની. (ટેક)
રવિ કોટી તૂલ્ય પ્રકાશ છે, અંગો અંગે અધિક ઉજાસ છે;
અક્ષરમુક્તને છે આરામની. છબી૦ (૧)
મુખ પૂર્ણચંદ્ર સમાન છે, ભગવાન ભીને વાન છે;
શોભા શી ? કહું સુખધામી. છબી૦ (૨)
જેમ ઝળકે મેઘમાં વિજળી, એમ આભરણ છબી અંગે મળી;
પ્યારી મૂરતિ પૂરણકામની. છબી૦ (૩)
વિશ્વેશ્વર વિશ્વવિહારીને, રહું રાજી ઉરમાં ધારીને;
રટું માળા હરિ ગુણગ્રામની. છબી૦ (૪)

### ॥ ભરુચના ઠાકોરજી વિષે ॥

**“સોના સમોવડ નથી નૃપજગમાં” એ રાગ પ્રમાણે.**

ભૃગુપુર વાસી શ્રીહરિજી છે, સકલ જગત સ્વામી. (ટેક)
શુભ સદ્‌ગુરુ આનંદ મુનિ, ખ્યાતિ સત્‌સંગ વિષે જેની;
કર્યું તેણે મંદિર મુદ પામી. ભૃગુપુર (૧)
પછી રઘુવીરજી મહારાજે, દેવ સ્થાપ્યા નિજજનકાજે;
નામ કહું તેનાં શિરનામી. ભૃગુપુર (૨)
કૃષ્ણ બળદેવ જે પરમાણો, શ્રીજી રામપ્રતાપજી જાણો;
રેવતિ સુવાસની નામી. ભૃગુપુર (૩)
પ્રસાદિની પ્રતિમા એ છે, દિવ્ય દરશનથી સુખ દે છે;
મહા બલવંત છે બહુ નામી. ભૃગુપુર (૪)

મહાશંકર મન મુદ આણી, બીજા મંદિરની જુગતિ જાણી;
દેવ સ્થાપ્યાની રુચિ જામી. ભૃગુપુર (૫)
પછી ઓગણી બાવન સાલે, સુદી ફાગણ દશમી કાલે;
તેડ્યા આચારજ શુભગામી. ભૃગુપુર (૬)
રઘુવીર સુત સુતની પાસે, સ્થપાવી મૂરતિ શુભ આશે;
નામ કહું તેનાં દુઃખ વામી. ભૃગુપુર (૭)
ધર્મને શુભ ભક્તિ દેવી, સુખ મલે હરિકૃષ્ણ સેવી;
એહ છે અક્ષરના ધામી. ભૃગુપુર (૮)
પ્રગટ પરચા પ્રભુજી આપે, કષ્ટ કોટી જનનાં કાપે;
અહો ! અકલિત અંતરજામી. ભૃગુપુર (૯)
વિશ્વવિહારીલાલ તણાં, ટળે દર્શનથી દુઃખ ઘણાં;
રહે નહીં ચતુરવર્ગ[1] ખામી. ભૃગુપુર. (૧૦)

## ॥ ઉપદેશ વિષે ॥

(રાગ : ગઝલ)

**“જગતમેં જીવના થોરા; મ ભૂલે દેખી તન ગોરા.”**
**એ રાગ પ્રમાણે.**

પ્રગટ પ્રભુજી મળ્યા જેને; નથી ખામી કસી તેને. (૧)
કર્યા જગદીશ જેણે રાજી; તેણે સહુ દેવ પૂજ્યાજી. (૨)
કર્યું હેત સંતની સાથે; મરણ દુઃખ ના રહે માથે. (૩)
પામી નર દેહ આ રુડો; તજ્યો કુસંગતો કુડો. (૪)
ધર્યો શુભ ધર્મ જો અંગે; થયા તે શુદ્ધ સત્‌સંગે. (૫)
પ્રગટની ભક્તિ જો ભાવે, તેના ગુણ દેવ નિત્ય ગાવે. (૬)

**૧. ચતુરવર્ગ=ધર્મ, અર્થ, કામ ને મોક્ષ**

ધર્યો વૈરાગ્ય દૃઢ જેણે, વિષયસુખ તુચ્છ ગણ્યું તેણે. (૭)
ભજે નિત્ય વિશ્વવિહારી, ધન્ય નરદેહ તે ધારી. (૮)

## ગરબાવલી

### ॥ માણકી ઘોડી ઉપર વિરાજમાન શ્રીહરિના વર્ણન વિષે ॥

**“લટકાળા તારે લટકેરે, લહેરખડા હું લોભાણી;”**
**એ રાગ પ્રમાણે.**

માણકીએ ચઢી વનમાળીરે, મનમોહન મંદિર આવો;
ગ્રહી હાથે લગામ રૂપાળીરે, લાડકડા મન લલચાવો. (ટેક)
શિર પાઘ ધરી સોનેરીરે, છોગાની છબિ અતિછાજે;
હેતે ફૂલ તોરા હેરીરે, આનંદ ઉભરાયે આજે. (૧)
શિરપેચ કલંગી નિરખીરે, અંતરમાં શાંતિ આણું;
આંટાની છટા જોઈ સરખીરે, જનમ સુફળ મારો જાણું. (૨)
રહી વામભાગ[1] પર લટકીરે, પાઘ પ્રિતમજી પેચાળી;
એવી છબિ ઉરમાં અટકીરે, નેહ વડે મેં નિહાળી. (૩)
આવો આવોને અલબેલારે, સંગ સખા લઈ અસવારી;
ભગવત સુતના રંગ છેલારે, તન મન ધન તમ વારી. (૪)

### રાગ : ગઝલ

મરમાળા મૂરતિ તમારીરે, જોઈ જોઈ મોહી રહ્યું મનડું;
છે જીવન દોરી અમારી રે, ટાઢું થાય મળી તનડું. (ટેક)
છે ભાલ વિશાળ રૂપાળુંરે, ભૃકુટી કામ કમાન બણી;
ભૂધરજી તિલક ભાળુંરે, ઉપજે પ્રીતિ ઉર ઘણી. (૧)

---

**૧.** વામભાગ=ડાબો ભાગ તે ઉપર

આંખડલી બેઉ અણીઆળીરે, ચપળ કમળ દળના જેવી;
નિત્ય નિરખું નેહે નિહાળીરે, નથી ઉપમા બીજી એવી. (૨)
છે ગૌર કપોળ અનોપમરે, શ્રવણ[૧] જુગલ શોભે સારા;
ફૂલના ગુચ્છ કાને ઉત્તમરે, ધર્મકુંવર લાગો પ્યારા. (૩)
છે દીપ[૨] શિખા અનુસારેરે, નાસિકા શુક[૩] ચંચુસમી;
ભગવત સુત ઉરમાં ધારેરે, ગુણિયલ મૂરતિ મનમાં ગમી. (૪)

**રાગ : ગઝલ**

મોહન મન તમ સંગ વળગ્યુંરે, પ્રેમે પધારો પ્રિતમજી;
કોઈ રીતે નવ થાય અળગુંરે, પ્રાણપતિ પુરુષોત્તમજી. (ટેક)
વા'લા જોઈને વદન તમારુરે, ક્ષીણ થઈ શશી ગગન ગયો.
વા'લા ધન્ય ધન્ય ભાગ્ય અમારુંરે, એ મુખનો મેળાપ થયો.
વા'લા હસ્તા હસ્તા હેતેરે, દંતછબિ દરશાવો છો;
આનંદ ઉપજાવી ચિત્તેરે, અલબેલા ઘેર આવો છો. (૨)
વા'લા અધરછબિને જોઈરે, પેટ વિંધાવ્યું પરવાળે;
ચિબુક[૪] છબિમાં ચિત્ત પ્રોઈરે, મુનિજન નેહે નિહાળે. (૩)
ગહેરે સ્વરે ગિરધર ગાતારે, સેજ પધારો સોહાગી;
ભગવતસુતના સુખ દાતારે, તમ સંગ મુજ લગની લાગી. (૪)

**રાગ : ગઝલ**

જોઈ ગુણસાગર ગિરધારીરે, નવલ સનેહી પ્રાણપતિ;
મનવૃત્તિ ઠરે છે મારીરે, ઉપજે છે ઉર હરખ અતિ. (ટેક)

---

**૧. શ્રવણ=કાન, જુગલ=બે ૨. દીપશિખા=દીવાની જ્યોતિ**
**૩. શુકચંચ=પોપટની ચાંચ ૪. ચિબુક=હડપચી**

રૂડી ઉપડતી છે છાતીરે, તારા સમ સ્તન શોભી રહ્યાં;
ભુજ શોભા નથી વર્ણવાતીરે, આશ્રિતને અભેકારી થયા. (૧)
ઉદર ઉપર છે ત્રિવળી રે, નાભી ગોળ ગંભીર ઘણી;
ઉપવીત ધરી છે ઉજળીરે, ઉત્તમ છબિ છે એહ તણી. (૨)
કટી પીતાંબરથી શોભેરે, જુગ જંઘા રંભા[1] જેવી;
સાથળ પિંડી મન લોભેરે, સુખ લહુ ચરણ કમળ સેવી. (૩)
ગિરધર ખેલાવી ઘોડીરે, વાલમ આંગણિયે વિચરો;
ભગવત્ સુત કહે કર જોડીરે, મુજ મંદિરમાં વાસ કરો. (૪)

**॥ ભૃગુપુરના મંદિરમાં મૂર્તિના વર્ણન વિષે ॥**

**(દોહરો)**

ભાળ્યું શ્રીભૃગુપુરમાં, ધર્મ તનુજનું ધામ;
જેમાં પ્રગટ પ્રભુ વસે, શ્રીહરિ પૂરણકામ. (૧)
મંદિરથી દક્ષિણ દિશે, વહે નર્મદા નીર;
નિર્મળ જળ જેનું અતિ, ત્રિભુવન પાવન તીર. (૨)

**''સરવે સખી જીવન જોવાને ચાલોરે,'' એ રાગ પ્રમાણે.**

ભરુચમાં જોયા મેં ભવભયહારીરે,
જે છે વા'લો અક્ષરપતિ અવતારીરે. (ટેક)
પૂર્વતણું મંદિર જેહ અનૂપરે,
તેમાં શોભે શ્રીજી ધર્મકુળ ભૂપરે. (૧)
અંગો અંગ શોભા અલૌકિક જોઈરે,
જન તણાં મન રહે તેમાં મોહીરે. (૨)

૧. રંભા=કેળ સ્તંભ

ધર્યાં વા'લે વસ્ત્ર અને અલંકારરે,
મંદમંદ હસે છે ધરમકુમારરે. (૩)
ધર્મ અને ભક્તિ માતા સુખકારીરે,
જોડે ઉભા વા'લો શ્રીવિશ્વવિહારીરે. (૪)

**રાગ : ગઝલ**

મધ્ય તણું મંદિર જે કહેવાયરે,
તેમાં શોભે શ્રીકૃષ્ણ બળદેવરાયરે. (ટેક)
રેવતીજી રાજે છે રૂપ રસાલરે,
જમણા કરે ધરી રુડી ફૂલમાળરે. (૧)
ડાબા કર વિષે કંચનની ઝારીરે,
રાજી કરવા પ્રભુજીને રહ્યા ધારીરે. (૨)
બાળ હરિકૃષ્ણજી કેરું સ્વરૂપરે,
શોભે લાલજીની જોડે સુખરૂપરે. (૩)
બલભદ્ર શાન્ત સ્વરૂપ છે શુદ્ધરે,
હાથ વિષે હળ મુશળ આયુદ્ધરે. (૪)
શોભે છે શ્રીકૃષ્ણજી સદા કિશોરરે,
એ છે વાલો વિશ્વવિહારી ચિત્ત ચોરરે. (૫)

**રાગ : ગઝલ**

પશ્ચિમનું જે મનોહર મંદિરરે,
તેમાં સુખ સજ્યા રાજે છે રુચિરરે. (ટેક)
ચાંદી તણી ચિત્ર પ્રતિમા જેહરે,
ધર્મપુત્ર કેરી અલૌકિક એહરે. (૧)

તેજ અંગો અંગમાં દિસે અપારરે,
ઉભા આવી સ્વયં અક્ષર આધારરે. (૨)
બીજી ચિત્ર મૂરતિયો તેમાં રંગિતરે,
તેહ પણ તેવી ને તેવી શોભિતરે. (૩)
દર્શન કરતાં પાપ પ્રલય થઈ જાયરે,
રીઝે વા'લો વિશ્વવિહારીરાયરે. (૪)

**રાગ : ગઝલ**

પશ્ચિમની રુપ ચોકી જે રુપાળીરે,
દેરિયો ત્યાં બે નૌતમ નિહાળીરે. (ટેક)
તેમાં હર[1] હેરંબને હનુમાનરે,
સામા સામી શોભી રહ્યા ગુણવાનરે. (૧)
ઉમિયાજી નંદીશ્વર રિદ્ધિબુદ્ધિરે,
વંદે જેને વિનય આપી વિબુદ્ધરે. (૨)
ઘુમટમાં સોનેરી રંગે રંગિતરે,
શ્રીજી તણાં રૂપ શોભે અગણિતરે. (૩)
જોઈ જોઈ મોહિ રહે જનવૃંદરે,
સદા વિશ્વવિહારીજી સુખકંદરે. (૪)

**રાગ : ગઝલ**

ભૃગુપુરનું શિખરબંધ મંદિરરે,
શોભા તેની જોતાં રહે જન સ્થિરરે. (ટેક)
જાણે હિમાચલનાં શિખર જેહરે,
આવ્યાં અહીં પ્રભુને સેવવા એહરે. (૧)

૧. દક્ષણાદિ દેરીમાં હર=શંકર, હેરંબ-ગણપતિજી તથા, ઉત્તરાદિ દેરીમાં શ્રીહનુમાનજી

સોના તણા કળશ ઝળકે અપારરે,
જાણે ચંદ્ર સૂરજ તેજ અંબારરે. (૨)
ધ્વજ[1] હાલી બોલતો એમ જણાયરે,
મોક્ષ માટે લોક આવો સહુ આંયરે. (૩)
જાણી ભૃગુ ઋષિનું સ્થળ સુખકારીરે,
વસ્યા અહીં વા'લો શ્રીવિશ્વવિહારીરે. (૪)

**છપય છંદ**

આનંદાનંદ જેહ, અનોપમ સદ્ગુરુ સ્વામી,
તેણે શિખર એહ, કર્યું પૂરણ મુદ પામી;
શ્રીહરિજીના પુત્ર, રઘુવીરજી મહારાજે,
સ્થાપ્યા તેમાં દેવ, કોટીજનના સુખ કાજે;
ધન્ય ભાગ્ય તેહ નર નારીનાં, જે જાત્રા ભૃગુપુર કરે,
ભૌતિક દેહ ત્યાગી સુખે, અક્ષરધામે સંચરે. (૧)

**॥ હૃદયરૂપી મંદિરમાં પરમેશ્વરને પધરાવવાની વિનંતી વિષે ॥**

**રાગ : ગરબી**

**"સખી લાવોને કાગળ એક લખીએ હરિનેરે, હરિ શો છે ?**
**હમારો વાંક નાવ્યા ફરીનેરે;" એ રાગ પ્રમાણે.**

સખી અંતરની કહુ વાત, આજ હરિનેરે;
આવો મંદિરમાં મહારાજ, મહેર કરીનેરે. (ટેક)
તમ વિના ત્રિભુવનરાય, સુનાં ફરીએરે;
કહો અંતરમાં કેઈ પેર, ધીરજ ધરીએરે. (૧)

૧. ધ્વજ હાલી બોલતો=શિખર ઉપરનો ધજાગરો વાયુથી હાલે છે. (તે એમ જણાવે છે કે મોક્ષને માટે સર્વ અહીં આવો)

નથી ગમતું ઘરનું કામ, અધિક ઉચ્ચાટેરે;
દયા લાવીને દીનાનાથ, પધારો તે માટેરે. (૨)
તમ વિના સુંદર સેજ, શૂળી જેવીરે;
વગડાથી ભુંડી ભૂખ, હવેલી એવીરે. (૩)
છો બાલ સનેહી નાથ, નહીં વિસારોરે;
ભગવત સુતના મહારાજ, મહોલે પધારોરે. (૪)

**રાગ : ઉપર પ્રમાણે**

છું પૂરવ જનમની નાથ, દાસી તમારીરે;
કરો મહેર વધારી માફ, ચૂક અમારી રે. (ટેક)
ગુણ અવગુણ અબળા રાંકના, નવ ગણીએરે;
ઉર માંહિ વસ્યા છો આપ, ઝાઝું શું ? ભણીએરે. (૧)
નથી તમથી નાથ અધિક, કાંઈ અમારુંરે;
તન મન ધન ત્રિભુવનરાય, સર્વ તમારુંરે. (૨)
તમે મળવા મુને મહારાજ, વચન દીધેલુંરે;
માટે આવો હે ! અલબેલ, અળગા નહીં મેલુંરે. (૩)
રાખું છાતી ઉપર છેલ, હાર હજારીરે;
ભગવતસુતના સુખકંદ, સ્નેહ વધારીરે. (૪)

**રાગ : ઉપર પ્રમાણે**

લટકાળા દિવસ રાત, છે રઢ લાગી રે;
નહીં જાશો ત્રિભુવનનાથ, અમને ત્યાગીરે. (ટેક)
વાલા નેહ ભરેલાં નેણ, નિરખું જ્યારેરે;
મુને ઉપજે હરખ અપાર, અંતર ત્યારેરે. (૧)
વા'લા હસતા હસતા નાથ, મંદિર આવોરે;
મને મર્મ કરી મહારાજ, હેતે બોલાવોરે. (૨)

જ્યારે ચાલોછો ચંચળ ચાલ, પહેરી ચાખડિયુંરે;
ત્યારે ઠરે અમારી અપાર, જોઈ આંખડિયુંરે. (૩)
કહે ભગવત સુત સુખકંદ, બેઉ કર જોડીરે;
નહીં છેટા જાશો છેલ, મુજ ઘર છોડીરે. (૪)

**રાગ : ઉપર પ્રમાણે**

મારું કહેવાનું કમળાનાથ, ઉરમાં આણોરે;
મુજ મંદિરમાં મહારાજ, મોજો માણોરે. (ટેક)
છે સર્વ પ્રકારે સુખ, દુઃખ ન કાંઈરે;
નિત્ય રીઝાવું રસિયારાજ, ગુણ શુભગાઈરે. (૧)
વા'લા ભોજન કરી બહુ ભાત, જુગતે જમાડુંરે;
પ્રભુ પ્રેમની કહીને વાત, આનંદ પમાડુંરે. (૨)
મુખમાં મેલું મહારાજ બીડી વાળીરે;
પ્રેમે પાથરું સુવાને કાજ, સેજ[1] સુંવાળીરે. (૩)
સદા ભગવતસુત ભલી ભાત, એ વર માગેરે;
રહો ધર્મકુંવર મહા ધીર, નેણાંની આગેરે. (૪)

**॥ છપૈયાપુરમાં શ્રીહરિના જન્મ વિષે ॥**

**(વધામણાની ગરબી)**

**"માણકીએ ચડ્યારે મોહન વનમાળી, શોભે રૂડી કરમાં લગામ રૂપાળી." એ રાગ પ્રમાણે**

અવતારી શ્રીહરિ અલબેલો,
છપૈયામાં પ્રગટ્યા તે છેલછબિલો; અવતારી૦ (ટેક)

૧. સેજ=સજ્યા

ચૈત્રમાસ રામનવમી સુખધામ,
રાત્રી દશ ઘડી જાતાં ઘનશ્યામ;
પ્રગટ્યા પ્રેમવતિથી પૂરણકામ. અવતારી (૧)
આનંદ વ્યાપ્યો ચૌદ ભુવનમાં અતિશે,
શોક નહીં કોઈના દિલ્લમાં દિસે;
વિશ્વપતિ પ્રગટ્યા પૃથ્વીને વિષે. અવતારી (૨)
કરે સુર ગગનથી પુષ્પની વૃષ્ટિ;
જાણે કરે હરિ સુરપર કાંઈ દૃષ્ટિ;
સુખી થઈ શ્રીહરિથી સહુ સૃષ્ટિ. અવતારી (૩)
રૂમઝુમ અપ્સરા નાચ કરે છે,
તનનનન તાન આણી ઉચરે છે;
ફરરર ફેર ફૂદડીએ ફરે છે. અવતારી (૪)
ધેં ધેં ધેં ધેં દુંદભીના ધ્વનિ થાય,
ચેં ચેં ચેં ચેં શરણાઈઓ સંભળાય;
ગગનવિષે ગાંધર્વ હરિગુણ ગાય. અવતારી (૫)
પુરવાસી માનુનિ મંગળ ગાતી,
ધર્મ ઘેર આવી મગન મન થાતી;
હરિમુખ હેરી હૈડે હરખાતી. અવતારી (૬)
શશી જેમ સોળ કળાથી પ્રકાશે,
ભલું રૂપ બાળ પ્રભુ કેરું ભાસે;
કોટી કામ નામ સુણી લાજી નાસે. અવતારી (૭)
ધર્મ ભક્તિ લાડ લડાવે અપાર,
પૂરણ રાખે પુત્ર ઉપર નિત્ય પ્યાર;
ગણે વિશ્વવિહારી હૈડાના હાર. અવતારી (૮)

## ॥ વધામણાની ગીતિ (આર્યાછંદ) ॥

ધર્મ તણે ઘેર સજની, રજની[1] આજે આનંદની જાણી;
પ્રગટ્યા શ્રીપુરુષોત્તમ, સુખ દેવા જનને સારંગપાણી. (૧)
ચાલો દરશન કરીએ, પ્રભુ નિરખીને પાવન તો થઈએ;
આનંદ ઉરમાં આણી, સ્નેહ સહિત ગુણતો હરિના ગઈએ. (૨)
સુણી રીઝી સહુ સખીઓ, સજ્જ થઈ હરિ દરશનને માટે;
હૈડે હરખ અતિશે, ચાલી વાતો બહુ કરતી વાટે. (૩)
કેશ સમારી બેશ, વેશ ધર્યો નિજ તનનો પણ તેવો;
પ્રેમ ધર્યો ઉર એવો, ગોકુલવાસી ગોપીના જેવો. (૪)
કર કંચનની થાળી, તેમાં અક્ષત ચંદન ફૂલ ભરિયાં;
ગજ મુક્તાફળ ભારે, ધર્મકુંવરને વધાવવા ધરિયાં. (૫)
ટોળે મળી સહુ સખિયો, ધર્મ દેવને આંગણે સહુ આવો;
પ્રેમે પ્રભુને પૂજી, લીધાં મીઠડાં ભાવ અધિક લાવી. (૬)
પ્રેમવતિની પાસે, મોહનજીનું મુખ સુંદર જોયું;
ભગવતસુત કેહ છે, હરિ મૂરતિમા મન સહુનું મોહ્યું. (૭)

## ॥ વરતાલના માહાત્મ્ય વિષે ॥

### રાગ : ગરબી

**"મહા કોપ થયો તે કળી કાળમાંજો," એ રાગ પ્રમાણે**

ધન્ય ધામ શુભ ગામ વરતાલને જો;
બહુ વહાલું છે દીનદયાળને જો. ધન્ય (ટેક)
લખી શિક્ષાપત્રી વૃતપુરમાં રહીજો;
અક્ષર તુલ્ય તે અમૂલ્ય ઉપમા કહીજો. ધન્ય૦ (૧)

૧. રજની=રાત્રી

સ્થાપ્યા કરૂણા કરીને કમળાપતિજો[1];
કરે કાજ મહારાજ એ રૂપે અતિજો. ધન્ય૦ (૨)
કર્યા આચારજ બેઉ ગાદી આપીનેજો;
ધન્ય ધન્ય પ્રભુ પ્રગટ પ્રતાપીનેજો. ધન્ય૦ (૩)
ગુણ સાગર તીરથ કર્યાં ગોમતીજો;
જેમાં નહાય થાય અક્ષરની પ્રાપ્તિજો. ધન્ય૦ (૪)
ધર્મ ભક્તિ રાધાકૃષ્ણ તણી જોડ છેજો;
પૂરે કોડ એવા દેવ રણછોડ છેજો. ધન્ય૦ (૫)
મુનિનાથે હાથે સ્થાપી નિજમૂર્તિજો[2];
કરે વિનતી સદૈવ જેની સુરતિ[3] જો. ધન્ય૦ (૬)
વિશ્વવિહારીને દરશને જે જાયછેજો;
જીવનમુક્ત ભક્ત તેહતો ગણાયછેજો. ધન્ય૦ (૭)

**રાગ : ગરબી**

**“રે ! સગપણ હરિવરનું સાચું,**
**બીજું સરવે ક્ષણભંગુર કાચું;”**
**એ રાગ પ્રમાણે.**

રે ! ઘનસમ તન[4] ઘનશ્યામ તણું,
જોઈ જોઈ મન મોહ્યું મારું ઘણું રે ! ઘનસમ૦ (ટેક)
રે ! કોટીક કામ છબિ લાજે,
છબિલાની એવી છબિ છાજે;
એ નિરખી છબિ સખી મેં આજે રે ! ઘનસમ૦ (૧)

**૧. કમલાપતિ=શ્રીલક્ષ્મીનારાયણ દેવ**
**૨. નિજમૂર્તિ=શ્રીહરિકૃષ્ણજી મહારાજ**
**૩. સુરતિ=શ્રુતિ=વેદ ૪. ઘનસમ તન=નવીન મેઘના સરખું શામ શરીર**

રે ! મલક મલક મુખ મંદ હસે,
રે ! નિરખતાં દુઃખ ખચિત ખસે;
એ મૂરતિ મનોહર ઉર વસે રે ! ઘનસમ૦ (૨)
રે ! ચાલ રૂડી જેની ગજ જેવી,
રે ! હંસનો મદ હરી લે એવી;
રે ! પામું હું સુખ સખી પદ સેવી રે ! ઘનસમ૦ (૩)
રે ! વિશ્વવિહારીને ઉર ધારી,
રે ! અભય પણું પામ્યાં ભારી;
જીવન દોરી જીવન છે મારી રે ! ઘનસમ૦ (૪)

**॥ આપત્કાળમાં ધીરજ ધરવા વિષે ॥**

**રાગ : ગરબી**

**"આજ પ્રગટ હરિ મુજને મળ્યારે લોલ,"**
**"કઈ કહ્યામાં ના આવે વાત મારી બેની;" પ્રગટ૦**
**એ રાગ પ્રમાણે.**

તમે ઢાલ ધીરજની ધીંગી ધરો રે લોલ,
થઈ સમય વિષે સાવધાન, સત્સંગી. ઢાલ૦ (ટેક)
એથી પૂરણ સુખને પામીએરે લોલ,
વળી રીઝે શ્રીભગવાન. સત્સંગી. ઢાલ૦ (૧)
જ્યારે આવે આપત્કાલ કારમો રે લોલ,
ત્યારે સંભારીએ ઈષ્ટદેવ; સત્સંગી. ઢાલ ધીરજની૦
ગુણ ગાઈએ હરિના ગણી ગણીરે લોલ,
ટળે દુઃખ તેથી તતખેવ. સત્સંગી. ઢાલ૦ (૨)
જ્યારે આપત્કાલ આવી પડેરે લોલ,
થાય મિત્ર તે શત્રુ સમાન; સત્સંગી. ઢાલ ધીરજની૦

સારા કાળમાં આવી જે સેવતારે લોલ,
તેહ અધિક કરે અપમાન; સત્સંગી. ઢાલ૦ (૩)
જુઓ રુડો હરિશ્ચંદ્ર રાજવીરે લોલ,
તે તો વેચાયો ચંડાલ ઘેર; સત્સંગી. ઢાલ ધીરજની૦
નળ દમયંતીએ દુઃખ ભોગવ્યાંરે લોલ,
વસ્યાં વગડામાં તજી શહેર. સત્સંગી. ઢાલ૦ (૪)
જુઓ દરિયે[1] હરિને દીધી દીકરીરે લોલ,
દીધાં દેવને ચૌદે રત્ન; સત્સંગી. ઢાલ૦ ધીરજની૦
પણ જ્યારે અગસ્તજી પી ગયારે લોલ,
ત્યારે કીધો ન કોઈએ પ્રયત્ન; સત્સંગી ઢાલ૦ (૫)
જુવો પાંડવ પ્રભુને વા'લા અતિરે લોલ,
તે પૂરણ થયા દુઃખ પાત્ર; સત્સંગી. ઢાલ૦ ધીરજની૦
એવા એવાને દુઃખ આવી પડ્યાંરે લોલ,
ત્યારે આપણ તે કોણ માત્ર; સત્સંગી. ઢાલ (૬)
રઘુવીર સુત સુત એમ ઉચ્ચરેરે લોલ,
સ્નેહે સાંભળો સજ્જન વૃંદ; સત્સંગી. ઢાલ ધીરજની૦
એવા આપત્કાળમાં ધીરજ ધરીરે લોલ,
સદા સ્મરીએ શ્રીવૃષકુલચંદ; સત્સંગી. ઢાલ૦ (૭)

---

**૧. જુઓ દરિયે હરિને દીધી દીકરીરે લોલ=મતલબકે સમુદ્રે પ્રભુને પુત્રી પરણાવી તથા સર્વદેવને બાકીનાં રત્ન આપ્યાં; પણ (ઈલ્વણનામે દૈત્ય) પોતામાં જ્યારે સંતાયો, ત્યારે અગસ્તમુનિ કોપ કરીને સમુદ્રનું પાન કરી ગયા તે સમે કોઈએ સહાય કરી નહીં.**

## ॥ શ્રી વરતાલ ધામનાં ગોમતીજીના માહાત્મ્ય વિષે ॥

રાગ : ગરબી

**“ઓધવજી સંદેશો કહેજો શામને,” એ રાગ પ્રમાણે.**

ગુણસાગર તીરથ તું ગુણવંત ગોમતી,
નાહ્યા તુજમાં ભક્તિ તનુજ ભગવાનજો;
નાહ્યા સંત અનંત પ્રગટ પ્રભુજીતણા,
અન્ય નહીં કોઈ તીરથ તુજ સમાનજો. ગુણ૦ (ટેક)
નિરમળ જળ તારું નિરખવા જોગ છે,
આવી તુજમાં વસિયાં તીર્થ અનંતજો;
ગુણ તારા ગંગાધર[૧] ગાન કરે ગણી,
સંભારે સનકાદિક જેવા સંતજો. ગુણ૦ (૧)
પતિત તણી પાવન કરનારી સ્પર્શથી,
દરશનથી દુઃખડાં કરનારી દૂરજો;
પાન કરે કોઈ જલ તારું જો પ્રીતથી,
જન પામે તે અક્ષરધામ જરુરજો. ગુણ૦ (૨)
જલજંતુ તારા[૨] જલના તનને તજી,
સ્વર્ગવિષે સુંદર પામે છે સુખજો;
તો તુજમાં સ્નેહે જે સ્નાન કરે સદા,
ક્યાંથી ? તેને જન્મ મરણનું દુઃખજો. ગુણ૦ (૩)
શ્રાદ્ધ કરે કોઈ આવી તુજમાં સ્નેહથી,
પામે પૂર્વજ એના અતિ ઉદ્ધારજો;

---

૧. ગંગાધર=ગંગાજીના ધરનાર=સદાશિવ
૨. જળજંતુ=જળમાં રહેનાર મચ્છાદિ

માટે દેશ વિદેશ થકી નર નારિયો,
શ્રાદ્ધ કરે છે આવી તુજમાં સારજો. ગુણ૦ (૪)
ગયા તીરથમાં શ્રાદ્ધ કરે જઈ સ્નેહથી,
સરસ્વતીમાં શ્રાદ્ધ કરે સિદ્ધપુરજો;
તે સરવેથી પુણ્ય અધિક તે પામશે,
કરશે તુજમાં જન જે શ્રાદ્ધ જરુરજો. ગુણ૦ (૫)
ગંગાને જમુનારે સરજ્યુ સરસ્વતી,
મહીસાગરને સાબરમતી સુખરૂપજો;
એથી અધિક ગણાઈ ગુણવંત ગોમતી,
નાહ્યા તુજમાં કોટી ભુવનના ભૂપજો. ગુણ૦ (૬)
સોના દાન તથા કન્યાનું દાન છે
વિદ્યાદાન તથા ગૌદાન ગણાયજો;
તુજમાંહિ તે સ્નેહે સ્નાન કર્યા થકી,
એ સરવેથી પુણ્ય અધિક પમાયજો. ગુણ૦ (૭)
અક્ષરપદમાં જાવા જે ઈચ્છા કરે,
તેહ કરે તુજમાંહિ સ્નાન ત્રિકાળજો;
પૂનમને દિવસે જે પ્રીતે નહાય છે,
તેની ટળે છે જન્મમરણની જાળજો. ગુણ૦ (૮)
દર્શન શ્રીલક્ષ્મી નારાયણ દેવના,
કરીને જન જે લે છે પ્રીતે છાપજો;
નિરમલ જલ તારામાં આવી નહાય છે,
પ્રજળે તે પ્રાણીનાં પાપ અમાપ જો. ગુણ૦ (૯)
પુરુષોત્તમના ચરણકમળને સેવવા,
દ્વારામતીથી આવ્યાં હરવા દુઃખજો;

ધન્ય ધન્ય છે તમનેરે ગુણનિધિ ગોમતી,
ભાગી જનની કોટી જનમની ભૂખજો. ગુણ૦ (૧૦)
બુદેલખંડ[1] તણો બ્રહ્મરાક્ષસ આવીને,
એતો પામ્યો આપવિષે ઉદ્ધારજો;
અંતકાલે જળ તારું જો મુખમાં પડે,
નર થાશે તેતો નૃપતિ નિરધારજો. ગુણ૦ (૧૧)
અક્ષરધામ તણા મુક્તો નિત્ય આવીને,
તુજમાં સ્નાન કરે છે તે ત્રિકાળજો;
શારદ નારદ હારદ જાણી હેતથી,
દરશન કરવા આવે દેવ દયાલજો. ગુણ૦ (૧૨)
સર્વોપરી અવતાર પ્રભુનો આ સમે,
સર્વોપરી છે મોક્ષ તણું કંઈ દાનજો;
દરશન છે સર્વોપરી શ્રીપતિ દેવના,
સર્વોપરી છે ગોમતીજીમાં સ્નાનજો. ગુણ૦ (૧૩)
જે નરદેહ ધરી તુજમાં નહાતા નથી,
દેખી તુજને નમતા નથી લગારજી;
તે પાપીતો ઘોર નરક વિષે પડે,
ઘણી રીતે ત્યાં ગોથાં ખાય ગમારજો. ગુણ૦ (૧૪)
ધન્ય ધન્ય આ ધરણીને ધન્ય આ પુરને,
ધન્ય તમને ઉધાર્યાં બહુ નર નારજો;

**૧. બુદેલખંડમાં ગ્વાલિયરના રાજ્યના કોઈ ગામમાં શ્રીમંત વણીકના દીકરાને (બ્રહ્મરાક્ષસ) વળગ્યો હતો. તે વણીકપુત્રને મહાભૂતનો વળગાડ, શ્રીવરતાલધામનાં ગોમતીજીમાં સ્નાનથી નાશ થઈ ગયો હતો. ને બ્રહ્મરાક્ષસ ઉદ્ધાર પામ્યો. એવી વાર્ત્તા સંતમુખથી સાંભળી છે.**

વિશ્વવિહારીજીને છો વહાલાં અતિ,
ભારે ઘાટ કરાવ્યો ભભકાદારજો. ગુણ૦ (૧૫)

**॥ ઉન્મત્ત ગંગાના મહાત્મ્ય વિષે ॥**

**રાગ : રામગ્રી**

**"ભુલી ભમેછ ભામની" એ રાગ પ્રમાણે.**

ઉન્મત્ત ગંગા ઉત્તમ અતિ, જેનું નિર્મળ નીર;
સ્નાન કર્યું જેમાં સ્નેહથી, શ્રીઘનશામ શરીર.
ઉન્મત્ત ગંગા૦ (ટેક)

અક્ષરમુક્ત આનંદથીરે, નહાય ગંગામાં નિત્ય;
શંભુ ધરે શિર ઉપરે, પૂરણ આણીને પ્રીત.
ઉન્મત્ત ગંગા૦ (૧)

પુનિત પતિત પાવનીરે, જેનો મહિમા અગાધ;
દર્શન ઈચ્છે દેવતા, નિશ્ચે થાવા નિરબાધ.
ઉન્મત્ત ગંગા૦ (૨)

શ્રાદ્ધ કરે જેમાં સ્નેહથી, જઈને જે નરનાર;
પિત્રી તેના પરલોકમાં, પામે તૃપ્તિ અપાર.
ઉન્મત્ત ગંગા૦ (૩)

જલચર એ ગંગા તણાંરે, તજે જ્યારે શરીર;
વિમાને ચઢીને વૈકુંઠમાં, જાયછે એ અચિર[૧].
ઉન્મત્ત ગંગા૦ (૪)

અક્ષરપતિ નહાયા એહમાં, પ્રેમ ભરી ભરપૂર;
ભગવતસુત કહે સ્નેહથી, કરજો જાત્રા જરુર.
ઉન્મત્ત ગંગા૦ (૫)

---

**૧. અચિર=તત્કાલ**

**રાગ : રામગ્રી**

ઉન્મત્ત ગંગા આ લોકમાં, ગુણવંત ગંગા ગણાય;
અક્ષરપતિ નાહ્યા એહમાં, મહિમા વર્ણવ્યો ન જાય.
ઉન્મત્ત ગંગા૦ (ટેક)

ઉજ્વલ જેના તરંગ છે, જોતાં પરમ અનૂપ;
જાણે હરિજશ ગાઈને, ધાર્યું ધોળું સ્વરૂપ;
ઉન્મત્ત ગંગા૦ (૧)

ગોલોક ગઢપુર ગામ છે, ગોપીનાથનું ધામ;
વિરજ્યા આવ્યાં શું ? ગોલોકથી, પાવન કરવા તમામ.
ઉન્મત્ત ગંગા૦ (૨)

તટ જેનો રળિયામણો, નિરમલ સુંદર નીર;
સુરગણ સારસ હંસનાં, ધારી વિચરે શરીર.
ઉન્મત્ત ગંગા૦ (૩)

જેમ સત્સંગ પ્રસંગથી, સહુ જનને સુખ થાય;
તેમ એ ગંગામાં સ્નાનથી, તન મન તાપ ઓલાય.
ઉન્મત્ત ગંગા૦ (૪)

ધન્ય ધન્ય છે એ ધરણીને, ધન્ય જ્યાં વિચર્યા મહારાજ;
ભગવતસુત ગુણ ગાય છે, ધન્ય એ તીરથરાજ.
ઉન્મત્ત ગંગા૦ (૫)

## ॥ શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરતાં અનન્યભક્તોએ ભગવાનમાં કેવો પ્રેમ ધારણ કરવો તે વિષે ॥

રાગ : ગરબી

**"નારાયણ નામ લેને તું પ્રાણીરે," એ રાગ પ્રમાણે.**

ઘડી ધન્ય આજની સુખકારી રે,
મળ્યા અવતારના અવતારી; ઘડી ધન્ય૦ (ટેક)
જેનું સ્વામિનારાયણ નામરે, અક્ષરાતીત પૂરણકામરે;
વા'લો પધાર્યા તે મુજધામ. ઘડી ધન્ય૦ (૧)
ગણી મુજને એકાંતિક દાસીરે, આવ્યા મહેર આણી અવિનાશીરે;
જે છે વિશ્વ સકળના વિલાસી. ઘડી ધન્ય૦ (૨)
સખી સન્માન મેં સારું કીધુંરે, પગ ધોઈ પાદોદક[1] પીધુંરે;
મારું ધન્ય ભાગ્ય કરી લીધું. ઘડી ધન્ય૦ (૩)
પછી મેં હરિનો ગ્રહી હાથરે, આણ્યા મંદિરમાં મુનિનાથરે;
હસ્યા મોહન મુજ સંગાથ. ઘડી ધન્ય (૪)
એક બાજટ રત્નજડિતરે, બેસાર્યા તે ઉપર શુભરીતરે;
પછી થાળ પૂર્યો કરી પ્રીત. ઘડી ધન્ય૦ (૫)
પકવાન છપન પ્રકારરે, વળી વ્યંજન છત્રીશ સારરે;
કરી કંચન થાળમાં હાર. ઘડી ધન્ય૦ (૬)
ભાત ભાતનાં જેહ અથાણાંરે, ભર્યાં ભારે મોરબાનાં ભાણાંરે;
વડી પાપડ જે વખણાણાં. ઘડી ધન્ય૦ (૭)
ગંગાજળિયા[1] કૂવાતણું પાણીરે, ભર્યા કળશ તે ઉત્તમ આણીરે;
રીઝે પીતામાં સારંગપાણી. ઘડી ધન્ય૦ (૮)

---

૧. પાદોદક=ચરણારવિંદનું પ્રસાદિ જલ

૧. ગંગાજળિયો કૂવો=ગઢપુરમાં અક્ષર ઓરડીની પાસે છે તે

પંખો એક તે ભરત ભરેલરે, ઘણી કારીગરીથી કરેલરે;
રીઝાવા લીધો મેં રંગરેલ. ઘડી ધન્ય૦ (૯)
ધીરે ધીરે તે જમે જીવનરે, ઢોળું વાયુ હું કરી જતનરે;
બોલું મધુર હસાવા વચન. ઘડી ધન્ય (૧૦)
પછી જમી રહ્યા હરિ જ્યોરેરે, મુખ કર ધોવરાવ્યા મે ત્યારેરે;
વા'લો ઉભા થયા તેહવારે. ઘડી ધન્ય (૧૧)
હતો સુંદર એક પલંગરે, સાવ સોનાનો જડિયલ નંગરે;
નહીં નીચો ને નહીં ઉત્તંગ. ઘડી ધન્ય (૧૨)
તેના ઉપર રૂની ભરેલીરે, ગાદી મોહન સારું મે મેલીરે;
કાજુ શ્વેત ઓછાડ કરેલી. ઘડી ધન્ય (૧૩)
રૂડાં ઓસિકાં તકિયાની સાથરે, પધરાવ્યા હરિ ગ્રહી હાથરે;
જે છે રાધા રમાજીના નાથ. ઘડી ધન્ય (૧૪)
પછી પાનની બીડીમેં વાળીરે, કાથા ચૂના સહિત રૂપાળીરે;
બહુ હેતે જમ્યા વનમાળી. ઘડી ધન્ય ૧૫)
થયા સેજમાં શામ સુરખાળારે, દાબ્યા ચરણ મેં સરસ સુંવાળારે;
સુખ દીધાં તે દીનદયાળા. ઘડી ધન્ય (૧૬)
મળે જે સુખ અક્ષરધામરે, પામી દેહ છતાં તે તમામરે;
વસ્યા ઉરમાં શ્રીઘનશામ. ઘડી ધન્ય૦ (૧૭)
મારા જનમો જમના એ સાથીરે, પામું સુખ સદા હું એનાથીરે;
થાય અળગાએ કેમ ? મારાથી. ઘડી ધન્ય (૧૮)
સેવી શ્રીભક્તિધર્મકુમારરે, કર્યો સુફળ આ અવતારરે;
કશી ખામી ન રાખી લગાર. ઘડી ધન્ય (૧૯)
રઘુવીર સુત સુતના સ્વામીરે, અખિલેશ્વર અક્ષરધામીરે;
પ્રેમે આજ હું એ વર પામી. ઘડી ધન્ય (૨૦)

## ॥ શ્રીજી મહારાજની પ્રાર્થના વિષે ॥

### રાગ : લલિત છંદ

અરર ઓ પ્રભુ ! કાજ આ કરો,
દુઃખ વિયોગનું દિલમાં ધરો;
તમ વિના અમે, દુઃખીરે !
અતિ, તમ વિના નથી, અન્યરે ! ગતિ. (૧)
સુખદ આપને, એક જાણિયે,
અધિક સ્નેહતો, ઉર આણિયે;
તદપિ હે હરિ ! કઠણ શું થયા ?
દિલથકીજ રે ! શું ? તજી દયા. (૨)
જળ વિના જુઓ, મચ્છ તરફડે,
તુજ વિયોગથી, દુઃખ બહુ પડે;
કઠણ છાતડી, નથીજ ફાટતી,
ઘડી ઘડી અરે ! મુંઝાય છે મતિ. (૩)
સકલ વિશ્વના, જીવન રૂપ છો,
ભુવન કોટીના, આપ ભૂપ છો;
વિશ્વવિહારીજી, સુખ સર્વદા,
આપો સ્નેહથી ટાળી આપદા. (૪)

### રાગ : કલ્યાણ

**"વિશ્વના પતિ, તુજ ગહન છે ગતિ;" એ રાગ પ્રમાણે.**

હે ! હરિ ! હરિ ! પ્રભુ કરુણાકરી;
નરનારી ઉગારવાને, નરતનુ ધરી. હે હરિ૦ (ટેક)

અક્ષરધામી છો બહુ નામી, સ્વતંત્ર સર્વાધાર;
કળિમળ બળ જે પ્રબળ થયો, હરિ તેના છો હરનાર.
હે હરિ૦ (૧)

અસુર અધર્મી મહાકુકર્મી, દેતા જનને દુઃખ;
મૂળથી તેનાં કુળ ઉખાડી, સંતને દીધાં સુખ.
હે હરિ૦ (૨)

વાદી[1] હરાવ્યાં બંધ કરાવ્યા, હિંસા મય બહુ જાગ[2];
દારૂ માટી ચોરી અવેરી, તેહ કરાવ્યાં ત્યાગ.
હે હરિ૦ (૩)

પાજ ધર્મની આજ સુબાંધી, લીધી અરિની[3] લાજ;
ધન ત્રિય ત્યાગી સાધુ કીધા, સર્વોપરી મહારાજ.
હે હરિ૦ (૪)

વિશ્વવિહારી અજ અવિકારી, અવતારી અલબેલ;
કલ્પતરૂ છો સુખ દેવામાં, છોગાળા રંગછેલ.
હે હરિ૦ (૫)

**॥ શ્રીકૃષ્ણનારાયણના વિયોગ વિષે ॥**

**રાગ : ગઝલ**

**“દશા આ શી થઈ મારી, કરમની છે ગતિ ન્યારી”**

**એ રાગ પ્રમાણે.**

સુણો સખી દિલમાં ધારી, વદુ મુજ વેદના ભારી;
વા’લો વ્રજચંદ સંભારી, હૃદય મુજ જાયછે હારી.
સુણો સખી૦ (ટેક)

**૧. વાદી=પ્રશ્ન પુછનાર ૨. જાગ=જગન=યજ્ઞ ૩. અરિની-શત્રુની=અંતર શત્રૂની**

અલબેલો સુખ આપતા, નવાં નવાં બહુ નિત્ય;
એ સંભારી આ સમે, ચરચર દાઝે ચિત્ત.
ગયા દઈ ઘા ઉરેકારી, મતિ મુંઝાય છે મારી.
સુણો સખી૦ (૧)
વિરહ તણી આ વેદના, સર્પના દંશ સમાન;
ઝેર ચઢ્યાથી ઝૂરીએ, ભૂલી સઘળું ભાન.
વહે દગ બેઉમાં વારી, કહું કેને હું પોકારી.
સુણો સખી૦ (૨)
વિરહ રોગ મુજને વધ્યો, હરિ મળવાની હોંસ;
આજ્ઞા તજી જવાય નહીં, છેટા છે ત્રણ કોશ.
થયો અતિ જીવ આજારી, લેતા નથી નાથ ઉગારી.
સુણો સખી૦ (૩)
વૃંદાવનની કુંજમાં, રમાડતા બહુ રાસ;
તે આ ટાણે કઠણ થઈ, કરે અધિક ઉદાસ.
ઝૂરુ દિન રાત સંભારી, વળે શું ? દુઃખ ઉચ્ચારી.
સુણો સખી૦ (૪)
પરને વશ મન જેહનું, શો ? એનો વિશ્વાસ;
વિશ્વવિહારીલાલજી, દે છે અમને ત્રાસ.
નથી ઉગર્યા તણી બારી, કહું શું ? દુઃખ વિસ્તારી.
સુણો સખી૦ (૫)

## ॥ પરમેશ્વરને ઉપાલંભ ॥

**“સોન સમોવડ નથી નૃપ જગમાં;” એ રાગ પ્રમાણે.**

ઉદ્ધવ કૃષ્ણ ધૂતારે અમને, છલ કરી છેતરિયાં; ઉદ્ધવ૦ (ટેક)
મીઠું મીઠું મુખથી બોલી, હૈયામાં સળગાવી હોળી;
કપટથી કાલજ કોતરિયાં. ઉદ્ધવ૦ (૧)
કૃષ્ણના અંતરમાં કાતી, કઠણ છે વજ્ર જેવી છાતી;
ધકેલી કૂવામાં ધરિયાં. ઉદ્ધવ૦ (૨)
કદી વિશ્વાસ નહીં કરજો, ઉદ્ધવજી એહ થકી ડરજો;
કોણ એનાથી ઉગરિયાં. ઉદ્ધવ૦ (૩)
બોલ ખોટા ઉરમાં લાવી, ઉદ્ધવ તરછોડ્યાં બોલાવી;
નવાં જોઈ જુનાં પરહરિયાં. ઉદ્ધવ૦ (૪)
આંસુ કલ્પ્યાથી જે પડિયાં, કૃષ્ણના ચરણવિષે અડિયાં;
રોષ તજો એવું ઉચરિયાં. ઉદ્ધવ૦ (૫)
જુઓ વિશ્વવિહારીલાલે, કપટ કર્યું પ્રગટ તે આ કાલે;
ડામ ઉપર ભરિયાં મરિયાં. ઉદ્ધવ૦ (૬)

**(રાગ : ગરબી) સામેરી**

**“ઓધા વ્રજના પ્રાણ આધાર, મોહન વનમાળીરે;”**
**“અમને છેલછબિલાજીને સંગ, લાગેલ દ્રઢ તાલીરે.”**
**એ રાગ પ્રમાણે.**

હાંરે ! જાણ્યા જાણ્યારે ધૂતારાનાં ઢંગ, ઉદ્ધવ જઈ કહેજોરે;
હાંરે ! બન્યા કપટી એ કુબજાને સંગ, રાખે તેમ રહેજોરે. (ટેક)
ભોળી અમે સહુ ભામનીરે, સ્વારથિયા જદુનાથ;
સ્વારથ સુધી સગાઈ છે, પછી ત્યાગે એ સહુનો સાથ.
ઉદ્ધવ૦ (૧)

ઘડી ઘડી પળ પળ વિષેરે, જુદા જુદા છે રંગ;
કટકો કાગળ મેલતાં, એને આવી આળસ અંગ.
ઉદ્ધવ૦ (૨)

મીઠું મીઠું મુખ કહેરે, ઘાટ ઘણી ઘટમાંય;
આવે ભરોંસો ન અંતરે, જે એહ પધારે આંય.
ઉદ્ધવ૦ (૩)

કૃષ્ણ થકી તો અમ તણીરે, સો ઘણી દઢતા અપાર;
ભૂધરને ભાવે કરી, અમે કિધા એક ભરતાર.
ઉદ્ધવ૦ (૪)

માસીને[૧] મારી મામાને[૨] માર્યો, એવા છે નિર્દય એહ;
એ અબલાને પાળશે, અમને આવે એમાં સંદેહ.
ઉદ્ધવ૦ (૫)

મોટા ઘણા છે માવજી, પણ ચોકશ ન મળે ચિત્ત;
વારે વાર શું ય બોલિયે, એની પીતળ જેવી પ્રીત.
ઉદ્ધવ૦ (૬)

વા'લા વિના અમે વિશ્વમાંરે, અન્યની કરિયે ન આશ;
પણ વિશ્વવિહારીલાલજીનો, ઓધા આવે કેમ ? વિશ્વાસ.
ઉદ્ધવ૦ (૭)

## ॥ શ્રીજીમહારાજ વિષે ॥

**(રાગ : ઉપર પ્રમાણે)**

વા'લા અબળા ઉપર અલબેલ, શીદને રીસાયારે;
અમને છોગાળા રંગછેલ, લાગી તુજ માયારે. (ટેક)

---

**૧. માસી=પૂતના માસી ૨. મામાને-કંસ મામાને**

મુજ હૈડાના હાર છોરે, નેણાં તણા શણગાર;
 પ્રિતમ જીવન પ્રાણ છો, સુંદર ધર્મકુમાર. શીદને૦ (૧)
હાલર[1] કેરી લાકડીરે, તજતાં ત્યાગે દેહ;
આપ સંગાતે એ રીતેરે, મેં શામળા બાંધ્યો છે સ્નેહ.
શીદને૦ (૨)
જુરાફની[2] જોડી જુદીરે, પડતાં પાડે પ્રાણ;
ક્ષણ પણ અળગા ના થશો, શ્રીહરિ શામ સુજાણ.
શીદને૦ (૩)
એક તમારે કારણેરે, વહાલા થઈ છું વેચાણ;
આપ સાથે આવી મળી, એતો આગળની ઓળખાણ.
શીદને૦ (૪)
સુખ આપો નિત્ય શામળારે, દૂર કરો સહુ દુઃખ;
હૈડું હરખે હેતમાં, જીવન જોઈ તમારું મુખ.
શીદને૦ (૫)
અવગુણને ગુણ અમ તણારે, અળગા કરી અલબેલ,
વિશ્વવિહારીલાલજી, આવો છોગાળા રંગછેલ.
શીદને૦ (૬)

**૧.** હાલર=એ પક્ષી છે તેને હડિયલકાઠી કહે છે, તેનું બચ્ચું ઉડવા શિખે છે ત્યારે માળામાંથી કાષ્ટનો કડકો પગમાં રાખે છે. તેને મરણ સુધી મૂકતું નથી.

**૨.** જુરાફ=એ એક જાતનું પક્ષી હોય છે તેનો જન્મ નરમાદાની સાથે થાય છે; તેઓના પગના આંકડા બેઉના અકેક સાથે જોડાય છે. તેમનું જોડું છુટું પાડતાં, બેઉ પ્રાણનો ત્યાગ કરે છે; માટે દૃષ્ટાંત આપ્યું છે.

## ॥ શ્રીજીમહારાજના વિયોગ વિષે ॥

**“ડૂબી દુઃખ તણાં દરિયાવમારે,” અથવા “ઉદ્ધવ અમને હરિ બહુ સાંભરેરે” એ રાગ પ્રમાણે.**

સજની શ્રીજી તજી અમને ગયારે,
રજની દિન કરીએ પોકારજો; સજની૦ (ટેક)
(ગદ્ય)– હતી અમને આશ, મળશે શ્રી અવિનાશ,
ખોટો દઈ વિશ્વાસ, ગયા કરીને ઉદાસ.
સજની મથુરાંમાં વસે માવજીરે;
એથી દુઃખનો વાર ન પારજો. સજની૦ (૧)
(ગદ્ય)– એના પેટતણા પરપંચ, અમને ખબર ન રંચ,
કપટ કરીને આમ, તજી ગયા ઘનશામ.
અમને નોધારાં મૂકી ગયારે;
આંસુ ચોમાસુ ચોધારજો. સજની૦ (૨)
(ગદ્ય)– સિંહ ચરે નહીં ઘાસ, કદી પડે સો ઉપવાસ,
ધરતી તજે ન શેષ, કદી આવે દુઃખ અશેષ.
દૃઢતા એવી ધરી હરિને વિષેરે;
રટિયે રસના વારંવારજો. સજની૦ (૩)
(ગદ્ય)– મળશે જ્યારે નાથ, મેલી માથે હાથ,
ત્યારે થાસું સનાથ, રહીને હરિ સંગાથ.
ભગવત સુતના સ્વામીને ભેટશુંરે;
થાશે ઉરમાં ત્યારે કરારજો. સજની૦ (૪)

## ॥ શ્રીજીમહારાજમાં અનન્ય ભક્ત વિષે ॥

**''જા જા દુરાચારી' એ રાગ પ્રમાણે.**

પ્રેમે પૂજું પ્રભુ પ્યારા, ચારુ ચરણ તમારા;
ક્ષણ કરું નહીં ન્યારા, મુજ આંખડલીના તારા.
પ્રેમે પૂજું૦ (ટેક)
મુજ પ્રાણના આધાર, મુજ હૈડાતણા હાર;
મુજ નેણ શણગાર, મુને સુખના દેનાર.
રાતદી સંભારું પ્રેમવતીના કુમારને;
તુચ્છ ગણું તમ સારું માયિક સંસારને. પ્રેમે પૂજું૦ (૧)
દેહ ગેહનો સનેહ, તોડ્યો તમ સારું તેહ;
અતિ જોરે કરી જેહ, આપે અપમૃત્યુ એહ.
સાચા સગા જાણ્યા એક અનૂપમ આપને;
પરહર્યા પાખંડી પ્રપંચના સંતાપને. પ્રેમે પૂજું૦ (૨)
જેમ શેકેલ જે અન્ન, તેનું ભાવશે ભોજન;
પણ વાવે કોઈ દિન, ઉગે નહીં એક કણ.
તેમ વાસનાઓ કરી દૂર સ્મરું સુખકારીને;
વિશ્વવિહારી અવતારી અવિકારીને. પ્રેમે પૂજું૦ (૩)

## ॥ પરમેશ્વરને આંટીથી અરજી પૂછવા વિષે ॥

**રાગ : દક્ષિણી લાવણી**

પ્રભુજી સાંભળો અરજી એક મારીરે;
પ્રિતમ પ્રાણ, સુખની ખાણ, છો સુજાણ, જગત ભાણ,
કહું છું આજ પોકારીરે. પ્રભુજી સાંભળો૦ (ટેક)

આપની આગળે વેશ ધર્યા મેં અનેકરે;
નટ સમાન, થઈ નિદાન, ધરીને વેશ, આવ્યો હમેશ,
વા'લાજી જુઓ વિચારીરે. પ્રભુજી૦ (૧)
નવા પોશાગને ધરી જુના ઉતાર્યારે;
ખેલ અનેક, ધરીને ટેક, આણી વિવેક, કર્યા પ્રત્યેક,
જુદા જુદા સુધારીરે. પ્રભુજી૦ (૨)
કંઈક ખેલતો ઉંધે માથે રહ્યાનારે;
જે નવમાસ, ગરભવાસ, માં પ્રયાસ, કર્યો મેં ખાસ,
રીઝવવા મોરારીરે. પ્રભુજી૦ (૩)
વાણી વિચિત્રના કંઈ પોશાગ વિચિત્રરે;
તોતળા બોલ, બોલ્યો અમોલ, ઉત્તમ અંગ, કંઈ પ્રસંગ,
ખેલો કર્યા ભારી ભારીરે. પ્રભુજી૦ (૪)
વિશ્વરૂપી જુઓ આ રંગ ભૂમિ વિશાળરે;
ઋતુઓ ભિન્ન, પડદા નવીન્ન, ચર અચર, પાત્ર નિડર,
સુત્રધાર સુખકારીરે. પ્રભુજી૦ (૫)
મુજ પ્રયત્નથી આપ રાજી થયા અપારરે;
તો નિજ પાસ, ધરીને આશ, ઈચ્છું નિવાસ, થઈને દાસ,
આપો એ કરુણાકારીરે. પ્રભુજી૦ (૬)
વિશ્વવિહારીજી જો ન રીઝયાહો આપરે;
તો કહો એમ, ધરીને પ્રેમ, ફરીથી વેશ, નહીં લાવીશ,
એ પણ[1] મંગળકારીરે. પ્રભુજી૦ (૭)

**૧. પ્રશ્નની આંટી=જો મારા ખેલથી રાજી થયા હો તો મોક્ષ આપો ને ખુશી ન થયા હો તો કહો કે, હવેથી વિશ્વરંગ ભૂમીમાં વેશ ન લાવીશ**

## ॥ ઉપદેશ વિષે ॥

**(રાગ : અંગ્રેજી ઢબનો વણઝારો)**

**"અબ ચલે (૩) ન મોહનતેરા લે ચલું ગુરુમેં મેરા;"**

**એ રાગ પ્રમાણે**

હરિભજો (૩) ભાવથી ભાઈ, ચારુ ધરી ચિત્ત ચતુરાઈ; (ટેક)
છે મોંઘો મનુષ્ય દેહ,
એળે નવ ખોશો એહ,
ખૂબ સજી શ્રીજીમાં સ્નેહ;
સત્ય આ વાત, સુણો સહુ ભ્રાત, થઈ રળિયાત;
કરો હરખાઈ. ચારુ૦ (૧)
સુખ થશે (૩) તજો અવળાઈ, ઈર્ષા તેમજ અદેખાઈ;
સારાની સારપ જોઈ,
ઈર્ષા કરશો નહીં કોઈ
તેથી રહેશો મિથ્યા રોઈ;
ભજો ભગવાન, થઈ ગુણવાન, તજો અભિમાન;
ન રાખે રાઈ. ચારુ૦ (૨)
ખૂબ તજો (૩) કપટ કુટિલાઈ, ગોવિંદ તણા ગુણગાઈ;
સાધન ભવસાગર તરવા,
કરો અતિ સંકટથી ઉગરવા;
ઈશ્વર આજ્ઞા અનુસરવા;
ધરી ઉર ભાવ, દેખી નિજદાવ, લહો શુભલાવ;
સ્મરો સુખદાઈ. ચારુ૦ (૩)
ગુણતણી (૩) ધરો સરસાઈ, મનમાંથી તજી મુરખાઈ;
રઘુવીર સુત સુતની વાણી,

સજ્જન સહુ ઉરમાં આણી,
કરો મોક્ષની શુભ કમાણી;
સદા સુખધામ, સ્મરો ઘનશામ, કુડાં સહુ કામ;
થીકરો અળગાઈ. ચારુ૦ (૪)

**રાગ : કલ્યાણ**

**“દેખ વિચારી દિલમાં તેરા કૌંન સગાવે” એ રાગ પ્રમાણે.**

મનુષ્ય દેહ પામી પામર, જો વિચારીને;
જો વિચારીને, જનમ શીદ જાય હારીને. મનુષ્ય દેહ પામી૦ (ટેક)
વિષયમાં થઈ લુબ્ધ દીધા, પ્રભુ વિસારીને;
અંતસમે કોણ તને, લેશે ઉગારીને. મનુષ્ય૦ (૧)
ધર્મતણો મર્મ નહીં, લીધો ધારીને;
કુકર્મનો ભાર ભર્યો, શિર વધારીને. મનુષ્ય૦ (૨)
મરણ પછી અધિક દુઃખ, અનાચારીને;
જમના કિંકર જોર કરે, માર મારીને. મનુષ્ય૦ (૩)
વિશ્વનાથ તેથી ભજો, વિશ્વના વિહારીને;
આપશે અક્ષરધામ અચલ, સુખકારીને. મનુષ્ય૦ (૪)

**॥ શ્રીજીમહારાજ વિષે ॥**

**(રાગ : ગિરધારીની ગરબીનો)**

મનમોહનરે, સુંદર મૂરતિ તમારી,
છે જીવનદોરી અમારી;
હરખું છું રે, અંતર માંહિ ઉતારી,
વા’લા સ્નેહ વડે સંભારી; છે જીવન૦ (ટેક)

શિર પાઘ પ્રિતમજી પેચાળી,
છોગાની છટા રૂપાળી,
તોરે ફૂલતણે હદવાળી; નટવરજીરે,
રીઝું હૃદયામાં ધારી. છે જીવન૦ (૧)
મુખડાનીરે, છબિ છે ચંદ્ર સમાન,
કરે જોતામાં ગુલતાન;
આંખડલીરે, જાણે પદમનું પાન,
રંગીલી રૂપનિધાન;
મુખ હાસ્ય કરો હરિ જ્યારે,
દિસે દંત દાડમ કળી ત્યારે,
મને મનમાં મોદ વધારે; છે ભૃકુટીરે,
કાજુ કામણગારી. છે જીવન૦ (૨)
રેશમનોરે, રાતો જામો પહેરી,
ખભે શેલું ધર્યું સોનેરી;
બની શોભારે, હારની કંઠે ઘણેરી,
હરખુંછું તેને હેરી;
બાંહ્યે બાજુ જડિયલ નંગ,
હાથે હેમકડાં સોરંગ,
ઉર ઉપજે જોઈ ઉછરંગ;
કટી શેલુંરે, બાંધ્યું શામ સમારી. છે જીવન૦ (૩)
ભરગચ્ચીનોરે, સરસ ધર્યો સુરવાલ,
તેમાં રેશમ નાડી રસાળ;
પદ ઝાંઝ રે, ઝળકે ઝાક ઝમાળ,

ગતિ જોઈને લાજે મરાળ;
ઉર્ધ્વરેખા ચરણે જોઈ,
દુઃખ નાંખું સઘળાં ખોઈ,
રાખું ચિત્ત વિષે નિત્ય પ્રોઈ;
આવો મળવારે, વેગથી વિશ્વવિહારી. છે જીવન૦ (૪)

## ॥ શ્રીજીમહારાજ વિષે ॥

### રાગ : કેરવા

બાગે બાગે બાગેરે,
હરિ બેઠા છે લક્ષ્મીબાગે; (ટેક)
આસો પાલવના વૃક્ષની હેઠે,
અવલોક્યા મેં અનુરાગેરે. હરિ૦ (૧)
મુક્ત તણાં મંડળની વચ્ચે,
ભાળીને દુઃખડાં ભાગેરે. હરિ૦ (૨)
છત્રીશ રાગ અને રાગણિયોમાં,
વાજાં ત્યાં અગણિત વાગેરે. હરિ૦ (૩)
અદ્‌ભુત અંગ છબિ નિરખતાં,
ગરવ રતિપતિ ત્યાગેરે. હરિ૦ (૪)
ભગવત સુત કહે વાસ કરો ઉર,
એ વર મુખથી માગેરે. હરિ૦ (૫)

### રાગ : કેરવા

ધારી ધારી ધારીરે. હરિ મૂરતિ ઉરમાં ધારી; (ટેક)
શિશ સુમનની પાઘ વિરાજે; છોગા સહિત સુખકારીરે. હરિ૦ (૧)

ફૂલ તણી પ્રભુ ઓઢી પછેડી; કંઠમાં હાર હજારીરે. હરિ૦ (૨)
ફૂલ તણો સુરવાળ શ્રીજીને; ઓપેછે અદ્‌ભુતકારીરે. હરિ૦ (૩)
ફૂલ તણા ગજરા બાજુબંધ; ધાર્યા શ્રીગિરધારીરે. હરિ૦ (૪)
વિશ્વવિહારીલાલજી ઉપર; નાંખુ સરવસ વારીરે. હરિ૦ (૫)

**॥ શ્રીજીમહારાજનો આશ્રય કરવા વિષે ॥**
**રાગ : ઈંદ્રસભાની ગઝલનો**

કારજ શુભ કરવા રે, અમારાં કારજ શુભ કરવા;
મોહનજી મુજ મહોલે પધારો, કારજ શુભ કરવા. (ટેક)
નિજ જન જાણી, દયા ઉર આણી, હરકત સૌ હરવા;
ભાવ સહિત ભૂધરજી આવો, અમૃત રસ ઝરવા.
કારજ૦ (૧)
અશરણ શરણ છે ચરણ તમારાં, ઠીક થઈ ઠરવા;
બીરદ તમારું નાવ અમારું, ભવજલ ઉતરવા.
કારજ૦ (૨)
આપ મલ્યા સૌ તાપ ટળ્યા, વળી ગુણ મળ્યા ગરવા;
બંકા શિર ડંકા પ્રભુ દીધા, આશ્રય અનુસરવા.
કારજ૦ (૩)
શોભા ધામ અકામ તમોને, અંતરમાં ધરવા;
રાત દિવસ રટના લાગીછે, વિઠ્ઠલ વર વરવા.
કારજ૦ (૪)
અંગ ઉમંગથી રંગ ચડ્યો છે, સનમુખ ડગ ભરવા;
કામ, ક્રોધ, મદ, મોહ બિચારા, શું ય કરશે ખરવા.
કારજ૦ (૫)

આપ રુપી પ્રભુ અખુટ ધન છે, મારે વાવરવા;
રઘુવીરજીસુત સુત તમારી, સેવા આચરવા.
કાર૦ (૬)

**॥ ગર્વ નિષેધ વિષે ॥**
**રાગ : ઈંદ્રસભાની ગઝલનો**

ગરવ નથી ગમતોરે હરિને, ગરવ નથી ગમતો;
વિવેક ઉર જો તું વિચારી, ગરવ નથી ગમતો. (ટેક)
નીચું કાંધ કરી સાધુને, કદી નથી નમતો;
ભુંડાઈનો ભાર ભરી શિર, ભવમાંહિ ભમતો.
ગરવ૦ (૧)
હીરણ્યકશીપુ ગરવ ધરીને, દેવને નિત્ય દમતો;
નરસિંહરૂપે પ્રગટ થઈ, કર્યો રણમાંહિં રમતો.
ગરવ૦ (૨)
રાવણ રૉબ કરીને ધરતો, ઉરમાં ઉજમતો;
રામ થઈ તેની કરી નાથે, વેળા વીશમતો.
ગરવ૦ (૩)
કંસ તથા શિશુપાલ તે કરતા, ગરવ ધરી ગમતો;
કૃષ્ણરૂપે થઈ કાઢ્યો અસુરનો, અધિકો ઉદ્યમતો.
ગરવ૦ (૪)
ગરવ કરો નહીં કોય કદી એમ, ઉચ્ચરે આગમ તો;
રઘુવીરસુત સુત શ્રીહરિ શરણે, વિનયથી વિરમતો.
ગરવ૦ (૫)

## ॥ હૃદયરૂપી મંદિરમાં શ્રીજી મહારાજને પધરાવવા વિષે ॥

**રાગ : ખમાચ**

**"સજન મુખડા બતલાજારે," એ રાગ પ્રમાણે.**

મોહન મારે મંદિર આવોરે, ચટક ચટક હે ! ચતુરવર ચાલી
આનંદ ઉપજાવોરે, મોહન મારે મંદિર આવોરે. (ટેક)
મનમોહન મન મહેર વધારી, પરમ સ્નેહી મુજ મહોલે પધારી;
ગુણસાગર ગિરધરજીહો, તન તાપ બુજાવોરે.
મોહન૦ (૧)
આંગણિયે આવી અલબેલા, નૌતમ સુખ આપો રંગછેલા;
મધુરે મધુરે વચને મુજને, બહુનામી બોલાવોરે.
મોહન૦ (૨)
વિશ્વપતિ છો અધિક વિલાસી, જાણી મુજને એકાંતિક દાસી;
મરમ વચન મુખથી બોલી, હેતેથી હસાવોરે.
મોહન૦ (૩)
હેતે હરિવર હાર પહેરાવું, ગુણ ગોવિંદ તમારા ગાઉં;
ફૂલ તોરા પ્રભુ પાઘ વિશે, લેઈને લટકાવોરે.
મોહન૦ (૪)
ભગવત સુતને આનંદ દાતા, રાજીવલોચન છો રસરાતા;
નિત્ય નિત્ય નેહ નવલ મુજને, જીવણજી જણાવોરે.
મોહન૦ (૫)

## ॥ શ્રીજી મહારાજની પ્રાર્થના વિષે ॥

### રાગ : જંગલી, ઝીંઝોટીની ઠુમરી

### “બે દરદી યાર કનૈયા, ગયો છાંડકે નિરદૈયાં;”

### એ રાગ પ્રમાણે.

શુધ લેજો શામ અમારી, પુરુષોત્તમ મહોલે પધારી; શુધ લેજો. (ટેક)
પ્રભુ જનની તનની મનની,
આ અરજી છે નિશ દનની;
સુખસદન ઘનશામ તમે છો,
વા’લા જીવન દોરી ગિરધારી. શુધ૦ (૧)
દુઃખ જાણી પ્રેમ પ્રમાણી,
સ્નેહે આવો સારંગપાણી;
જો તજી જાશો (તો) કપટી કે’વાશે,
માટે આવોજી મહેર વધારી. શુધ૦ (૨)
વનમાળી ભાળી મરમાળી,
તવ વાણીથી ભ્રમણા ટાળી;
એ મુખ દેખું સુખ હું લેખું,
છે અમને આશ તમારી. શુધ૦ (૩)
સુખદાતા ત્રાતા ગણાતા,
છો કમળાવર રસરાતા,
છેલછબિલા રુડા રંગીલા,
આવો વેગથી વિશ્વવિહારી. શુધ૦ (૪)

## ॥ શ્રીજી મહારાજ વિષે ॥

રાગ : રેખતો

**"નેનુસેં સાવરેને જાદુ ડારા," એ રાગ પ્રમાણે.**

નેણામાં નિત્ય રાખું, નંદદુલારારે; (ટેક)
છેલછબિલા રુડા રંગીલા;
પ્રિતમ લાગો છો બહુ પ્યારા. નેણાં૦ (૧)
અંગો અંગ છબિ અજબ બની છે;
મોહન મન હરનારા. નેણાં૦ (૨)
કાળજડુ મારું કોરેછે;
તારા આંખ તણા અણસારા. નેણાં૦ (૩)
કંથ કપટના બોલ કહ્યા છે;
કહો કેમ એ વિસરનારા. નેણાં૦ (૪)
પ્રાણજીવન જ્યારે નહીં પેખું;
આંખે વહેછે આંસુધારા. નેણાં૦ (૫)
ભગવતસુત કહે મુજ દષ્ટિથી;
નાથ નહીં મેલું કદી ન્યારા. નેણાં૦ (૬)

**રાગ : રેખતો**

જોઈને નિત્ય જીવું, જીવન મારારે જોઈને; (ટેક)
ચાલ તમારી નિરખી લજવાયા;
હાથીને હંસ બીચારા. જોઈને૦ (૧)
મરમાળી છબિ નાથ નિહાળી;
ઉઠે છે પ્રેમ ફુઆરા. જોઈને૦ (૨)

ચટક રંગીલી શિર પાઘ પેચાળી;
નેણાંમાં કામણગારા. જોઈને૦ (૩)
હસતા હસતા મંદિર આવો;
અમૃતરસ ઝરનારા. જોઈને૦ (૪)
વદનકમલ વાલા નિત્ય નિરખાવો;
અલબેલા આંખના તારા. જોઈને૦ (૫)
ભગવતસુત ઘનશ્યામની સાથે;
પરવશ પ્રાણ અમારા. જોઈને૦ (૬)

**રાગ : ત્રિવિક્રમનો માઢ**

**“મારી નિરમળા પ્રાણની પ્યારી,” એ રાગ પ્રમાણે.**

મારા પ્રાણજીવન ઘનશ્યામરે, વા’લા વહેલા આવજો; (ટેક)
ભક્તિ ધરમના પુત્ર તમારી, અરજ કરું આ વાર;
નેણાં થકી ક્ષણૂં દૂર ન મેલું, નેણાં તણા શણગાર.
હાંરે પ્યારા પ્રેમ આણીને મારા પ્રિતમ પધારો.
મારા૦ (૧)
કૌરવ પાંડવની સભામાં, બહુનામી બલવીર;
ગરુડ ઉપર ગોવિંદ ચઢીને, પૂર્યાં પંચાળીનાં ચીર.
હાંરે વા’લા એવી રીતે તમે આજ પધારો. મારા૦ (૨)
વદનકમલ વા’લા જોઈ તમારું, ઉપજે સુખ અપાર;
મનના મનોરથ પૂરા કરવા, આવોજી ધરમકુમાર.
હાંરે અતિ પ્રેમ ધરીને વા’લા વિનતી કરું છું.
મારા૦ (૩)

ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ છો પ્યારા, સંત તણા શિરતાજ;
આજ પધારો રાજ રસિલા, ગોવિંદ ગરીબનિવાજ.
હાંરે વા'લા દીનબંધુ છો દીનાનાથ દયાલુ. મારા૦ (૪)
ભગવતસુતના શામ સલુણા, કમલાનાથ કૃપાલ;
અનંત કોટી બ્રહ્માંડ તણા છો, રસિયાજી રખવાલ.
હાંરે વા'લા પ્રેમ ધરીને નિત્ય ક્ષેમ કરોજી. મારા૦ (૫)

**॥ શ્રીકૃષ્ણ નારાયણ વિષે ॥**

**રાગ : પૂરવી**

**"હમકું છાંડ ચલે બન માધો, રાધા શોચ કરે બનમેંરે;"**

**એ રાગ પ્રમાણે.**

ઉદ્ધવજી માધવને કહેજો, અરજી આ એકાંત જઈરે,
ઉદ્ધવજી૦ ટેક.
પ્રાણનાથજી વહેલા પધારો, હે ! ઘનશામ હવે ઘણી થઈરે;
ત્રિભુવનનાથ તમારા વિજોગે, વિરહ વ્યથા નહીં જાય સહીરે;
ઉદ્ધવજી૦ (૧)
જલ સઘલું જો જાય સુકાઈ, મચ્છ જુઓ જેમ પ્રાણ તજેરે;
તેમ જસે મુજ પ્રાણ પછીથી, ભાવથી આપને કોણ ભજેરે.
ઉદ્ધવજી૦ (૨)
મોરને રટના જેમ મેઘની, જેમ કોયલને વસંતઋતને;
રાત દિવસ તેમ રટના લાગી, આપ વિના નથી સુખ થતું રે.
ઉદ્ધવજી૦ (૩)
મળવાનું તમે વચન દીધેલું, વા'લા કેમ તે વિસરી ગયારે;
કમળાનાથ કેમ કઠણ થયા છો, દીનબંધુ દિલધારો દયારે.
ઉદ્ધજી૦ (૪)

જળરે વિના જેમ કમળ સુકાયે, ચંદ્રવિના છે ચકોર દુ:ખીરે;
ધર્મકુંવર તવ દરશન વિના, સેવક કહો કેમ થાય સુખીરે.
ઉદ્ધવજી૦ (૫)
અવગુણને ગુણ અળગા ત્યાગી, જીવન જીવ તણી જાણીરે;
રઘુવીર સુત સુત કહે કરજોડી, શુધ લેજો સારંગપાણી.
ઉદ્ધવજી૦ (૬)

**રાગ : વણઝારો**

વા'લા વિનતી વાંચીને વહેલા આવો,
મારા તનના તાપ બુઝાવો; (ટેક)
છો વિશ્વસકળના ત્રાતા, તમે શ્યામસુંદર સુખદાતારે;
આવી મંદિર મુજને બોલાવો. મારા૦ (૧)
મારે એક આધાર તમારો, માટે વાલમ મનમાં વિચારોરે;
દુ:ખ દારિદ્ર આવી દબાવો. મારા૦ (૨)
દેવ દિલ્લમાં થઈને દયાલ, લીધી સીતાની તમે સંભાળરે;
ધર્મપુત્ર એવી રીતે ધાઓરે[1]. મારા૦ (૩)
દ્રૌપદીની સભામાં રાખી લાજ, પૂર્યાં વસ્ત્ર તમે મહારાજરે;
એમ આ આપદાથી મૂકાવો. મારા૦ (૪)
પાંડવોએ જો તમને સંભાર્યા, લાક્ષાગ્રહથી બળતા ઉગાર્યારે;
એમ આજ આ તાપ ઓલાવો. મારા૦ (૫)
ભગવત સુતના સુખકંદ, જય જય જય સહજાનંદરે;
હરિ આવીને આજ હસાવો. મારા૦ (૬)

---

૧. ધાઓ=દોડીને આવોરે

## ॥ શ્રીજી મહારાજની પ્રાર્થના વિષે ॥

### રાગ : સિંહાનો કનડો

પ્રિતમ પ્યારા આજ પધારો,
સ્નેહ ધરીને વિનતી સ્વીકારો. પ્રિતમ૦ (ટેક)
વિશ્વવિલાસી છો સુખરાશી,
ત્રિકમ મુજને ગણીને તમારો. પ્રિતમ૦ (૧)
પરમેશ્વર સરવેશ્વર સ્વામી,
અતિ દુઃખમાંથી આજ ઉગારો. પ્રિતમ૦ (૨)
જીવન મારા ધર્મદુલારા,
સ્નેહ પૂરવનો શ્રીજી સંભારો. પ્રિતમ૦ (૩)
રઘુવીરજીને જળથી તાર્યા,
તેમજ આ સંકટમાંથી તારો. પ્રિતમ૦ (૪)
નાજાભક્તને લીધા ઉગારી,
હે ! હરિ તેમ ગ્રહો કરમારો. પ્રિતમ૦ (૫)
પંચાળીની પેઠે પધારી,
સુફળ કરો મારો જન્મારો, પ્રિતમ૦ (૬)
કાલ કસાઈ કેડે પડ્યો છે,
શ્રીપતિ તેહને સદ્ય સંહારો. પ્રિતમ૦ (૭)
નાવના કાગ સમાન થયું છે,
અન્ય નથી ઉગર્યાનો આંરો. પ્રિતમ૦ (૮)
ગૌબ્રાહ્મણ પ્રતિપાળ તમે છો,
દુઃખ દારિદ્ર દયાળુ વિદારો. પ્રિતમ૦ (૯)
ભગવતસુત કહે કરજોડી,
અલબેલા અરજી ઉર ધારો. પ્રિતમ૦ (૧૦)

## ભુજંગી છંદ

કૃપાળુ તમે છો કૃપા ધારનારા, સદા શ્રીપતિ સુમતિ આપનારા;
હરિ તેં ગ્રહ્યો હેતથી મુજ હાથ,
સદા આપને વંદિયે વિશ્વનાથ. (૧)
તમારા થકી સૃષ્ટિ સારી સૃજાય,
તમે પાળનારા પ્રજાને સદાય;
તમે દુષ્ટ મારી ઉગારો અનાથ,
સદા આપને વંદિયે વિશ્વનાથ. (૨)
તમારા ગુણો વાણી દેવી વિચારે,
ઉમા ને ઉમાનાથ નિત્યે ઉચ્ચારે;
ગણું આપના ગુણની શુભગાથ;
સદા આપને વંદિયે વિશ્વનાથ. (૩)
નથી આપનો પાર છો જી અપાર,
તમારું નથી માપ ક્યારે થનાર;
ભરે કોણ તે આભની સાથ બાથ,
સદા આપને વંદિયે વિશ્વનાથ. (૪)
કળી ના શકે વેદ લીલા તમારી,
કહો દૃષ્ટિ ત્યાં કેમ પૂગે અમારી;
ઉપાસુ અમો જાણીને સુખપાથ,
સદા આપને વંદિયે વિશ્વનાથ. (૫)
કરી છે સ્તુતિ આ રુચિ એમ આણી,
રીઝાવા તમોને પ્રભુ પદ્મપાણી;
ગણી આપનો બાળ રાખોજી સાથ,
સદા આપને વંદિયે વિશ્વનાથ. (૬)

### વસંતતિલકા છંદ

વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,
ત્રાતા તમે સકલ મંગળ શાંતિ દાતા;
માટે તમારું કરુણા નિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ. (૧)
અજ્ઞાન પાસ કરુણા કરી કાપી નાંખો,
નિત્યે પ્રભુ તવ પદે મનવૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ. (૨)

### ઉપજાતિ છંદ

જેણે રચી ચિત્ર વિચિત્ર સૃષ્ટિ, જેની કરુણામય દિવ્યદષ્ટિ;
જેણે કર્યાં છે અદ્‌ભુત કામ, પ્રેમે કરું તે પ્રભુને પ્રણામ. (૧)
છે કાળના કાળ દયાળ એહ, જનો તણા છે પ્રતિપાળ જેહ,
કલ્યાણદાતા કરું નિત્ય સેવ, શ્રીસ્વામિનારાયણ ઈષ્ટ દેવ. (૨)

### ॥ શ્રીજીમહારાજ વિષે ॥

**રાગ : જંગલાની ઠુમરી**

**"જાઓ જાઓ છબિલા છેલરે, મોરી રસિયા ગેલ ન રોકો;"**
**એ રાગ પ્રમાણે.**

ઉભા ઉભા ધરમકુળ ચંદરે;
સખી ઉન્મત્તગંગા કિનારે. ઉભા૦ (ટેક)
શ્વેત વસ્ત્ર ધર્યાં નિજશરીરે;
સાથે મુનિજનવૃંદરે. સખી૦ (૧)

શિરપર શોભે પાઘ પેચાળી;
મુખે હસે મંદમંદરે. સખી૦ (૨)
નિજ સખાને નવલવિહારી;
આપે અધિક આનંદરે. સખી૦ (૩)
ખળખળિયાને જોઈ ખળકતો;
ગાવા લાગ્યા ગોવિંદરે. સખી૦ (૪)
વિશ્વવિહારીલાલની મૂરતિ;
સદૈવ છે સુખકંદ રે. સખી૦ (૫)

**॥ શ્રીકૃષ્ણનારાયણ વિષે ॥**

**રાગ : જંગલાની ઠુમરી**

જોયા જોયા રસિક નંદલાલરે;
સખી તટ જમુનાને આરે. જોયા (ટેક)
શિશ કલંગી છે નવરંગી;
નિરખીને થઈ છું નિહાલરે. સખી૦ (૧)
નેહ સહિત મુજ સામું નિહાલે;
કરી અલૌકિક ખ્યાલરે. સખી૦ (૨)
આંખતણા સખી કરી અણસારા;
ચાલે ચટકતી ચાલરે. સખી૦ (૩)
ભાળીને નવલ છબિ ભૂધરની;
બની ગઈ છું બેહાલરે. સખી૦ (૪)
વિશ્વવિહારીલાલને જાણ્યા;
પ્રણત જન પ્રતિપાળરે. સખી૦ (૫)

## ॥ ઉન્મત્ત ગંગા વિષે ॥

### રાગ : પીલુ

**“કહું શું નસીબે દુઃખીઓ કીધો છે,” એ રાગ પ્રમાણે.**

ઉભા સખી શ્રીજી સુખકારી;
ઉન્મત્તગંગા કિનારે મોરારિ. ઉભા૦ (ટેક)
નિરમળ જળ ઉન્મત્ત ગંગાનું;
ઉભા શરદઋતુને વિચારી. ઉન્મત્તગંગા૦ (૧)
શ્વેતાંબર સુંદર તન શોભે;
નૌતમ પાઘ તણી છબિ ન્યારી. ઉન્મત્તગંગા૦ (૨)
કુસુમની માળા કંઠે વિરાજે;
ફૂલના ગજરા ધર્યા ગિરધારી. ઉન્મત્તગંગા૦ (૩)
શુભ છબિ શોભે જન મન લોભે;
સાથે સંત સખા બ્રહ્મચારી. ઉન્મત્તગંગા૦ (૪)
ભગવતસુતને સુખ દેનારા;
અખિલેશ્વર સખી આ અવતારી. ઉન્મત્તગંગા (૫)

## ॥ સારંગપુરમાં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદજી સ્વામીના પધરાવેલા શ્રીકષ્ટભંજન હનુમાનજીની લાવણી ॥

**“મારે મંદિર પધાર્યા શ્યામ થઈ બડભાગી,” એ રાગ.**

હનુમંત મહાબળવંત હરો દુઃખ મારું;
જય સારંગપુરના શામ સદા સંભારું. હનુમંત૦ (ટેક)
ગુણનિધિ ગોપાળાનંદજી સદ્‌ગુરુ સ્વામી;
પધરાવ્યા તમને પ્રીતથી મહા નિષ્કામી.
તવ ચારુ ચરિત્ર પવિત્ર ધ્યાનમાં ધારું; જય સારંગપુર૦ (૧)

છો કષ્ટહરણ સુખ કરણ કપીશ્વર બંકા;
તવ હાક સુણી હનુમાન શત્રુ ધરે શંકા.
કર જોડી વિનતી આપતણી ઉચ્ચારું; જય સારંગપુર૦ (૨)
થઈ રામ સહાયક સીતાની સુધ લીધી;
બળવંત તમે લંકાને બાળી દીધી.
લાવ્યા સંજીવની ઔષધિ લક્ષ્મણ સારું; જય સારંગપુર૦ (૩)
સહુ ભૂત પ્રેત ભૂતડિયો ભડકી ભાગે;
વિક્રાળ મહા વૈતાલ આવે નહીં આગે.
હોય જબરું જો કદી ઝોડ જરૂર જાનારું; જય સારંગપુર૦ (૪)
નવખંડ પ્રચંડ પ્રતાપ રહ્યોછે ગાજી;
નરનારી નિરખી થાય હૃદયમાં રાજી.
આવે દેશ વિદેશથી દર્શને લોક હજારું; જય સારંગપુર૦ (૫)
છો વિશ્વવિહારીલાલને પૂરણ પ્યારા;
મહા પ્રૌઢ પરાક્રમી પેખ્યા પવનકુમારા[1].
છે ઠીક ઠરવાનું ઠામ આ શરણ તમારું; જય સારંગપુર૦ (૬)

## ॥ શ્રીવરતાલવાસી ॥

## શ્રી ભીડભંજન[2] હનુમાનજીની આરતિ

જયદેવ જયદેવ, જય કપિ સુખકારી (૨)
ભયહારી હિતકારી, દૃઢ ધીરજ ધારી. જયદેવ૦ (ટેક)
જય વરતાલવિલાસી, શુભ મતિ સુખરાશી; (૨)
પ્રગટ રૂપ ઉપાસી, સિદ્ધિ સકલ દાસી. જયદેવ૦ (૧)

---

**૧. પવનકુમાર=વાયુપુત્ર-શ્રીહનુમાનજી**
**૨. શ્રી ભીડભંજન હનુમાનજી પ્રસાદીના છે.**

બુદ્ધિ પ્રબળ બહુ નિરમલ, બળવંતછો બંકા; (૨)
હાક સુણી હનુમંતા, શત્રુ ધરે શંકા. જયદવે૦ (૨)
રામ તણા થઈ દૂત, સીતા સુધ લીધી; (૨)
લંકા બાળી દીધી, કપિ રક્ષા કીધી. જયદેવ૦ (૩)
સુણી નામ તમારું, શત્રુ સુખ ત્યાગે; (૨)
ભૂત પ્રેત બ્રહ્મરાક્ષસ, ભડકીને ભાગે. જયદેવ૦ (૪)
ધર્મદેવને ઘેર, ભીડ સમય ભાળી; (૨)
કૃત્યાઓ કાળીને, પગથી પડતાળી. જયદેવ૦ (૫)
ભગવત સુતના શ્યામ, કપિ મળશો ક્યારે; (૨)
ભીડભંજન ભવતારણ, ભીડ હરો ભારે. જયદેવ૦ (૬)

## ॥ શ્રીજી મહારાજની પ્રાર્થના ॥
### (રાગ : ધન્યાશ્રી)

કૃપા કરો ભગવાન, ભક્તપતિ કૃપા કરો ભગવાન; (ટેક)
માતને તાતને તુલ્ય તમે છો;
સેવક બાળસમાન. ભક્તપતિ૦ (૧)
બાળકના ગુન્હા સામું ન જોશો;
તમે છો કરુણાનિધાન. ભક્તપતિ૦ (૨)
બાળક હોય છે બાળક સરખું;
અલ્પમતિ નાદાન. ભક્તપતિ૦ (૩)
જનુની તેને જરુર જાળવે;
ખૂબ આપે ખાનપાન. ભક્તપતિ૦ (૪)
અન્ય જો કોઈ બાળને દુભે;
તેનું કરે ખેદાન મેદાન. ભક્તપતિ૦ (૫)

કડવું ઔષધ માતાજી પાઈ;
થાવા ન દે હેરાન. ભક્તપતિ૦ (૬)
હરકત હરીને હરેક પ્રકારે;
ગુણનિધિ આપો છો જ્ઞાન. ભક્તપતિ૦ (૭)
ભગવતસુતના સદા તવ સેવક;
ધરે તમારું નિત્ય ધ્યાન. ભક્તપતિ૦ (૮)

**(વસંતતિલકાવૃત્ત)**

શ્રી બ્રહ્મપુર પર નાથ સ્વયં સદા છો,
સાકાર મુક્તજનસેવિત સુખદા છો;
તે આપને જગત ઈશ્વર એક જાણી,
વંદુ નિરંતર પદાંબુજ પ્રેમ આણી. (૧)
હે દીનબંધુ ! જગદીશ્વર દિવ્યરુપ,
આનંદકંદ અઘહારી તમે અનુપ;
પ્રીતે સમંગલ સ્વરૂપી સદા પ્રમાણી,
વંદુ નિરંતર પદાંબુજ પ્રેમ આણી. (૨)
હે ! માવ હે ! જગત મંગલ હે ! મુરારિ,
કારુણ્યકોશ કમલાપતિ કષ્ટહારી;
વૃંદાર્કવંદ્ય[૧] અરપો સુવિતર્કવાણી,
વંદુ નિરંતર પદાંબુજ પ્રેમ આણી. (૩)
શ્રીધર્મનંદન દયાલય દીનબંધો,
સંસારસાગર સુધારણ સુખ સિંધો;
વિઘ્નોવિદાર્ણ વિભુ વલ્લભતા વખાણી,
વંદુ નિરંતર પદાંબુજ પ્રેમ આણી. (૪)

૧. વૃંદાર્ક=દેવ

## ॥ દશાવતારરૂપે શ્રીજી મહારાજની સ્તુતિ ॥
(રાગ : ક્ષત્રીકલંક)

જયજય ધરમકુલચંદ; ઈશ્વર અવતારી હરિરે.
સુખકારી શ્રી સહજાનંદ. ઈશ્વર૦ (ટેક)
સદા કોમલ હૃદય કૃપાલ; ઈશ્વર૦
બહુ નામી છો ભક્તિના બાળ. ઈશ્વર૦ (૧)
તમે મચ્છનું ધરીને સ્વરૂપ; ઈશ્વર૦
માર્યો શંખાસુર દૈત ભૂપ. ઈશ્વર૦ (૨)
ધરી કચ્છનો સ્વચ્છ અવતાર; ઈશ્વર૦
ધાર્યો મંદ્રાચળ તણો ભાર. ઈશ્વર૦ (૩)
વા'લા ધરી વારાહનો વેશ; ઈશ્વર૦
લાવ્યા પૃથ્વી તમે પરમેશ. ઈશ્વર૦ (૪)
નાથ નરસિંહનું ધરી તન; ઈશ્વર૦
માર્યો હિરણ્યકશિપુ રાજન. ઈશ્વર૦ (૫)
તમે વામન થઈ મહારાજ; ઈશ્વર૦
બળિને છળિ કર્યું દેવકાજ. ઈશ્વર૦ (૬)
પરસુરામનો લઈ અવતાર; ઈશ્વર૦
હણી ક્ષત્રી હર્યો ભૂમિભાર. ઈશ્વર૦ (૭)
થઈ સીતાપતિ રુડા રામ; ઈશ્વર૦
માર્યો રાવણ દુઃખનું ધામ. ઈશ્વર૦ (૮)
થઈ મોહન બાલમુકુંદ; ઈશ્વર૦
આપ્યો વ્રજવાસીને આનંદ. ઈશ્વર (૯)
બુદ્ધ રૂપે થઈ હરિ શુદ્ધ; ઈશ્વર૦
આપે મોહ પમાડ્યા અબુદ્ધ. ઈશ્વર૦ (૧૦)

કલકી રૂપ ધરીને રમેશ; ઈશ્વર૦
તમે મારશો મ્લેચ્છ નરેશ. ઈશ્વર૦ (૧૧)
દશ રૂપનો કહ્યો મેં વિવેક; ઈશ્વર૦
પણ આપ ધરો છો અનેક. ઈશ્વર૦ (૧૨)
જય ધર્મધુરંધર ધીર; ઈશ્વર૦
સુખદાયક શ્યામશરીર. ઈશ્વર૦ (૧૩)
વિશ્વવ્યાપક વિહારીલાલ; ઈશ્વર૦
સદા પ્રણતજનપ્રતિપાળ. ઈશ્વર૦ (૧૪)

**॥ શ્રીજીમહારાજની પ્રાર્થના ॥**

**"થયાં માતપિતા વેરી, કરી જીંદગી આ ઝેરી;"**

**એ રાગ પ્રમાણે.**

ભક્તિ સુત છે ભયહારી, લે છે જનને ઉગારી; ભક્તિ૦ (ટેક)
મહા સંકટમાં જનને જોઈને, થાયછે દિલમાં દયાળ;
લેછે સ્નેહ ધરીને સંભાળ, પરમ પ્રતિપાળ, હરે જંજાળ.
ભક્તિ૦ (૧)
ધર્મને થાપી અધર્મ ઉથાપ્યો, આપ્યાં સુખ અખંડ;
અતિ કળિને જોઈ ઉદંડ, દીધો બહુ દંડ, પ્રતાપ પ્રચંડ.
ભક્તિ૦ (૨)
માતાપિતા જેવા મનમોહન, હરકતને હરનાર;
આપે સુંદર સુખ આપર, જગત આધાર, પમાડી પ્યાર.
ભક્તિ૦ (૩)
વિશ્વવિહારીલાલજી જનનું, કરે સદૈવ કલ્યાણ;
પ્રેમીના પ્રાણ, સદા છે સુજાણ. ભક્તિ૦ (૪)

## ॥ સત્સંગ વિષે ॥

### (શાર્દૂલવિક્રીડિત છંદ)

સત્સંગે સદ્‌બુદ્ધિ થાય સહુની, સત્સંગથી સુખ છે,
ટાળે તાપ અમાપ પાપ પથનાં, દૂર કરે દુઃખ છે;
રાખે જો સત્સંગમાં દૃઢમતિ, રીઝે સદા શ્રીહરિ,
માટે સજ્જન છે સદૈવ સહુથી, સત્સંગ સર્વોપરી. (૧)
સત્સંગેથી અનેક શાસ્ત્ર સુણિયે, અજ્ઞાનને ટાળિયે,
સત્સંગેથી ઉમંગ અંગ ધરીને, સુજ્ઞાન સંભાળિયે;
વિવેકાદિ અનેક ગુણ ઉરમાં, એથી રહે છે ઠરી,
માટે સજ્જન છે સદૈવ સહુથી, સત્સંગ સર્વોપરી. (૨)
આ સંસાર અપાર અર્ણવતણું[૧], નક્લી વડું નાવ છે,
છે ચિંતામણી તુલ્ય ભક્તજનને, ભારે ઉરે ભાવ છે,
એના સેવનથી અનેક જનતે, સે'જે ગયા ઉધરી,
માટે સજ્જન છે સદૈવ સહુથી, સત્સંગ સર્વોપરી. (૩)
જે ઈંદ્રાદિક દેવને શશી રવિ, અગ્નિ પ્રજાના પતિ,
સત્સંગેથી મહત્ત્વતા સુજનતા, પામ્યા દિસે છે અતિ;
બ્રહ્મા, શેષ, મહેશને, ગણપતિ, ગિરા, વખાણે ખરી,
માટે સજ્જન છે સદૈવ સહુથી, સત્સંગ સર્વોપરી. (૪)
પામ્યા ધ્રુવજી અપાર મોટપ જુઓ, સત્સંગ સેવા થકી,
પ્રલ્હાદાદિ અનેક જેહ સુધર્યા, સત્સંગથી તે નકી;
પામે ઈશ્વરધામ સિદ્ધિ મળશે, સત્સંગ સેવા કરી,
માટે સજ્જન છે સદૈવ સહુથી, સત્સંગ સર્વોપરી. (૫)

---

**૧. અર્ણવ=સમુદ્ર**

## ॥ ગઢપુરવાસી શ્રી ગોપીનાથજી મહારાજ વિષે ॥
## (ફરીને ગાવાનો વડસાવિત્રિનો ગરબો)

મેં નિરખ્યા શ્રી ગઢપુરમાં, સુખકારીરે,
મહા ગુણિયલ ગોપીનાથ, ભવભયહારીરે;
છે શામ શરીરે શોભતા, સુખકારીરે,
રાસેશ્વરી[1] રાધા સાથ, ભવભયહારીરે. (ટેક)
શિશ મુગટમણિએ જડ્યો, કુંડળ મકારાકાર;
નંગ જડિત ઝળકી રહ્યાં, હૈડા ઉપર હાર. હરિવર હસિયારે;
મુજ હૃદયકમળની માંહ્ય, મોહન વસિયારે, મેં નિરખ્યા૦ (૧)
જામો જરિયાની ધર્યો, સોનેરી સુરવાળ;
શેલું બુરાનપુરનું, શોભે ખભે રસાળ. પહોંચી હાથેરે;
દશ આંગળિયોમાં વેઢ, ધરિયા નાથેરે. મેં નિરખ્યા૦ (૨)
ફૂલદડો ઉછાળતા, લટકાં કરીને લાલ;
ડાબા કરમાં રેશમી, રાજે એક રૂમાલ. વંશી વગાડેરે;
પ્રેમીજનને આનંદ, પૂર્ણ પમાડેરે. મેં નિરખ્યા૦ (૩)
કેડે છે કટીમેખલા, રેશમ નાડી અનુપ;
ચારુ ઝાંઝર ચરણમાં, શોભી રહ્યાં રસરૂપ, પગ આંગળિયુંરે;
જાણે ચળકેછે નખ તેજ, ચંદ્રમંડળિયુંરે. મેં નિરખ્યા૦ (૪)
મરમાળી છે મૂરતિ, નટવર નંદકિશોર;
વિશ્વવિહારીલાલજી, કોટીક જન ચિત્તચોર. મંગળકારીરે;
હરો આપત્તિ અલબેલ, એહ અમારીરે. મેં નિરખ્યા૦ (૫)

---

**૧. રાસેશ્વરી=રાસમાં નિયંતા=શ્રીકૃષ્ણચંદ્ર સાથે સદા વિનોદ કરનાર શ્રીરાધાજી**

## ॥ શ્રીગોમતીજીના માહાત્મ્ય વિષે ॥

**“પાટણના નૃપ નથી તુજ મહોલે” એ રાગ પ્રમાણે.**

ગુણસાગર તીરથ અતિ ઉત્તમ, ગોમતીજી આજે; ગુણ૦ (ટેક)
ઘણો ઉત્તમ છે જેનો ઘાટ, પગથિયાંનો શોભે ઠીક ઠાઠ;
માનસર જોઈ મનમાં લાજે. ગુણ૦ (૧)
અતિ નિરમલ જલ છે એમાં, જગતપતિ નાહ્યા બહુ જેમાં;
કોટીજન ઉધારવા કાજે. ગુણ૦ (૨)
દ્વારિકાંથી અત્રે આવ્યાં, તીરથો સાથ ઘણાં લાવ્યાં;
ભભકતી શોભાથી ભ્રાજે. ગુણ૦ (૩)
સરસ્વતી રેવા ગંગાજી, જોઈ આ તીરથ થાય રાજી;
દર્શને પાપ સહુ દાઝે. ગુણ૦ (૪)
રઘુવીર સુત સુત બલિહારી, મગન મન મહિમા સંભારી;
સર્વથી અધિકપણે રાજે. ગુણ૦ (૫)

## ॥ શ્રીજીમહારાજ વિષે ॥

**હિંદુસ્થાની ભાષામાં**

**(પ્રાતઃકાળના ઉત્થાપન સંબંધી)**

**રાગ : ભૈરવ ધ્રુપદ ચૌતાલ**

ભયોહૈ પ્રભાત પ્યારે, જાગો ધર્મકે દુલારે,
આપકે દર્શહિત, આયે જન વૃંદહૈ; ભયોહૈ૦ (ટેક)
ધ્યાની જન ધરે ધ્યાન, ગુણિજન કરે ગાન,
પ્રાનકે સમાન ગનૈ, જો મહા મુનિંદહૈ. ભયોહૈ૦ (૧)
પ્રેમવતી[1] માત બલી જાત, આપ મુખપર,
નૈનસું નિહારતી, ચકોર જીમીં ચંદહૈ;

---

**૧. પ્રેમવતી માતા=શ્રીભક્તિમાતાજી**

વિશ્વકે બિહારી સુખકારી, પ્રભુ જાગે તબ,
જનકે સમુહ બોલે, જય જય જગવૃંદહૈ. ભયો હૈ૦ (૨)

**॥ ગઢપુરમાં સભા ભરીને શ્રીજીમહારાજ બિરાજમાન હતા તે સમયકે ॥**

**(રાગ : ભૈરવી ધ્રુપદ) ચૌતાલ**

આજ ગઢપુરમેં બિરાજત, હૈ ગિરધારી,
અક્ષરકે મુક્ત ઢીગ, ઔર ધર્મકુલહૈ; આજ૦ (ટેક)
આભૂષણ અંગ અંગ, રાજત જડિત નંગ,
પ્રેમ આની પહિરે, સબ રેશમી દુકૂલહૈ[1]; આજ૦ (૧)
પ્રેમાનંદ સ્વામી આદિ, શ્રીહરિ રીઝાવનકું,
ભૈરવીમેં આલાપત, રાગ અનુકૂલહૈં;
સુનીકે સયાને શામ, રીઝકે ઈનામ દેત,
વિશ્વકે બિહારી જયકારી, સુખમૂલહૈ. આજ૦ (૨)

**રાગ : ભૈરવી**

યાના બજાવો શામ, મુરલિયાં વારે; યાના૦ (ટેક)
બંસીકી ધૂન સુની, ભઈહું દિવાની;
નિકસા જાત મેરા પ્રાન. મુરલિયાં૦ (૧)
જબ તુમ શામ, બજાવત બંસી;
હિયરા હોત હૈરાન. મુરલિયાં૦ (૨)
મોહ કરત મન, છેદત છતિયાં;
ભૂલ ગઈ તન ભાન. મુરલિયાં૦ (૩)

---

૧. દુકૂલ=વસ્ત્ર

વિશ્વવિહારી તુમ, જાનત જિયકી;
ક્યોં નહીં સુનત કાન. મુરલિયાં૦ (૪)

**રાગ : ભૈરવી**

નિરખી નેણાં ઠરે, હરિમુખ; નિરખી૦ (ટેક)
પ્રસન્ન બદન પ્રફુલ્લિત કોમળ;
જનમન રંજન કરેહૈ. હરિમુખ૦ (૧)
ભાલ વિશાળ તિલક કેશરકો;
ભૃકુટીમેં કરુણા ભરેહૈ. હરિમુખ૦ (૨)
નવીન કમલદલ લોચન સોહત;
હેરી ભવરોગ જરેહૈ. હરિમુખ૦ (૩)
વિશ્વિવિહારી બદન બિધુ[1] હેરી;
કોટી કામ દર્પ હરેહૈ. હરિમુખ૦ (૪)

**રાગ : ભૈરવી**

હેરી હરિ વૃષલાલ, મગનમન; હેરી૦ (ટેક)
જરકશી અંગ શૃંગાર અનોપમ;
નિરખી હોત નિહાલ. મગનમન૦ (૧)
જરકશી પાઘ છોગાજુત રાજત;
શોભિત ભાલ વિશાલ. મગનમન૦ (૨)
કનક કડાં પહોંચી કર સુંદર;
ધરી છડી કનક રસાલ. મગનમન૦ (૩)
વિશ્વવિહારી મંદગતિ હેરી;
લાજે ગજેંદ્ર મરાલ[2]. મનગમન૦ (૪)

**૧. વિધુ=ચંદ્ર** **૨. મરાલ=હંસ**

## રાગ : ભૈરવી

હરિવર ધરમકિશોર, બસે ઉર; હરિવર૦ (ટેક)
જરકશી આંટાદાર અનોખી;
બાંધત પાઘ મરોર. બસે ઉર૦ (૧)
જરકસી અંબર તનપર સુંદર;
ચટક ચલત ચિત્તચોર. બસે ઉર૦ (૨)
પુષ્પહાર ગજરા ધરે ગિરધર;
ભાલમેં ચંદન ખોર[૧]. બસે ઉર૦ (૩)
ભગવતસુત ઘનશ્યામકું નિરખત;
જૈસે ચંદ્રચકોર. બસે ઉર૦ (૪)

## રાગ : ભૈરવી

દેખો જન ઘનશ્યામ, પૂરણ બ્રહ્મ; દેખો જય૦ (ટેક)
નટવર નાગર સુખકે સાગર;
અકળ ગતિ અભિરામ. પૂરણ૦ (૧)
ષોડશ ચિન્હ ચરણતળ રાજત;
તન મન કરત આરામ. પૂરણ૦ (૨)
જાનુ જુગલ કટી ઉદર અનૂપમ;
હૃદય મુખ સુખધામ. પૂરણ૦ (૩)
ભગવતસુત સકળ સુખ ત્યાગી;
ઉર ધારત આઠુ જામ. પૂરણ૦ (૪)

૧. ખોર=ચંદન અરચા

### રાગ : ભૈરવી

ચપળ ચલત ગતિયાં, હરિવર; ચપળ૦ (ટેક)
ગલિત ભઈ ગજ હંસકી ગતિયાં;
મોદ કરત મતિયાં. હરિવર૦ (૧)
ચાલચપલ નિરખત ઉર હરખત;
છકિત ભઈ છતિયાં. હરિવર૦ (૨)
મૂરતિ મન બસી મનમોહનકી;
કહા કહું મુખબતિયાં. હરિવર૦ (૩)
ભગવતસુત સુખકંદકું નિરખી;
લજત રતિપતિ અતિયાં. હરિવર૦ (૪)

### રાગ : ભૈરવી

ઉર મોરે અટકી, નવલ છબિ; ઉર મોરે૦ (ટેક)
જાદુકી નેન સેન મોહે ડારી;
ચડગઈ ચિત્ત ચટકી. નવલ છબિ૦ (૧)
મંદિર આય બુલાયકે મોહન;
ઘાત કીની વે ઘટકી. નવલ છબિ૦ (૨)
શોભાધામ કામ મદગંજન;
નટ નાગર નટકી. નવલ છબિ૦ (૩)
વિશ્વવિહારીલાલકે કારન;
લોક લાજ પટકી. નવલ છબિ૦ (૪)

### (રાગ : બિલાવર ધ્રુપદ) ચૌતાલ

આજતો સિંગારકી, છટા બનીહૈ ઔર કછું,
બરની ન જાય એસી, શોભા ઘનશ્યામકી; આજતો૦ (ટેક)
નવીન જરીકી પાઘ, ઝૂક રહી વામભાગ,
છોગેકી છટા બનીહૈ, અંતર આરામકી; આજતો૦ (૧)
જામોહૈ નવીન શેલું, કંધમેં નવીન સોહૈ,
દીપતહૈ કાન્તિ ગલે, દિવ્યમણી દામકી[1];
નયો સુરવાલ અંગોઅંગમેં ભૂષણ કાન્ત,
વિશ્વકે વિહારી બલિહારી જાઉં નામકી. આજતો૦ (૨)

### (રાગ : ધનાશ્રી ધ્રુપદ) ચૌતાલ

આજ રાધા બાગમેં બિરાજતહૈ રમાનાથ,
ફૂલકો સિંગાર લિયો અંગમેં સુધારીજી; આજ રાધા૦ (ટેક)
ફૂલનકી ટોપી શિર ફૂલનકે કુંડલ કાન,
ફુલનકો વાઘો સુરવાલ સુખકારીજી; આજ રાધા૦ (૧)
ફૂલનકે હાર તોરા ગજરા રુ બાજુબંધ,
ફૂલનમે ફૂલે જીમી ફૂલી ફૂલવારીજી;
અક્ષરકે મુક્ત પાસ મંદ મંદ કરી હાસ,
વિવિધ કરે વિલાસ વિશ્વકે વિહારીજી. આજ રાધા૦ (૨)

### (રાગ : કલ્યાણ ધ્રુપદ) ચૌતાલ

સંધ્યાસમે મહારાજ શોભિત બિરાજે આજ,
મુક્તનકી મંડલી વિનતિકું ઉચ્ચારતી; સંધ્યાસમે૦ (ટેક)

---

૧. દામ=માલા

ભૂષણ બસન તન સોહે ઔર સિંહાસન,
સુરત્રિય સુમનકી માલ ગલે ડારતી; સંધ્યાસમે૦ (૧)
દીપતહૈ દીપમાલ[1] માનહુ નક્ષત્ર માલ,
કિંવા ધરા નેત્ર કરી નાથકું નિહારતી;
વિશ્વકે વિહારીલાલ બોલત બાની રસાલ,
ઈંદ્ર ચંદ્ર દેવ આઈકેં ઉતારે આરતિ. સંધ્યાસમે૦ (૨)

**॥ શયન વિષે ॥**

**(રાગ : બિહાગ ધ્રુપદ) ચૌતાલ**

સજીકે સિંગાર પ્યાર આયીકે અપાર ઉર,
પ્રભુકું જીમાઈ દીની પાન બીરી રંગમેં; સજીકે સિંગાર૦ (ટેક)
સેજ પુષ્પકી બિછાઈ બહુત બિધિ બનાઈ,
ચરણકું ચાંપતી મૈં સ્નેહકે તરંગમેં; સજીકે સિંગાર૦ (૧)
પ્રેમહુકી પ્યાસી દાસી જાની અવિનાશી મોહૈ,
રાધા ઔ રમાસી સુખી કીની નિજ સંગમેં;
બિશ્વકે બિહારી સુખકારી અવિકારી આપ,
પ્રેમ આની પોઢે પ્રભુ પ્રેમકે પલંગમેં. સજીકે સિંગાર૦ (૨)

**(રાગ : મલ્હાર ધ્રુપદ) ચૌતાલ**

ઘનકે સમાન ઘનશ્યામ જો પૂરનકામ,
આઈકેં બિરાજે આલી આજ મોરી અટારી[2];
ઘનકે સમાન૦ (ટેક)

**૧. દીપતહૈ દીપમાલ=દીવાની પંક્તિ શોભે છે, તે આકાશનાં શું ? નક્ષત્ર છે કે તારા છે; કે આતે ધરા ? - પૃથ્વી દીપકરૂપી નેત્રથી શ્રીહરિનાં દર્શન કરે છે.**

**૨. અટારી=બારી**

ગુની મોર કરે ગાન ગાજ બિજ ગગનમેં,
ઘન ઘોર ચઢી આઈ ઘનહુકી ઘટારી; ગનકે સમાન૦ (૧)
દેખીકે રસિક રંગ પ્રિતમ પ્યારીકે સંગ,
મારતહૈ નેન સેન મેન મોહ કટારી;
બિશ્વકે બિહારી મેઘ નિહારી રીઝત અતિ,
છબિલે છોગારેકી મૈં કહા કહું છટારી. ઘનકે સમાન૦ (૨)

**(રાગ : સોરઠ મલ્હાર) ત્રિતાલ**

રે-તું[1], બરસેજા, બરસેજા, બરસેજા. રે-તું; (ટેક)
ઉમંડ ઘુમંડ બાદલ દલ છાઈ;
ચમક ચમક ચપલા ચમકાઈ;
દાદુર ધૂનિ દરસેજા. રે-તું બરસેજા૦ (૧)
મોર સ્હોર ચિત્તચોર કરાઈ;
નૌતમ અધિકો નેહ જનાઈ;
પ્રિય મોકું પરસેજા. રે-તું બરસેજા૦ (૨)
બંસીધરનકો શ્યામ બરનહૈ;
શ્યામબરન તુમ સુખકરનહૈ;
હિયરાકું હરખેજા. રે-તું બરસેજા૦ (૩)
સનનન સનનન પવન પ્રસારી,
બિસરી જાયો મત બિશ્વબિહારી;
બરસન ઋતુ બરસેજા. રે-તું બરસેજા૦ (૪)

---

**૧. આ પદ દ્વિઅર્થી છે. એક મેઘને અને બીજું શ્રીજીમહારાજ તેમના સંબંધી છે.**

**(રાગ : મલ્હાર હીંડોર) તાલ અડેલ**

રસિક છેલ ઝૂલત બન ઘનરંગ[૧],
ઘોર ઘટા બીચ ચમકત ચપલા;
રાધા હરિ જ્યુંકે સંગ. રસિક છેલ૦ (ટેક)
ફૂલન હીંડોરેમેં પ્રફુલ્લિત શામા,
ઝૂલાવતી શામ સુરંગ; સખીગન સરસ મલ્હાર આલાપત,
ઉપજત પ્રભુકું ઉમંગ. રસિક છેલ૦ (૧)
વનવેલી વન વનિતા ફૂલે,
ફૂલે ચતુર જન અંગ, ફૂલી માધવી માલતી મલ્લિકા,
સુમન સુમન પ્રતિભૃંગ. રસિક છેલ૦ (૨)
નવીન ઋતુ બરખા ઘન બરખત,
સરસ કમલ જલગંગ; બોલત દાદુર મોર બપૈયા,
બિચરત બિચિત્ર બિહંગ. રસિક છેલ૦ (૩)
શ્રીવ્રજચંદ હીંડોરેમેં ઝૂલત,
થકિત કુરંગ[૨] તરંગ; વિશ્વબિહારી મગન મન પુલકિત.
જયજય મદનમદભંગ. રસિક છેલ૦ (૪)

**(રાગ : તિલાનો)**

**"નજરા ગયો બાલમ મોરે અંગના," એ રાગ પ્રમાણે**

ધ્રુમી કટ તક મૃદંગ બાજ રહી,
બાજ રહી, સો ગાજ રહી; ધ્રુમી કટ૦ (ટેક)
કીટ ધીલાંગ ધા ધ્રુમી કટ ધી, ધી, કટ;
દ્વિકટ ધ્રૌંકટ સાજ રહી. ધ્રુમી કટ૦ (૧)

---

**૧. ઘનરંગ=મેઘસરખા વર્ણવાળા ૨. કુરંગ=હરીણ**

ધ્રોમી, ધ્રોમી, ધ્રોમી, ધ્રોમી, દધીગન ધાધા;
થોંગ થોંગ સો અવાજ રહી. ધ્રુમી કટ૦ (૨)

### ॥ શ્રીકૃષ્ણ નારાયણ વિષે ॥
### (દક્ષિણી ભાષામાં)
### (રાગ : ભૈરવી)

કૃષ્ણારે, મુખચંદ્ર પાહુંદે, મુખચંદ્ર પાહુંદે, કૃષ્ણારે; (ટેક)
મુખ પાહુન સુખ, વાટતેં મજલા;
જવળ તુજે યેઉંદે. કૃષ્ણારે૦ (૧)
ગાલ તુઝે જસે, પુષ્પ ગુલાબી;
મુખચુંબન ઘેઉંદે. કૃષ્ણારે૦ (૨)
કમલા સારિખે, કર તુઝે કૃષ્ણા;
કંઠા મધિં ઠેઉંદે. કૃષ્ણારે૦ (૩)
ભગવતસુત, હ્મણતે અસેં રાધા;
ચરણકમળ શિવુંદે. કૃષ્ણારે૦ (૪)

### (રાગ : ધનાશ્રી)

વંદુની મી ત્યા કૃષ્ણાલા, મી ત્યા કૃષ્ણાલા; વંદુની૦ (ટેક)
પ્રેમ ધરુન નિત્ય સેવન કરિતી, લક્ષ્મીચરણાલા. વંદુની૦ (૧)
મંગળચરણી મંગલધામા, મંગલ-દાત્યાલા. વંદુની૦ (૨)
વિહાર કરિતાં યમુને તીરીં, ઘેઉન વ્રજબાળાં. વંદુની૦ (૩)
ભગવતસુત હરિમહિમ્યાને, અધમ ઉદ્ધરીલા. વંદુની૦ (૪)

## ॥ શ્રીજી મહારાજ વિષે ॥

### (રાગ : અભંગ) તુકારામના અભંગ પ્રમાણે

અહો ! પ્રાણી મતિહીન, જગીં પ્રઘટલે હરિ જાણ;
નાવ સ્વામિનારાયણ, ભય હારી ભક્તાંચેં. (૧)
જસા સૂર્ય નિઘાલા, તો ન દિસે ઘુવડાલા;
તસા પ્રભુ પ્રઘટલા, નાહીં ઓળખ મૂર્ખાલા. (૨)
જા શરણ હરીતેંહો, મીટેલ ભય યમાચેંહો;
વાઢેલ ગુણ બુદ્ધિચાહો, સોડુન ઘા મોહાલા. (૩)
તુલા સાંગું બરેં કીતી, વાગવા ધર્મ આણિ નીતિ;
સદ્દુપદેશ ધરા ચિત્તીં, જોડા સદા સત્સંગતી. (૪)
વિશ્વવિહારીચી સંગતી, તુઝી હોઈલ નિર્મલ મતી;
ઘડીલ જ્ઞાનચક્ષુચી ગતી, હા ! મહિમા દેવાચા. (૫)

### (ઓવ્યા)

આતાં વંદું ઘનશ્યામા, મંગલમૂર્તી મંગલધામા;
યા સૃષ્ટીચે પૂર્ણકામા, ભક્તાંચે વરદ તુમ્હીં. (૬)
દેઉં નકો દુષ્ટ સંગ, યા પ્રપંચીં નકો રંગ,
કરૂં નકો માઝા ત્યાગ, તુમચી ભક્તિ દેઉની. (૭)

### (આર્યા-ગીતિ)

દૈત્યખલાંતક દેવા, પુરાણપુરુષા દયાલુ તૂં ત્રાતા;
અલ્પમતિ મી યાસ્તવ, ઉદ્ધરિં દેવા દુજા નસે પાતા. (૮)

એક સમયે વરતાલમાં બામણોલી ગામના એક પગી ઠાકોરના દીકરાએ, પોતાનું મન જીતીને શ્રીજીમહારાજને સભામાં ચિભડાની કાકડી ભેટ કરી. જેથી તેનું નામ સત્સંગમાં ‘‘મનજીત’’ એવું પ્રસિદ્ધ છે.

અને આ પદમાં એ છોકરાએ શ્રીજીમહારાજને પોતાની ગામડીઆ ભાષામાં (હાસ્યજનક) અરજી કરી ને ચિભડાની ભેટ કરી તે સંબંધી વર્ણન.

**(રાગ : ભોજાભગતના ચાબખાનો)**

હાંભળો ભગતપતિ ભગવાંન
કઉંસુ અરજી ધરજો કાન; હાંભળો૦ (ટેક)
મારા છેતરમાં ચિભડીનો વેલો, વાવ્યોતો મારે કાજ;
ખાતર નાંછીને પાણી ટોયાથી, મોટો થયો મહારાજ.
હાંભળો૦ (૧)
ઝાંખરાં ઝેંટીને વાડ કરીતી, મુંઘો ગણીને માલ;
બકરાંના ડરથી હું બાપજી, રોજ કરતો રખવાલ.
હાંભળો૦ (૨)
તાચી તાચીને જોતો તેમાં હું, ફૂલ બેહવાને રોજ;
ફુલ બેઠું મેં દીઠું ત્યારેતો, કરવા લાજ્યો મોજ.
હાંભળો૦ (૩)
એકવાર બુંનના દીચરાએ કીધું, ખાતાતા રોટલો ને શાક;
આ ચિભડીનું ચિભડું હું લઈશ, મેં મારી તેને લપડાક.
હાંભળો૦ (૪)

જે કોઈ ચિભડું માગે તો કહેતો હું, શીદને મને હંતાપો;
ખબર એવામાં મેં હાંભલીજે, વડતાલ આવ્યાસે બાપો.
હાંભળો૦ (૫)

કુણું માખણ જેવું ચિભડું મારું, તોડીને ચાલિયો વાટે;
ઘાટ થાય મનમેં હું ખઈ જઉંકે, લઈ જઉં બાપાને માટે.
હાંભળો૦ (૬)

પછીતો મેં મનસુબો કર્યો જે, આપણે તો નહીં ખાવું;
જરુર આ મને જીવથી વા'લું, બાપા માટે લઈ જાવું.
હાંભળો૦ (૭)

શબરી બઈનાં બોર આરોજ્યા, એમ ચિભડું આ ચાખો;
રાંક ગણીને વાંક ગણો નઈ, પગની પાહળ રાખો.
હાંભળો૦ (૮)

ભગત સુદામે આપ્યાતા આપને, મૂઠીક તાંદલ મેવા;
કંસન ઘર તેનાં કરી આપ્યાં, પછી સાપરું ન મળે રે'વા.
હાંભળો૦ (૯)

વાક્યો સઉણી પગી પુત્રનાં એવાં, હાસ્ય રસની હદવાળી;
વિશ્વવિહારીલાલતે રીઝયા, એનાં પાપ નાંખ્યાં પરજાળી.
હાંભળો૦ (૧૦)

## ॥ શ્રીકૃષ્ણનારાયણ વિષે ॥
### (મારવાડી ભાષામાં)
### (રાગ : સોહણીનોં મહાડ; તાલ દીપચંદી)

ચતર મારુ રંગ બરસાવો મા'રારાજ,
થારો અધર સુધારસ પાવો રાજ; ચતર મારુ૦ (ટેક)

હાથાં જોડી કાછાં થાને નંદરા બિહારીજી;
અબળાને રાજ કાઈ તરસાવો મા'રારાજ. થારો અધર૦ (૧)
મેં થાંકી દાસી વારી, વિના માલરી;
અવગુણ માંકા દૂર ગુમાવો મા'રારાજ. થારો અધર૦ (૨)
દરશ વિના માને મદડો સતાવે રાજ;
જગરા જીવન તાપ બૂઝાવો મા'રારાજ. થારો અધર૦ (૩)
સુમનરી સેજ સવારી સુખકારીજી;
મારુજી માંકો હિયો હરષાવો મા'રારાજ. થારો અધર૦ (૪)
વિશ્વવિહારીનાથ નવલ લખાંરીજી;
ચરણ થારાં ઉર પરશાવો મા'રારાજ. થારો અધર૦ (૫)

**(રાગ : સોરઠ મલ્હાર) તાલ દીપચંદી**

રસિક રાજ માનત નાહીં માંકો બરજો.
માનત નાહીં માકો બરજો. રસિક રાજ૦ (ટેક)
ઘન બરખત બરખા ઋતુ આઈ;
ગુડુડુડુડુડુ ઘન ગરજો. રસિક રાજ૦ (૧)
રેન અંધિયારી કારી બિજુરીસી ચમકત;
મદડો ન છાંડે મદ દરજો. રસિક રાજ૦ (૨)
માને અબળાને અઠે ઉપજે ન સુખડો;
થરરરર દિલ્લ ડરજો. રસિક રાજ૦ (૩)
વિશ્વવિહારી મારુજી મહોલ પધારી;
ચરણ હજુરી માને કરજો. રસિક રાજ૦ (૪)

## ॥ શ્રીબુરાનપુરવાસી લક્ષ્મીનારાયણ દેવની પ્રાર્થના ॥

**"જય શિયાજી ભૂમિપાળનો થજો,**
**વંદે સર્વ ગર્વ છોડી ભૂપને પ્રજા;"**

**"રા-જા-નાં-શિવ, કષ્ટ કાપજો." એ રાગ પ્રમાણે.**

જય બુરાનપુરવાસી શ્રીપતિ; જય બુરાનપુર૦ (ટેક)
રીઝો તજી રીસ, નામું શિશ સ્નેહથી;
વાલાજી મુજ, સુણી વિનતી. જય બુરાનપુર૦ (૧)
હેત આપી હરિકૃષ્ણજી મળ્યા તમે,
સુફળ ભાગ્ય અતિ અથાગ જાણિયું અમે;
શાન્તિને ફેલાવો, વિશ્વના પતિ. જય બુરાનપુર૦ (૨)
રમાસંગ ધરી ઉમંગ રંગથી રમો,
જીવન પ્રાણ પ્રેમી તણા ઉરમાં ગમો;
શોભે છે શી ? જુગલ આકૃતિ. જય બુરાનપુર૦ (૩)
અતિ અજાણમાં કદી અપરાધ જો થયા,
માફ કરો સાફ દિલ્લથી ધરી દયા;
ચિત્તેથી હું, અનુસર્યો અતિ. જય બુરાનપુર૦ (૪)
પ્રભુજી ગણી બાળ પ્રતિપાળના કરો,
કાળ વિકરાળ તણી વેદના હરો;
પ્રેમેથી રહો, તવ પદે રતિ. જય બુરાનપુર૦ (૫)
ગણી અનાથનાથ શિર હાથ થાપિયે,
અચલ સુખ દુઃખ કાપી આપ આપિયે;
ન્હૈ થાવા ઘો, કીર્તિની ક્ષતિ. જય બુરાનપુર૦ (૬)

અચલ ધરી ટેક એક છેક ઉરમાં,
સ્મરણ કરું સદા વસુ દેશ દૂરમાં;
દિ'[1] રાતે રહો, આપમાં મતિ. જય બુરાનપુર૦ (૭)
વિશ્વના વિહારી ધારી જોઉં ધ્યાનમાં,
ખાન પાન ગાન ગુણ ગાઉં તાનમાં;
આવોજી કરી, ગરુડથી ગતિ. જય બુરાનપુર૦ (૮)

**(શાર્દૂલવિક્રીડિતછંદ)**

વંદુ સ્નેહ ધરી બુરાનપુરના, વાસી સદા શ્રીહરી,
જે છે વિશ્વ ધણી મુને દીનગણી, કોટી કરુણા કરી;
શ્રી લક્ષ્મીપતિ દેવ સેવ કરતાં, સિદ્ધિ મળે સર્વદા,
તે નાથે મુજ શિર હાથ ધરીને, હેતે હરી આપદા. (૧)

**(ઉપજાતિ છંદ)**

બુરાનપુરવાસી દયાલુ દેવ, જેની કરી મેં ખૂબ સારી સેવ;
તે શ્રીહરિ સંકટ સર્વ કાપો, તે લક્ષ્મીનારાયણ સુખ આપો. (૨)

**(દોહરો)**

જેને વસ્ત્ર ધરાવતો, જેનું ધરતો ધ્યાન;
તે સંકટમાં શ્રીહરિ, સાહ્ય કરો ભગવાન. (૩)
વિશ્વ સકલના છે પતિ, અકલગતિ અભિરામ;
જીવન પ્રાણ ગણી સદા, પ્રેમે કરું પ્રણામ. (૪)

---

૧. દિ=દિવસ

**''જય શિયાજી ભૂમિપાલનો થજો,'' એ રાગ પ્રમાણે.**

વિશ્વના પતિને નિત્ય વંદના કરું,
વિશ્વના પતિને૦ (ટેક)
ધર્મપુત્ર અતિપવિત્ર પ્રાણના પતિ; .
ધારીને નિત્ય, ધ્યાનમાં ધરું. વિશ્વના પતિને૦ (૧)
સૃષ્ટિને રચે છે નિજ દૃષ્ટિએ કરી,
કષ્ટ હરે સ્પષ્ટ હરિ ભક્તનાં હરિ;
તે શ્રીજીને હું, અનુસરું, વિશ્વના પતિને૦ (૨)
તત્વ તણા તત્વને સમત્વતા ધરે,
શરણાગતની ઘણી મમત્વતા કરે;
તે સ્વામી થીઆ, ભવાબ્ધિને તરું, વિશ્વના પતિને૦ (૩)
વિશ્વમાં વિહારી અવિકારી છો હરિ,
નારી નર ઉગારી લીધાં બહુ દયા કરી;
આણીને પ્રેમ, વચન ઉચ્ચરું. વિશ્વના પતિને૦ (૪)

**॥ સદ્ગુરુની ષટ્નામાવલી ॥**

(દોહરો)

આ અક્ષરના મુક્તનાં, નિર્મળ છે ષટ્નામ;
કરશે પાઠ પ્રભાતમાં, ટળશે દુઃખ તમામ. (૧)

**(શાર્દૂલવિક્રીડિત છંદ)**

મુક્તાનંદ મુનીંદ્રને નિત્ય નમું, જે મુક્ત સર્વોપરી,
જેણે કાવ્ય રસે કરી ઉર ધરી, હેતે રીઝાવ્યા હરિ;
વર્ણી વર્ય મુકુન્દજી તણી સદા, સેવા હરિને ગમે,
એવા અક્ષર મુક્ત મુજ ઉપરે, રાજી રહો સૌસમે. (૨)

વંદુ વ્યાપક આખ્યજી સદ્ગુરુ, ગોપાળ આનંદજી,
જેણે સ્નેહ ધરી સદા વશ કર્યા, શ્રીધર્મના નંદજી;
જેના યોગ પ્રભાવથી નૃપવડા, નિર્માની થઈને નમે,
એવા અક્ષર મુક્ત મુજ ઉપરે, રાજી રહો સૌસમે. (૩)
કૃષ્ણાનંદ મુનિજી સુવ્રતમુની, સદ્ગુણના જે નિધિ,
જ્ઞાની ધ્યાની તપસ્વી ને દૂર કરી, છે વાસનાઓ બધી;
તોએ શ્રીહરિને પ્રસન્ન કરવા, દેહેંદ્રિયોને દમે,
એવા અક્ષર મુક્ત મુજ ઉપરે, રાજી રહો સૌસમે. (૪)

**(ભુજંગી)**

મુનિ મુક્ત વર્ણી મુકુન્દા અનુપ,
વળી વ્યાપકાનંદજીને સ્વરૂપ;
ગુણાતીતને શ્રેષ્ઠ ગોપાળસ્વામી,
નમું મુક્ત એ સર્વને શિશ નામી. (૫)

**॥ શ્રીકૃષ્ણનારાયણ વિષે ॥**

**"અમે જોવાને જાશુરે, બંધ કિલ્લો બા પુછે શું કામ ?"**

**એ રાગ પ્રમાણે.**

અમે કહીએ ઉદ્ધવજીરે, તમે કુબજાને કહેજો જઈ આમ ?
અમે૦ (ટેક)
વશ કર્યા તેં વૃષરાજવિહારી, સહેજે સારી લીધું કામ ?
હાંરે બાઈ ! સહેજે સારી લીધું કામ. અમે૦ (૧)
એક ઘડી અળગા નથી થાતા, તારું તજીને હરિધામ;
હાંરે બાઈ ! તારું તજીને હરિધામ. અમે૦ (૨)

કોણ જાણે કામણશું ! કર્યું તેં કુબજા, ભૂલાવ્યું ગોકુળગ્રામ;
હાંરે બાઈ ! ભૂલાવ્યું ગોકુળ ગામ. અમે૦ (૩)
ભલી રીતે મારા સ્વામીને ભણાવજે, તારી વિદ્યાઓ તમામ;
હાંરે બાઈ ! તારી વિદ્યાઓ તમામ. અમે૦ (૪)
ભણતાં પડેજો ભૂલ કદાપિ, સોટીનું લેતી ન નામ;
હાંરે બાઈ ! સોટીનું લેતી ન નામ. અમે૦ (૫)
માખણ જમાડીને મોટા કર્યા છે,. ઘણા વા'લા છે ઘનશામ;
હાંરે બાઈ ! ઘણા વા'લા છે ઘનશામ. અમે૦ (૬)
ભોળા સ્વામીને રખે ભરમાવતી, તું તો કપટનું છે ઠામ;
હાંરે બાઈ ! તું તો કપટનું છે ઠામ. અમે૦ (૭)
ઘેલી રખે તું ઘર કામ કરાવતી, તો ગણશું બુદ્ધિ બે બદામ;
હાંરે બાઈ ! તો ગણશું બુદ્ધિ બે બદામ. અમે૦ (૮)
વિશ્વવિહારીલાલજીને સેવજે, હૈડે ધરીને ખૂબ હામ;
હાંરે બાઈ ! હૈડે ધરીને ખૂબ હામ. અમે૦ (૯)

## ॥ શ્રી ભક્તિ માતાજીનો વિલાપ ॥

**(રાગ : મરશિયાનો)**

થાય થાયરે કોણ સહાય આ વારે,
મારા સુતને આ કૃત્યાઓ મારેરે; થાય૦ (ટેક)
કાલિદત્ત ઘણો છે જુઓ ક્રોધી, બુદ્ધિ ઉંધીને વડો વિરોધી;
તેણે કૃત્યાઓ મોકલી આ શોધીરે. થાય૦ (૧)
મારો બાળ કોમળ અતિ અંગે, તેને કૃત્યાઓ મારશે ઉમંગે;
મારો ભવ બગાડ્યો ઉડધંગેરે. થાય૦ (૨)
જુઓ કૃત્યાઓ ઉંચી તાડ જેવી, ભયંકર ભૂતડિયો તેવી;
મહા રાક્ષસિયો નહીં અન્ય એવીરે. થાય૦ (૩)

હરિ જીવન દોરી છે એક મારી, તેને શંખણિયો દેશે જો સંહારી;
તો હું પ્રાણ તજીશ પોકારીરે. થાય૦ (૪)
જેમ વત્સ વિનાની ઝૂરે ગાય, મણી જાતાં ફણી પછાડ ખાય;
તેમ ભક્તિમાતાજી અકળાયરે. થાય૦ (૫)
સુણી ભક્તિમાતાનો પોકાર, ધર્મદેવ આવ્યા તેણી વાર;
સુત વિના થયા આતુર અપારરે. થાય૦ (૬)
એવે સમે આવ્યા છે કપિ બંકા, જેનું નામ સુણી શત્રુ ધરે શંકા;
જેણે જયના વગાડિયાછે ડંકારે. થાય૦ (૭)
જઈને કપિયે કૃત્યાઓને કાઢી; એનાં નાક કેશ લીધાં છે વાઢી;
લાવ્યા પ્રભુને આણીને પ્રીત ગાઢીરે. થાય૦ (૮)
વિશ્વવિહારીલાલજીને જોઈ, ભક્તિમાતા રહ્યાં છે મન મોહિ;
લીધી બક્કીને દુઃખ નાંખ્યાં ખોઈરે. થાય૦ (૯)

**॥ શ્રીછપૈયાપુરમાં શ્રીજીમહારાજના જન્મ સમયે સ્વર્ગમાં રહીને દેવતાઓએ આપેલો આશીર્વાદ ॥**

**"સોન સમોવડ નથી નૃપ જગમા," એ રાગ પ્રમાણે.**

અમર રહો મહારાજ અમરનાં કારજ સરવ કરો;
અમર૦ (ટેક)
રવિ શશી કરે પૂરણ પરકાશ,જ્યાં સુધી અવની કાળ આકાશ;
શેષજી ધરા શિષપર ધરો. અમર૦ (૧)
જ્યાં સુધી મેરુનું મંડાણ, જ્યાં સુધી ઉગે પૂર્વમાં ભાણ;
ત્યાં સુધી હરકત કોટીક હરો. અમર૦ (૨)
જ્યાં સુધી સિંધુ ધરે મરજાદ, વસુધામાં વરસે વરસાદ;
ત્યાં સુધી કીર્ત્તિ સ્થિર થઈ ઠરો. અમર૦ (૩)

જ્યાં સુધી વિણા નારદ હાથ, રમાજી રમે રમાપતિ સાથ;
ત્યાં સુધી સુખશાંતિમાં ફરો. અમર૦ (૪)
ધરણીપર પરમ ધરમ થાપો, દાસને અચળ સુખ આપો;
પ્રબળ કલિકાળ આપથી ડરો. અમર૦ (૫)
વિશ્વમાં વિશ્વવિહારીલાલ, સમે સમે લ્યો જનની સંભાળ;
વિમળ નિત્ય વિજય વિજય વિસ્તરો. અમર૦ (૬)

**॥ શ્રીજીમહારાજને જનોઈ આપ્યાનું ધોળ ॥**

**“સુરત શહેરની ગુજરી, સમી સાંજે ભરાયરે;” અથવા**

**“પાટણ ટોપી અવનવી, જુનાગઢમાં છે મોતી;” એ રાગ પ્રમાણે.**

**(રાગ : બડવાની ટોપીનો)**

છપૈયાપુરની સુંદરી, ગાય મંગળ ગીત;
ઉત્સવ જોવા ટોળે મળી, થઈ મનમાં મુદિત;
ધરી ફૂલ માળા, લાગે છે રુપાળા;
હરિજીને જોઈ, પહેરાવે જનોઈ;
જુઓ જુઓ ટોપી ઝગમગે, ધરી ધર્મકુમારરે.
જુઓ જુઓ૦ (ટેક)
ધર્મદેવને આંગણે, રચી વેદી રુપાળી;
મોતીડે ચોક પૂરાવિયા, જન હરખે નિહાળી;
વાજાં ઘણાં વાજે, જાણે મેઘ ગાજે;
આનંદ વધાઈ, ચહુ દિશે છાઈ;
જુઓ જુઓ ટોપી ઝગમગે, ધરી ધર્મકુમારરે.
જુઓ જુઓ૦ (૧)

વિપ્ર ઉચ્ચારે વેદને, લઈ મંત્રોનાં નામ;
બાજઠપર બેસારિયા, પ્રભુ પૂરણ કામ;
આવ્યાં ભક્તિમાતા, થઈ રળિયાત;
પિતા ધર્મદેવ, આવ્યા તતખેવ;
જુઓ જુઓ ટોપી ઝગમગે, ધરી ધર્મકુમારરે.
જુઓ જુઓ૦ (૨)

મર્મ વચન વદે માનુની, જગજીવન જોઈ;
પે'રો પે'રો બ્રહ્મચારી પાતળા, આપે પિતા જનોઈ;
ભાભી ભેટ લાવી, ઉભાં જુઓ આવી;
જાણો જેષ્ઠ ભ્રાતા, ઉભા હરખાતા;
જુઓ જુઓ ટોપી ઝગમગે, ધરી ધર્મકુમારરે.
જુઓ જુઓ૦ (૩)

મામો પે'રાવે પ્રેમશું, પે'રો ટોપી રુપાળી;
ફરકે રુડાં ઘણાં ફૂમતાં, મામી હરખે છે ભાળી,
મોતી લે'રો લટકે, જોઈ મન અટકે;
વિચિત્ર છે ચિત્ર, ટોપીમાં પવિત્ર;
જુઓ જુઓ ટોપી ઝગમગે, ધરી ધર્મકુમારરે.
જુઓ જુઓ૦ (૪)

પે'રી જનોઈ ઉભા થયા, પુરુષોત્તમ પોતે;
તેજ દેખાડિયું તનમાં, સહુ જનને જોતે;
કોટી રવિચંદ્ર, જોઈ વર્ણીંદ્ર;
લાજે કોટી કામ, એવા ઘનશ્યામ;
જુઓ જુઓ ટોપી ઝગમગે, ધરી ધર્મકુમારરે.
જુઓ જુઓ૦ (૫)

મુગટ માથે ઝળહળે, કાને કુંડળ લળકે;
કૌસ્તુભમાળા કંઠમાં, ચારે આયુધ ચળકે;
એવું વિષ્ણુરૂપ, દેખાડ્યું અનુપ;
પછી તેજ પોતે, કર્યું લીન જોતે;
જુઓ જુઓ ટોપી ઝગમગે, ધરી ધર્મકુમારરે.
જુઓ જુઓ૦ (૬)

ભિક્ષા માતા પાસે માગીને, આપી ગુરુને આવી;
ગુરુની આજ્ઞાથી આરોગિયા, ભાવ અંતરે લાવી;
પછી બટુ વેશે, ચાલ્યા પરદેશે;
મામો પછવાડે, ઘણું ઘણું દોડે;
જુઓ જુઓ ટોપી ઝગમગે, ધરી ધર્મકુમારરે.
જુઓ જુઓ૦ (૭)

મામો થાક્યા પછી તે સમે, લાગ્યા સ્તુતિ ઉચ્ચરવા;
પાછા વળો પ્રભુ આસમે, સહુને સુખ કરવા;
પિતા અને માતા, તેને જગત્રાતા;
તમારા વિયોગે, થશે દુઃખ અંગે;
જુઓ જુઓ ટોપી ઝગમગે, ધરી ધર્મકુમારરે.
જુઓ જુઓ૦ (૮)

આણી દયા પછી અંતરે, ઉભા અંતરજામી;
મામે તેડ્યા મહારાજને, આવ્યા ઘેર અકામી;
કરી લીલા લે'ર, પ્રભુ રુડી પેર;
જનો હરખાવ્યાં એશ્વર્ય જણાવ્યાં;
જુઓ જુઓ ટોપી ઝગમગે; ધરી ધર્મકુમારરે.
જુઓ જુઓ૦ (૯)

અક્ષરના વાસી આવિયા, આસમે સુખકારી;
વિશ્વવિહારીલાલજી, જગમાં જયકારી;
શિખે સુણે ગાય, હરિ મહિમાય;
થઈ નિષ્કામ, પામે પ્રભુ ધામ;
જુઓ જુઓ ટોપી ઝગમગે, ધરી ધર્મકુંમારરે.
જુઓ જુઓ૦ (૧૦)

**॥ બ્રહ્મચર્યવ્રત પાળવા વિષે ॥**

**રાગ : ધોળ**

**"સંત પારસ ચંદન બાવના," એ રાગ પ્રમાણે.**

સરવે સાધુજી સાંભળો સ્નેહથી.
સર્વોપરી સત્સંગ ગણાય; શિયળ સાચું પાળિયે.
શ્રીજી સર્વોપરી ઈષ્ટ આપણા,
તેની પૂર્ણ પ્રસન્નતા પમાય. શિયળ સાચું પાળિયે૦ (ટેક)
દુઃખ જાય જાણો ઘણા દિનનું,
જેમ રવિ ઉગે અંધકાર; શિયળ૦
ટળે આપતિકાળ અતિ ઘણો,
વધે સજ્જનમાં સત્કાર. શિયળ૦ (૧)
નારી માત્ર નક્કી જાણો નાગણી,
ખરે ખીજી રીઝી તેતો ખાય; શિયળ૦
ચઢે વિષ તેનું અંગોઅંગમાં,
જેથી જીવને જોખમ થાય. શિયળ૦ (૨)
માટે એથી રહો સહુ વેગળા,
એજ ઉગરવાનો ઉપાય; શિયળ૦

કદી ઉન્મત્ત થઈને સેવન કરે,
ખરી રીતે ખત્તા તેતો ખાય. શિયળ૦ (૩)
જેને હોય શ્રીજીને રીઝાવવા,
તેંતો વરતો વચનને પ્રમાણ; શિયળ૦
શ્રીજી રક્ષા કરે તેની સર્વદા,
થઈ રહીયે પ્રભુના વેચાણ. શિયળ૦ (૪)
ભગવતસુત કહે સંત સર્વને,
રૂડો અવસર જાણીને આજ; શિયળ૦
થાય પૂર્ણ મનોરથ શિયળથી,
સદા રીઝે શ્રીજીમહારાજ. શિયળ૦ (૫)

## ॥ શ્રીકૃષ્ણનારાયણના વિયોગ વિષે ॥

## બારમાસ

### રાગ : વેરાડી

**‘‘સખી કારતક માસે કંથ, પીયુ ગયા પરહરી;’ એ રાગ પ્રમાણે.**

સખી ચૈતરે ચતુર સુજાણ, પ્રભુએ પરહર્યાં;
પિયુ તજી ગયા પરદેશ, રોતા અમને કર્યાં. (ટેક)
સખી વૈશાખે વિરહવ્યાકુળ, પોકારે કામની;
સખી અંતરે દુઃખ ઉભરાય, વેરણ થઈ જામની. (૧)
સખી જેષ્ઠ માસે જગદીશ, વિના ઝૂરતી રહું;
સખી આ દુઃખડાની વાત, કેને જઈને કહું. (૨)
સખી અષાઢે આવી આકાશ, ઘટા ઘનની ચઢી;
ઘનશામ વિના સખી આજ, સુની પડી સેજડી. (૩)

સખી શ્રાવણ માસે સર્વ, પૂજે જઈ શિવને;
સખી જદુપતિ વિના જરુર, ઝાઝું દુઃખ જીવને. (૪)
સખી ભાદરવે ભરપૂર, સરિતા જળની ભરી;
સખી કૃષ્ણે કઠણ થઈ છેક, કંગાળ મુને કરી. (૫)
સખી આસો એ ચંદ્ર આકાશ, પૂરણ કિરણ થયો;
મારો બાળ સનેહી નાથ, વિદેશે વસી રહ્યો. (૬)
સખી કારતક માસે કૃષ્ણ, મેલી મથુરાં ગયા;
સખી નિરદય નંદકુમાર, દિલેથી તજી દયા. (૭)
સખી માગશર મહિના માંય, મળું ક્યાંથી માવને;
કરું હૈડાની પૂરણ હામ, ભેટું ધરી ભાવને. (૮)
સખી પોષ માસે પડે ટાઢ, હિમાળો હળહળે;
સખી પાસે નહીં સુખધામ, તેથી પિંડ પરજલે. (૯)
સખી માઘ માસે સુવસંત, વધાવે સાહેલડી;
સખી મારી ભાંગી ભવમાંય, બળવંતની બેલડી. (૧૦)
સખી ફાગણ ફૂલ્યો અપાર, ફૂલી વનવેલિયો;
સખી હું કરમાણી નાર, સંદેશો ન મેલિયો. (૧૧)
સખી અધિક માસે અધિક, ઉરે આનંદજી;
મળીઆ ભગવતસુતના શામ, શ્રીવૃજચંદજી. (૧૨)

## ॥ સિદ્ધાનંદ સ્વામીને શ્રીજીના હેત વિષે ॥

રાગ : વેરડી

**"સખી કારતક માસે કંથ, પિયુ ગયા પરહરી;" એ રાગ પ્રમાણે**

સ્નેહે વંદીને શ્રીઘનશ્યામ, ગાઉં ગુણ સંતના;
જેનું સ્વામી સિદ્ધાનંદ નામ, વા'લા ભગવંતના. (ટેક)
જેણે શ્રીજીને મળવા કષ્ટ, સહ્યાં અતિ તનમાં;
જેણે બાંધ્યો નહીં ક્યાંરે સ્નેહ, સમજીને સ્વજનમાં. (૧)
જયારે હતા પોતાને ઘેર, વિચાર ઉરે થયો;
ભાવે ભેટ્યા નહીં ભગવાન, જનમ એળે ગયો. (૨)
એમ અતિશે થઈ ઉદાસ, ગયા શિવમંદિરે;
કરવા કમળ પૂજા અભિષેક, વિચારે અંતરે. (૩)
થઈ આકાશવાણી એમ, તજીશ નહી તનને;
તને મળશે પ્રગટ મહારાજ, કરજે જઈ ભજનને. (૪)
પછી આવિયા સંઘો પટેલ, પાછા નિજ પુરમાં;
મળિયા ભગવતસુતના શ્યામ, પ્રભુ ગઢપુરમાં. (૫)

**રાગ : ઉપર પ્રમાણે**

સ્વામી સિદ્ધાનંદ સુખધામ, થયા સંત શ્રીજીના;
તજ્યા અવગુણ તનથી તમામ, જુઠી જગ બાજીના. (ટેક)
દઢ બાંધ્યો શ્રી હરિમાં સ્નેહ, બીજું કાંઈ નવ ગમે;
હરિના ચરણકમળમાં મન, ભ્રમર પેરે ભમે. (૧)
એક સમે શ્રીજી વરતાલ, સમૈયો કરવા રહ્યા;
મૂક્યા સ્વામીને વરતાલ માંય, પ્રભુ ગઢપુર ગયા. (૨)

જેણે ક્ષણ પણ નવ વેઠાય, વિયોગ વા'લા તણો;
તેને ઓચિંતો અતિશે અંગ, વિજોગ પડ્યો ઘણો. (૩)
ચાલે આંસુ ચોધારાં આંખ, ભરાઈ આવી છાતડી;
થાતાં શ્રીજી તણો વિજોગ, વિપતડી વધી પડી. (૪)
થઈ અતિશે શોકાતુર, મુખે એમ ઉચ્ચરે;
ક્યારે ભગવતસુતના શ્યામ, આવી આ પીડા હરે. (૫)

**રાગ : ઉપર પ્રમાણે**

ઓ ! પ્રિતમ પ્રાણ આધાર, કેમ ? તજીને ગયા;
વા'લા વિસારી દીધો વિશેષ, કઠણ દિલશું ? થયા. (ટેક)
હું છું અવગુણવાળો આપ, ગુણના નિધાન છો;
વા'લા ભક્તવત્સલ ભગવાન, તમે ભિને વાન છો. (૧)
વા'લા નેહ ભરેલાં નેણ, જ્યારે મને સાંભરે;
મારી થરથર કંપે કાય, આંખે આંસુડાં ખરે. (૨)
વા'લા વદન ઉપર વારંવાર, જાઉં હુંતો વારણે;
કરુણા કરીને હો ! કમળાનાથ, આવો મારે કારણે. (૩)
વા'લા ચપળ તમારી ચાલ, ચોરે મારા ચિત્તને;
ક્યારે મળશો મોહન કરી મહેર, પૂરણ આણી પ્રીતને. (૪)
વા'લા સુનો લાગે આ સંસાર, સઉ સુખ વિસરે;
મળશો ભગવતસુતના શ્યામ, ત્યારે આ હૈડું ઠરે. (૫)

**રાગ : વેરડી**

કોઈ અરજી મારી આજ, જીવનને કહો જઈ;
આપો દરશન દીનાનાથ, હવે હરિ બહુ થઈ. (ટેક)

જેમ પહેલાં બાંધી કોઈ પ્રીત, પછી તેને પરહરે;
તેમ મૂકી ગયા મહારાજ, દયા નહીં દિલ ધરે. (૧)
આપી અંગે નહીં મને પાંખ, વિધાતાનો વાંક છે;
નહીં તો હરિને મળત જરુર, રાખ્યો મને રાંક છે. (૨)
મારી કાયાની બ્રહ્મા કેમ ? બનાવી ના મોજડી;
જઈને રહત હરિને હજુર, પ્રીતેથી પાયે પડી. (૩)
એમ તલફે દિવસ રાત, દિલે દિલગીર રહી;
આંખે આંસુ વહે છે અપાર, ભોજન ભાવે નહીં. (૪)
ભગવતસુતના શ્યામે એ વાત, જાણી ગઢપુરમાં;
રાખ્યા સ્વામીને આણી સ્નેહ, શ્રીહરિએ હજુરમાં. (૫)

**॥ સચ્ચિદાનંદ સ્વામીને શ્રીજીના વિયોગ વિષે ॥**

**રાગ : રામગ્રી**

**"કારતક માસે કા'નજીરે મેલી જાઓમાં, મહારાજ રૂદન કરે રાણી રાધિકા;" એ રાગ પ્રમાણે.**

સ્વામી સચ્ચિદાનંદજી, જેનો સ્નેહ અપાર;
પળપણ પ્રભુવિના કદી, રહી શકેના લગાર. સ્વામી૦ (ટેક)
બાળા વયથી ગ્રહ તજી, થયા શ્રીજીના સંત;
શ્રીજીમાં દૃઢ સ્નેહ બાંધિયો, ધન્ય ધન્ય ધીમંત. સ્વામી૦ (૧)
એક સમે ગઢપુરથી, વાલો કરીને વિચાર;
ધર્મપુરે ધર્મસુત ગયા, સાથે સંત અપાર. સ્વામી (૨)
સંત સચ્ચિદાનંદને, મુક્યા ગઢપુરમાંય;
વિરહ વા'લાના વિજોગનો, વધ્યો સ્વામીને ત્યાંય. સ્વામી૦ (૩)
ભૂલ્યા સ્વામી તન ભાનને, પડ્યા પૃથ્વી મોઝાર;
હે હરિ ! હે હરિ ! ઉચ્ચરે, આંખે આંસુની ધાર. સ્વામી૦ (૪)

ખવાય નહીં મુખે અન્નને, નહીં પીએ તે નીર;
વેદના હરિના વિયોગની, રોમે રોમે રૂધીર. સ્વામી૦ (૫)
જળરે વિના જેમ માછલું, તેમ તરફડે પ્રાણ;
દુઃખનો દરિયો રેલિયો, જાતાં શામ સુજાણ. સ્વામી૦ (૬)
કેનું કઠણ હોય કાળજું, ધારી શકે ત્યાં ધીર;
સ્વામીનો સ્નેહ નિહાળીને, નેણે આવિયાં નીર. સ્વામી૦ (૭)
ભગવતસુત કહે સ્નેહની, મૂરતિ સમજો તે સંત;
દૂર જાતાં તે ઘનશ્યામજી, ઉપજ્યો વિરહ અત્યંત. સ્વામી૦ (૮)

**રાગ : રામગ્રી**

સંત સચ્ચિદાનંદજી, ઉન્મત્તગંગાને તીર;
સ્નાનને અરથે સિધાવિયા, સ્મરતા શામ શરીર.
સંત૦ (ટેક)
સ્નાન કરીને ઉભા રહ્યા, મુખે શ્રીજીનું નામ;
પ્રેમથી ગંગાને પુછતા, દેખ્યા તેં ઘનશ્યામ. સંત૦ (૧)
ખળખળીઆ[1] તું ખળકે ઘણો, હરખ્યો હરિને શું ? જોઈ;
નક્કી દેખાડ મારા નાથને, ખરે કપટને ખોઈ. સંત૦ (૨)
બાવળને વળી બોરડી, આવળ ફૂલી અપાર;
કોઈરે ! દેખાડો ઘનશ્યામને, પ્રિતમ પ્રાણ આધાર. સંત૦ (૩)
ઉડતાં પક્ષી જોઈને કહે, કહેજો જઈ જીવન પાસ;
દાસ તમારો દરશન વિના, નાખે મુખથી નિશ્વાસ. સંત૦ (૪)

**૧. ખળખળીયો=ઉન્મત્તગંગાનો ઘાટ-એ સ્થળે શ્રીહરિએ અનેક જળ લીલા કરી છે, તેથી મહાપ્રસાદીનું તીર્થ છે**

ઓ પ્રભુ ! કેમ તજી ગયા, દયા ત્યાગીને દૂર;
વા'લા તમારા વિયોગથી, જાશે જીવ જરુર. સંત૦ (૫)
એમ ગદ્ગદ કંઠે ઉચ્ચરે, આંખે આંસુની ધાર;
છેક ભરાઈ આવી છાતડી, કરતાં પ્રભુને પોકાર. સંત૦ (૬)
દેખીને સ્વામીના દુઃખને, ઝૂરવા લાગ્યાં ઝાડ;
ધરણી ધીરજ ના ધરી શકી, પીગળિયા સહુ પહાડ. સંત૦ (૭)
ભગવતસુત કહે શ્રીહરિ, દિવ્ય રૂપે દયાળ;
આવીને દરશન આપિયાં, કરૂણા કરીને કૃપાળ. સંત૦ (૮)

**॥ ઉપદેશ વિષે ॥**

**રાગ : જંગલો**

**"જનુની જીવોરે ગોપીચંદની," એ રાગ પ્રમાણે.**

ડડા ડહાપણ ધર દિલ્લમાં, થઈ આ જગમાંથી ઉદાસજી;
કાળ ભમે શિર ઉપરે, ગણી તે તણો ત્રાસજી. ડડા૦ (ટેક)
ધનપતિ મોટા શેઠિયા, મોટા રાજકુમાર;
આ અવની ઉપરે રહી, ઉઠી ગયા અપારજી. ડડા૦ (૧)
આયુષ્ય અયુત[૧] હજારજે, જીવતા જગમાંયજી;
કાળે કરી ગયા કેટલા, ભળ્યા ભૂમિની માંયજી. ડડા૦ (૨)
છત્રપતિ નૃપતિ ભલા, ભાગ્યશાળી ભૂપાલજી;
પ્રજળ્યાં પિંડ તેનાં પાવકે, ઝલાયા કાળ ઝાલજી. ડડા૦ (૩)
સ્વપ્ન સમાન સંસાર છે, ભોગ ભડકા સમાનજી;
જાણજે વિખ જેવા વિષયો, ધન્ય તે વૈરાગ્યવાનજી. ડડા૦ (૪)

---

**૧. અયુત=દશ હજાર**

નારી સારી ગણે નાગણી, જાણે ધન જેવું ધૂળજી;
દેહમાં સ્નેહ સજે નહીં, સ્મરે હરિ સુખ મૂળજી. ડડા૦ (૫)
મૃગતૃષ્ણા જળ ભાળીને, પીવા દે કોઈ દોટજી;
મળે નહીં જળ તે કદી, મથે મર વરસ કોટિજી. ડડા૦ (૬)
આકાશ અભ્ર[1] સમાન છે, આ તન તણું આયુષ્યજી;
તેમાં મોટા મોટા કરે, મનસુબા આ મનુષ્યજી. ડડા૦ (૭)
કુંભ[2] કાચો જળ વિજળી, પરપોટાને પ્રહારજી;
ધન જોબનને આવરદા, નહીં ક્ષણ ઠરનારજી. ડડા૦ (૮)
વૈભવ ભોગમાં વાસના, ટાળી ધરજે વૈરાગજી;
ભગવતસુત કહે શ્રીહરિ, થશે રાજી અથાગજી. ડડા૦ (૯)

## રાગ : પરજ

**"સગુ તારું કોણ સાચુંરે, સંસારિયામા;" એ રાગ પ્રમાણે.**

જાણજે જગત જુઠુંરે, જંજાળી જીવ; જાણજે૦ (ટેક)
મોટા મહીપતિ થયા, ગુણવંતા પણ ગયા;
અચલ આંહીં નહી રહ્યારે, જંજાળી જીવ. જાણજે૦ (૧)
કાયાની માયા છે કુડી, તેને તું માનેછે રુડી;
ગાંઠ ગુમાવી મૂડીરે, જંજાળી જીવ. જાણજે૦ (૨)
સંસારીનાં સુખ કેવાં, ઝાંઝવાના જળ જેવા;
ઈચ્છે તું અધિક એવાંરે, જંજાળી જીવ. જાણજે૦ (૩)

---

**૧. આકાશઅભ્ર=આકાશનાં વાદળાં**

**૨. કુંભકાચો જળ=કાચા મૃત્તિકાના ઘડામાંથી પાણી જેમ પલકમાં નિકળી જાય. તથા જેમ વિજળીનો ઝબકારો, તેમજ પાણીનો પરપોટો જેમ ક્ષણવાર ઠરતા નથી તેમ ધન જોબનને આવરદાની ચપળ ગતિ છે.**

પાણીપર પરપોટા, ખરી રીતે જેવા ખોટા;
એવા મનસુબા મોટારે, જંજાળી જીવ. જાણજે૦ (૪)
તૃષ્ણા નદીમાં તણાતા, હતા મોટા મદમાતા;
ગયા ઘણા ગોથાં ખાતારે, જંજાળી જીવ. જાણજે૦ (૫)
જુઠો દેહ જુઠો ગેહ, જુઠો સગાનો સનેહ;
સાચો તું માનેછે તેહરે, જંજાળી જીવ. જાણજે૦ (૬)
ઝાઝાકે દિવસ ટુંકે, મૃત્યુ નહીં કેને મૂકે;
વેળા પણ નહીં ચૂકેરે, જંજાળી જીવ. જાણજે૦ (૭)
મેલી ધન માલ મેડી, હાલી ગઈ તારી હેડી[1];
ગયા જમદૂત તેડીરે, જંજાળી જીવ. જાણજે૦ (૮)
વાદળીની છાયા કેવી, જોતાં જોતાં જાય જેવી;
તનની આયુષ્ય તેવીરે, જંજાળી જીવ. જાણજે૦ (૯)
મમતામાં રહ્યો મા'લી, જમડા લઈ જશે ઝાલી;
ઠાલે હાથે જઈશ ખાલીરે, જંજાળી જીવ. જાણજે૦ (૧૦)
જીવ જ્યારે ઉડી જાશે, કાયાના શા હાલ થાશે;
બહુ કાષ્ટમાં બળાશેરે, જંજાળી જીવ. જાણજે૦ (૧૧)
જગના પતિને જાણી, ભાવે તું ભજીલે પ્રાણી;
સુતો કેમ સોડ તાણીરે, જંજાળી જીવ. જાણજે૦ (૧૨)
ભગવતસુત સાચું કહે છે, દયા આણી શિખ દે છે;
અમૃતને તુલ્ય એ છેરે, જંજાળી જીવ. જાણજે૦ (૧૩)

૧. હેડી=બરોબર વયના

## ॥ વચન વિવેકની ગરબી ॥

(દોહરો)

વચન વડે આ વિશ્વમાં, બડો થાય વ્યવહાર;
માટે સજ્જન વચનને, ઉચ્ચરો કરી વિચાર. (૧)

**‘‘સારું સારું રે સુરત શહેર, મુંબઈ અલબેલી’’**
**એ રાગ પ્રમાણે.**

વિનયમાં નમ્ર વિશેષ, વાણી મધુર ખરી;
વદીએ હરિ ધરી હમેશ, વાણી મધુર ખરી. (ટેક)
વચનથકી સુખ સંપત્તિ પામે, જામે જશ વિસ્તારરે;
વચનથકી મનમાં દુઃખ મટશે, આનંદ થાય અપાર.
વાણી૦ (૧)
વચનથકી સહુ કારજ વણસે, વસશે જનમાં વેરરે;
કડવાં કથન કહાથી જગમાં, ઝાઝું ઉપજે ઝેર.
વાણી૦ (૨)
વશીકરણ વિદ્યા વાણીમાં, બોલી જાણો જેહરે;
વિનય વડે વિવેકથી બોલે, ધન્ય ધન્ય જન છે તેહ.
વાણી૦ (૩)
સારાં વચન સુણી સુખ ઉપજે, વાંકાં વિખ વખારરે;
વચનથકી મળે માન મનુષ્યમાં, મુરખ ખાયે માર.
વાણી૦ (૪)
વચને બગડે કારજ પરનું, વચને પર ઉપકારરે;
છેદે છાતી છેક વચનતે, કરડો જેમ કટાર.
વાણી૦ (૫)

કુવચન ઘાવ કદી નવરુઝે, સાલે સાંજ સવારરે;
માટે મધુર વચન મુખ બોલો, પૂરણ ધરીને પ્યાર.
વાણી૦ (૬)

મોર મધુરો સ્વર ઉચ્ચારે, થકિત ઘણા જન થાયરે;
શ્રવણમાત્રથી સુખ ઉપજાવે, અંતર તાપ ઓલાય.
વાણી૦ (૭)

કાળા રંગી કોયલડી પણ, બોલે મધુરા બોલરે;
મિષ્ટ વચન મુખમાં બોલ્યાથી, આનંદ કરે અતોલ.
વાણી૦ (૮)

મીઠી વાણી મેના બોલે, કુવચનનો કરી ત્યાગરે;
તેથી પાળે મેના પોપટ, કોય ન પાળે કાગ.
વાણી૦ (૯)

હરિરસ અમૃત જે વાણીમાં, જુગતે કરી જણાયરે;
તે વાણી ગંગોદક સરખી, તન મન પાવન થાય.
વાણી૦ (૧૦)

ઘુવડતો ઘુઘવાટ કરીને, કાઢે વચન કઠોરરે;
જ્યાં બેસે ત્યાંથી ઉડાડે, જન સહુ કરીને જોર.
વાણી૦ (૧૧)

ગરધવ જ્યારે ગાન કરે છે, બોલે કડવા બોલરે;
બોલતણો તજી તોલ જ બોલે, તે નરખરને તોલ.
વાણી૦ (૧૨)

જગકર્તાએ આ જગમાંહિ, નિરમ્યું એક નિશાનરે;
હલકા વેણે હલકાઈ મળશે, મિષ્ટ વચનથી માન.
વાણી૦ (૧૩)

વિવેકી જન હંસ સરીખા, વચને કરે વિચારરે;
પયથી પાણી ત્યાગ કરીને, સંગ્રહ કરીલે સાર.
વાણી૦ (૧૪)
કોમળ સારાં કથન કહ્યાથી, મન જપજે મીઠાશરે;
સારી વાણી શ્રવણ કર્યાથી, અંતર ટળે ઉદાસ.
વાણી૦ (૧૫)
માટે સત્યવચન મુખ બોલો, રાખી ઉત્તમ રીતરે;
ભગવતસુત કહે સજ્જનને, પૂરણ આણી પ્રીત.
વાણી૦ (૧૬)

**॥ શ્રીજી મહારાજના જન્મ સમયના વધામણાનું ઘોળ ॥**
**“ભમરા પહેલો વધાવો મારે આવિયો” એ રાગ પ્રમાણે.**

સખીરે આજ આનંદ વધામણાં,
ધર્મને ઘેર પ્રગટ્યા કુમાર, અક્ષરપતિ આવિયા. (ટેક)
જેને નિગમ નેતિ નેતિ કહે,
જેના મહિમાનો વાર ન પાર. અક્ષરપતિ૦ (૧)
ધન્ય ભાગ્ય ધરમદેવ આ સમે,
ફળ્યાં પૂર્વનાં પુણ્ય અપાર. અક્ષરપતિ૦
માતા ભક્તિને પણ ધન્ય ધન્ય છે,
જો પુત્ર અખિલ આધાર. અક્ષરપતિ૦ (૨)
આજ વિક્રમ વર્ષ અઢારસો,
વળી સાડત્રિશાની શુભ સાલ; અક્ષરપતિ૦
રુડો રામનવમીનો દિન આજનો,
શોભે ઋતુ વસંત રસાળ. અક્ષરપતિ૦ (૩)

યોગ કર્ણને વૃશ્ચિક લગ્નછે,
પુષ્ય નક્ષત્રને સોમવાર; અક્ષરપતિ૦
દશ ઘડી રુડી જાતાં જામની,
થયા પ્રગટ શ્રીભક્તિકુમાર. અક્ષરપતિ૦ (૪)
વ્યોમે દેવ વજાડે છે દુંદુભી,
નાચે અપ્સરાઓ લઈ તાન; અક્ષરપતિ૦
પુષ્પવૃષ્ટિ કરે પૂરા પ્રેમથી,
ગાય ગાંધર્વ હરિગુણ ગાન. અક્ષરપતિ૦ (૫)
આપે આશિષો ઘણી ઋષીશ્વરો,
આણી અંતરમાં ઘણું વહાલ; અક્ષરપતિ૦
ઘણું જીવો ઘણું સુખ ભોગવો,
વા'લા વિશ્વવિહારીજી લાલ. અક્ષરપતિ૦ (૬)

**પદ : ધોળ "ભમરા પહેલો વધાવો મારે આવિયો"**
**એ રાગ પ્રમાણે.**

હરખ્યાં માતપિતા જોઈ પુત્રને,
જેના અંગમાં તેજ અપાર, આનંદ વધામણાં૦ (ટેક)
શંખ, ચક્ર, ગદા, પદ્મ હાથમાં,
કંઠે હીરામોતી તણા હાર. આનંદ૦ (૧)
મોર મુગટ કુંડલ કરણમાં,
મુખ શરદ પુનમ તણો ચંદ્ર; આનંદ૦
પહેર્યું પીળુ પીતાંબર પ્રેમથી,
શોભે અદ્‌ભૂત આનંદકંદ. આનંદ૦ (૨)
એવું રૂપ જોઈ બેઉ રીઝિયાં,
કરી સ્તુતિ થઈ પ્રેમાતુર; આનંદ૦

અહો ! ભાગ્ય અહો ! ભાગ્ય આ સમે,
વસો આવાને આવા જ ઉર. આનંદ૦ (૩)
હસી હળવે બોલ્યા હરિકૃષ્ણજી,
સુણો સ્નેહ ધરી માતતાત; આનંદ૦
મારાં જાણીને અસુરે સંતાપિયાં,
હવે એનો કરીશ હું ઘાત. આનંદ૦ (૪)
વૃંદાવનમાં દર્શનમેં આપ્યાં હતાં,
તેનું થવાને તમને જ્ઞાન; આનંદ૦
આપ્યું દર્શન આ મૂળ સ્વરૂપનું,
હવે કરું છું અંતર ધ્યાન. આનંદ૦ (૫)
એમ કહી બાળરૂપ પોતે બન્યા,
માતાએ લીધા ખોળામાં માવ; આનંદ૦
ધર્મદેવે મહોત્સવ જાણીને,
દીધાં દાન આણી ઘણો ભાવ. આનંદ૦ (૬)
બાળરૂપ પ્રભુ અક્ષરપતિ,
આવે માતપિતાને આનંદ; આનંદ૦
વિશ્વવિહારીલાલના મુખને,
જુએ માતા ચકોરી જેમ ચંદ. આનંદ૦ (૭)

## ॥ શ્રીનરનારાયણદેવની સ્તુતિ ॥

**રાગ : ધોળ**

**“ધર્મકુંવરહરિકૃષ્ણનીરે, મૂર્ત્તિ મારે મનમાની જીવન જોયા લાગછેરે;” એ રાગ પ્રમાણે.**

શ્રીપુરસ્વામી શ્રીહરિરે,
નરનારાયણદેવ, વા’લા સુણો વિનતિરે૦

ભલા ભરતખંડ ભૂપછોરે,
દેવ કરે સહુ સેવ. વા'લા સુણો વિનતિરે૦ ટેક.
બદ્રિકાશ્રમમાં વસો સદારે,
તપ કરો તપધામ;
વા'લા સુણો૦
સુખ દેવા નિજ દાસનેરે,
કષ્ટ સહો છો તમામ. વા'લા સુણો૦ (૧)
પ્રજા પીડાતી જાણીનેરે,
ધર્મથી પ્રક્ટયા ધીમંત; વા'લા સુણો૦
સુંદર સત્સંગ થાપીનેરે,
ઉધાર્યા જીવ અનંત. વા'લા સુણો૦ (૨)
શ્રીપુરમાં વસો સર્વદારે,
ગુણિયલ ગરીબ નિવાજ; વા'લા સુણો૦
દીન જાણી નિજ દાસનેરે,
સ્નેહ ધરો શિરતાજ. વા'લા સુણો૦ (૩)
કઠણ થશો આમ કાળજેરે,
શી રીતે ધરિયે ધીર; વા'લા સુણો૦
વિશ્વાસે વળગી રહ્યોરે,
નિત્ય નિત્ય હે ! નરવીર. વા'લા સુણો૦ (૪)
કરુણાલુ આપ કૃપા વડેરે,
મુંગો બને વાચાળ; વા'લા સુણો૦
પાંગળો પરવતે ચઢેરે,
કષ્ટ ન રહે કોઈ કાળ. વા'લા સુણો૦ (૫)

જ્યાં જ્યાં વિજય પામું જોઈતોરે,
જાણું એ તવ પ્રતાપ; વા'લા સુણો૦
વિશ્વવિહારીલાલજીરે,
ટાળજો સર્વ સંતાપ. વા'લા સુણો૦ (૬)

**(દોહરો)**

સુખકર શ્રીપુરમાં વસો, નરનારાયણ વીર;
પદરજ વંદુ પ્રેમથી, ધર્મધુરંધર ધીર. (૧)

**॥ ઉત્સવામૃત ॥**

**આચાર્યેન્દ્ર શ્રીરઘુવીરજી મહારાજના જન્મોત્સવનાં પદ**

**(રાગ : આશાવરી) ચોસર**

વંદુ પ્રગટ પ્રભુ પુરુષોત્તમ,
અક્ષરપતિ અવતારીહો;
શ્રીરઘુવીરજી આચારજનો,
જન્મ કહું સુખકારીહો. વંદુ પ્રગટ૦ (ટેક)
સંવત્ અષ્ટાદશ અડસઠમાં,
શિશિર ઋતુ શ્રીકારહો;
ફાલ્ગુન કૃષ્ણપક્ષની પુનિત,
પંચમી મંગળવારહો. વંદુ પ્રગટ૦ (૧)
શોભિત કોશલ દેશ અયોધ્યા,
પાસે આમ્લકી[૧] ગ્રામહો;
ત્યાં વસે પાંડે દ્વિજ સરવરિયા,
ઈચ્છારામજી નામહો. વંદુ પ્રગટ૦ (૨)

**૧. આમ્લકી=આમલિયા ગામ**

પત્ની તેનાં વિમળ વરિયાળી,
સતિ શિરોમણી સારહો;
તેથી લીધો શ્રીરઘુવીરજીએ,
અવનીમાં અવતારહો. વંદુ પ્રગટ૦ (૩)
વિશ્વવિહારીલાલજી કેરી,
પામશે ગાદી પુનિતહો;
એમ જાણી આકાશમાં ઉભા,
અમર મળી અગણિતહો. વંદુ પ્રગટ૦ (૪)

**(રાગ : આશાવરી) ચોસર**

શ્રી રઘુવીરજી આચારજનો,
જન્મ મહોત્સવ જાણીહો;
દેવ વગાડે દુંદુબી વાજાં,
આનંદ તનમન આણીહો. શ્રીરઘુવીરજી૦ (ટેક)
નાચે નભમાં સુરનારીકા,
ગાંધર્વ મળી ગુણ ગાયહો;
પુષ્પતણી વૃષ્ટિ સૃષ્ટિમાં,
જોઈને જન હરખાયહો. શ્રીરઘુવીરજી૦ (૧)
શીતલ મંદ સુગંધ ભરેલો,
વાય ત્રિવિધ સમીરહો;
ચૌદ ભુવનમાં મંગળ વર્ત્યું,
જન્મ્યા ગોપાળજી વીરહો. શ્રીરઘુવીરજી૦ (૨)
ધૂમ્રરહિત થયા હોમના અગ્નિ,
દિવસ અલૌકિક ધારીહો;

કાષ્ટ અને ધૃત હોમ કર્યા વિણ,
જ્વાળા વિમળ વધારીહો. શ્રીરઘુવીરજી૦ (૪)
સજ્જનો મન થયાં સંતોષિત,
અધર્મી પામ્યા ઉત્પાતહો;
વિશ્વવિહારીલાલને વહાલા,
એ સુત વિશ્વવિખ્યાતહો. શ્રીરઘુવીરજી૦ (૪)

**(રાગ : આશાવરી) ચોસર**

પાંડે ઈચ્છારામજીને ઘેર, આજ આનંદ વધાઈહો;
માનુની પુરની ગાય મળીને, મંગળ ગીત હરખાઈહો.
પાંડે ઈચ્છારામજી૦ (ટેક)
વાજાં વાગે છત્રીશ રાગે, ઢોલ ભેરી શરણાઈહો;
માતપિતાએ વિપ્ર સરવને, દાન દીધાં મુદ પાઈહો.
પાંડે ઈચ્છારામજી૦ (૧)
નામ ધર્યું સુંદર રઘુવીરજી, દ્વિજે કરી સંસ્કારહો;
માતપિતા નિત્ય લાડ લડાવે, ઝૂલાવે કરી પ્યારહો.
પાંડે ઈચ્છારામજી૦ (૨)
શુક્લ પક્ષનો ચંદ્ર વધે જેમ, બાળ વધે નિત્ય તેમહો;
રામચંદ્ર સમ ગુણ નિરખીને, સહુને ઉપજે પ્રેમહો.
પાંડે ઈચ્છારામજી૦ (૩)
પામી પિતા પાસે શુભ ઉપવીત, શીખ્યા વેદ પુરાણહો;
વિશ્વવિહારીલાલને વહાલા, લાગ્યા ચતુર સુજાણહો.
પાંડે ઈચ્છારામજી૦ (૪)

**(રાગ : આશાવરી) ચોસર**

ભક્તિ ધરમસુત શ્રીપુરુષોત્તમ, ભુવન કોટીના ભૂપહો;
તેણે જન ઉધારવા માટે, ધાર્યું મનુષ્ય સ્વરૂપહો. ભક્તિ
ધરમ૦ (ટેક)
અગણિત જનને આશ્રિત કીધાં, સ્થાપ્યો ઉદ્ધવ પંથહો;
મંદિર કરી પ્રતિમાઓ સ્થાપી, ગુંથ્યા ગુણમય ગ્રંથહો.
ભક્તિ ધરમ૦ (૧)
નિજ ગાદી લાયક શુભ જાણી, રઘુવીર ગુણગંભીરહો;
ગાદી વૃત્તપુરની બેસાર્યા, ધર્મધુરંધર ધીરહો.
ભક્તિ ધરમ૦ (૨)
ઉત્તમ આચારજ પદ પામી, કીધાં ઉત્તમ કામહો;
અગણિત જીવ ઉધાર્યા ફરીને, દેશોદેશ તમામહો.
ભક્તિ ધરમ૦ (૩)
ભગવતસુતને લાડ લડાવ્યાં, રાખી નિજ સંગાતહો;
આ જગમાં ઉજ્જવલ યશ એનો, વધજો દિવસ રાતહો.
ભક્તિ ધરમ૦ (૪)

**॥ પારણાનું પદ ॥**

**રાગ : કહેરવા**

**"સોનાના બોર ઝૂલે નંદકિશોર, પ્યારાને પારણે સોનાનાં બોર"**
**એ રાગ પ્રમાણે**

શ્રીરઘુવીર મહાગુણગંભીર; ઝૂલે પારણિયે શ્રીરઘુવીર. (ટેક)
હીર દોરી ગ્રહી વરિયાળી માતા;
હેતે ઝુલાવે આણી નેણામાં નીર. ઝૂલે પારણિયે૦ (૧)

મુખડું જુએ છે માતા ચંદ્રસરીખડું;
શોભે અધિક વળી જેનું શરીર. ઝૂલે પારણિયે૦ (૨)
ટોપી શિરે શોભે રુડી કીનખાબની;
માલા મોતીની કંઠે રાજે રુચિર. ઝૂલે પારણિયે૦ (૩)
ઝલક ઝલક થાય ઝભલું જીવનનું;
સુંથણલીમાં ભર્યું પચરંગી હીર. ઝૂલે પારણિયે૦ (૪)
હસે ત્યારે દિસે મુખમાં દંતુડિયું;
જોતાં માતાજી બની જાય છે સ્થિર. ઝૂલે પારણિયે૦ (૫)
ભાત ભાતનાં આગે મુક્યાં રમકડાં;
હંસ, મેનાને મોર, કોયલ, કીર[1]. ઝૂલે પારણિયે૦ (૬)
ખોળે બેસારી માતા ખૂબ ખેલાવે;
પાન કરાવે પ્રેમે સ્તનનું ક્ષીર[2]. ઝૂલે પારણિયે૦ (૭)
ચુંબન કરીને માતા છાતી સંગ ચાંપે;
વારે વારે નિરખે થઈને અધીર. ઝૂલે પારણિયે૦ (૮)
જ્યારે પોઢે નિજ બાલ પારણિયે;
ગાય મધુર ગીત માતા મંદિર. ઝૂલે પારણિયે૦ (૯)
વિશ્વવિહારીને વા'લા અધિક છે;
ધરશે ધરમ ધુર જાણી મહાધીર. ઝૂલે પારણિયે૦ (૧૦)

## ॥ શ્રી ગણપતિના ઉત્સવનાં કીર્તન ॥

(રાગ : આશાવરી)

આજ મહોત્સવ ગણપતિનો, આનંદ ઉત્સવ થાયહો;
ઉમયાજીના પુત્ર અનુપમ, પ્રેમ સહિત પૂજાયહો. (ટેક)

**૧.** કીર=પોપટ **૨.** ક્ષીર=દૂધ

ભાદ્ર શુક્લ ચતુર્થી તણો દિન, વિશ્વમાં મંગળકારીહો;
વ્રત કરી પૂજે વિઘ્નવિનાશક, નિયમ ધરી નરનારીહો.
આજ૦ (૧)

આસન પાદ્ય અર્ઘ્ય આપીને, પંચામૃતે નવરાવેહો;
શુદ્ધોદકથી સ્નાન કરાવી, વિવિધ વસ્ત્ર ધરાવેહો.
આજ૦ (૨)

ચંદન ચરચી હાર પહેરાવે, પૂજે અક્ષતથી પ્રીતેહો;
ધૂપ દીપ નૈવેદ્ય ધરીને, જળ પાયે શુભ રીતેહો.
આજ૦ (૩)

પૂજે ગણપતિને પરાણે, સિદ્ધિ બુદ્ધિ બેઉ નારીહો;
લાભ લક્ષમાં લક્ષ ધરીને, પૂજે પ્રેમ વધારીહો. .
આજ૦ (૪)

આરતિ કરીને સ્તવન ઉચ્ચારે, પ્રેમે પ્રદક્ષિણા થાયહો;
દંડવત કરતાં દુક્રિત નાશે, મોટો છે મહિમાયહો.
આજ૦ (૫)

મંગળ કરે અમંગળનું છે, એની એવી ટેવહો;
અવળાનું સવળું કરી આપે, એવો દુંદળ દેવહો.
આજ૦ (૬)

રઘુવીરસુત સુત કહે છે જે નર, ગજમુખ સન્મુખ થાશેહો;
પગરણમાં પૂજા કરવાથી, વિઘન વિમુખ જાણશેહો.
આજ૦ (૭)

## ॥ આરતી ॥

જયદેવ જયદેવ, જય ગણપતિ પ્યારા; (૨)
જય જય વિઘ્નવિનાયક, સુખદાયક સારા. જયદેવ
જયદેવ૦ (ટેક)
જય જય શંભુકુમાર, શોક સહુ હરતા; (૨)
આપ વિશેષ વિચક્ષણ, રક્ષણના કરતા. જયદેવ૦ (૧)
ગૌરીપુત્ર ગણેશ, વંદુ કર જોડી, (૨)
છો શરણાગત પાલક, નાંખો દુઃખ ત્રોડી. જયદેવ૦ (૨)
ઉજ્જવળ છે એકદંત, અતિ ઉત્તમ શોભે; (૨)
વસ્ત્રાભુષણ અંગે, જોઈ જનમન લોભે. જયદેવ૦ (૩)
લચપચતા લાડુનું, ભોજન બહુ ભાવે; (૨)
જ્યાં જઈ આપ બિરાજો, સંકટ નહીં આવે. જયદેવ૦ (૪)
સિદ્ધિ બુદ્ધિ તમારી, શુભ પત્નીસંગે; (૨)
શુભ કામે વિચરો છો, અતિ ઉર ઉછરંગે. જયદેવ૦ (૫)
સુરનર મુનિવર સરવે, સેવે છે તમને; (૨)
મંગળકારી મૂરતિ, આપો સુખ અમને. જયદેવ૦ (૬)
જય સંકટહર સુખકર, અરજી ઉર ધરજો; (૨)
વિશ્વવિહારી કેરો અભ્યુદય કરજો. જયદેવ૦ (૭)

## ॥ ઉદ્ધવપંથનાં સર્વધામના મુખ્ય દેવનું સ્મરણ ॥

(રાગ : કલ્યાણ)

**“નટવર નંદલાલ રૂપ દેખીકે લોભાની,**
**દેખીકે લોભાની રંગ છેલડો ગુમાની; નટવર૦” એ રાગ પ્રમાણે.**

વંદુ ઉદ્ધવ પંથ ધામ, દેવને સંભારી;
દેવને સંભારી, નાખું તન મન ધન વારી. વંદુ ઉદ્ધવ૦ (ટેક)
પ્રથમ વંદુ મુખ્ય ધામ, વૃત્તાલય જેનું નામ;
લક્ષ્મીપતિ[૧] મુખ્ય દેવ, વિશ્વ મંગલકારી. વંદુ ઉદ્ધવ૦ (૧)
ભુવન કોટી તણા ભૂપ, શ્રીહરિકૃષ્ણજી અનુપ;
ધર્મભક્તિ વાસુદેવ, વૃંદાવનવિહારી. વંદુ ઉદ્ધવ૦ (૨)
રાજે શ્રીરણછોડરાય, જોઈ જોઈ આનંદ થાય;
દર્શનથી પાપ જાય, એવા એ અઘહારી. વંદુ ઉદ્ધવ૦ (૩)
વંદુ ધામ દુરગપુર, ધારું ગોપીનાથ ઉર;
રાધાજી સાથે જરુર, સુંદર સુખકારી. વંદુ ઉદ્ધવ૦ (૪)
જીર્ણનગર[૨] કરું સેવ, રાજે રાધારમણ દેવ;
માણાવદર બાલમુકુંદ, છબિ છટા ભારી. વંદુ ઉદ્ધવ૦ (૫)
ઊનામાં શોભે અનુપ, શ્રીહરિકૃષ્ણજી સ્વરૂપ;
કોટી ભુવન ભૂપ જેહ, અધિક ઉપકારી. વંદુ ઉદ્ધવ૦ (૬)
ગોંડલમાં સુખધામ, ધર્મભક્તિ ઘનશ્યામ;
ધોલેરામાં મદનમોહન, મનોહર મોરારી. વંદુ ઉદ્ધવ૦ (૭)
શ્રીહરિકૃષ્ણજી દયાળ, રાજે સ્તંભપુર રસાલ;
વટપુરે શ્રીપતિ છબિ, વિશ્વથકી ન્યારી. વંદુ ઉદ્ધવ૦ (૮)

---

**૧.** શ્રીલક્ષ્મીનારાયણદેવ **૨.** જીર્ણનગર=જુનાગઢ

હલધર હરિકૃષ્ણ નામ, રાજે ભૃગુપુર ધામ;
ધર્મભક્તિ રેવતીજી, ઓપે આનંદકારી. વંદુ ઉદ્ધવ૦ (૯)
નારાયમુનિ આપ, સુરત વિષે નિષ્પાપ;
મુંબઈમાં ગુણવંત, ગૌલોકવિહારી. વંદુ ઉદ્ધવ૦ (૧૦)
શ્રીપતિ બુરાનપુર, હરિકૃષ્ણજી હજુર;
વિશ્વમાં પ્રતાપ જેનો, વિમળ વિજયકારી. વંદુ ઉદ્ધવ૦ (૧૧)
ઉત્તમ સહુ ધામ એહ, પાઠ કરે પ્રાણી જેહ;
તેના ઉપર રીઝે સદા, વિશ્વના વિહારી. વંદુ ઉદ્ધવ૦ (૧૨)

**(રાગ : કલ્યાણ)**
**"મેરો મન હર લીનો રાજા રણછોડ;**
**આસપાસ રતનાગર સાગર, ગોમતી કરત કીલોલ."**
**એ રાગ પ્રમાણે.**

શ્રીનગર રાજે સદા; શ્રીનરવીર. શ્રીનગર૦ (ટેક)
ભુજ વિષે નરવીર વિરાજે; સુંદર શામ શરીર. શ્રીનગર૦ (૧)
માંડવીમાં રાધાકૃષ્ણ જુગલ છબિ; જોતાં જનરહે સ્થિર.
શ્રીનગર૦ (૨)
મૂળીમાં શ્રીકૃષ્ણરાધાજી; હરિકૃષ્ણ હરે પીર. શ્રીનગર૦ (૩)
કૃષ્ણરાધાજી રાજે કરાચી; ધર્મતનુજ મહાધીર. શ્રીનગર૦ (૪)
ચરાડવે રાધાધવ[૧] શ્રીજી; આપે સુખ અચીર. શ્રીનગર૦ (૫)
કૃષ્ણ અને બળદેવ જેતલપુર; રેવતિ રાજે રુચીર.
શ્રીનગર૦ (૬)

**૧. રાધાધવ=રાધિકાજીનાં ધવ-સ્વામી શ્રીકૃષ્ણ**

ધર્મદેવ ભક્તિસિદ્ધપુરમાં; નિજસુત ગુણગંભીર.
શ્રીનગર૦ (૭)
વિશ્વવિહારીલાલને સ્મરતાં; અંતર ટળે તિમિર.
શ્રીનગર૦ (૮)

**(રાગ : ઉપર પ્રમાણે)**

વારે વારે વંદુ હું તો; પ્રગટનાં ધામ. વારેવારે૦ (ટેક)
શારદ શેષ જેનું જાણે ન હારદ;
તે મળ્યા પૂરણકામ. વારેવારે૦ (૧)
છપૈયામાં રાજે કુંજવિહારી;
રાધાજીને ઘનશામ. વારેવારે૦ (૨)
ઈડરમાં હરિકૃષ્ણ વિરાજે;
શ્રીગોપીનાથ સુખધામ. વારેવારે૦ (૩)
ધર્મભક્તિ હરિકૃષ્ણ પરાંતીજ;
જે જન મન આરામ. વારેવારે૦ (૪)
શ્રીહરિકૃષ્ણ વંદુ માણસામાં;
રાધાકૃષ્ણ શુભનામ. વારેવારે૦ (૫)
ધોળકામા જોઈ મોરલી મનોહર;
પ્રેમથી કરું પ્રણામ. વારેવારે૦ (૬)
આ સૌ દેવનાં ધામ સંભારી;
ગાશે જે હરિગુણગ્રામ. વારેવારે૦ (૭)
વિશ્વવિહારીલાલજી તેનાં;
હરશે દુઃખ તમામ. વારેવારે૦ (૮)

## ઉત્સવની આરતિ

(રાગ : સિંહાનો કનડો)

આરતિ ધર્મકિશોકકી કીજે; ભાવથી લા'વ અલૌકિક લીજે.
આરતી૦ (ટેક)

કંચન થાળી કપૂરની વાટી;
ઓવાળુ રસિયાજી રીઝે. આરતી૦ (૧)

ધૂપ દીપ નૈવેદ્ય પ્રભુને;
દિલ ઉત્સાહ ધરીને દીજે. આરતી૦ (૨)

પ્રાર્થનાને પ્રદક્ષિણા કરીએ;
દંડવત સહુ દુઃખ દલિજે. આરતી૦ (૩)

નખશિખ મૂરતિ નિરખી હરખી;
પ્રભુથી પ્રેમ સુધારસ પીજે. આરતી (૪)

દશ અવતાર તણા અવતારી;
તેની ચરણ રજ શિશ ધરીજે. આરતી૦ (૫)

અક્ષરધામી પ્રભુ બહુ નામી;
તેના દાસના દાસ બનીજે. આરતી૦ (૬)

લક્ષ્મીવર રાધાવર શ્રીજી;
વિમળ ભાવ સહિત વરીજે. આરતી૦ (૭)

વિશ્વવિહારીલાલજી અમને;
દુઃખહારી દર્શન નિત્ય દીજે. આરતી૦ (૮)

## ॥ અથ ચારુતર વર્ણન ॥
## અને વૃત્તાલય માહાત્મ્ય
(હરિગીત છંદ)

ગુણવંત શુભ ગુજરાતમાં, ચારુ ચરોત્તર દેશ છે,
જ્યાં વિવિધ ભાંતિતણાં વિનોદક, વૃક્ષ સઘન વિશેષ છે;
અગણિત અંબ તરુ અનામત, જંબૂતરુ રળિયામણા,
સુકદંબ કેસુ કેતકી, તરુ જાતમાં ન મળે મણા. (૧)
સીતાફળી ને જામફળી, કદળીફળી સુલળી રહી,
ખરસાણી અરણી પીડા હરણી, તરુ તણી ગણતી નહિ;
ફળ પુષ્પના ભારે કરી, જ્યાં ઝાડ બહુ ઝૂકી રહ્યાં,
જાણે સુતાપ નિવારવા, શોભિત શિર છત્રો થયાં. (૨)
તરુ ઉપર ઘણી જાતિ તણી, ફેલી રહી જ્યાં વેલિયો,
સુગંધમાં થઈ અંધને, ભમરા કરે ત્યાં કેલિયો;
મધૂમાલતીને મલ્લિકાની, લતાઓ લટકી રહે,
શું ? સુમન હરિ શિરે વધાવા, જ્ઞાન નિજ મનમા ગ્રહે. (૩)
સ્વર શુદ્ધ મોર કરે મનોહર, ચકલિયો ચિત્તને હરે,
શુક સારિકાને કોકિલાઓ, મધુરસ્વર મુખઓચરે;
સ્વકળા ચડાવીને કળાધર[1], નૃત્ય જ્યાં નિતનિત કરે,
શું ? નૃતકનો અવતાર ધરી, હરિને રીઝાવા વિચરે. (૪)
જ્યાં વાપી કૂપ તળાવમાંહિ, અખૂટ જળ નિરમળ ભર્યાં,
હરિને રીઝાવા ધરણીમાં, જળહોજશું, વિધિયે ધર્યા;
રળિયામણોને રસાળ દેશ, વિશાળ વિમળ વિશેષ છે
શું ય રમાપતિને રમણ કરવા, બાગ નિરમ્યો બેશ છે (૫)

૧. કલાધર=મોર

ઉત્તમ અશોક તરુ વળી, જ્યાં લોક અમિત અશોક છે,
શું ? શોક મોહ રહિતએ, ગોવિંદનો ગોલોક છે;
આ વિશ્વની રચના વિવિધ, એ દેશમાં આવી વસે,
ચતુરાઈથી ચતુરાનને[1] હરિ સારું શું નિરમ્યો હશે ? (૬)
એવા સુઉત્તમ દેશમાં, વરતાલ ગામ સુનામ છે,
શોભા સકળ આ વિશ્વની, ત્યાં વસી આવી તમામ છે;
ગોલોક અક્ષરધામ આદિ, અનૂપ ધામ અનેક છે,
પણ વિશ્વમાં વરતાલ જેવું, ધામ આજે એક છે. (૭)
જ્યાં તીર્થમાં સર્વોપરી, ગુણવંત રાજે ગોમતી,
આંબા તણી તીરે તતી[2] છે, નીર નિર્મળતો અતિ;
વાયુ વડે જળના તરંગો, ઉછળી છલકાય છે,
શું ? પાપીઓનાં પાપ, એ રીતે કરી ધોવાય છે. (૮)
જળજંતુઓ મરનાર જળમાં, સ્વર્ગમાં તે સંચરે,
તો સ્નાનના કરનાર જન, નહીં પાપથી શું ? ઉદ્ધરે;
અવતારના અવતારી એના, જળ વિષે નાહ્યા બહુ,
તેથી જ મહીમા તેહનો, અદ્‌ભૂત અવનીમાં લહુ. (૯)
તે પુરમાં મંદિર તો રમણીય, સરસ રચાવીને,
લક્ષ્મીપતિ પધરાવિયા, શુભ લક્ષ ઉરમાં લાવીને;
એ દેવનો મહિમા ઘણો, આ વિશ્વમાં વ્યાપી રહ્યો,
સત્‌સંગી જીવન ગ્રંથમાં, વિશેષ વર્ણવીને કહ્યો. (૧૦)

---

૧. ચતુરાનન=બ્રહ્મદેવ
૨. તતી=પંક્તિ

## ॥ કુસંગનિષેધ વિષે ॥

(ઉપજાતિ છંદ)

કુસંગથી કષ્ટ અનેક થાય,
બુદ્ધિ તથા જ્ઞાન જરુર જાય;
તે ભાંગ્ય પીએ જન જેમ કોઈ,
આવે પછી અક્કલ નિજ ખોઈ. (૧)
કુસંગનો રંગ ચડેજ જેને,
સુબોધ લાગે નહીં લેશ તેને;
તે કાલીતો કામળી એજ જેમ,
ચઢે કસુંબો કદીએ ન તેમ. (૨)
પેસે જઈ કાજળ કોટડીમાં,
કે'શે નહીં ડાઘ અડે ઘડીમાં;
તેતો કહો કેમ કદી મનાય,
કુસંગનો ડાઘ અડીજ જાય. (૩)
કુસંગથી એકલશ્રૃંગી આદિ,
કુસંગથી ભર્ત્ત થયા પ્રમાદી;
ડાહ્યા હતા ભીષ્મ પિતા ગણાય,
માર્યાં પ્રભુને પણ બાણ ત્યાંય. (૪)
જો ખાય જૈ ઝેર કૂવે પડે છે,
તો એક ફેરો મરવું પડે છે;
કુસંગતિતો જન જે કરે છે,
ફેરા ઘણા આ ભવમાં ફરે છે. (૫)
ભલો ભલો પાવકમાં પ્રવેશ,
ભલો ભલો સર્પ તણોજ દંશ;

શત્રુ કરે નાશ કદાપિ અંગ,
તથાપિ ભુંડો સઉથી કુસંગ. (૬)
કુસંગથી કોટી કલંક લાગે,
કલિ તણું જોર જરુર જાગે;
કુસંગની સંગત જો કરાય,
તો પુણ્ય સંચિત સમગ્ર જાય. (૭)
કુકર્મને ક્રૂર થઈ કરે છે,
કુધર્મને શર્મ તજી ધરે છે,
કુકર્મીનો સંગ સદૈવ જેને,
કહે છે કુસંગી સઉ તેથી તેને. (૮)
માટે ગુણીએ મનમાં ધરીને,
સત્સંગ સારો શુભ આદરીને;
તેનો વળી આશ્રય શ્રેષ્ઠ લેવો,
કુસંગને દૂરથી ત્યાગી દેવો. (૯)

**॥ પ્રેમી હરિજનનું ઈશ્વરભક્તિમાં કેવું ચિત્ત રહે છે તે વિષે ॥**

**(છપ્પય છંદ)**

સુણતાં હરિગુણ ગાન, હરિજનનું મન હરખે;
ભૂલે શરીરનું ભાન, હ્રદયમાં નાથને નિરખે;
રોમરાજી[૧] ખડી થાય, ગિરા[૨] ગદ ગદ બની જાય,
મિથ્યા ભૌતિક પિંડ, અને બ્રહ્માંડ જણાય;
તદાકાર હરિમાં બને, પ્રેમ મગનમાંહિ સદા,
ધન્ય ધન્ય એવા હરિ ભક્તને, ધન્યજનની[૩] એવા પુત્રદા. (૧)

---

**૧. રાજી=પંક્તિ ૨. ગિરા=વાણી ૩. ધન્યજનની=એવા પ્રભુ ભક્તિયુક્ત પુત્રને જન્મ દેનાર માતુશ્રીને પણ ધન્ય છે**

સુણ્યું સાચું તેહ, સ્વપ્નમાં પણ નહીં વિસરે,
નિરખ્યું નક્કી તેહ, હૃદયથી કદી ન નિસરે;
ચાખ્યો સાચો સ્વાદ, અન્ય પર પ્રીતિ ન લાગે,
અનુભવ્યું એ સત્ય, અવર પર ભ્રાંત ન જાગે;
તેમ હરિજન હરિરસમાં સદા, ભલી રીતે ભીંજાય છે.
પછી કોટી કષ્ટ પડવા થકી, ભણ્યું નહીં ભૂલાય છે. (૨)

## ॥ વિષ્ણુના ષોડશોપચાર પૂજનવિધિ ॥

(દોહરો)

આવાહન આસન અને, પાદ્ય અર્ઘ્ય સુખધામ;
આચમનને સ્નાનથી, રીઝે શ્રીઘનશામ. (૧)
વસ્ત્ર અને ઉપવીતતે, પહેરાવો કરી પ્રીત;
ચંદન ચરચો અંગમાં, પુષ્પહાર શુભ રીત. (૨)
ધૂપ દીપ નૈવેદ્યને, મુખવાસ શ્રીકાર;
પ્રદક્ષિણાને પ્રાર્થના, એ ષોડશ ઉપચાર. (૩)

## ॥ શ્રી વરતાલધામના માહાત્મ્ય વિષે ॥

(રાગ : જંગલો ઠુમરી)

**“જાઓ જાઓ છબિલા છેલરે, મોરી રસિયા ગેલ ન રોકો” એ રાગ પ્રમાણે.**

નમી નમી પ્રભુને બહુ વારરે;
બોલ્યા રામ પ્રતાપજી બંધુ. નમી નમી૦ (ટેક)
આપ સ્વધામ બિરાજશો જ્યારે;
કેનો અમારે આધારરે. બોલ્યા૦ (૧)

કૃષ્ણ રૂપે થઈ કર્યો કૃપાળુ;
જાદવ કુળ સંહારરે. બોલ્યા૦ (૨)
દાસને સુખ દેવા સદા રહ્યા નહીં;
ધર્યા અનેક અવતારરે. બોલ્યા૦ (૩)
આ સમે પણ આપ એવું ધારો છો;
અમે પછી નિરધારરે. બોલ્યા૦ (૪)
અન્ય સમે આશ્રિત થોડા હશે;
આ સમે અપરંપારરે. બોલ્યા૦ (૫)
આપ વિજોગે પ્રાણને તજશું;
કરી કરીને પોકારરે. બોલ્યા૦ (૬)
અક્ષરપતિ સ્વયંછો અવતારી;
ધીમંત ધર્મકુમારરે. બોલ્યા૦ (૭)
નિર્દય થાવું એમ નાથ ઘટે નહીં;
તમે છો જગદાધારરે. બોલ્યા૦ (૮)
ભગવતસુત કહે બંધુ વચન સુણી;
બોલ્યા પ્રભુ ધરી પ્યારરે. બોલ્યા૦ (૯)

**(રાગ : ઉપર પ્રમાણે)**

બોલ્યા બોલ્યા શ્રીજીમહારાજ;
સુણો રામપ્રતાપજી ભાઈ. બોલ્યા૦ (ટેક)
અંતર દુઃખ તમે જરી ન ધરશો;
ઉત્તમ કહું વાત આજરે. સુણો૦ (૧)
સત્સંગમાં સદા કાળ વસું છું;
કરવા જનનાં કાજરે. સુણો૦ (૨)

દેવ આચાર્યને સંત વિષે છું;
શાસ્ત્ર વિષે તો સદાજરે. સુણો૦ (૩)
પણ એક વાત કહું તે વિચારો;
જેમાં છે સુખનો સમાજરે. સુણો૦ (૪)
વરતાલમાં હરિકૃષ્ણ એ મારું;
દિવ્ય સ્વરૂપ હરે દાઝરે. સુણો૦ (૫)
તેનું દર્શન બે સમૈયે તો કરજો;
પૂરીશ કોડ ઘણાજરે. સુણો૦ (૬)
વૃત્તપુરી મારું અક્ષરપુર છે;
જાણો હે ગુણ જહાજરે ! સુણો૦ (૭)
ભગવતસુત કહે શ્રીજી વચનતે;
શિરે ધર્યું શિરતાજરે. સુણો૦ (૮)

**(રાગ : ઉપર પ્રમાણે)**

મોટો મોટો ઘણો મહિમાયરે;
આજ શ્રી વરતાલપુરીનો. મોટો મોટો૦ (ટેક)
સાત પુરી ચાર ધામ થકી એ;
ઉત્તમ અધિક ગણાયરે. આજ૦ (૧)
જ્યાં રહીને લખી શિક્ષાની પત્રી;
પ્રેમથી જેહ પળાયરે. આજ૦ (૨)
બે આચારજને ગાદી આપી;
શોભાડવા સંપ્રદાયરે. આજ૦ (૩)
ગાદીનું ધામ કર્યું અતિ ગુણિયલ;
શેષાદિક ગુણ ગાયરે. આજ૦ (૪)

શ્રીલક્ષ્મીનારાયણ સ્થાપ્યાં;
જે સુખકારી સદાયરે. આજ૦ (૫)
ગોમતી આદિક તીર્થને છાપથી;
સર્વોપરી સમજાયરે. આજ૦ (૬)
અનેક ઉત્સવ કર્યા એ પુરમાં;
ધરી હરિ નરકાયરે. આજ૦ (૭)
ધામ અનેક છે ઈશ્વરનાં પણ;
આતો અદ્‌ભૂત જણાયરે. આજ૦ (૮)
વિશ્વવિહારીલાલ અમારું;
કરો મંગલ સુરરાયરે. આજ૦ (૯)

**(દોહરો)**

ધન્ય ધન્ય શ્રી વરતાલને, ધન્ય લક્ષ્મીપતિ દેવ;
અક્ષર મુક્ત ત્રિકાળ જ્યાં, સદા કરે છે સેવ. (૧)

**(માલિની છંદ)**

પ્રગટ હરિ સદા છે, આજ સત્સંગમાંહિ,
અવર મત વિષેતો, એવું દીસે ન ક્યાંહિ,
અગણિત સુખ આપ્યાં, મુજને આજ સ્વામી,
વિપત્તિ સહુ વિરામ્યો, શ્રીજીનું શરણ પામી. (૧)

## ॥ શ્રીજી મહારાજની સ્તુતિ વિષે ॥
## (પદ રાગ ગરબી ઝડઝમકની)

**"ચાલ વહેલી અલબેલી પ્યારી રાધે." એ રાગ પ્રમાણે.**

ધર્મકુંવર ઘનશામ બહુ નામી
ચંચલ ચિત્ત ઠરે ચરણ શરણ પામી પામી; ધર્મકુંવર૦ (ટેક)
ધરે ધ્યાન તે મહંત સંત ચિત્તે,
ગાય ગીત નિત્ય નિત્ય પૂરણ પ્રીતે,
વંદે ચરણ પ્રેમ આણી શુભ રીતે;
વંદે ચરણ વંદે ચરણ સુખ કરણ,
શ્યામ વરણ ધરણી ધરણ તણું શરણ,
ઠામ ઠરણ જન્મ મરણ દુઃખ હરણ,
ગરુડ ગામી ગામી. ધર્મકુંવર૦ (૧)
રહ્યા પિંડને બ્રહ્માંડ વિષે વ્યાપી,
એ અખંડ વિભુ પ્રચંડ છે પ્રતાપી,
પૂરણ કામ ગુણ શકે કોણ માપી;
પૂરણ કામ પૂરણ કામ શ્રીઘનશામ,
ઠરણ ઠામ સુખ ધામ રટે નામ,
સંત આમ આઠું જામ અક્ષરધામ,
તણા ધામી ધામી. ધર્મકુંવર૦ (૨)
દીનબંધુ દયાસિંધુ પ્રતિપાળ,
કરે કષ્ટ ઘણાં નષ્ટ એ કૃપાળ,
મુજ ઈષ્ટ છે વરિષ્ઠ[1] ભક્તિ બાળ;

---

૧. વરિષ્ઠ=શ્રેષ્ઠ

મુજ ઈષ્ટ મુજ ઈષ્ટ છે વરિષ્ટ,
દયા દૃષ્ટ કઠણ કષ્ટ કરે નષ્ટ,
જીવ ભ્રષ્ટ તારે સ્પષ્ટ સિદ્ધિ અષ્ટ,
તણા સ્વામી સ્વામી. ધર્મકુંવર૦ (૩)
રિદ્ધિ સિદ્ધિને સમૃદ્ધિ વૃદ્ધિ કારી,
ધરે ધૂર્જટી[1] અખંડ ધ્યાન ધારી,
અતિ પવિત્ર છે ચરિત્ર સુખકારી;
અતિ પવિત્ર અતિ પવિત્ર છે ચરિત્ર,
પરમ મિત્ર ગતિ વિચિત્ર જગત જંત્ર,
કરણ તંત્ર એ સ્વતંત્ર છે સર્વત્ર,
અંતર જામી જામી. ધર્મકુંવર૦ (૪)
ઈંદ્ર ચંદ્રને મુનીંદ્ર ઉર સાધે,
યોગીંદ્રને ફણીંદ્ર એ આરાધે,
પ્રિતમ પ્રાણ સેવી સ્નેહ ઘણો વાધે;
પ્રિતમ પ્રાણ પ્રિતમ પ્રાણ છે સુજાણ,
સુખની ખાણ ભૂતળ ભાણ, ભવ મે'રામણ,
વિમળ વા'ણ શું વખાણ કરું અજાણ,
નથી ખામી ખામી. ધર્મકુંવર૦ (૫)
જેની દૃષ્ટિએ બ્રહ્માંડ ઈંડ ડોલે,
પ્રલય કાલે બધું જગત સિંધુ બોળે,
ધરણી ધણણે ચડે વિશ્વ ચગડોળે;
ધરણી ધણણ ધરણી ધણણ મેરુ ભણણ,
સમીર સણણ ખલક ખણણ મેઘ ઘણણ,

૧. ધૂર્જટી=સદાશિવ

ઝરે ઝણણ ઠાઠ ઠણણ, છોળ્યું છણણ,
કરણ સ્વામી સ્વામી. ધર્મકુંવર૦ (૬)
સદા ધર્મ વર્મ[૧] પર્મ કર્મ કારી,
દીનાનાથ છે અનાથ હાથ ધારી,
પ્રતિપાળ વિમળ વિશ્વના વિહારી;
પ્રતિપાળ પ્રતિપાળ ભક્તિબાળ,
ધી[૨] વિશાળ અતિ કરાળ, કાળ ઝાળ
થી સંભાળ સદા કાળ લે કૃપાળ,
વિપત[૩] વામી વામી. ધર્મકુંવર૦ (૭)

## ॥ ઉપદેશ વિષે ॥
## (સિંહાવલોકન સવૈયા)

કરવા શુભ કામ સુહામ ધરો, વિચરો પથ ઉત્તમ સુધરવા,
ધરવા ઉર ધર્મ અખંડ તમે,
કરો સાધન આ ભવને તરવા;
તરવાર સમાન મહાન જુઓ,
શુભ જ્ઞાન ધરો કુમતિ હરવા,
હર વાત વિષે હરિ નામ જપો,
શિર પર ભરો નિત્ય શું કરવા ? (૧)
બળવાન બની દૃઢધર્મ ધરો,
હર રોજ હરિગુણ સાંભળવા,

---

**૧. વર્મ=બખ્તર**
**૨. ધી=બુદ્ધિ**
**૩. વિપત વામી=વિપત્તિ નાશ પામી**

ભળવા મહામુક્તની પંગતમાં,
દુરગુણ પ્રચંડ પૂરા પળવા;
પળવાર રહો નહીં ભક્તિ વિના,
મહા પ્રેમ વડે પ્રભુને મળવા,
મળ વાણી તજી હરિ નિત્ય ભજો,
ઉર પાપ અમાપ બધાં બળવા. (૨)

## ॥ ચિત્રકાવ્ય પ્રકરણમ્ ॥

### (દોહરો)

મયારામ ભટ્ટને કહ્યું, શ્રીહરિએ એકવાર;
આ શુભ કામ કરો જઈ, શીઘ્ર થઈ તૈયાર.
ત્યારે મયારામભટ્ટ બોલ્યા કે :–


### સર્વતોભદ્ર (અનુષ્ટુપ્છંદ) શ્લોક

જરાહામ મહારાજ, રાખશું જ જશું ખરા;
હાસુ મહા હામ સુહા, મજ હામ મહાજમ. (૧)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| જ | રા | હા | મ | મ | હા | ર | જ |
| રા | ખ | શું | જ | જ | શું | ખ | રા |
| હા | સુ | મ | હા | હા | મ | સુ | હા |
| મ | જ | હા | મ | મ | હા | જ | મ |
| મ | જ | હા | મ | મ | હા | જ | મ |
| હા | સુ | મ | હા | હા | મ | સુ | હા |
| રા | ખ | શું | જ | જ | શું | ખ | રા |
| જ | રા | હા | મ | મ | હા | રા | જ |

## ॥ ગોમૂત્રિકા ચિત્ર પ્રબંધ ॥
### ઉપદેશ વિષે (દોહરો)

સાર સાર શિરદાર સ્મર, સુર નર ડર હર નાર;
શિર પર કર ધર નાર વર, તાર નાર કિરતાર. (૧)



## ॥ દર્પણ પ્રબંધ ॥



## ॥ વૃક્ષ પ્રબંધ ॥


**(ઉપજાતિછંદ)**

જે વૃક્ષવેલી કદી હોય બાગ, કે પત્રપુષ્પો ફળભૂમિભાગ;
આવે પ્રભુના ઉપયોગમાંય, તેનું વડુ ભાગ્ય અહો ગણાય. (૧)

(એક પ્રસાદીના આમ્રવૃક્ષ પ્રત્યે કોઈ કવિએ કરેલી ઉક્તિઃ—)

**(ઉપજાતિ છંદ)**

રે ! આમ્ર તારી તરુતા નિહાળી,
તારી પ્રભા ભૂતળ ભાગ્યશાળી;
ભાસે મને તે તુજને કહુંછું,
નેહિ સદા કૃષ્ણપદાબ્જ તું છું. (૨)



## ॥ કપાટ પ્રબંધ ॥

### (દોહરો)

ગુણગાન નિતે કરુ, ધરી હરિ તુજ ધ્યાન;
પ્રાણદાન પ્રીતે વરુ, સ્મરી જરી મુજજ્ઞાન. (૧)



## ॥ અશ્વગતિ પ્રબંધ ॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ગુ ૧ | ણ૧૮ | ગા ૩ | ન ૨૦ | નિ ૫ | તે ૨૨ | ક ૭ | રુ ૨૪ |
| ધ ૯ | રી ૨૬ | હ ૧૧ | રિ ૨૮ | તુ ૧૩ | જ ૩૦ | ધ્યા ૧૫ | ન ૩૨ |
| પ્રા ૧૭ | ણ ૨ | દા ૧૯ | ન ૪ | પ્રી ૨૧ | તે ૬ | વ ૨૩ | રુ ૮ |
| સ્મ ૨૫ | રી ૧૦ | જ ૨૭ | રિ ૧૨ | મુ ૨૯ | જ૧૪ | જ્ઞા ૩૧ | ન ૧૬ |

### (દ્વિઅર્થી દોહરો)

જન્મ્યા કોશલ દેશમાં, દ્વિ જાતિમાંહિ સુધીર;
વિદેશ ગત વધુ ભ્રાત જુત, વંદુ શ્રી રઘુવીર. (૧)

**ટીકા–**શ્રી રામચંદ્રજી ઉત્તર કોશલ દેશમાં અયોધ્યાનગરીને વિષે દ્વિજાતિ એટલે ક્ષત્રિય જાતિમાં જન્મ લેતા હવા, અને વિદેશમાં એટલે પ્રદેશમાં ગોદાવરી ગંગાને તીરે, સીતાજી તથા લક્ષ્મણજી સાથે નિવાસ કર્યો. એવા શ્રીરામચંદ્રજીને હું નમસ્કાર કરું છું.


**બીજો અર્થ–**શ્રીહરિના પુત્ર રઘુવીરજી મહારાજ આંબલિયા ગામમા, જે અયોધ્યાનજીક છે તે ગામમાં જન્મ લઈને પોતાના કુટુંબ સહિત આ દેશમાં આવતા હવા, એવા શ્રીરઘુવીરજી મહારાજને નમસ્કાર કરું છું.

## ॥ ધનુષપ્રબંધ ॥

### (ત્રિપાદે ચતુષ્પાદગુપ્ત)

### (દોહરો)


ચાતુરી પરમારથ તણી, ઘણું ધરી રૂપ પ્રસન્ન;
અચિંત નર રઘુવીરએ, (ચાપ તણું ધરુ ચિંન) (૧)




## ॥ શિખરપ્રબંધ ॥

### (હરિગીત છંદ)

સરવે અસલ કૃત ધીર જન મળી, ઠીક ખરાં શિખરો હશે;
જુથ શિર મુગટ સમ આ જણાશે,
(શિખર સરસ અધિક થશે.) (૧)



## ॥ શ્રીહરિ અયોધ્યાથી વર્ણિને વેષે વનમાં વિચર્યા પછી શ્રીહરિના જ્યેષ્ટબંધુ રામપ્રતાપજી મહારાજનાં પત્ની સુવાસિનિ બાઈનો વિલાપ ॥

(વૈતાલિય છંદ)

સુણજો વિનતિ દયા કરી, મુજ[૧] સ્વામી લઘુ ભ્રાત હે ! હરિ;
તજીને અમને ગયા તમે, ન ઘટે નાથજી આવું આ સમે. ૧
ઉર આશ અધિક તો હતી, પ્રભુ જાણે સુખ આપશે અતિ;
તજી બાળપણે ગયા અરે, મુજ આંખે થકી આંસુડાં ખરે. ૨
તજી છે હરિ પાવ મોજડી, તજી ચાલ્યા જરીઆની ઝુલડી;
જળધારી અહીં પડી રહી, વનની વાટ હે તમે ગ્રહી. ૩
હરિ આપ સખા અહીં સહુ, દુઃખ પામે તમ વિણ શું ? કહું;
ઘરમાં મુજને નહીં ગમે, મુજ સ્વામી પ્રભુ ખોળવા ભમે. ૪
જોઈને ઘનશ્યામ મૂરતિ, ઉરમાં હું સુખ પામતી અતિ;
નિરખી મુખચંદ્ર આપનું, ટળતું, દુઃખ ત્રિવિધતાપનું. ૫
કહી ભાભી સમીપ આવતા, લઈ ખાવું ખુબ ખુશી તો થતા;
સમરુ હરિ મુખ વેણને, સમરુ નેહ ભરેલ નેણને. ૬
પલ જુગ સમાન જાયછે, ઉરમાં કષ્ટ અપાર થાય છે;
બની છેક કઠીન છાતડી, નહીં તો ફાટી ન કેમ આ ઘડી. ૭
રજની દિન ઝુરતી રહું, અબળા હું દુઃખ કેટલું સહું;
વિધિએ કરી હોત વાદળી, તવ શીરે પ્રભુ રહેત હું મળી. ૮
મુજથી સદ્‌ભાગી ગુટકો, રહી અંગે તવસંગમાં ટક્યો;
વિધિ તું અતિ ઠોકરે ઠર્યો, પ્રભુનો કેમ વિજોગ તેં કર્યો. ૯

---

૧. મુજ સ્વામી=મારા સ્વામીથી ન્હાનાભાઈ શ્રીહરિ-દીયરજી

દુઃખ આ કહુ ક્યાં અરે જઈ, ક્યમ જાશે અતિ વેદના સહી;
કરુણા કરુણાલુરે કરી, હરખી ઘેર પધારિયે હરિ. ૧૦
જનવત્સલ છો સદા તમે, સુધ લ્યો છો જનની સમે સમે;
ઊરમાં ધરીને વહાલજી, વળજો વિશ્વવિહારીલાલજી. ૧૧

## ॥ હિંસા નિષેધ વિષે ॥

**(રાગ : રામગ્રી)**

**"ભૂલી ભમે છે ભામની" એ રાગ પ્રમાણે.**

સજ્જન સાંભળો સ્નેહથી, સત્‌શાસ્ત્રનો સાર;
ધર્મ અહિંસા સર્વોપરી, કરે વેદ ઉચ્ચાર. સજ્જન૦ (૧)
મન કર્મ વચન વડે કરી, દ્રોહ પ્રાણીનો થાય;
એનું હિંસા એવું નામ છે મહામુનિવર ગાય. સજ્જન૦ (૨)
જુઓ આ સૃષ્ટિ રુડી રચી, જુજવા જીવને દેહ;
ઈશ્વરદત્ત સુખે કરી, માને આનંદ તેહ. સજ્જન૦ (૩)
તેમાં વિઘન જન જે કરે, આપી પ્રાણીને દુઃખ,
એ અપરાધી પ્રભુ તણો, મહામૂઢ વિમુખ. સજ્જન૦ (૪)
જેવી રીતે નિજ અંગમાં, થાય કષ્ટ અપાર;
તેમજ અન્ય પ્રાણી વિષે, કરવો શુદ્ધ વિચાર. સજ્જન૦ (૫)
પોત પોતાના શરીરને, જાળવો સદા જેમ;
ભગવતસુત સાચું કહે, ઈચ્છો સર્વનું ક્ષેમ. સજ્જન૦ (૬)

## ॥ વ્રજચંદ્ર ને ચંદ્રમાનું સાથે વર્ણન ॥

**“જુઓ નટવરસંત થેઈ થૈઈ નાચી રહ્યો,”**
**એ રાગ પ્રમાણે.**

જુઓ શરદ પૂનમ શશી શોભી રહ્યો,
શોભી રહ્યો જગ શોભાવી રહ્યો. જુઓ શરદ૦ (ટેક)
પૂર્વ દિશામાં પેખતાં, પ્રસર્યો દિસે પ્રકાશ;
આસ પાસ નક્ષત્રમાં, કેવો કરે વિલાસ.
જાણે વ્રજચંદ્ર ચંદ્ર, ભૂમિ આકાશમાં,
એક બીજાનો ગુણ અંગમાં ગ્રહ્યો. જુઓ શરદ૦ (૧)
અઢારભાર વનસ્પતિ, પોષે પૂરણચંદ્ર;
અખિલ જગતના જીવને, જીવાડે સુખકંદ.
વ્રજવનિતાની સાથમાં અલબેલોરે,
રમે રંગભર સુંદર રાસ છેલછબિલોરે. જુઓ શરદ૦ (૨)
જોઈ ચંદ્રના કિરણને, પોરણી ઘણી ફૂલાય;
તેમજ શ્રીવૃજચંદ્રને, હરિજન જોઈ હરખાય.
નેત્ર ચકોર નિરખે અતિ નેહમાં,
તેથી શું ? જગ ઉપહાસ સહ્યો. જુઓ શરદ૦ (૩)
મૃગનેણી વેણી વિમળ, સુખ દેણી વ્રજનાર;
ચિત્ત હરણ ચંચલ ચતુર, પ્રભુ સંગ પૂરણ પ્યાર.
એવાં જનને સુખિયાં કર્યાં સુખકારીરે,
અતિ ઉપકારી અખિલેશ વિશ્વવિહારીરે. જુઓ શરદ૦ (૪)

**॥ શ્રીકૃષ્ણ નારાયણ વિષે ॥**

(રાગ : છંદ ભૈરવી)

**"સનનન સાહે સાવરિયા શામ,**
**પ્યારે પ્યારે નેનાપે વારીવારી જાઉં સાહે"**
**એ રાગ પ્રમાણે**

તનનન, લે છે ત્રિકમજી તાન,
નાચે શ્રીનટવર તાતા, થેઈ તાતા થેઈ;
લે છે ત્રિકમજી તાન. તનનન૦ (ટેક)
ગોપીજન સંગે અંગ ઉમંગે,
કુંજગલીમાં કૃપાળુ કહાન;
ઠમક, ઠમક, પદ ધરે ધરણીમાં,
ગાય છે ગુણિયલ થઈ ગુલતાન.
નાચે શ્રીનટવર તાતા થેઈ તાતા થેઈ; લેછે૦ (૧)
વંશી વગાડે મોહ પમાડે;
તાલ સ્વરમાં પાડે માન;
સુણી વંશી રવિ શશી રથ અટક્યા,
છૂટી ગયું શિવજીનું ધ્યાન. નાચે શ્રીનટવર૦ (૨)
રાધાજીને માધવજી કેરી,
શોભી રહી જુગજોડી સમાન;
ઉલટ પુલટ ફરે ફેરફૂદડિયે,
સમઝાવે નેણાંની સાન. નાચે શ્રીનટવર૦ (૩)
છુમ, છુમ, છુમ, છુમ, નાચે છબિલો,
રાધા રુમ ઝુમ ફરે સુજાણ;

ધા, ધીલાંગ, ધા, ધ્રૂમીકટ, ધીધી, કટ,
મૃદંગ સુણીએ મધુરી કાન. નાચે શ્રીનટવર૦ (૪)
વિશ્વવિહારીલાલની મૂરતિ,
છે સુંદર સહુ સુખનિધાન;
ખાનપાનનું ભાન તજીને,
કરીએ પ્રભુનું ગુણગાન. નાચે શ્રીનટવર૦ (૫)

## ॥ સર્વોપરી શ્રીહરિની સ્મૃતિ વિષે ॥

(દોહરો)

અંતકાળ વેળા કઠણ, કષ્ટ કોટીધા થાય;
જો સુખમય હરિ સાંભરે, જરુર દુઃખ દૂર જાય. (૧)

**(હરિગીત છંદ)**

આ સમય ઉત્તમ જાણીને, કર સ્મરણ શ્રીઘનશામને,
કીજે સુકર્મ સદા વિશેષે, હમેશ ધરી શુભ હામને;
રચનાર આ સંસાર તેને, શીશ નમાવો હરઘડી,
તક જાય તું પસ્તાય માટે, વાત લે જીવમાં જડી. (૨)
નરદેહ પામી ટાળ ખામી, નંદનંદન સ્મરણમાં,
કૌતુક મેલી સમજ દિલ છે, અદલ સુખ પ્રભુ ચરણમાં;
સ્તુતિપાઠ પૂજન જાપ જીભથી, જગતપતિનો જો કરે,
ભવમાં જશે ભય, બનીશ નિર્ભય, તુરત ભવસાગર તરે. (૩)
મારી શિખામણ કરીશ ધારણ, કઠણ તજી કુટીલાઈને,
લીધાં સરવ સુખ તો ખરે તેં, ચતુર ધરી ચતુરાઈને;
કાયા પડે આવી નડે જો, મલીનતા મનમાં રહે,
તેથી હરિ સ્મૃતિ શિખ કહી છે, સર્વ દુક્તિને દહે. (૪)

## ॥ શ્રીજી મહારાજને આપત્કાળમાં સંભારવા વિષે ॥

(દોહરો)

ક્રૂર કષ્ટ પડતાં કદી, જે જન આપદ ગાય;
તુર્ત આવી ત્યાં તે સમે, શ્રીહરિ કરે સહાય. (૧)
''કૃષ્ણ વળાવી હું વળી રે, ઉભી જમુના તીર;''

**''આસુડે ભીજાય મારો કુંચવો; મારાં ભીજાય દક્ષિણી ચીરરે. મધુવનના વાસી.'' (ટેક) એ રાગ પ્રમાણે.**

વા'લા ભક્તિ ધરમસુત શ્યામરે, આવોજી અવતારી;
પ્યારા છો પ્રભુ પૂરણ કામરે, સુણો વિનતી અમારી. (ટેક)
કષ્ટ ઘણું દેખી દાસનુંરે, કાયર ન થશો કૃપાલ;
જીવ કોટી મુક્ત કોટીના, તમે રસિયાજીછો રખવાળરે.
આવોજી અવતારી૦ (૧)
અતિ અદભૂત આ સૃષ્ટિનેરે, રચતાં થાક્યા નહીં રાજ;
આ એક સેવક કારણે, કેમ આળસ કરી બેઠા આજરે.
આવોજી અવતારી૦ (૨)
સત્યુગ, ત્રેતા, દ્વાપરેરે, આવતા આપ અચીર;
આજ કળિકાળ દુષ્ટછે, એમ જાણી બેઠા છો શું ? સ્થીરરે.
આવોજી અવતારી૦ (૩)
એક સેવકને કારણેરે, આગે લીધા અવતાર;
તે વાત શુ ? વિસરી ગયા, કેમ આળસ આણી આવારરે.
આવોજી અવતારી૦ (૪)
આ અવતાર છે આપનોરે, કરુણામય મહારાજ;
કેડ બાંધી દઢ આ સમે, પ્યારા કર્યાં છે કોટીનાં કાજરે.
આવોજી અવતારી૦ (૫)

મુક્ત મુનિને ઉગારિયારે, ઝેર થકી જગરાય;
મહા વનમાં નદી જળ થકી, કરી શામળા જઈને સહાયરે.
આવોજી અવતારી૦ (૬)
વ્યાપકાનંદના વચનથીરે, જાણી વણિક અનાથ;
મ્લેચ્છના કરથી મૂકાવિયો, તમે દામ દઈ દીનાનાથરે.
આવોજી અવતારી૦ (૭)
અખંડાનંદને વન વિષેરે, વાઘ મળ્યા વિકરાળ;
તુર્ત ઉગાર્યા તે કષ્ટથી, થવા દીધો નહીં વાંકો વાળ રે.
આવોજી અવતારી૦ (૮)
નિષ્કુળ મુનિને નાથજીરે, તરસ લાગી તેહવાર;
ખારો સિંધુ મીઠો કર્યો, એવા ધન ધન ધર્મકુમારરે.
આવોજી અવતારી૦ (૯)
સ્વામી ગોપાળાનંદજીરે, જે આદિ અક્ષરરૂપ;
તેની સાથે નિત્ય જમતા, વા'લા વડોદરામાં અનૂપરે.
આવોજી અવતારી૦ (૧૦)
પર્વતભાઈને ઈચ્છા થઈરે, જોવા નૃસિંહાવતાર;
આપ ચોવીશ રૂપે થઈ, દીધાં દર્શન જગત કરતારરે.
આવોજી અવતારી૦ (૧૧)
જીવુબાઈ ગઢપુરમાંરે, જીવન મુક્ત જરુર;
દૂધ પીધું તમે તેહનું, પ્યારા પ્રેમ આણીં ભરપૂરરે.
આવોજી અવતારી૦ (૧૨)
જીવરામ વાંકાનેરનારે, જાણી મોટા ભક્તરાજ;
ભર દરિયામાં તરિયા, તમે જીવન લાવી જહાજરે.
આવોજી અવતારી૦ (૧૩)

અરદેસરજી પારસીરે, સુરતના કોટવાળ;
તેને ઐશ્વર્ય જણાવીને, આપી દિવાનગિરિ દયાળરે.
આવોજી અવતારી૦ (૧૪)
વિકટ વેળા અંતકાળનીરે, ત્યારે આવોછો દયાળ;
દુઃખ હરવા નિજ દાસનાં, સાથે લઈ વાહન વિશાલરે.
આવોજી અવતારી૦ (૧૫)
બ્રહ્મપુરે લઈ જાઓ છોરે, બિરદ સંભારીને શામ;
એવું જાણીને મેં આપના. પ્રભુ શરણે કર્યો છે મુકામરે.
આવોજી અવતારી૦ (૧૬)
કાલ કરમ માયા તણોરે, ભય નથી હવે લેશ;
હાથ ઝાલ્યો છે હેતે કરી, તમે બળવંત હે ! અક્ષરેશરે.
આવોજી અવતારી૦ (૧૭)
જેમ ધ્રુવ તણી માછલીરે, ધ્રુવ ભણી ખેંચાય;
આપ તરફ વા'લા માહ્યરો, સદા તેમજ પ્રાણ તણાયરે.
આવોજી અવતારી૦ (૧૮)
ચંદ્ર ઉગે આકાશમાં રે, જળધિ તણું વધે જોર;
તેમ આનંદ ઉભરાય છે, જ્યારે નિરખુ છું ધર્મકિશોરરે.
આવોજી અવતારી૦ (૧૯)
વારે વારે શું આપનેરે, કહેવું કૃપાનિધાન;
સુખ દુઃખમાં કરો સહાયતા, આવી ભક્તવત્સલ ભગવાનરે.
આવોજી અવતારી૦ (૨૦)
ગુણને અવગુણ અમતણારે, અળગા કરી અલબેલ;
વિશ્વવિહારીલાલજી, આવો છોગાલા રંગ છેલરે.
આવોજી અવતારી૦ (૨૧)

## ॥ સૂર્યપુર[૧]માં શ્રીનારાયણમુનિદેવની પ્રાર્થના વિષે ॥

(પૂર્વછાયો)

સુંદર સુરત શહેરમાં, વસો નારાયણ મુનિદેવ;
આપનો મહિમા અગાધ છે, કરે સુરમુનિ મળી સેવ. (૧)
મૂરતિ ગૌર તમારી છે, સજ્યા અંગોઅંગ શણગાર;
મુખતણી છબિ જોઈને, લાજે શારદચંદ્ર હજાર. (૨)
આપના ચરણવિષે સદા, રહો મારું મન મહારાજ;
માગુ છું બેઉ કર જોડીને, આપો ગોવિંદ ગરીબનિવાજ. (૩)

**(ચોપાઈ)**

વામ ભાગે છે રાધા વિહારી,
છબિ જેની ત્રિલોકથી ન્યારી;
શામ મૂરતિ મોરલી હાથે,
શોભે રાધાજી નિજ સંગાથે. (૪)
વસ્ત્ર ઘરેણાં અંગે વિરાજે,
છબિ જોઈ કોટીકામ લાજે;
વસો મધ્યને મંદિર સ્વામી,
છોજી અક્ષરધામના ધામી. (૫)
દક્ષણાદ્ધુ છે મંદિર જેહ,
કહું તેની શોભા ધરી સ્નેહ;
ધર્મ ભક્તિને શ્રીઘનશ્યામ,
પૂરે હરિજનના મનની હામ. (૬)
મારા ચિત્ત તણા ચોરનાર,
ધન્ય ધન્ય છો ધર્મકુમાર;

---

૧. સૂર્યપુર - સુરત શહેર

રૂપ અનુપ આપનું જોઈ,
નાખું ક્લેશ કંકાસને ખોઈ. (૭)
ઉત્તરાદો જે ખંડ અનુપ,
તેમાં શ્રીજીનું ચિત્ર સ્વરૂપ;
અંગોઅંગમાં તેજ અતિશે,
જાણે ચંદ્ર રવિ ઉગ્યા દિસે. (૮)
સારું શિખર શોભે અપાર,
જાણે મેરુ શિખર આકાર;
કળશ સોનાનો ઝળકે છે કેવો,
જાણો હિમગિરી પર શશી જેવો. (૯)
ધ્વજ હાલી દે છે આવકાર,
પામે જન જે મોટો અધિકાર;
તેણે સહુને આવકાર દેવો,
ધ્વજ મર્મ જણાવે છે એવો. (૧૦)
સૂર્યપુરના પ્રેમી હરિજન,
તેને સદા રાખો છો પ્રસન્ન;
વિશ્વવિહારીલાલજી આજ,
જયકારી પ્રવર્તો મહારાજ. (૧૧)

**॥ જેને રુસ્તમબાગ કહે છે, તે પ્રગટશ્રી ભક્તિધર્મના પુત્ર શ્રીજીમહારાજના સંબંધથી નારાયણ બાગ નામે પ્રસિદ્ધ થયો ॥**

(રાગ : ધન્યાશ્રી)

"નાથ કેસે રાજકો બંધ છોડાયો" એ રાગ પ્રમાણે.

નારાયણ બાગ ભલો શોભે ભારે;
નિર્મલ તાપી નદીને કિનારે. નારાયણ (ટેક)
અરદેશરને પાઘ આપી પ્રભુ,
સુરત પધાર્યા જ્યારે;
એ બાગમાં ઉતર્યા સંત સાથે,
ત્રિભુવનપતિ ત્યારે. નારાયણ૦ (૧)
પંગત કરીને સંત જમાડ્યા,
સ્નેહ ધરીને વધારે;
પ્રેમી હરિજને પૂજ્યા હરિને,
હેમના ચંદનહારે. નારાયણ૦ (૨)
હિંડોળામાં હરિને ઝુલાવ્યા,
વિનતિ કરી વારેવારે;
લાખો હરિજન મળીને નિરખે,
ભીડ બની બેસુમારે. નારાયણ૦ (૩)
એવું પ્રસાદીનું સ્થાન અલૌકિક,
જે જન ધ્યાનમાં ધારે;
જન્મમરણનું સંકટ મોટું,
કષ્ટ કરે નહીં ક્યારે. નારાયણ૦ (૪)

ભૂતળમાં બીજા બાગ ભલે હશે,
વિવિધ વૃક્ષની હારે;
આ બાગ તુલ્ય બને નહીં એતો,
વિવેકી એમ વિચારે. નારાયણ૦ (૫)
પરમેશ્વરની પદરજ અંકિત,
સ્નેહથી જેહ સંભારે;
વિશ્વવિહારીલાલજી તેને,
ભવજલ પાર ઉતારે. નારાયણ૦ (૬)

## ॥ વરતાલથી દક્ષણાદિ દિશામાં શ્રીજીમહારાજની મહાપ્રસાદિની ધના તલાવડીના મહિમા વિષે ॥

**(શાર્દૂલવિક્રીડિત છંદ)**

જેના નિર્મળ નીરમાં જઈ જઈ, બહુ વાર નાહ્યા હરિ,
સંતોએ શુભ જેહના તટ વિષે, શ્રીજીની પૂજા કરી;
જેમાં સ્નાન કર્યા થકી સ્વર્ગમાં, પક્ષી સુખે સંચરે,
તે ''ધન્યા સર''નો અપાર મહિમા, શેષાદી શું ? ઉચ્ચરે. (૧)

**(નારાચ છંદ)**

ત્રિવેણી, તાપી; નર્મદા, મહિ, તથા મહામતી,
ગણાય શા હિસાબમાં, ગયા, અને સરસ્વતી;
ભવાબ્ધિમાંહિ તો તર્યાની, છે નવીન નાવડી,
સહુથી આ વડી વિશેષ, છે ''ધના તલાવડી.'' (૨)

**॥ શ્રીજી મહારાજને ગઢપુરધામમાં એક હરિજને ઘણા પ્રેમે કરીને ધોતલી અર્પણ કરી તે ધોતલીને મહારાજે ઘણા સમય સુધી અંગીકાર કરી તે વિષે મહાશીઘ્ર કવીશ્વર બ્રહ્મમુનિયે કરેલો ॥**

(છપય છંદ)

ધન ધન તેરો સુત, ધન્ય તેરી કનારી,
ધન તોય વણકરવણી, ધન્ય તોયે છાપ સમારી;
ચતુર હસ્ત પરમાન, ધ્યાન સંતન મન ભાઈ.
અનંત કોટી બ્રહ્માંડ, તેહ પર નેક ઢંકાઈ,
વૃત્તિયું હરખ વિલસી ફરે, નિશ દિન જીવત જોતલી;
કહે બ્રહ્મમુનિ ઓઢી કૃષ્ણ ઉર, ધનધનધન તોયે ધોતલી. (૧)

**॥ મુંબઈવાસી ઠાકોરજીના વર્ણન વિષે ॥**
**"ડરમાં તું દિલ્લ સાથ ચોકરા ડરમાં તું દિલ્લ સાથ."**
**એ રાગ પ્રમાણે.**

મુંબઈમાં મહારાજ નીરખ્યા, મુંબઈમાં મહારાજ,
પ્રભુ ગુણનિધિ ગરીબનિવાજ, નિરખ્યા મુંબઈમાં. (ટેક)
અક્ષરધામી સંતના સ્વામી, શ્રીહરિકૃષ્ણ પ્રભુ બહુનામી,
છે અખિલેશ્વર અંતરજામી, રાધાજીસાથ ગોલોકવિહારી,
જેની છબિ આ વિશ્વથી ન્યારી, કીધાં એવાં દર્શન આજ;
હાંહાંરે કીધાં એવાં દર્શન આજ. નિરખ્યા૦ (૧)
પાઘ પેચાળી શીશ રુપાળી, છોગાસહિત રીઝું ઉરભાળી,
ભ્રકુટી જોઈને ભ્રમણા ટાળી, હસતુ મુખ જોઈજોઈને હરખુ,

શીતલ કોટીક ચંદ્રના સરખું, હરે દિલડા કેરી દાઝ;
હાંહાંરે હરે દિલડા કેરી દાઝ. નિરખ્યા૦ (૨)
સંતસમાજે છબિલો છાજે, વસ્ત્ર ઘરેણાં અંગે વિરાજે,
તે જોઈ સોનું વીજળી લાજે, ચંચળ ચાલ દીસે દુઃખહારી,
રીઝું એવા હરિ ઉરમાં ધારી, મારાં સફળ થયાં સહુ કાજ;
હાંહાંરે મારાં સફળ થયાં સહુ કાજ. નિરખ્યા૦ (૩)
વિશ્વવિહારી છે અવતારી, જીવનદોરી એજ અમારી,
એ તુલ્ય કોણ જુઓ ઉપકારી, જન્મમરણ સંતાપ હરણ છે,
કોટીક જન કલ્યાણ કરણ છે, મારું જીવતર કેરું જહાજ;
હાંહાંરે મારું જીવતર કેરું જહાજ. નિરખ્યા૦ (૪)

**॥ શ્રીકૃષ્ણનારાયણ વિષે ॥**
**"ડરમાં તું દિલ સાથ છોકરા ડરમાં તું દિલ સાથ."**
**એ રાગ પ્રમાણે.**

નિરખ્યા શ્રીનંદલાલ, કૃપાનિધિ; નિરખ્યા૦
કરે ખાંતિલો નૌતમ ખ્યાલ, કૃપાનિધિ. (ટેક)
વંશી બજાવે, ધેનુ ચરાવે, વ્રજવાસિને વા'લો રિઝાવે,
નેણને વેણમાં જાદુ જણાવે, ભાવિકને મન મૂરતિ ભાવે,
લે'રિ ઘણાં ઘણાં લાડ લડાવે, કરે નિરખી નાથ નીહાલ;
હાંહાંરે કરે નિરખી નાથ નીહાલ. કૃપાનિધિ૦ (૧)
આનંદકારી, વિશ્વવિહારી, જોઈ જોઈ જીવે વ્રજની નારી,
અન્યથકી જેણે પ્રીત ઉતારી, ધાર્યા ધણી શિરદેવ મોરારી,
ગજગણિકા જે પ્રભુયે ઉધારી, એવા ગોવિંદ બાલગોપાલ;
હાંહાંરે એવા ગોવિંદ બાલગોપાળ. કૃપાનિધિ૦ (૨)

## ॥ પ્રભુના ગુણનો કોઈ પાર પામતા નથી તે વિષે ॥

(દોહરો)

રજકણ ઉડુગણ ગણી શકે, વનસ્પતિ ભાર અઢાર;
પણ હરિગુણ ગણના કવિ, કોટી થાકે ન થનાર. (૧)
નવા કળા શોધન થયાં, નવા રાગ નિરધાર;
ગાયા તેવા રાગમાં, સુંદર હરિગુણસાર. (૨)

## ॥ ગ્રંથને આશિષ ॥

(સેવૈયો)

જ્યાં સુધી શેષ ધરે ધરણી શિર, ચંદ્ર રવિ નહીં લેજ વિસામો,
જ્યાં સુધી લક્ષ્મી કરે હરિસેવન, ગંગતરંગવિષે જળજામો;
જ્યાં સુધી સત્ય વસે સચરાચર, વિપત્તિનો[1] નહીં વેગવિરામો,
ત્યાં સુધી આ શુભગ્રંથ અવિચલ, વિશ્વવિષે જયકાર જ પામો. (૧)

(દોહરો)

દિવ્ય શતક વર્ષો જતાં, ભાગે કદી બ્રહ્માંડ;
તો અક્ષર મુક્તના, મુખમાં વસો અખંડ. (૨)

## ॥ ગ્રંથાધિકારી ॥

(હરિગીત છંદ)

તજી મોહમાયા કપટ છાયા, જ્ઞાનમાં ગરકાવ છે,
જેને પ્રગટ શ્રીભક્તિસુતની, ભક્તિમાં બહુ ભાવ છે;
માયિક શબ્દાદિક વિષયથી, જેનુ ઉર અવિકારી છે,
એવા વિવેકી વૃંદજન, આ ગ્રંથના અધિકારી છે. (૧)

૧. વિપતિ=વિ-પક્ષી-પતિ=સ્વામી-પક્ષીનો સ્વામી ગરુડ

(મનહર છંદ)

રાગ રાગણીનું જેના અંતરમાં જ્ઞાન હશે,
તેવા જન તો જરુર રાગને વખાણશે;
કવિતાના કોડિલા જે કાવ્યમાં ચતુર નર,
એવા જન કાવ્યના વિચાર ઉર આણશે;
ફાવે તે સ્વીકારો ભલે ન ફાવે તો નિંદશો માં,
કથન કહું છું તે આ પ્રીતેથી પ્રમાણશે;
સંતોષ દેનાર જ્ઞાન ભંડાર આ ગ્રંથમાંથી,
હરિજન હરિગુણ વિષે ગુણ જાણશે.

(દોહરો)

હરિને હરિના જન સદા, પૂરણ થાય પ્રસન્ન;
એ ઈચ્છા મુજ અંતરે, નહિ ઈચ્છા ઉર અન્ય. (૭)

**॥ ગ્રંથશ્રુતિફલ ॥**

(છપય છંદ)

પ્રગટ ચરિત્ર પવિત્ર, કહ્યાં છે વિમળ વખાણી,
જીવનરૂપ જરુર, હરિજનને છે જાણી,
સુણશે ધરીને સ્નેહ, હૃદયમાં શાંતિ થાશે;
ક્લેશ અને કંકાશ, દુઃખ સઘળાં દૂર જાશે,
પ્રગટ પ્રભુની ભક્તિને, સહેજે તે નર પામશે,
નિજ ભૌતિક પિંડ પડ્યા પછી, અક્ષરધામ વિષે જશે. (૮)

(દોહરો)

જે નર સ્નેહ વડે કરી, સુણે ન હરિગુણગાન;
તેના કાન સરપ તણા, જાણો બિલ સમાન[૧]. (૯)

## ॥ ગ્રંથમાં તે હરિસ્મરણ ॥

(વસંતતિલકાવૃત્તમ્)

આનંદ કંદ મૂરતિ વૃષકુલચંદ,
છે મંદ મંદ હસતુ સુમુખારવિંદ;
જેનું કરે સ્તવન છંદ અને મુનિંદ,
વંદુ હું તેહ હરિનું ચરણારવિંદ. (૧૦)
જે પાદપદ્મ થકી ઈંડ કટાહ ફોડ્યું,
જે પાદપદ્મ શકટાસુર માન તોડ્યું;
જે પાદકંજથી કર્યો દુઃખી કાળીનાગ,
તે પાદપંકજ તણો મહિમા અથાગ. (૧૧)

## ॥ શ્રીહરિની દશાવતારરૂપે પ્રાર્થનાની આરતિ ॥

જય મંગલકારી હરિ, જય મંગલકારી;
અક્ષરપતિ અવતારી, શ્રીપતિ સુખકારી.
જયદેવ જયદેવ૦ (ટેક)
હે ! હરિકૃષ્ણ કૃપાનિધિ, પ્રાણ જીવન પ્યારા હરિ; (૨)
સ્નેહ ધરીને સરવે, સેવે નર દારા. જયદેવ જયદેવ૦ (૧)
મચ્છ અને શુભ કચ્છ, સ્વચ્છ તનું ધારી હરિ; (૨)
મંદ્રાચળને તોળ્યો, શંખાસુર મારી. જયદેવ જયદેવ૦ (૨)

---

૧. બિલ=સર્પનું દર

ધરી શુક્કર અવતાર, ધરણી ઉદ્ધારી હરિ; (૨)
દાનવપતિને માર્યો, પ્રૌઢ પીડાકારી. જયદેવ જયદેવ૦ (૩)
નૃસિંહરૂપ ધરીને, પ્રલ્હાદ ઉગાર્યો હરિ; (૨)
હિરણ્યકશિપુ આપે, મદવંતો માર્યો. જયદેવ જયદેવ૦ (૪)
બળિને છળવાકાજ, વામનરૂપ ધર્યું હરિ; (૨)
ત્રણ ડગલાં દાનેથી, રાજ સમગ્ર હર્યું. જયદેવ જયદેવ૦ (૫)
જમદગ્નિસુત થઈને, ફરશી કર ધારી હરિ; (૨)
ખલ ક્ષત્રીને ખાંતે, દીધા સંહારી. જયદેવ જયદેવ૦ (૬)
જય જય જય જગવંદન, રઘુનંદન થઈને હરિ; (૨)
રાવણકુળ નિકંદન, કર્યું આપે જઈને. જયદેવ જયદેવ૦ (૭)
કૃષ્ણરૂપે થઈ કેશવ, કંસાદિક માર્યા હરિ; (૨)
પાંડવ દ્રૌપદી આદિક, જનને ઉગાર્યા. જયદેવ જયદેવ૦ (૮)
બુદ્ધરૂપે થઈ શુદ્ધ, હિંસા બંધ કરી હરિ; (૨)
અસુરો મોહ પમાડ્યા, કર્મકથા ઉચ્ચરી. જયદેવ જયદેવ૦ (૯)
કલકીરૂપ ધરીને, કળિ અંતે સ્વામી હરિ; (૨)
સત્‌યુગ સ્થાપન કરશો, હણી મ્લેચ્છ હરામી.
જયદેવ જયદેવ૦ (૧૦)
અધરમ અવની ઉપર, જ્યારે બહુ નામે હરિ; (૨)
આપ પ્રગટ થઈ વૃષને, સ્થાપો સહુ ઠામે.
જયદેવ જયદેવ૦ (૧૧)
અંશ કળા અવતાર, સર્વે આપ તણા હરિ; (૨)
વળી આગે હરિ ધરશો, એવા અનંત ઘણા.
જયદેવ જયદેવ૦ (૧૨)

આપ સ્વયં છો સ્વામી, બળવંત બહુ નામી હરિ; (૨)
અકલિત અક્ષરધામી, હરિ અંતરજામી. જયદેવ જયદેવ૦ (૧૩)
જય જય વિશ્વવિનાયક, સુખદાયક શ્રીજીહરિ; (૨)
જય જય વિશ્વવિહારી, સરવેશ્વર છોજી.
જયદેવ જયદેવ૦ (૧૪)

**॥ વસોમાં સંવત્ ૧૯૫૧ ના દ્વિતીય જ્યેષ્ઠ સુદી પ્રતિપદાને દિવસે ધર્મધુરંધર આચાર્યેંદ્ર શ્રીવિહારીલાલજી મહારાજ પધાર્યા તે સમયે સંભળાવેલી કવિતા ॥**

(દોહા)

આપ પધાર્યા આ સમે, હરખ્યો સકળ સમાજ;
સત્સંગી જન સ્નેહથી, જય બોલે મહારાજ. (૧)
ગામ વસો શુભ આપથી, શોભ્યુ આજ અપાર;
ઈન્દ્રે શું ઈન્દ્રાપુરી, ધરી પૃથ્વી મોઝાર. (૨)

**(પદ : રાગ ધન્યાશ્રી)**

ભલે પધાર્યા આજ, વિહારીજી,
ભલે પધાર્યા આજ; (ટેક)
વિપ્ર વશોના, દવે ચતુર્ભુજ;
તેણે તેડ્યા શિરતાજ. વિહારીજી૦ (૧)
''સત્સંગિજીવન,'' ગ્રંથપારાયણ;
જાણી પૂરણ તેનું કાજ. વિહારીજી૦ (૨)
સકલશાસ્ત્ર વેત્તાનો સાથે;
શોભે છે સંત સમાજ. વિહારીજી૦ (૩)

હરિજન નિરખી, આપને હરખ્યા;
ગુણનિધિ ગરીબનિવાજ. વિહારીજી૦ (૪)
આજ તમે અહો ! વૃષવંશીમાં;
મુગટમણી મહારાજ. વિહારીજી૦ (૫)

**(પદ : રાગ ગરબી)**
**"લગાડી તે પ્રીતિલાલ, પ્રીતલડી તેં તો લગાડી;"**
**એ રાગ પ્રમાણે.**

અતિ આનંદનો દિન આજ, વિહારીજીલાલ પધાર્યા.
હરિજનનો તે હરખ્યો સમાજ, વિહારીલાલ પધાર્યા. (ટેક)
સત્સંગી જન સર્વને, આનંદ ઉર ઉભરાય;
આવ્યું ઉત્તમ પર્વ છે, જાણે જોતાં તે એમ જણાય.
વિહારીજીલાલ૦ (૧)
ધર્મધુરંધર ધરણીમાં, જનહિત ફરો હમેશ;
ઉજ્જવલ કીર્તિ આપની, વ્યાપી વિશ્વમાં એથી વિશેષ.
વિહારીજીલાલ૦ (૨)
વિદ્યા વદનવિષે વસી, દયા વસી દિલ માંહ્ય;
સદ્‌ગુણની સીમા તમે, પેખી પૂરણ પ્રેમ પમાય.
વિહારીજીલાલ૦ (૩)
સૂર્ય સમાન પ્રતાપી છો, પ્રગટ પ્રભુના પુત્ર;
હરિજનના મુખકમલને, આજ ફૂલાવ્યાં પરમ પવિત્ર.
વિહારીજીલાલ૦ (૪)
શીતલ ચંદ્ર સમાન છો, શાન્તિના કરનાર;
હરિજન નેત્ર ચકોરતે, જુઓ નિરખે છે વારંવાર.
વિહારીજીલાલ૦ (૫)

મેઘ સમાન મહાન છો, અંતર અધિક ઉદાર;
પંડિત પામે આપથી, સભા જનમાં સારો સત્કાર.
વિહારીજીલાલ૦ (૬)
અમૃતની વૃષ્ટિ કરી, ટાળ્યા ત્રિવિધી તાપ;
દર્શન દીધાં દાસને, ધન્ય ધન્ય પ્રતાપ અમાપ.
વિહારીજીલાલ૦ (૭)
કાજ કરો સત્સંગનાં, વધો લક્ષ ગણી લાજ;
સર્વ મળી આશીષ દે, સોંપો શ્રીહરિ સુખસમાજ.
વિહારીજીલાલ૦ (૮)

**(તોટક છંદ)**

જય ધર્મધુરંધર ગાદી ધણી, સત્સંગ તણા શુભ શિશમણી;
જય વિશ્વવિહારી પધારી તમે,
કર્યું પાવન આ પુર એહ સમે. (૧)
ધન્ય આજ ઘડી દિન આજ તણો,
હરખ્યો સત્સંગ સમાજ ઘણો;
ઉભરાય સહુ ઉર પ્રેમ અતિ,
બની કોટી દીવાળી બહુ દીપતી. (૨)
રવિ આજ ઉગ્યોજ સુવર્ણ તણો,
વરસ્યો શુભ અમૃત મેઘ ઘણો;
દશરા થકી તો દશ સો ગણિયે,
ઉર પ્રેમ ભલો મુખ શું ભણિયે ? (૩)
મતિ નિર્મળ નિર્મળ જ્ઞાન ઘણું,
નીતિવાન્ મહાગુણવાન પણું;

બહુ દેશ વિદેશ હમેશ ફરો,
જન અજ્ઞ તણાં અજ્ઞાન હરો. (૪)
શરણાગત તે તવ આશ્રયથી,
ઉધરે ભવસાગરને સુખથી,
ગુણવંત તણા ગુણ ઉચ્ચરિયે,
તરિયે સુખથી દુઃખને દરિયે. (૫)
બહુ લાયક લક્ષણ દિવ્ય દીસે,
સુખદાયક છો સત્સંગ વિષે;
અતિ ઉત્તમ દિવસ આજ ગણી,
જય સર્વ કહો મહારાજ તણી. (૬)

**(શિખરિણી છંદ)**

ક્રિયા સારી કરી, વૃષકુળવિહારી અવતર્યા,
દિલે ધારી ધારી, નિજ મત વધારી બહુ ફર્યા;
સુનીતિ રીતિથી, સુજશ પસર્યો છે દશ દિશે,
સુવંશે છે દીવો, બહુ વરસ જીવો જન વિષે. (૧)

**॥ ગ્રંથોડયં સંપૂર્ણમ્ ॥**



પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ

-: પ્રકાશક :-


## વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

મુખ્ય કોઠારી શ્રી પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન - વડતાલ

પીન. - ૩૮૭૩૭૫.



(0268) 2589728, 2589776

vadtaldhamvikas@gmail.com

www.vadtalmandir.org



ISBN 978-81-939354-2-2

9 788193 935422